સ્વાધ્યાય

વસંતપંચમી પુસ્તક ૧૦

વિ. સં. ૨૦૨૯ અંક ૨

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ (ચિત્ર ૮)

ચમરા નાયિકા, મોઢેરા, મહાગુર્જર
(આશરે દસમા સૈકાનો મધ્યભાગ)

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી, ૧૯૭૩.

स्वाध्याय

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૯ પુસ્તક ૧૦

ફેબ્રુઆરી, ૧૯૭૩ અંક ૨

ચિત્તજ્ઞ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

દ્રોણ માર્યા ગયા, તેથી કૌરવ છાવણી શોકમાં નિમગ્ન થઈ ગઈ. દુર્યોધન વગેરે શોક અને દુઃખથી નિસ્તેજ થઈને અશ્વત્થામાને વીંટાઈને બેઠા. એને અનેક શાસ્ત્રોક્ત દૃષ્ટાંતોથી આશ્વાસન આપ્યું અને પછી સોળમા દિવસે કેવી રીતે યુદ્ધ કરવું તેની મન્ત્રણા કરી. 'જેમ વિષ્ણુને જોઈને દાનવો ભાગી જાય છે એમ કર્ણને જોઈને પાંડવો ભાગી જશે' એમ ધારીને કર્ણને સરસેનાપતિપદે નીમવાનું ઠરાવ્યું. કર્ણે નિમણૂકનો સ્વીકાર કર્યો. બોલ્યો : 'ગાન્ધારીપુત્ર ! મેં તમને અગાઉ એવું કહ્યું હતું કે હું પાંડવોને એમના પુત્રો તથા જનાર્દન સહિત હરાવીશ. એટલે હું તમારો સેનાપતિ થઈશ. મહારાજા ! સ્થિર થાઓ. (ગભરાશો નહિ.) હવે પાંડવોને હારી ગયેલા જ માની લો !'[1] ('કર્ણપર્વ', અ. ૧-૧ થી ૧૫; અ ૬-૧ થી ૩૪)

એ પછી દુર્યોધને કર્ણનો સરસેનાપતિપદે વિધિપૂર્વક અભિષેક કર્યો. બન્દીજનો (ભાટ-ચારણો) અને દ્વિજોએ આશીર્વાદ આપ્યા : '**તમે ગોવિન્દ અને પરિવાર સહિત પાંડવોને મહાયુદ્ધમાં જીતી લેજો !**...... જેમ સૂર્યનાં બળબળતાં કિરણોને કૃતઘ્નો જોઈ શકતા નથી, તેમ તમે છોડેલાં બાણોને **શ્રીકૃષ્ણ** સહિત પાંડવો જોઈ પણ શકશે નહિ !...'[2] (૮-૬-૩૫ થી ૪૪)

---

૧ અશ્વત્થામાને આશ્વાસીને તથા કર્ણને સેનાપતિ નીમીને સૌ પોતપોતાના તંબૂમાં ગયાં, પરન્તુ દુર્યોધન, કર્ણ, શકુનિ અને દુઃશાસન–આ ચાર જણા દુર્યોધનના નિવાસમાં સૂઈ રહ્યા. પણ પાંડવો પ્રત્યેના અતિ પ્રચંડ વિદ્વેષને લીધે એમની ઊંઘ ઊડી ગઈ. જુગાર રમાડીને પાંડવો તથા દ્રૌપદીને અત્યંત સંતાપ્યાં હતાં, તેનો વિચાર કરતાં તેમનાં ચિત્તોમાં ઉદ્વેગ ઉદ્વેગ થઈ ગયો. આને લીધે (પંદરમા દિવસની) રાત્રિ એકસો વર્ષ જેટલી લાંબી થઈ પડી ! (૮-૧-૧ થી ૮)

२ जय पार्थान्सगोविन्दान्सानुगांस्त्वं महाहवे ।
इति तं बन्दिनः प्राहुर्द्विजाश्च भरतर्षभ ॥ ८-६-३९.
न ह्यलं त्वद्विसृष्टानां शराणां ते सकेशवाः ।
कृतघ्नाः सूर्यरश्मीनां ज्वलतामिव दर्शने ॥ ८-६-४१.

સાક્ષાત્ પરમાત્માના અવતાર ગોવિન્દને હરાવવાના અશીર્વાદ બ્રાહ્મણો આપે છે ! તેથી આ સંદર્ભ નોંધપાત્ર અને મહત્ત્વનો છે.

૮-૬-૪૧ગના कृतघ्नाः પાઠ કરતાં, કેટલીક પ્રતોનો उलूकाः પાઠ વધુ યોગ્ય જણાય છે.

સોળમા દિવસનો સૂર્યોદય થયો. કર્ણે સેનાને તૈયાર કરી મકરવ્યૂહમાં ગોઠવી. સામે અર્જુને અર્ધચન્દ્ર વ્યૂહ રચ્યો.[3] (૮-૬-૪૫, ૪૬; ૭-૧ થી ૩૪)

ભીષણ સંકુલ યુદ્ધ ચાલુ થયું. (વડીલ ભીષ્મ અને આચાર્ય દ્રોણ નહોતા તેથી) અર્જુને ૧૦૦૦ મહારથી સમાન વિસ્મયકારી પ્રરાક્રમ કર્યું. એટલે શ્રીકૃષ્ણ-અર્જુનના મસ્તક ઉપર (પ્રેક્ષક) સિદ્ધ-દેવર્ષિ-ચારણ સંઘોએ પુષ્પવૃષ્ટિ કરી. અશરીરી વાણી થઈ રહી કે : 'ચન્દ્ર, સૂર્ય, પવન અને અગ્નિની કાન્તિ, દીપ્તિ, બલ અને દ્યુતિને સદા ધારણ કરનારા, એક જ રથમાં બેઠેલા, આ જે બે વીર અર્જુન અને કેશવ છે, તેઓ બ્રહ્મા અને મહાદેવની પેઠે અજેય છે. એ બન્ને સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ નર-નારાયણ છે' (૮-૧૨-૧૩ થી ૧૬)

આ મહાન આશ્ચર્યજનક ઘટના સાંભળીને અશ્વત્થામા સુસજ્જ થઈને શ્રીકૃષ્ણ-અર્જુન ઉપર ધસી ગયો. અર્જુનને પડકાર્યો. અશ્વત્થામાના આહ્વાનથી અર્જુનને પોતાનું બહુમાન થતું લાગ્યું. અર્જુને જનાર્દન કૃષ્ણની આજ્ઞા માગી : 'મહાભુજ ! મારે સંશપ્તકોનો વધ કરવો છે અને અહીં અશ્વત્થામા લલકારે છે. તો આમાં જે પ્રથમ કરવા જેવું હોય તેનો હુકમ આપો.' (૮-૧૨-૧૬ થી ૨૧)

અર્જુને હુકમ માગતાં વીરવિધિથી આહ્વાન કરાયેલા અર્જુનને શ્રીકૃષ્ણ અશ્વત્થામાની સમીપ લઈ ગયા અને પછી એકાગ્ર ચિત્તથી અશ્વત્થામાને યુદ્ધનું આમન્ત્રણ આપીને બોલ્યા : 'અશ્વત્થામા ! સ્થિર થઈને પ્રહાર કરો અને પ્રહાર સહન પણ કરો. આ સમય નોકરોએ માલિકનું લૂણ હલાલ કરવાનો છે. વિપ્રોનો વિવાદ સૂક્ષ્મ હોય છે. (એટલે જયપરાજય પણ સૂક્ષ્મ હોય છે. જ્યારે ક્ષત્રિયોનો વિવાદ કે કલહ સ્થૂળ હોય છે એટલે) ક્ષત્રિયોનો જયપરાજય સ્થૂળ હોય છે. તમે મોહથી પાર્થની (વિજયી થતી) જે દિવ્ય સત્ક્રિયાને સહી શકતા નથી, તે (વિજય) મેળવવાની ઇચ્છા હોય તો અત્યારે સ્થિર થઈને અર્જુન સામે યુદ્ધ કરો.' (૮-૧૨-૨૨ થી ૨૫)

જવાબમાં અશ્વત્થામાએ 'બહુ સારું' કહીને શ્રીકૃષ્ણને સાઠ અને અર્જુનને ત્રણ નારાચોથી વીંધી નાખ્યા (૮-૧૨-૨૬). વળી શ્રીકૃષ્ણને ત્રણ બાણથી વીંધ્યા (૮-૧૨-૨૮)... અને વળી ભારે બાણજાળોથી શ્રીકૃષ્ણ-અર્જુનને વીંધી નાખીને હર્ષથી ગાજવા માંડ્યો (૮-૧૨-૨૬ થી ૩૨).

અશ્વત્થામાને ગાજતો સાંભળીને અર્જુને અચ્યુત શ્રીકૃષ્ણને કહ્યું : 'માધવ ! દ્રોણપુત્રની દુષ્ટતા તો જુઓ ! આપણને (જાણે કે) બાણગૃહમાં ઢાંકી દઈ ને તે એમ માને છે કે, 'આ બન્ને મરી ગયા !' પરન્તુ હું યુદ્ધકળા અને તાકાતથી એના સંકલ્પનો નાશ કરી નાખું છું.' એમ બોલીને અર્જુને અશ્વત્થામાનાં બાણોને છેદી નાખ્યાં. (તરત જ) સંશપ્તકો ઉપર હલ્લો કર્યો.

---

૩ (૧) મકરવ્યૂહના ડાબા પગના સ્થાને નારાયણ-ગોપાલોના સૈન્ય સાથે કૃતવર્મા ગોઠવાયો હતો (૮-૭-૧૭). કૃતવર્મા યાદવ છે તેથી 'નારાયણ' યોદ્ધાઓ સાથે હોય એ સંગત છે.

(૨) ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त सशब्दाश्च समन्ततः ॥ ८-७-३५.
=કે. ૬-૨૩-૧૩ (=ગીતા ૧-૧૩); સર° ૬-૪૭-૨૩.

ભગાડ્યા. વળી પુનઃ અશ્વત્થામા ઉપર આક્રમણ કર્યું (૮-૧૨-૩૩ થી ૫૦). અશ્વત્થામાએ શ્રીકૃષ્ણાર્જુનને સેંકડો બાણોથી વીંધ્યા. તો સામે વાસુદેવના રક્ષણ નીચે રહેલા અર્જુને 'સર્વતોધાર' અસ્ત્ર (ચોમેરથી અસ્ત્રધારા વર્ષાવતું) મૂક્યું. સામે અશ્વત્થામાએ જેનાથી સ્વયં મૃત્યુ પણ વ્યથિત થઈ જાય એવાં તીવ્રવેગી બાણોથી કેશવ-અર્જુનને મર્મસ્થાનોમાં વીંધી નાખ્યા. એમ અર્જુન વારાફરતી અશ્વત્થામા તથા સંશપ્તકો સામે અનેક વાર લડ્યા, અને અશ્વત્થામાએ શ્રીકૃષ્ણ-અર્જુનને ખૂબ વીંધ્યા (૮-૧૨-૫૧ થી ૬૬). આવી રીતે લાંબો સમય ચાલ્યું. એટલે શ્રીકૃષ્ણે અર્જુનને ટપાર્યા : 'પ્રમાદ કેમ કરે છે? આ યોદ્ધાને મારી નાખ. ઉપચાર ન કરીએ તો જેમ વ્યાધિ દુઃખદાયક બને છે, એમ ઉપેક્ષા કરીશ તો અશ્વત્થામા પણ મુશ્કેલી ઊભી કરશે.[૪] (૮-૧૨-૩૩ થી ૬૭)

આ સાંભળતાં જ અર્જુન સાવધ થયા અને એમણે અશ્વત્થામા ઉપર યત્નપૂર્વક મારો ચલાવ્યો. અશ્વત્થામા ભાગ્યો. ફરીથી સામો ન આવ્યો. એ બુદ્ધિશાળી હતો એટલે એ સમજી ગયો કે, 'વૃષ્ણિવીર શ્રીકૃષ્ણ અને અર્જુન જ વિજયી થવાના છે!' એને ભગાડીને શ્રીકૃષ્ણાર્જુને સંશપ્તકો ઉપર ચઢાઈ કરી. (૮-૧૨-૬૮ થી ૭૧)

ત્યાં તો પાંડવ સેનાની પાછળના ભાગમાં (उत्तरेण) ધમાલ થઈ. એટલે શ્રીકૃષ્ણે રથને તે બાજુ હાંક્યો અને હાંકતાં હાંકતાં કહ્યું : 'મદમસ્ત હાથી ઉપર બેઠેલો માગધ દંડધર, અસ્ત્રશિક્ષા અને બળમાં ભગદત્તથી ઊતરે એવો નથી. માટે પહેલાં એને મારી નાખ. પછી સંશપ્તકોને મારજે.' અને આ વાક્ય પૂરું થતામાં તો અર્જુનને દંડધરની સામે ખડા કરી દીધા (૮-૧૩-૧થી ૫). યુદ્ધ થયું. દંડધરે શ્રીકૃષ્ણાર્જુનને બાણો અને તોમરોથી વીંધ્યા પરન્તુ છેવટે માર્યો ગયો (૮-૧૩-૬થી ૧૫). દંડધર મરતાં તેનો ભાઈ દંડ શ્રીકૃષ્ણાર્જુનનો વધ કરવા ચઢી આવ્યો. બન્ને ઉપર તોમરોના ઘા કર્યા. પણ અર્જુન એને ધરાશાયી કરીને પુનઃ સંશપ્તકો સામે ધસ્યા. (૮-૧૩-૧૬થી ૨૫)

સંશપ્તકો સાથે ઘોર સંગ્રામ થયો. અર્જુનનો ઉત્સાહ વધારતાં, કર્ણવધની ત્વરા કરવા પ્રેરણા કરતાં વાસુદેવ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : 'નિષ્પાપ અર્જુન! રમત શું કરે છે? આ સંશપ્તકોને વલોવીને વેરવિખેર કરી નાખ અને કર્ણવધની ત્વરા કર' (૮-૧૪-૧થી ૨૨). 'હા જી' કહીને અર્જુને બચેલા સંશપ્તકો ઉપર એવું તો અસાધારણ આક્રમણ કર્યું કે ગોવિન્દ પણ 'આશ્ચર્યજનક' એમ બોલતા બોલતા અર્જુનના હંસનાં પડખાં જેવા ગૌર વર્ણના ઘોડાઓને, હંસો જેમ સરોવરમાં પ્રવેશે એમ, કૌરવોની સેનામાં ધુસાડવા માંડ્યા (૮-૧૪-૨૩ થી ૨૫), અને રૌદ્ર સમરક્ષેત્ર તરફ નજર માંડીને અર્જુનને કહેવા લાગ્યા : 'પાર્થ! દુર્યોધનને કારણે જ જગતના રાજાઓનો તથા ભરતોનો આ મહારૌદ્ર સંહાર ચાલી રહ્યો છે. અર્જુન! આ ભાંગીને ટુકડા થઈ

---

૪ अथार्जुनं प्राह दाशार्हनाथः
प्रमाद्यसे किं जहि योधमेतम् ।
कुर्याद्धि दोषं समुपेक्षितोऽसौ
कष्टो भवेद्व्याधिरिवाक्रियावान् ॥ ८-१२-६७.

ગયેલાં સુવર્ણની પીઠવાળાં ધનુષ્યો, ભાથાંઓ, અલંકારો, સુવર્ણની પુંખવાળાં બાણો, તેલ પાયેલાં નારાચો, ખડ્ગો, તોમરો, કવચો, શક્તિઓ, ગદાઓ, બેધારી તલવારો, શતઘ્નીઓ, પરિઘો, ચક્રો, વગેરે શસ્ત્રાસ્ત્રો; હાથમાં શસ્ત્રો પકડીને મરણ પામેલા છતાં જીવતા જેવા દેખાતા વિજયલિપ્સુ યોદ્ધાઓ; યોદ્ધાઓ અને હાથી-ઘોડા વગેરેનાં છિન્નભિન્ન અવયવો અને મુડદાંઓ, ભાંગી પડેલા રથો અને બીજી વિપુલ યુદ્ધસામગ્રી; પાણી માટે બૂમાબૂમ કરતા અને તરફડતા મરણોન્મુખ સૈનિકો; સારવાર કરતા સંબંધીજનો અને સંબંધી મૃત્યુ પામતાં પુનઃ લડવા ધસી જતા શૂરવીરો વગેરેને નીરખ...... અર્જુન ! મહાયુદ્ધમાં (સંશપ્તકોને સંહારીને) કરેલું પરાક્રમ તને જ અથવા તો સ્વર્ગના દેવરાજ ઇન્દ્રને જ છાજે એવું છે !' (૮-૧૪-૨૬ થી ૫૮)

શ્રીકૃષ્ણ અર્જુનને રણભૂમિ બતાવતા હતા ત્યાં તો દુર્યોધનના લશ્કરમાં દારુણ અવાજ થવા માંડ્યો. એટલે શ્રીકૃષ્ણે રથને એ બાજુ હાંકયો. ત્યાં જોયું તો પાંડ્ય રાજા દુર્યોધનની સેનાને ધમરોળતો હતો (૮-૧૪-૫૯થી ૬૪). એ પાંડ્ય રાજા ભીષ્મ-દ્રોણથી માંડીને શ્રીકૃષ્ણ-અર્જુન સુદ્ધાંત શ્રેષ્ઠ યોદ્ધાઓને લેખામાં નહોતો લેતો; અને શ્રીકૃષ્ણ-અર્જુન કરતાં પોતે ન્યૂન છે એમ માનતો નહોતો (૮-૧૫-૩, ૪). પાંડવોના પક્ષે ભારે પરાક્રમ કરીને પાંડ્ય અશ્વત્થામાના હાથે માર્યો ગયો (૮-૧૫-૫ થી ૪૩). પાંડ્ય માર્યો જતાં શ્રીકૃષ્ણે રણક્ષેત્ર પર નજર ફેંકી અને ત્વરા કરતાં કરતાં હિતવચન બોલ્યા : 'અતિ માનવંતા રાજા યુધિષ્ઠિર અને પાંડવોને પીડેહઠ કરતા જો. અશ્વત્થામાના સંકલ્પથી કર્ણે સંજયો તથા હાથી-ઘોડા-મનુષ્યોનો સોથ વાળી નાખ્યો છે તે જો.' (૮-૧૬-૪, ૫)

યુધિષ્ઠિર મહાભયમાં આવી પડ્યાનું સાંભળ્યું, એટલે અર્જુને રથને યુધિષ્ઠિરની મદદે હાંકવા આદેશ આપ્યો. એટલે હૃષીકેશ કૃષ્ણે, જેની સામે કોઈ ટકી શકતું નથી (अप्रतियोधिन्) એવા રથને તે બાજુ હાંકયો અને પુનઃ દારુણ સંઘર્ષ શરૂ થયો. (૮-૧૬-૬થી)

સંઘર્ષ દરમિયાન નકુલ કર્ણના પંજામાં સપડાયો. પણ કર્ણે કુન્તીને આપેલા વચનનું સ્મરણ કરી, તેને માર્યો નહિ, પણ કહ્યું : 'નકુલ ! શરમાઈશ નહિ. પરન્તુ હવેથી ભારે બલવાન જોડે લડીશ નહિ. બરાબરિયા સાથે લડજે ! એટલે હવે કાં તો તું ઘેર જા અથવા જ્યાં શ્રીકૃષ્ણ-અર્જુન છે ત્યાં ભાગી જા !' (૮-૧૭-૯૪, ૯૫)...અર્જુન અને સંશપ્તકો, નારાયણ વગેરે દળોવાળી કૌરવ સેના વચ્ચે ધમસાણ સંગ્રામ થયો. તેમાં (સંશપ્તકો પૈકીના) સત્યસેને શ્રીકૃષ્ણ ઉપર મોટું તોમર ફેંકી સિંહનાદ કર્યો. તોમરથી શ્રીકૃષ્ણનો ડાબો હાથ વીંધાઈ ગયો. એમના હાથમાંથી ચાબુક અને લગામ પડી ગયાં. પરન્તુ શ્રીકૃષ્ણે ચાબુક તથા લગામ પુનઃ હાથમાં લઈ લીધાં અને ઘોડાઓને સત્યસેનની સામે હાંકયા. શ્રીકૃષ્ણને ઘાયલ થયેલા જોઈને (ચીડાયેલા) અર્જુને સત્યસેનનું મસ્તક ધડથી જુદું કરી દીધું (૮-૧૯-૧ થી ૧૭). ... વળી (નમતા પહોરે) આહ્નિક કૃત્ય કરી, મહાદેવનું યથાવિધિ પૂજન કરીને, દુશ્મનોનો સંહાર કરવાનો દૃઢ નિર્ણય કરીને, શ્રીકૃષ્ણ-અર્જુન કૌરવોનાં દળ ઉપર ચઢી ગયા (૮-૨૧-૧૩). અનેક મહારથીઓને હરાવી કર્ણની સામે આવી ગયા. (કર્ણની પાસે હવે ઇન્દ્રની શક્તિ નહોતી !) યુદ્ધમાં કર્ણે શ્રીકૃષ્ણને વીસ બાણોથી વીંધ્યા (૮-૨૧-૧૪ થી ૨૩). ...છેવટે સોળમા દિવસના ઘનઘોર યુદ્ધમાં પાંડવોનો વિજય થયો. રાત્રિયુદ્ધના કડવા અનુભવથી બન્ને સેનાઓ ત્રાસી હતી. તેથી સાયંકાળે

છાવણીઓમાં પાછી ફરી. તેમાં વિજયથી પ્રફુલ્લિત થયેલા પાંડવ યોદ્ધાઓ શત્રુઓની ઠેકડી કરતા અને શ્રીકૃષ્ણ-અર્જુનનાં વખાણ કરતાં કરતાં પાછા ફર્યા. (૮-૨૧-૩૬ થી ૩૯)

આજના પરાભવથી કૌરવો દુભાયા અને પગ તળે કચરાયેલા છતાં, ભાંગેલી દાઢવાળા અને વિષરહિત થયેલા સર્પોની જેમ (યુદ્ધમાં કંઈ ઊપજ્યું નહિ અને પરાભવ થયો તેથી) ફુંફાડા મારતા મન્ત્રણા કરવા એકઠા મળ્યા. મન્ત્રણા દરમિયાન કર્ણ બોલ્યો : ' અર્જુન સદા યત્ત (સાવધાન), દઢ, દક્ષ અને ધૃતિમાન છે. અધોક્ષજ (પારદ્રષ્ટા) કૃષ્ણ એને સમયોચિત દોરવણી આપે છે. એટલે આજના યુદ્ધમાં એણે સહસા અસ્ત્રો છોડીને આપણને બનાવી દીધા છે (वञ्चिताः). પરન્તુ આવતી કાલે હું તેના સંકલ્પનો (ધારણાનો) નાશ કરીશ. ' એ પછી કૌરવપક્ષી રાજાઓ ઊંઘી ગયા. સત્તરમા દિવસના પ્રભાતે પાંડવોનો દુર્જય વ્યૂહ દીઠો. તેથી (વહાણાની મન્ત્રણા પરિષદમાં) શ્રીકૃષ્ણ સહિત પાંડવોને હરાવવાનો ઉલ્લાસ રાખનાર કર્ણનું સ્મરણ કર્યું[૫] (૮-૨૨-૧૮). કર્ણ આવ્યો. આવતાં વેંત ' કાં તો અર્જુનને મારીશ કે અર્જુન મને મારશે, ' એવી વીરવાણી ઉચ્ચારી. ત્યારબાદ પોતાની પાસેથી ઇન્દ્રની શક્તિ ચાલી ગયેલી હોઈ અર્જુન જરૂર સામે ચઢી આવશે એમ જણાવીને ઊમેર્યું કે, (મેરુ પર્વત જેવી) મોટી વસ્તુઓને તોડી નાખવામાં, દૂરનું લક્ષ્ય વીંધવાના લાઘવમાં, સૌષ્ઠવમાં અને અસ્ત્રયોગમાં અર્જુન મારો બરાબરિયો નથી (હું ચઢિયાતો છું). વળી સર્વ આયુધોમાં શ્રેષ્ઠ વિજય ધનુષ્ય (તેની આગમપરંપરા: વિશ્વકર્માએ ઇન્દ્ર માટે બનાવ્યું > ભાર્ગવ અર્થાત્ પરશુરામ > કર્ણ) મને ભાર્ગવ રામે આપ્યું છે. એ પણ ગાંડીવથી ચઢિયાતું છે. તેનાથી હું અર્જુન સામે જંગમાં ઊતરીશ. એટલે સમ્યગ્ ધર્માચરણ કરનાર આત્મવાનને જેમ (પરમ ગતિની) સિદ્ધિ મળે છે એમ રાજ્યગાદી ઉપર તમારા પુત્ર-પૌત્રો પ્રતિષ્ઠિત થશે. એ છતાં હું કેટલીક બાબતમાં અર્જુનથી ઊણો છું. रश्मिग्राहश्च दाशार्हः सर्वलोकनमस्कृतः ॥ ૮-૨૨-૪૭ ॥ **સર્વલોકનમસ્કૃત દાશાર્હ શ્રીકૃષ્ણના હાથમાં એની લગામ છે.** અગ્નિએ આપેલો એનો દિવ્ય રથ અચ્છેદ્ય છે, તોડ્યો તૂટે એવો નથી. એના ઘોડા મનોવેગી છે. એની ધ્વજામાંનો તેજસ્વી દિવ્ય વાનર વિસ્મયકારી છે. **અને જગતના સર્જક કૃષ્ણ એ રથનું રક્ષણ કરે છે:** कृष्णश्च स्रष्टा जगतो रथं तमभिरक्षति ॥ (૮-૨૨-૪૯). આટલાં સાધનોમાં હું ઊતરતો છું, તો પણ અર્જુન સામે લડવા ઇચ્છું છું. માટે આ સમિતિશોભન (રણક્ષેત્રમાં સુપ્રસિદ્ધ) શલ્ય, જે કૃષ્ણ સમાન છે, તે જો મારો સારથિ થાય તો તમારો નિશ્ચિત

---

૫ આ નિર્દેશ ધૃતરાષ્ટ્રના બળાપામાં છે (૮-૨૨-૧૮ થી ૨૩). તેમાં એણે દ્યૂત અને સાળા શકુનિની અનીતિની થોડી નિન્દા કરી. ત્યારે સંજયે તેને ઠપકારતાં કહ્યું કે, ' પહેલાં અકાર્ય કરીને પછીથી તેનો વિચાર કરવા બેસે, તેનું કાર્ય સરતું નથી. પણ ફિકરને લીધે ઊલટું નાશ પામે છે. તે રીતે રાજ્ય હજમ થવું અત્યંત દુષ્કર છે એમ તમે જાણતા હતા છતાં તેનો પહેલાં વિવેક ન કર્યો. તમને ઘણુંય કહ્યું હતું કે ' પાંડવો સાથે યુદ્ધ છેડો નહિ '. પણ તમે મૂર્ખતાથી માન્યું જ નહિ. તમે પાંડવોના ઘોર અપરાધ કર્યા છે, અને હવે તમારે કારણે જ ક્ષત્રિયો અને પ્રજાજનોનો ભયંકર સંહાર ચાલે છે. તમે (નીતિની) માઝા મૂકી છે, તો શોક ન કરશો ! હવે તો આ ભીષણ કતલનો યથાતથ હેવાલ સાંભળો...' (૮-૨૨-૨૪ થી ૨૮); વળી જુઓ ૮-૪૦-૧૨૯, નીચે નોંધ ૧૯.

આવા બીજા સંદર્ભો માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૧, ' યુદ્ધમન્ત્રી ' નોંધ ૧૧; ખંડ ૪, પ્રકરણ ૨, ' સારથિપ્રવર ' નોંધ ૪૩; ખંડ ૪, પ્રકરણ ૩, ' સંરક્ષક ' નોંધ ૧.

વિજય થાય. . એમ થશે તો હું અર્જુન કરતાં અધિક ગુણશાળી થઈશ. શલ્ય કૃષ્ણ કરતાં અધિક છે અને હું અર્જુન કરતાં ! જે રીતે પરવીરઘ્ન શ્રીકૃષ્ણ અશ્વહૃદય (અશ્વવિદ્યા)ના જ્ઞાતા છે તે રીતે શલ્ય પણ જ્ઞાતા છે જ.' (૮-૨૨-૧ થી ૫૮)

કર્ણના પ્રસ્તાવ પછી દુર્યોધને મદ્રરાજ શલ્યની ભારોભાર ખુશામત કરતાં કર્ણના સારથિ થવાની વિનંતી કરી : ' પરસૈન્યભયંકર ! રથિશ્રેષ્ઠ ! કર્ણનો સારથિ બની શકે એવો જગતભરમાં આપના સિવાય બીજો કોઈ છે જ નહિ. જેમ અર્જુનના સચિવ (સલાહકાર) કૃષ્ણ એના અશ્વોની લગામ પકડનારા શ્રેષ્ઠ સારથિ બન્યા છે એમ તમે પણ કર્ણની લગામ પકડીને તેનું ચોમેરથી રક્ષણ કરો. રણભૂમિ ઉપર કૃષ્ણ પાર્થના ઉત્તમ સારથિ બન્યા છે, તેથી એમના રક્ષણ નીચે એ જે જે પરાક્રમો કરે છે, તે તમને પ્રત્યક્ષ છે. પૂર્વે અર્જુન શત્રુઓનો આવો સંહાર નહોતો કરી શકતો એટલે તેની જેમ રથિશ્રેષ્ઠ કર્ણ અને સારથિશ્રેષ્ઠ આપનો સહયોગ જગતમાં અજોડ થશે. જેમ કૃષ્ણ કોઈ પણ સ્થિતિમાં અર્જુનને રક્ષે છે, તે જ રીતે આપ કર્ણનું રણક્ષેત્રમાં રક્ષણ કરો. તમે સારથિ થાઓ તો ઇન્દ્ર સહિત દેવો પણ કર્ણને હરાવી શકે નહિ... ' (૮-૨૩-૧ થી ૧૮)

દુર્યોધનનો પ્રસ્તાવ સાંભળતાં જ, પોતાની કુલીનતા, ઐશ્વર્ય, વિદ્વત્તા અને બળનો અત્યંત અભિમાની શલ્ય ક્રોધથી લાલચોળ થઈ ગયો. કર્ણ જેવા હલકી જાતિના સૂતપુત્રનું સારથિપણું કરવાની માગણીથી એને અપમાન લાગ્યું. એણે દુર્યોધનને ધમધમાવ્યો. વેદના ' પુરુષસૂક્ત 'નો આધાર ટાંકી વૈશ્યો–શૂદ્રો કરતાં બ્રાહ્મણ–ક્ષત્રિયોની ઉચ્ચતા નિરૂપી. તેમાંથી અનુલોમ-પ્રતિલોમ વર્ણોની ઉત્પત્તિ વર્ણવી. ચારે વર્ણના ધર્મ નિરૂપ્યા. તેમાં ક્ષત્રિયોનો ધર્મ સંરક્ષણનો, કર લેવાનો અને (પ્રજાને તેમાંથી કલ્યાણકાર્યો રૂપે) પાછું આપવાનો. શૂદ્રોનો ધર્મ (કાર્યવિભાગ) ત્રણે વર્ણોની પરિચર્યાનો. આવા પરિચારક વર્ગના માણસનું પોતાના જેવો રાજર્ષિના કુળમાં જન્મેલો, (સૂત કર્ણ જેવા) બન્દીજનોથી સ્તવાતો મહારથી, સૂતપુત્ર કર્ણનું સારથ્ય કરે નહિ, એમ જણાવીને કહી દીધું કે, ' હું તો મારે ઘેર જાઉં છું ! '[૬] (૮-૨૩-૧૯ થી ૩૯)

---

૬ ब्राह्मणा ब्रह्मणा सृष्टा मुखात्क्षत्रमथोरसः ।
उरुभ्यामसृजद्वैश्याञ्छूद्रान्पद्भ्यामिति श्रुतिः ।
तेभ्यो वर्णविशेषाश्च प्रतिलोमानुलोमजाः ॥ ८-२३-३२.

अथान्योन्यस्य संयोगाच्चातुर्वर्ण्यस्य भारत ।
गोप्तारः संग्रहीतारो दातारः क्षत्रियाः स्मृताः ॥ ८-२३-३३ ઇત્યાદિ.

જુઓ ' પુરુષસૂક્ત ' : ' ઋગ્વેદ ' ૧૦-૯૦-૧૨ (=કે. ' અથર્વવેદ ' ૧૯-૬-૬; ' યજુર્વેદ ' ૩૧-૧૧; તૈ. આ. ૩-૧૨-૫).

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।
उरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ।

બ્રાહ્મણ આ (પરમ પુરુષનું) મુખ બન્યા. ક્ષત્રિય બન્ને બાહુ થયા. વૈશ્ય તેની સાથળ બન્યા. અને શૂદ્ર પગમાંથી જન્મ્યા.

દુર્યોધને શલ્યને કાર્યસાધક મીઠી વાણીથી ખૂબ સમજાવ્યો. (ઉન્માર્ગે જઈને પાંડવોનું તથા શ્રીકૃષ્ણનું અસભ્યપણે કડવામાં કડવું અપમાન કરનારને પોતાનો કુમાર્ગ સિદ્ધ કરવા નમ્રતા, સભ્યતા અને મીઠાશ ધારણ કરવાં પડે છે!) શલ્ય તો કર્ણ તથા પોતાનાથીય અધિક છે એમ વર્ણવી ઉમેર્યું: 'જગત જેમ કર્ણને ધનંજય કરતાં અધિક ગુણશાળી માને છે, તેવી જ રીતે તમને વાસુદેવ કરતાંય વિશેષ ગુણશાળી માને છે! નરશ્રેષ્ઠ! કર્ણ તો અર્જુનથી અસ્ત્રોમાં જ ચઢિયાતો છે, જ્યારે આપશ્રી તો કૃષ્ણ કરતાં અશ્વયાન અને બળ બન્નેમાં ચઢિયાતા છો. મહામના વાસુદેવને અશ્વહૃદયનું (અશ્વજ્ઞાન) જે જ્ઞાન છે તેના કરતાં મદ્રરાજ! તમને બેવડું જ્ઞાન છે એમાં કંઈ જ સંદેહ નથી!' (૮-૨૩-૪૦ થી ૫૦)

દુર્યોધનની મધઝરતી વાણીથી શલ્ય ફુલાયો: 'ગાન્ધારીપુત્ર! સૈન્ય(ના વડાઓની) વચ્ચે તું મને દેવકીપુત્ર કૃષ્ણ કરતાં વિશિષ્ટ કહે છે, તેથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું.' એમ બોલીને એણે કર્ણના સારથિ થવાનું કબૂલ્યું, પણ એ સાથે કડક શરત મૂકી કે, 'હું કર્ણને જેમ ફાવશે એમ સંભળાવીશ. (તે એણે સાંભળવું પડશે!')[૭] (૮-૨૩-૫૧ થી ૫૩)

ગરજુ કર્ણ-દુર્યોધને આવી ઉટપટાંગ શરત માન્ય પણ કરી! (૮-૨૩-૫૪)

'ઋગ્વેદ'ના 'પુરુષસૂક્ત' અને તેમાંય ખાસ કરીને આ બારમી ઋચાના અજ્ઞાન-અભિમાનમૂલક અણઘડ અર્થઘટને, ભારતમાં અત્યંત જડ સ્વરૂપમાં ઊંચનીચભાવનો અમલ જમાવ્યો. પરિણામે ભારત એક દેશ તરીકે સદીઓ સુધી પરતન્ત્ર રહ્યો. આજે આઝાદી પછી પણ એવાં જ વિવિધ ભૂતકાલીન સ્ખલનોનું પુનરાવર્તન ચાલુ રહેલું દૃષ્ટિગોચર થાય છે.

વિરાટ પુરુષના શરીરનાં સર્વાંગ એકસરખાં ઉપયોગી છે. વિરાટને 'બધી આંગળીઓ સરખી છે, જે કાપો તેમાંથી લોહી નીકળે,' એવું સર્વોદયી અર્થઘટન કરનાર વેદવ્યાસને (અને ભગવાન શ્રીકૃષ્ણને) ભારતે પૂજ્યા ખરા, પણ બહુમતીએ અનુસરણ તો જડ અર્થઘટનનું કર્યું! સોનાની કટાર ભેટ ઉપર બાંધીને 'શ્રીમાન' થવાને બદલે પેટમાં ખોસીને આત્મઘાતનો રાહ પકડ્યો!

વિશ્વદ્રષ્ટા કવિ વેદવ્યાસનું પોતાનું, આદેશ આપતું અર્થઘટન આ રહ્યું:

सर्वे वर्णा ब्राह्मणा ब्रह्मजाश्च, सर्वे नित्यं व्याहरन्ते च ब्रह्म ।
तत्त्वं शास्त्रं ब्रह्मबुद्धया ब्रवीमि, सर्वं विश्वं ब्रह्म चैतत्समस्तम् ॥ १२-३०६-८६.

'બ્રહ્મથી જન્મેલી સર્વ વર્ણો બ્રાહ્મણ છે. એ સર્વે સદાય બ્રહ્મનું ઉચ્ચારણ કરે છે. હું બ્રહ્મબુદ્ધિપૂર્વક એ શાસ્ત્રનો તને ઉપદેશ કરું છું કે આ સમસ્ત વિશ્વ કેવળ બ્રહ્મસ્વરૂપ છે'.

ब्रह्मास्यतो ब्राह्मणाः संप्रसूता, बाहूभ्यां वै क्षत्रियाः संप्रसूताः ।
नाभ्यां वैश्याः पादतश्चापि शूद्राः, सर्वे वर्णा नान्यथा वेदितव्याः ॥ १२-३०६-८७.

'બ્રહ્મના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, નાભિમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો જન્મ્યા છે, માટે સર્વે વર્ણોને અન્યથા (બ્રહ્મથી ભિન્ન, એકબીજાથી ઊતરતી) જાણવી નહિ.'

૭ (૧) समयश्च हि मे वीर कश्चिद्वैकर्तनं प्रति ।
उत्सृजेयं यथाश्रद्धमहं वाचोऽस्य संनिधौ ॥ ८-२३-५३.

આ વચનોનું બીજું રૂપાંતર નીચે પ્રમાણે છે. તેમાં શલ્ય દુર્યોધનને કહે છે: 'કર્ણનું હિત ઇચ્છીને હું તેને જે કંઈ પ્રિય-અપ્રિય કહું તે સર્વને આપે અને કર્ણે સર્વથા સહન કરવાં.' (૮-૨૫-૬)

કર્ણ રાજી થઈને બોલ્યો : 'જેમ બ્રહ્મા શંકરનું અને કૃષ્ણ અર્જુનનું સદૈવ હિત કર્યા કરે છે, તેમ તમે પણ અમારું સદૈવ હિત કરો.' (૮-૨૫-૭)

'આર્ય પુરુષો, આત્મનિન્દા, આત્મશ્લાઘા, પરનિન્દા અને પરશ્લાઘા નથી કરતા.'૮ તેમ છતાં કર્ણને ખાતરી કરાવવા માટે શલ્યે પોતાની અપ્રતિમ સારથ્યકળા, સાવધાની, રથને યથાયોગ્ય ચલાવવામાં, સમજમાં (આવતી આફતને દૂર કરવાની સમજમાં) અને (આફત દૂર કરવાના) સામર્થ્યમાં ઇન્દ્રના માતલિની તોલે આવે એવી છે એમ વર્ણવી તથા કર્ણને નિશ્ચિંત કર્યો. (૮-૨૫-૮થી૧૧)

દુર્યોધને કર્ણને કૃષ્ણ કરતાંય અધિક હોશિયાર સારથિ મળ્યાની ખુશી વ્યક્ત કરી (૮-૨૬-૧). કર્ણ સુસજ્જ થઈ રથારૂઢ થયો (૮-૨૬-૪થી). પોતાનાં પરાક્રમોની યશગાથા ગાતાં ગાતાં એણે શલ્યને, 'જ્યાં સત્યપ્રતિજ્ઞ યુધિષ્ઠિર તથા વ્યૂહબદ્ધ ભીમ, અર્જુન, શ્રીકૃષ્ણ, સાત્યકિ અને સૃઞ્જયો હોય તે બાજુ રથ હાંકવા આદેશ આપ્યો......' (૮-૨૬-૫૧થી)

કર્ણે આદેશ આપ્યો, તે અગાઉ જ પેલી વિચિત્ર શરતને લીધે કર્ણ-શલ્ય વચ્ચે કટુતાપૂર્ણ બોલાચાલી થઈ ગઈ. એનાથી કર્ણ થોડો દુભાયો હશે. તેથી ઘણું કરીને પોતાનો ઉત્સાહ વધારવા માટે વધુ પડતી આત્મસ્તુતિ કરવા માંડી. સામે શલ્ય તો અભિમાની હતો જ. એટલે એણે કર્ણની વાત તોડી પાડી. એનું અપમાન કરીને બોલ્યો : 'બેસ બેસ હવે. તેં વધુ પડતો બકવાદ કરી નાખ્યો છે! ક્યાં નટવર ધનંજય અને ક્યાં તું! માટે અબુધ! બંધ કર! ઈન્દ્રથી રક્ષાતા સ્વર્ગ જેવી, ઉપેન્દ્ર શ્રીકૃષ્ણથી સંરક્ષિત દ્વારકામાંથી અર્જુન સિવાય બીજો કયો નરશ્રેષ્ઠ, શ્રીકૃષ્ણની નાની બેન સુભદ્રાનું હરણ કરી શકે એમ છે?.....' તે પછી અર્જુનનાં આવાં બીજાં પરાક્રમો, જેમાં કર્ણ ભાગી છૂટ્યો ત્યારબાદ ગન્ધર્વોના કબજામાંથી અર્જુને દુર્યોધનને છોડાવ્યો હતો વગેરેનું સ્મરણ કરાવી, તેના મૃત્યુની આગાહી કરી (૮-૨૬-૬૨ થી ૬૯)! એમ કેટલીક જીભાજોડી થઈ.

---

(૨) 'કર્ણપર્વ'ના અ. ૨૩ પછી, શલ્યને વિશેષ માખણ ચોપડતાં દુર્યોધને શંકરે દૈત્યોનાં ત્રણ પુર તોડ્યાં તેનું પુરાણ 'ત્રિપુરાખ્યાન' કહ્યું અને પછી શલ્યને વિનવ્યો : 'તમે રુદ્રના સારથિ થયેલા બ્રહ્માની જેમ કર્ણના સારથિ થાઓ. કર્ણ રુદ્ર જેવો છે અને તમે બ્રહ્મા જેવા. અરે! તમે તો કૃષ્ણ, કર્ણ અને અર્જુન કરતાં તો ક્યાંય ચઢિયાતા છો! એટલે કર્ણ આજે જ કૃષ્ણસારથિ અર્જુનને મથી નાખીને મારી નાખે એવું શીઘ્ર કરો. ભાર્ગવ રામે પવિત્ર થઈ રુદ્રની ઉપાસના કરી દિવ્યાસ્ત્ર મેળવ્યાં હતાં. એ રામે કર્ણને ધનુર્વેદ ભણાવીને બધાં અસ્ત્રો આપ્યાં છે. પરશુરામના શિષ્ય કર્ણમાં કદી દોષ ન હોય. મને તો એ ક્ષત્રિય કુળમાં જન્મેલો દેવપુત્ર લાગે છે. કવચ-કુંડળવાળા, સૂર્યસમા તેજસ્વી, દીર્ઘબાહુ, વાઘ જેવા મહારથીને, મૃગી (જેવી સૂતપુત્રી) કેવી રીતે જન્મ આપી શકે? એની હાથીની સૂંઢ જેવી પુષ્ટ ભુજાઓ અને શત્રુઓને છૂંદી નાખે એવું વિશાળ વક્ષઃસ્થળ તો જુઓ (૮-૨૪-૧૨૫ થી ૧૬૧; ૨૪-૧૬૦=ફે. ૧-૧૨૭-૧૫)! આ વૃત્તાંત દર્શાવે છે કે દુર્યોધનને કર્ણની જન્મકથાની માહિતી નથી. એ માહિતી મોડી મોડી પણ મળી હોત તો પરિસ્થિતિએ જુદો વળાંક લીધો હોત.

૮ आत्मनिन्दात्मपूजा च परनिन्दा परस्तवः ।
अनाचरितमार्याणां वृत्तमेतच्चतुर्विधम् ॥ ૮-૨૫-૮ = ૨-૪૧-૧૫.

વળી ચઢાઈ કરતો કર્ણ, પાંડવપક્ષના યોદ્ધાઓને અર્જુન કયાં હશે તે પૂછતાં પૂછતાં, અર્જુનના સ્થાનની બાતમી આપનારને વિવિધ ઈનામો આપવાની જાહેરાતો કરવા માંડ્યો, અને અતિ આવેશમાં આવીને બોલ્યો કે, 'જે મને કૃષ્ણ-અર્જુનની ભાળ આપશે તેને કૃષ્ણ-અર્જુનનો વધ કર્યા પછી તે બન્નેનું બધું ધન આપી દઈશ ! ...' (૮-૨૭-૧ થી ૧૨, ૧૩)

શલ્યે આવી શેખીઓ કરવા સામે કર્ણનો તિરસ્કાર કરી ચેતવ્યો : 'તું મૂર્ખતાથી કૃષ્ણ-અર્જુનને મારી નાખવાનું ધારે છે પણ કોઈ શિયાળે લડાઈમાં બે સિંહને ધરાશાયી કર્યા હોય એમ અમે તો સાભળ્યું નથી ! (પતંગિયા જેવા) તને આ હુતાશનમાં ઝંપલાવતાં કોઈ રોકતું નથી એટલે એમ લાગે છે કે તારે કોઈ મિત્ર છે જ નહિ... (બડાઈ નહિ કરતાં) તું લશ્કરને વ્યૂહબદ્ધ કરી, સુરક્ષિત થઈને અર્જુન સામે લડવા જા. તારે જીવવાની ઇચ્છા હોય તો મારું કહ્યું માન. આ હું તને દુર્યોધનના ભલા માટે કહું છું, દુર્ભાવ(હિંસા)થી નથી કહેતો,' (૮-૨૭-૨૨ થી ૨૭)

કડવી રીતે પણ શલ્યે સલાહ તો સાચી આપી. (ઓછામાં ઓછું સાચી સલાહ આપવાનો ડોળ તો કર્યો જ.) કર્ણને માઠું લાગ્યું. એ દુભાયો. એણે શલ્યને 'મિત્રનું મહોરું પહેરેલો શત્રુ' કહ્યો (૮-૨૭-૨૮, ૨૯). પ્રત્યુત્તરમાં શલ્યે કર્ણનો વિવિધ ઉપમાઓ દ્વારા તિરસ્કાર કર્યો[૯] અને ઉમેર્યું : 'સૂર્ય-ચન્દ્રની જેમ એક જ રથમાં બેઠેલા કૃષ્ણ-અર્જુનને તેં જોયા નથી ત્યાં સુધી જ તું પોતાને વાઘ જેવો (અને કૃષ્ણાર્જુનને શિયાળ જેવા) માની બેઠો છે... પણ જ્યારે રથના ઘણઘણાટ તથા ગાંડીવના ટંકારથી દશે દિશાઓને ગજાવતા અર્જુનને વાઘની જેમ ગર્જતો જોઈશ ત્યારે તું શિયાળ બની જઈશ ! ...ઇ.' (૮-૨૭-૩૦ થી ૫૨)

કર્ણને ભારે ગુસ્સો ચઢ્યો. એણે શલ્યનો તિરસ્કાર કરતાં કહ્યું : 'હું મારી પાસેના આહેય (સર્પવિષવાળા) નામના ઝેરી બાણને અર્જુન અથવા દેવકીપુત્ર કૃષ્ણ ઉપર પ્રયોજીશ. જો હું રોષે ભરાઈને એ બાણ ફેંકું તો મહાગિરિ મેરુના પણ ટુકડા થઈ જાય ! એ બાણ હું કૃષ્ણ-અર્જુન ઉપર ફેંકીશ. વળી બધા વાસુદેવોની (વસુદેવના વંશજોની—અહીં 'યાદવોની' અર્થ વધુ બંધ બેસે છે.) લક્ષ્મીનો આધાર કૃષ્ણ છે. સર્વ પાંડવોના વિજયનો આધાર અર્જુ છે. એ બન્નેની સામે ભેટો કરીને કોણ જીવતો પાછો આવી શકે ? (કુલીનતાના અભિમાની) શલ્ય ! આવા બે પુરુષશ્રેષ્ઠો એક જ રથમાં બેસીને મારા એકલા ઉપર આક્રમણ કરશે, તે મારી કુલીનતાને નજરે નિહાળી લે ! એક દોરામાં પરોવેલા બે મણિ જેવા પ્રેમાળ, મામાફોઈના દીકરા, એ બન્ને અપરાજિત ભાઈઓને હું મારી નાખીશ તે તું જોઈશ ! અર્જુનનાં ગાંડીવ અને કપિધ્વજ તેમ જ કૃષ્ણનાં ચક્ર અને ગરુડધ્વજ, બીકણોને ત્રાસ પમાડે; પણ શલ્ય ! મને તો ઉત્સાહિત કરે છે ! તું કૃષ્ણ-અર્જુનનાં વખાણ કરે છે તેમાં હે કુરુરાજ ! તારો કોઈ ગૂઢ હેતુ હોય એમ લાગે છે. પાપદેશજ ! ક્ષુદ્ર ! મિત્રના રૂપમાં શત્રુ બનીને શું તું મને કૃષ્ણ-

---

૯ 'કર્ણપર્વ'નો ૨૭મો અધ્યાય અનેક રીતે અભ્યસનીય છે. 'પંચતન્ત્ર', 'હિતોપદેશ' વગેરેની વાર્તાઓનું આદિસ્થાન કોઈ આવા મૂળમાં જ હશે.

અર્જુનથી ડરાવે છે?[૧૦] પરન્તુ હું મારું બળ જાણું છું, એટલે એમનાથી બીતો નથી. આજે કાં તો એ બન્ને મને હણશે અથવા હું એમને હણીશ. હજારો વાસુદેવો અને સેંકડો અર્જુનોને હું એકલો જ મારી નાખીશ. માટે ચૂપ થઈને બેસી જા'[૧૧] (૮-૨૭-૫૩ થી ૭૦). ત્યારબાદ મદ્રવાસીઓની હલકાઈ—એમનો શિથિલાચાર, ગોમાંસભક્ષણ, વધારે પડતું મદ્યપાન—વગેરે દઝાડતા નિર્દેશ કરી શલ્યને ખૂબ ગાળો દાધી. છેલ્લે મરણિયા બની તોછડાઈથી રથ ચલાવવાનો હુકમ કરતાં કહ્યું: 'કુદેશજ! આજે સૌ નજરે જોશે તથા સાંભળશે કે કૃષ્ણ-અર્જુનને કર્ણે માર્યા છે અથવા કર્ણને એ બન્નેએ મારી નાખ્યો છે'[૧૨] (૮-૨૭-૭૧ થી ૧૦૪).

---

૧૦ જુઓ 'ઉદ્યોગપર્વ' ૧૦-૨૫ થી ૨૭, ૨૮ થી ૩૭:

પાંડવોને મદદ કરવા શલ્ય મોટી સેના લઈને આવતો હતો. માર્ગમાં દુર્યોધને તેની સરભરા કરીને પોતાના પક્ષે લીધો. પોતાનાં માની લીધેલાં ખરાં-ખોટાં જીવનમૂલ્યોને લીધે શલ્ય કમને ભાણેજોના શત્રુઓને પક્ષે રહ્યો. પછી યુધિષ્ઠિરની ઔપચારિક મુલાકાતે ગયો. ત્યારે યુધિષ્ઠિરે એને વિનંતી કરી કે, 'આપ વાસુદેવ જેવા યુદ્ધકુશળ છો. તેથી જ્યારે કર્ણ-અર્જુનનું દ્વૈરથ યુદ્ધ થાય ત્યારે તમારે એના સારથિ થવું. ત્યારે જો તમે મારું પ્રિય ઇચ્છતા હો તો તમારે અર્જુનનું રક્ષણ કરવું અને અમારો જય થાય તે માટે તમારે સૂતપુત્ર કર્ણનો તેજોવધ કરવો. મામા! આ કામ જોકે અકર્તવ્ય–કરવા લાયક નથી, તે છતાં (મુત્સદ્દીગીરીથી) પાર પાડજો' (૫-૧૦-૨૫ થી ૨૭). શલ્યે ઉત્તર આપ્યો: 'તમે કર્ણનો તેજોવધ કરવા કહ્યું તે અંગે કહું છું. હું ચોક્કસ એનો સારથિ થઈશ. એ મને કાયમ વાસુદેવના જેવો જ માને છે. કુરુશાર્દૂલ! જ્યારે એ યુદ્ધે ચઢશે ત્યારે હું એને અવળાં અને અહિતકારી વચનો જ કહીશ. તેથી એ નિસ્તેજ તથા દીન થઈ જશે, અને એને મારવો સહેલ થશે. તમે મને સૂચના આપી તે પ્રમાણે તો કરીશ જ. પણ બીજી રીતેય તમારું બનશે એટલું પ્રિય કરીશ...' (૫-૧૦-૨૮ થી ૩૭).

૧૧ वासुदेवसहस्रं वा फल्गुनानां शतानि च ।
अहमेको हनिष्यामि जोषमास्स्व कुदेशज ॥ ૮-૨૭-૭૦.

કખ = ૫-૧૫૮-૩૬ કખ. જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા'ની નોંધ ૧૬.

૧૨ (૧) કર્ણ-શલ્ય વચ્ચેનો તીવ્ર ઝઘડો અને ગાળાગાળી સમાપતો આ વિભાગ ('કર્ણપર્વ' અ. ૨૭ થી ૩૦), પ્રાગૈતિહાસિક અને શરૂ થતા ઐતિહાસિક યુગના પ્રાચીન બૃહદ્‌ભારતના કેટલાક મહત્ત્વના પ્રદેશોમાંની જાતિઓનાં વર્તન, રીતરિવાજ, ખાનપાન, મનોરંજન, સામાજિક સ્થિતિ, નીતિનિયમો, ધર્મ તથા જ્ઞાનસાધના ઉપર પ્રકાશ નાખે છે. એનો સુવ્યવસ્થિત અભ્યાસ થાય તો આ વિભાગ એક દસ્તાવેજ સમો બની રહે એવો મહત્ત્વનો છે.

શ્રી જતીન્દ્ર મોહન ચેટર્જી શલ્યને મદ્ર અર્થાત્ ઇરાનના મીડિઆ (Media)ના રાજા તરીકે ગણે છે. ૮-૨૭-૮૧; ૩૦-૭૦, ૭૧માં ઉલ્લિખિત 'રાજયાજક'નો અર્થ જેમાં (દુષ્ટ તત્ત્વો સામે લડતા) ક્ષત્રિયો ઋત્વિજનું કાર્ય કરતા હોય એવા જરથુસ્ત્રના ધર્મનો નિર્દેશ જુએ છે. Vide *Ahura-Mazda in the Mahabharata'* in the *Iran Language Quarterly*, Oct. 1948-49, Vol. XIX. 1-2, p. 50.

મદ્રનું પાટનગર શાકલ–જેને કેટલાક વિદ્વાનો આધુનિક સ્યાલકોટ કહે છે—હતું. અને તે પંચનદ (પંજાબ)માં આવેલું એમ મહાભારત, કર્ણપર્વ, અધ્યાય ૩૦ના નિર્દેશોથી જણાય છે. પાણિનિ ૭-૩-૧૩; ૪-૨-૧૦૮ એને ટેકો આપે છે.

પ્રત્યુત્તરમાં કર્ણથીયે વધુ તોડછાઈ દર્શાવીને શલ્યે કર્ણને દારૂડિયા સાથે સરખાવ્યો અને 'રથીનું હિત ઇચ્છતા પોતાના જેવા યોગ્ય સારથિને છાજે' એવી રીતે કર્ણના હિત માટે 'હંસકાકીયોપાખ્યાન' કહ્યું. કર્ણને કથામાંના મિથ્યાભિમાની, ઉચ્છિષ્ટ ખાઈ ખાઈને છકી ગયેલા કાગડા સાથે સરખાવ્યો. આખ્યાનનો સમારોપ કર્યો: 'શ્રીકૃષ્ણ-અર્જુનનો પ્રતાપ કુરુઓની સંસદમાં રામે કહ્યો હતો. ભીષ્મ-દ્રોણ સતત કહેતા હતા કે કૃષ્ણ-અર્જુન અવધ્ય છે, તે પણ તેં સાંભળ્યું છે. પ્રાણીમાત્ર કરતાં જેમ બ્રાહ્મણ ચઢિયાતો છે, તેમ તારા કરતાં ચઢિયાતા અર્જુનનું કેટકેટલું વર્ણન કરું ? તું હમણાં જ ઉત્તમ રથમાં બેઠેલા કૃષ્ણ-અર્જુનને નિહાળીશ. એ બન્ને નરશ્રેષ્ઠો દેવ-અસુર-મનુષ્યોમાં સુપ્રસિદ્ધ છે. એ બન્ને તો (સૂર્ય-ચંદ્રની જેમ) નૃલોકમાં વિખ્યાત છે, જ્યારે તું તો આગિયા જેવો છે ! માટે સૂતપુત્ર ! આ સમજીને કૃષ્ણ-અર્જુનનો અનાદર ન કર. એ બન્ને નરસિંહ છે. તું તો નરશ્વાન છે. માટે ગપ્પીદાસ ! (विकत्थन !) ચૂપ થા ![૧૩] (૮-૨૮-૧થી ૬૬)

[શલ્યની નીતિ બુદ્ધિમાંદ્યવાળી, અસ્થિર અને ધૂંધળી છે. દુર્યોધનનું લૂણ ખાધું માટે એના પક્ષે ગયો. ભાણેજ યુધિષ્ઠિરે સૂચવ્યું માટે વખત આવતાં કર્ણનો તેજોવધ કરવાનું કબૂલ્યું ! દુર્યોધને મોંફાટ વખાણ કર્યા એટલે કર્ણનો સારથિ થયો ! અને કર્ણને દુર્યોધનનું નિમક હલાલ કરનારી હિતકર તથા યુધિષ્ઠિરને આપેલું વચન પાળતી હિતકર એવી, સાચી-ખોટી સલાહ આપવા માંડી ! સાથે શલ્ય શ્રીકૃષ્ણનો પ્રતિસ્પર્ધી પણ છે. કર્ણ-શલ્ય બન્ને ભારતવર્ષને સૈકાઓથી કોરી ખાતા ઊંચનીચભાવથી આવેલા વિકૃત માનસના ભોગ બનેલા છે. એ વિકૃતિને આ બન્ને છોડી શકતા જ નથી. એ વિકૃતિ છોડી શકવી સહેલી પણ નથી. સહેલી હોત તો અત્યારની ભારતીય પ્રજા અને તેના 'ધુરીણો'એ ગાંધીજી જેવા અસાધારણ 'જીવનનેતા'ના સંપર્કથી એને છોડી દીધી હોત.]

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ 'રાજયાજક'નું અર્થઘટન 'રાજ્યનું વેતન લેતા ઋત્વિજ' કરે છે, અને આ વિભાગોમાં ગ્રીક અસરવાળી 'ઈન્ડો-ગ્રીક' સંસ્કૃતિનું દર્શન કરે છે. Vide "*Presidential Address, All India Oriental Conference,*" 22nd Session, Gauhati, 1965, pp. 18 to 22.

બન્ને વિદ્વાનોના અભિપ્રાયમાં ઠીક ઠીક તથ્ય રહેલું છે. છતાં આ વિષયનો વિશાળ અને ઊંડો અભ્યાસ જરૂરી છે.

આ સંદર્ભમાં શ્રીકૃષ્ણને પ્રથમ અર્ઘપૂજા અર્પણ કરતાં ભીષ્મે તેમને 'ઋત્વિજ' (૨-૩૫-૨૧) કહ્યા હતા, તે ખાસ ધ્યાનપાત્ર હોઈ, સંશોધનના એક મહત્ત્વના રસપ્રદ વિષયનો નિર્દેશ કરે છે.

(૨) મદ્રોને તિરસ્કારમાં વીંછી સાથે સરખાવીને 'અથર્વવેદ'ના મન્ત્રોથી જેમ વીંછીનું ઝેર શાન્ત થાય છે ('અથર્વવેદ' ૭-૫૬ સર્પ અને વીંછીનું વિષ દૂર કરે છે) એમ, એ મન્ત્રોથી મદ્ર લોકોની સંગતિથી આવેલી ઝેરી અસર દૂર થાય છે એવું દર્શાવ્યું છે (૮-૨૭-૮૨ થી ૮૪), તે આ સંદર્ભમાં દ્રષ્ટવ્ય.

૧૩ હંસ-કાગડાની હરીફાઈના આ આખ્યાનમાં કાગડો પોતાની એકસો જાતની ઊડવાની ગતિનું જ્ઞાન વર્ણવતાં, ઉડ્ડીન, અવડીન, પ્રડીન, ડીન, નિડીન, સંડીન, વિડીન, પરિડીન, પરાડીન, સુડીન, અતિડીન, મહાડીન વગેરે ગતિઓનો નિર્દેશ કરે છે, તે રમૂજ પેદા કરવા સાથે પક્ષીઓના વિવિધ ઉડ્ડયન-પ્રકારોનું કવિનું નિરીક્ષણ પણ વ્યક્ત કરે છે. (૮-૨૮-૨૩ થી ૨૫, ક્ષેપક ૩૨૩, ૩૨૪, ૩૨૫)

આ આખ્યાનમાં શલ્યના અભિનિવેશનું તીવ્રતમ દર્શન થાય છે.

શલ્યના તીક્ષ્ણ ઉપાલંભોથી કર્ણને એના ઉપર અવિશ્વાસ આવ્યો. (પણ હવે શું કરે ?) એ થોડોક વિહ્વળ (nervous) થયો. બોલ્યો : 'કૃષ્ણ-અર્જુન કેવા છે તથા અર્જુનના સારથિ શૌરિ શ્રીકૃષ્ણનાં અને અર્જુનનાં બળ તથા મહાસ્ત્રો જેવાં હું જાણું છું તેવાં તું જાણતો નથી. એ બન્ને અપરાજિત અને શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ વરિષ્ઠો છે છતાં હું એમની સામે નિર્ભયપણે સંગ્રામ ખેલીશ. પણ મને અત્યારે ભાર્ગવ રામનો અને એક બ્રાહ્મણનો શાપ યાદ આવે છે.'[૧૪] (૮-૨૯-૧ થી ૩. શાપના વૃત્તાંત વિહ્વળતાથી વર્ણવતાં બોલ્યો :) 'હું દુર્યોધનને માટે, તારા અપ્રિય માટે, મારા યશ માટે અને ઈશ્વરને પ્રસન્ન કરવા કૃષ્ણાર્જુન સામે લડીશ. કટોકટીને ટાંકણે મારું રથચક્ર જો જમીનમાં ખૂંચી નહિ જાય તો આજે અર્જુન મારા પંજામાંથી છટકવા પામશે નહિ. દંડધારી યમ સહિત સર્વદે વોથીય હું ગભરાતો નથી. કોઈ બીજા શસ્ત્રધારીથી પણ બીતો નથી. એટલે મને અર્જુન કે જનાર્દનનો ભય લાગતો નથી. આજે કટોકટીની ઘડીએ હું એ બન્ને સાથે સંગ્રામ ખેલીશ. મને કેવળ બીવડાવી શકાય નહિ. તારા જેવા બીજાને ડરાવી જાય, મને નહિ ' (૮-૨૯-૪થી, ૨૫થી, ૩૦થી; ૩૦-૧થી૬). એ પછી બાહ્લિક, મદ્ર અને પંચનદ પ્રદેશના ભ્રષ્ટ, ગોમાંસભક્ષી, દારૂડિયા લોકોની ભરપેટ નિન્દા કરી.[૧૫] છેલ્લે શલ્યને ચેતવણી આપી : 'ચૂપ થઈને બેસ. વિરુદ્ધ વર્તીશ નહિ. નહિ તો પહેલાં તારો વધ કરીને પછી કેશવ-અર્જુનને હણીશ !' (૮-૩૦-૭ થી ૮૨)

પોતાના અને પડોશી પ્રદેશોના નિવાસીઓના દુશ્ચારિત્ર્યના આક્ષેપોના પ્રત્યુત્તરમાં શલ્યે કર્ણના અંગદેશના લોકોના દુર્વર્તન ઉપર થોડોક આક્ષેપ કરી 'સર્વ પ્રદેશોમાં સારા-નરસા માણસો હોય છે' ઇત્યાદિ વર્ણવી, સામાન્ય જનસમાજનો સ્વભાવ વર્ણવતું સુંદર સુભાષિત કહ્યું :

परवाच्येषु निपुणः सर्वो भवति सर्वदा ।
आत्मवाच्यं न जानीते जानन्नपि विमुह्यति ॥ ८-३०-८७.

---

૧૪ કર્ણને મળેલા બે શાપ :

(૧) બ્રાહ્મણવેશે ભાર્ગવ રામને ત્યાં કર્ણ દિવ્યાસ્ત્રનો અભ્યાસ કરતો. ત્યાં ગુરુ કર્ણના ખોળામાં સૂતેલા. એ વખતે એક કીડાએ (ભમરાએ) કર્ણની સાથળને ડંખ માર્યો. પણ ગુરુ જાગી જશે એ બીકથી કર્ણ હાલ્યો જ નહિ. પરિણામે રામ જાગ્યા ત્યારે એમને વહેમ પડચો. પૂછ્યું. કર્ણે પોતાની સૂત જાતિ બતાવી. રામે શાપ આપ્યો : 'તેં આ અસ્ત્ર કપટથી મેળવ્યું છે. તેથી ખરે વખતે દિવ્યાસ્ત્ર પ્રકટ નહિ થાય. તારા મૃત્યુકાળ સિવાય તેનું સ્મરણ રહેશે. કારણ અબ્રાહ્મણમાં બ્રહ્મ (૧. વેદ, ૨. અથર્વવેદ, ૩. બ્રહ્માસ્ત્ર.) સ્થિર થતું નથી.' કર્ણને દિવ્યાસ્ત્રનું વિસ્મરણ થયું. (૮-૨૯-૧ થી ૭)

(૨) એક તપસ્વી બ્રાહ્મણની હોમધેનુના વાછરડાને કર્ણે પ્રમાદને લીધે નિર્જન વનમાં મારી નાખ્યો. એટલે તેણે શાપ આપ્યો કે, 'સંકડામણમાં યુદ્ધ કરતાં તારું રથચક્ર ખાડામાં ફસાઈ જશે.' કર્ણ એને ૭૦૦ હાથી અને અસંખ્ય દાસદાસી, ધોળાં વાછરડાંવાળી કાળા રંગની ચૌદ હજાર ગાયો, સમૃદ્ધ ભરેલું ઘર અને પોતાનું સર્વસ્વ આપવા તૈયાર થયો, પણ બ્રાહ્મણે પોતાનો શાપ પાછો ન ખેંચ્યો. (૮-૨૮-૩૧ થી ૩૮)

૧૫ (૧) 'ગોવર્ધન' વડ—જ્યાં ગોવંશની કત્લ થાય તે સ્થાન—અને ગોમાંસ, બોકડા (ઐડક), સુવર (વરાહ), ગધેડાં તથા ઊંટનાં માંસ તથા દારૂની મહેફિલનું વર્ણન (૮-૩૦-૧૨, ૨૭ થી ૩૩; જુઓ ૮-૨૭-૩૩), આનંદવિનોદ અને દુષ્ટ ઈરાદાઓનું વર્ણન : 'જર્તિક' નામના બાહ્લિકોની જાતિની વર્તણૂક ઉપર પ્રકાશ પાડે છે.

'ગોવર્ધન' શબ્દના અર્થની ચર્ચા અને શ્રીકૃષ્ણના 'ગોવર્ધનધારણ' માટે જુઓ ખંડ ૧, પ્રકરણ ૪, 'બાળપણ'માં પ્રસ્તુત વિભાગ.

'સૌ બીજાઓની વાતો કરવામાં—નિન્દા કરવામાં સદા નિપુણ થઈ જાય છે. કોઈ પોતાનો દોષ જોતું નથી, અને જોતું હોય તો એને દોષ ગણતું નથી.'[૧૬] (૮-૩૦-૮૩ થી ૮૭)

આ હોંસાતોંસી દરમિયાન કર્ણ-શલ્ય પાંડવોની સેનાની સામોસામ આવી ગયા. એટલે જીભાજોડી અટકી પડી. કર્ણે શ્રીકૃષ્ણ-અર્જુનને ઠાર કરવા વ્યૂહ ગોઠવ્યો. આહ્વાન કર્યું. (૮-૩૧-૧૫, ૧૬)...અર્જુન સેનાના મોખરે યુદ્ધ કરવા નીકળ્યા. તેમને જોઈને શલ્યે કર્ણને કહ્યું : 'કર્ણ ! જો, તું જેના માટે વારંવાર પ્રશ્નો કરે છે તે, આ કૃષ્ણસારથિ શ્વેતાશ્વ અર્જુનનો રથ, એનાં પૈડાંના ધમધમાટથી પૃથ્વીને કંપાવતો અને શત્રુસંહાર કરતો આવી રહ્યો છે.. (૮-૩૧-૩૮ થી ૪૦, ૫૩). તું આજે જ શત્રુઓને તપાવનાર, લોહિતાક્ષ પુરુષવ્યાઘ્ર વાસુદેવ-

---

(૨) મ. ભા.ના આ વિભાગમાં ગ્રીક અસર જોતા ડૉ. અગ્રવાલ ૮-૩૦-૭૦માંના 'મૌષ્ટિકો'ને ગ્લેડિએટર્સ પૈકીના 'મુષ્ટિયુદ્ધ' કરનારા માને છે. (ભારતના જ્યેષ્ઠીમલ્લો 'વજ્રમુષ્ટિ' કે 'મુષ્ટિ'થી લડવામાં પ્રવીણ હતા તે અહીં સ્મરણમાં રાખવું જોઈએ. તેથી આ ગ્રીક કે રોમન અસર ન પણ હોય. જ્યેષ્ઠીમલ્લો અંગે જુઓ ખંડ ૧, પ્રકરણ ૫, 'કંસચાણૂરમર્દક'માં ચાણૂરના વધ અંગેનો વિભાગ તથા નોંધ ૫; વળી જુઓ ડૉ. ભોગીલાલ સાંડેસરાકૃત પુસ્તિકા 'જ્યેષ્ઠીમલ્લજ્ઞાતિ અને મલ્લપુરાણ'. ગ્લેડિએટર્સ રોમન હતા, ગ્રીક નહિ, તે પણ નોંધવું જોઈએ.) ૮-૩૦-૭૦ થી ૭૨માં ઉલ્લિખિત 'રાજયાજકો' કે જેઓ 'વિષવીર્યહત' (ધીમા ઝેરથી ટેવાયેલા) અને 'રક્ષોપસૃષ્ટ' (રાક્ષસી જીવાત્માઓના આવેશવાળા) હતા, તથા એ અસર નીચે જેઓ પ્રશ્નોત્તરીથી સંસિદ્ધ રાક્ષસ-ભેષજ (રાક્ષસી ચિકિત્સા) કરે છે. આ નિર્દેશને ડૉ. અગ્રવાલ ગ્રીકોનાં પ્રચલિત 'ઑરેકલ્સ' (Oracles)નો માને છે, અને એ સંભવિત લાગે છે.

Vide, '*Presidential Address, All India Oriental Conference*, 22nd session, 1965, pp. 21, 22. ડૉ. અગ્રવાલે એમના આધારો '*Life of Greeks & Romans* નામના પુસ્તકમાંથી લીધેલાં છે.

મદ્ર (તથા પંજાબ, ગાન્ધાર, બાહ્લિક વગેરે) પ્રદેશોની રસમો ઉપર આક્ષેપાત્મક પ્રકાશ પાડતો આ વિભાગ ગ્રીક ઉપરાંત રોમન અસર પણ ઝીલતો હશે.

યવન અસરની નિન્દા કર્યા પછી કર્ણ એમનું આ ઉજ્જવળ પાસું કહ્યા સિવાય રહી શક્યો નથી : 'યવનો સર્વજ્ઞ (બધી વિદ્યાઓમાં પ્રવીણ) અને ખાસ કરીને શૂરવીર હોય છે, જ્યારે મ્લેચ્છો પોતાની સંજ્ઞા–સાંકેતિક ભાષામાં જ વાત કરતા હોય છે. એ સમજાવવામાં ન આવે તો અન્ય વ્યક્તિ (એમની વાતચીત વગેરે) સમજી શકતી નથી. (ઉ. ત. સોનીઓની વાતચીત બીજા નથી સમજી શકતા.)

सर्वज्ञा यवना राजञ्शूराश्चैव विशेषतः ।
म्लेच्छाः सर्वसंज्ञानियता नानुक्त इतरो जनः ॥ ૮-૩૦-૮૦.

૧૬ સામાન્ય જનસમાજના સ્વભાવ સામે વિરલ સંતોનો સ્વભાવ કેવો હોય છે ?

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥ ભર્તૃહરિ, 'નીતિશતક', ૭૯.

જેમનાં મન, વચન અને કાયામાં પુણ્યરૂપી અમૃત ભરેલું છે, જેઓ ઉપકારોની પરંપરાઓથી ત્રણે લોકોને પ્રસન્ન કરે છે, સદાય બીજાના પરમાણુ જેવડા ગુણોને પર્વત જેવડા ગણીને પોતાના હૃદયમાં પ્રફુલ્લિત થાય છે, એવા સંતો કેટલા હશે ?

પરછિદ્ર જોતી પ્રાકૃતવૃત્તિ અને પરગુણ જોતી સજ્જનવૃત્તિ અંગેના વિવરણ માટે જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૪૭૩-૭૭.

અર્જુનને એક જ રથમાં ઊભેલા જોઈશ. રાધેય ! જેના સારથિ વાર્ષ્ણેય શ્રીકૃષ્ણ છે અને જેનું ગાંડીવ ધનુષ્ય છે, તે અર્જુનને તું હણીશ તો તું અમારો રાજા થઈશ (તને અમે ઉત્તમ માનીશું) !' (૮-૩૧-૫૪, ૫૫)

[બન્ને લશ્કરો વચ્ચે દારુણ સંગ્રામ ખેલાયો. 'કર્ણપર્વ', અ ૩૨ થી ૩૬.]

સંકુલ લડાઈમાં અર્જુન સંશપ્તકો, કોસલો અને નારાયણસેનાનો કચ્ચરઘાણ કાઢવા લાગ્યો (૮-૩૭-૧ થી, ૩થી). વિગ્રહમાં સુશર્માએ ત્રણ બાણોથી શ્રીકૃષ્ણની જમણી ભુજા વીંધી નાખી (૮-૩૭-૭)...કૌરવ યોદ્ધાઓએ અર્જુનના રથને ચોમેર ઘેરો નાખ્યો અને પછી નિકટ આવી રથને પણ બાઝી પડયા. એમાંના કેટલાક તો શ્રીકૃષ્ણની મહાન ભુજાઓને ચોંટી પડયા અને કેટલાકોએ આનન્દમાં આવી જઈને અર્જુનને પણ ઝાલ્યા (પકડવાનો પ્રયત્ન કર્યો); પણ આ કોઇ રેંજીપેંજી સારથિ નહોતો. શ્રીકૃષ્ણ હતા. એમણે તો કોઈ ગાંડોતૂર હાથી જેમ બીજા હાથીઓને પછાડી દે એમ પોતાના હાથ વીંઝીને એ બધાયને રણભૂમિ ઉપર પછાડી દીધા ! (૮-૩૭-૧૧થી ૧૪). અર્જુને જોયું કે પોતાનો રથ સપડાયો છે અને શ્રીકૃષ્ણ ઉપર (તથા પોતાના ઉપર) હુમલા થાય છે. એટલે એમણે રથ ઉપર ચઢી ગયેલા સંખ્યાબંધ પાયદળ સૈનિકોને ઉથલાવી પાડ્યા, નજીક આવી ગયેલા બીજા સૈનિકોને નજીકથી ફેંકવાનાં બાણોથી મારી નાખ્યા અને પ્રોત્સાહનની અપેક્ષાએ શ્રીકૃષ્ણને કહ્યું : 'કૃષ્ણ ! દારુણ કર્મ કરતા હજારો સંશપ્તક ગણોનો હું નાશ કરું છું તે જુઓ. સમગ્ર પૃથ્વીતલ ઉપર મારા સિવાય બીજો કોઈ મર્દ એવો નથી કે, યદુપુંગવ ! આવો રથબન્ધ—રથનો ઘેરાવો સહન કરી શકે.' એમ બોલીને અર્જુને દેવદત્ત ફૂંક્યો. અને અર્જુનને પ્રોત્સાહિત કરતા શ્રીકૃષ્ણે પણ જાણે રોદસી—આકાશથી પૃથ્વી સુધી—ને પરિપૂર્ણ કરી દેતો હોય એવો પાઞ્ચજન્યનો શંખનાદ કર્યો. (૮-૩૭-૧૫થી ૨૦)

સંશપ્તકો સાથેના યુદ્ધમાં સુશર્માએ અર્જુનને વીંધી બેભાન બનાવ્યા પણ કૃષ્ણસારથિ અર્જુને તુરત જ સાવધ થઈને સંશપ્તક તેમ જ ગોપાલોનો સોથ વાળી નાખ્યો (૮-૩૭-૨૧થી ૩૮).

[વિગ્રહમાં અશ્વત્થામા પાંડવસેનાનો સંહાર કરતો હતો. યુધિષ્ઠિરે એના ઉપર આક્રમણ કર્યું. અકળામણમાં એને 'બ્રહ્મબન્ધુ' 'હલકટ બામણા', એવું તિરસ્કારપૂર્ણ સંબોધન કર્યું (૮-૩૯-૩૨, ૩૩). યુધિષ્ઠિરે એમના સ્વભાવથી વિરુદ્ધ આ સંબોધન કર્યું છે, તે દર્શાવે છે કે એમના મન ઉપરનું દબાણ અસહ્ય બનવા લાગ્યું છે.

દેખીતી રીતે જ યુધિષ્ઠિર અશ્વત્થામાની સામે ટકી શકે નહિ, એટલે ભાગ્યા (૮-૩૯-૩૮).]

સંશપ્તકોનો ઘાણ કાઢી નાખીને વિજેતાશ્રેષ્ઠ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું : 'જનાર્દન ! સંશપ્તકોનું ભંગાણ જુઓ. એના મહારથીઓ ગણો સાથે નાસી જાય છે...અને કૃષ્ણ ! પેલો હસ્તિકક્ષ્યધ્વજવાળો—હાથીના કંદોરાના ચિહ્નની ધ્વજાવાળો—કર્ણ સૃઞ્જયોમાં ઘૂમીને ભંગાણ પાડતો દેખાય છે. કર્ણને બીજો કોઈ મહારથી હરાવી શકે એમ નથી. આપ પણ કર્ણનું સામર્થ્યવન્તું પરાક્રમ જાણો છો. તેથી કર્ણ આપણી સેનાને નસાડે છે ત્યાં હાંકો. (સત્તર સત્તર દિવસના લગાતાર સંગ્રામનો) થાક મને રોકે છે એટલે સંગ્રામમાં મહારથી કર્ણને વેગળો રાખીને હાંકો અથવા તમને રુચે એમ કરો.' (૮-૪૦-૭૯ થી ૮૪)

એટલે જાણે હસતા હોય એમ ગોવિન્દે અર્જુનને સૂચના આપી : 'પાંડવ ! તું કૌરવોનો સત્વર સંહાર કરી નાખ' (૮-૪૦-૮૫). અને પછી ગોવિન્દે હાંકેલા અર્જુનના હંસ જેવા શ્વેત ઘોડા શ્રીકૃષ્ણ-અર્જુનને લઈને કૌરવસેનામાં દાખલ થયા. કૌરવ લશ્કર ચોમેર નાસવા માંડયું. કૌરવોની મહાસેનામાં ભંગાણ પાડીને ક્રોધથી લાલચોળ નેત્રોવાળા એ મહાતેજસ્વીઓ અત્યંત પ્રકાશવા લાગ્યા. યાજ્ઞિકોના વિધિપૂર્વક આહ્‌વાનથી જેમ અશ્વિનીકુમાર દેવો યજ્ઞમાં આવે એમ એ બન્ને યુદ્ધશૂરવીરો આ રણયજ્ઞમાં દુશ્મનના આહ્‌વાનથી આવ્યા. તાડવનમાં તાડફળના પડવાના અવાજથી જેમ હાથીઓ ગુસ્સે ભરાઈને દોડે એમ આ બન્ને નરવ્યાઘ્રો વેગથી કૌરવ દળો ઉપર ત્રાટક્યા (૮-૪૦-૮૫થી, ૮૯થી)...અશ્વત્થામા અર્જુન ઉપર ચઢી આવ્યો. એણે શ્રીકૃષ્ણ-અર્જુનને બાણોથી છાઈ દીધા. એટલું જ નહિ, સેંકડો બાણો મૂકીને એમને નિશ્ચેષ્ટ (જેવા) બનાવી દીધા ! ચરાચરના સંરક્ષક એ બન્નેને બાણોથી સંછાદિત થયેલા જોઈને સ્થાવરજંગમ સર્વ ભૂતો હાહાકાર કરવા લાગ્યા.[૧૭] ચોમેરથી સિદ્ધ અને ચારણોના સંઘો દોડી આવ્યા તથા જગતનું કલ્યાણ કેવી રીતે થશે તેની ફિકર કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ-અર્જુનને ઢાંકી દેનારા (રજોગુણી) અશ્વત્થામાએ આવું પરાક્રમ પૂર્વે કદી પણ બતાવ્યું નહોતું. ક્ષિપ્રકારી અને દૃઢહસ્ત અર્જુન પણ ખૂબ મુંઝાઈ ગયા. આમ સંગ્રામમાં અશ્વત્થામા ચઢિયાતો અને અર્જુન ઊતરતા દેખાતાં, શ્રીકૃષ્ણને ભારે રોષ ચઢ્યો. રોષથી ફુંફાડા મારતા અને તણખા ઝરતી આંખોથી જાણે બાળી મૂકતા હોય એમ તેઓ વારંવાર અશ્વત્થામા અને અર્જુનને જોવા લાગ્યા, અને પછી ક્રુદ્ધ શ્રીકૃષ્ણ (રોષયુક્ત) પ્રણયથી અર્જુનને મીઠો ઠપકો આપવા લાગ્યા : 'પાર્થ ! તારી બાબતમાં આ હું અતિ અદ્દ્ભુત જોઈ રહ્યો છું ! કારણ કે ભારત ! આજે દ્રોણપુત્ર અશ્વત્થામા તારા કરતાં અતિશય વધી જાય છે ! અર્જુન ! તારા હાથમાં ગાંડીવ તો છે ને ? તું રથમાં જ ઊભેલો છે ને ? ! તારા બન્ને બાહુ કુશળ છે ને ? ! અને તારું સામર્થ્ય પૂર્વવત્ છે ને ? ! '[૧૮] (૮-૪૦-૯૦ થી ૧૨૪)

શ્રીકૃષ્ણે અર્જુનને આમ પાણી ચઢાવ્યું એટલે અર્જુને ચૌદ ભલ્લ બાણો મૂકીને અશ્વત્થામાના રથ અને બીજાં ઉપકરણોનો નાશ કરી નાખ્યો, અને વત્સદંત બાણોથી વીંધીને એને મૂર્ચ્છિત કરી નાખ્યો. (૮-૪૦-૧૨૫ થી ૧૨૮)

---

૧૭ निश्चेष्टौ तावुभौ चक्रे युद्धे माधवपाण्डवौ ॥ ८-४०-११३ ગદ્ય
हाहाकृतमभूत्सर्वं जङ्गमं स्थावरं तथा ।
चराचरस्य गोप्तारौ दृष्ट्वा संछादितौ शरैः ॥ ८-४०-११४.

ઘનઘોર હિંસક સંગ્રામ ખેલીને દુશ્મન દળોનો સંહાર કરતા શ્રીકૃષ્ણ-અર્જુન ખરેખર તો સ્થાવર-જંગમ સર્વ જગતના સંરક્ષક છે, સંહારક નથી જ. મહાભારતનું હાર્દ, ભૌતિક વિજયના રૂપકમાં આત્મિક વિજય, ધર્મવિજય છે. એ યથાર્થ હકીકત તરફ ઋષિકવિએ અહીં સુપેરે ધ્યાન દોર્યું છે.

૧૮ ततः क्रुद्धोऽब्रवीत्कृष्णः पार्थं सप्रणयं तदा ।
अत्यद्भुतमिदं पार्थ तव पश्यामि संयुगे ।
अतिशेते हि यत्र त्वा द्रोणपुत्रोऽद्य भारत ॥ ८-४०-१२३.
कच्चित्ते गाण्डीवं हस्ते रथे तिष्ठसि चार्जुन ।
कच्चित्कुशलिनौ बाहू कच्चिद्वीर्यं तदेव ते ॥ ८-४०-१२४.

[અને એમ ધૃતરાષ્ટ્રના દુર્મન્ત્રિતને લીધે ઘોર કત્લેઆમ થઈ.[૧૯]]

અને પછી તો ત્વરા કરતા શ્રીકૃષ્ણ અર્જુનને ક્રમે ક્રમે કહેવા લાગ્યા : ' કૌરવ્ય ! રાજા યુધિષ્ઠિર અને પાંડવ દળોને પીછેહઠ કરતાં જો. મહારંગભૂમિ (જેવી સમરભૂમિ) ઉપર અગ્નિની જેમ ભડક બળતા કર્ણને જો. જો આ ભીમસેન સંગ્રામ કરવા પાછો આવી રહ્યો છે, અને તેની પાછળ ધૃષ્ટદ્યુમ્નની સરદારી નીચે પાંચાલો, સૃઞ્જયો, અને પાંડવ આગેવાનો ધસ્યા આવે છે. આને કારણે શત્રુસૈન્યમાં મોટું ભંગાણ પડયું છે. અર્જુન ! સાક્ષાત્ મૃત્યુ જેવા વેગવાળો અને ઇન્દ્રતુલ્ય પરાક્રમી પેલો કર્ણ કૌરવોને ભાગી જતાં રોકે છે. આ અશ્વત્થામા ચાલ્યો આવે છે પરન્તુ મહારથી ધૃષ્ટદ્યુમ્ને એની ઉપર હુમલો કર્યો છે.' દુર્ધર્ષ શ્રીકૃષ્ણે અર્જુનને બધો હેવાલ કહ્યો. અને ત્યાં તો (થોડાક અલ્પવિરામ પછી) મહાઘોર મહાસંગ્રામ ચાલુ થયો (૮-૪૧-૧ થી ૭). આ સંગ્રામમાં ધૃષ્ટદ્યુમ્ન અશ્વાત્થામાના પંજામાં સપડાયો. શ્રીકૃષ્ણે અર્જુનને આ બતાવી પ્રેરણા કરી : ' પાર્થ ! ધૃષ્ટદ્યુમ્નનો વધ કરવા અશ્વત્થામા ભારે પ્રયાસ કરે છે તે જો. તે ધૃષ્ટદ્યુમ્નને ચોક્કસ મારી નાખશે. માટે મૃત્યુના જડબા જેવા અશ્વત્થામાના સકંજામાંથી એને છોડાવ. ' (૮-૪૨-૪૦ થી ૪૨). આમ બોલીને પ્રતાપી વાસુદેવે અશ્વત્થામાના મોરચા તરફ ઘોડા હાંકયા, અને જાણે આકાશને પી જતા હોય એવા એ ચન્દ્ર જેવા સફેદ ઘોડા અશ્વત્થામાના રથ તરફ ધસ્યા. મહાસમર્થ શ્રીકૃષ્ણાર્જુનને કુમકે આવતા જોઈ અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને (કુમક આવે તે પહેલાં) વધ કરવા માટે ઘસડવા માંડયો. પરન્તુ મહાબલવાન અર્જુનના ગાંડીવમાંથી સણસણાટ કરતાં બાણો અશ્વત્થામાને વીંધવા માંડયાં. એટલે અશ્વત્થામા ધૃષ્ટદ્યુમ્નને પડતો મૂકીને અર્જુન સામે લડવા માંડયો ![૨૦] (૮-૪૨-૪૨ થી ૫૧) અશ્વત્થામા ભાગ્યો. એટલે શ્રીકૃષ્ણ-અર્જુન ફરીને સંશપ્તકો સાથે લડવા ધસી ગયા. (૮-૪૨-૫૨ થી ૫૭)

એ દરમિયાન શ્રીકૃષ્ણ અર્જુનને યુધિષ્ઠિરની સ્થિતિ સમજાવતા હોય એમ કહેવા લાગ્યા : ' પાંડવ ! જો આ તારા ભાઈ. મહાબલવાન કૌરવો મોટાં ધનુષ્યો લઈને એમને મારી નાખવા માટે પાછળ પડયા છે, અને એમનું રક્ષણ કરવા માટે યુદ્ધદુર્મદ પાંચાલો આવેશમાં આવીને વેગથી એમની પાછળ દોડયા જાય છે. રાજા દુર્યોધન બખ્તર ચઢાવીને રથસેના અને સર્વ પ્રકારનાં યુદ્ધોમાં નિષ્ણાત પોતાના ભાઈઓની કુમક સાથે પુરુષશ્રેષ્ઠ રાજા યુધિષ્ઠિરને મારી નાખવા એમનો પીછો પકડી રહ્યો છે. કૌરવોનું આ હસ્તિદળ, હયદળ, રથદળ અને પાયદળ જેમ યાચકો ઉત્તમ રત્નને હરી લેવા દોડે એમ યુધિષ્ઠિરને પકડવા દોડી રહ્યું છે. જો જો, અમૃતને હરી લેવાની ઇચ્છાવાળા દૈત્યોને જેમ ઇન્દ્ર-અગ્નિએ અવશપણે રોકી રાખ્યા હતા એમ સાત્યકિ-ભીમની રક્ષા તળે રહેલા યુધિષ્ઠિરને કૌરવ દળોએ રોકી રાખ્યા છે. વરસતા વરસાદમાં જેમ જળપ્રવાહો સમુદ્ર તરફ ધસી જાય એમ આ સર્વ મહારથીઓ મોટી સંખ્યામાં યુધિષ્ઠિર તરફ ત્વરાથી ધસ્યે જાય છે. સિંહનાદો અને

---

૧૯ (સંજય વૃત્તાંત આપતાં બોલે છે:)

एवमेष क्षयो वृत्तस्तावकानां परैः सह ।

क्रूरो विशसनो घोरो राजन्दुर्मन्त्रिते तव ॥ ८-४०-१२९.

સર° ક્ષેપક ૫૩૭; જુઓ ઉપર નોંધ ૫.

૨૦ અર્જુને સાત્યકિને ભૂરિશ્રવાની પકડમાંથી બચાવ્યો હતો તે પ્રસંગ સર°. જુઓ ' द्रोणपर्व ', अ. ११७, ११८.

શંખનાદો કરતાં કરતાં એ બલવાન મહાધનુર્ધરો એમનાં ધનુષ્યો ધુણાવી રહ્યા છે. તારું કલ્યાણ થાઓ, પરન્તુ દુર્યોધનના સપાટામાં ફસાયેલા યુધિષ્ઠિર મને તો મૃત્યુના મુખમાં સપડાયેલા અથવા તો અગ્નિમાં હોમાઈ ગયેલા લાગે છે. દુર્યોધનનું સૈન્ય એવું તો વ્યૂહબદ્ધ છે કે અત્યારે સાક્ષાત્ ઇન્દ્ર પણ એનાં બાણોની ચોટમાંથી છટકી શકે નહિ. શૂરવીર દુર્યોધન, અશ્વત્થામા, કૃપાચાર્ય અને કર્ણનો બાણમારો પર્વતોનો પણ ભુક્કો બોલાવી દે. કોપેલા કાળની જેમ ઝડપથી બાણની ઝડીઓ વરસાવતા બહાદુર દુર્યોધનના વેગને રણસંગ્રામમાં કોણ સહન કરી શકે એમ છે? શત્રુતાપન રાજા યુધિષ્ઠિર (પ્રમાણમાં ઓછા) બલવાન, હસ્તલાઘવવાળા, શસ્ત્રાસ્ત્રકુશળ અને યુદ્ધવિશારદ છે. કર્ણે એમને વિમુખ કરી દીધા છે. ધૃતરાષ્ટ્રના મહાબળવાન અને શૂરા પુત્રોના ટેકાથી રાધેય કર્ણ યુધિષ્ઠિરને સંગ્રામમાં પીડી શકે જ. યુદ્ધ કરતા આ સંયતાત્મા ધર્મરાજના કવચને (અથવા સંરક્ષણ હરોળને) બીજા (કૌરવ) મહારથીઓએ હઠાવી દીધું છે. ભરતસત્તમ! વિભો! ધર્મરાજા ઉપવાસ કરીને તદ્દન કૃશ થયેલા છે. એમનામાં બ્રાહ્મબળ (ક્ષમા અને સહિષ્ણુતા) છે. પરન્તુ એમનામાં ક્ષત્રિયનું (શારીરિક) અતિશય બળ નથી.[૨૧] એટલે એમ લાગે છે કે પાર્થ! યુધિષ્ઠિર જીવતા નહિ હોય; કારણ કે અસહિષ્ણુ ભીમસેન પુનઃ પુનઃ ગર્જતા કૌરવોના સંગ્રામમાં વિજય-સૂચક સિંહનાદો અને મહાશંખોના નાદોને સહન કરી રહ્યો છે! આ કર્ણ 'પાંડવ યુધિષ્ઠિરને મારી નાખો' એમ મહાબલી કૌરવોને હુકમ કરી રહ્યો છે. પાર્થ! એ મહારથીઓ સ્થૂણાકર્ણ નામની ઇન્દ્રજાળથી (કપટયુદ્ધથી), પાશુપત અસ્ત્રથી (એ નામના સાધારણ કક્ષાના અસ્ત્રથી, અર્જુન પાસે હતું તેવા અસાધારણ અસ્ત્રથી નહિ) યુધિષ્ઠિરને ઢાંકી દેતા એમનો પીછો પકડી રહ્યા છે. એટલે મને લાગે છે કે યુધિષ્ઠિર ગંભીર ઘવાયા છે અને એમની તાકીદે સારવાર કરવી જરૂરી છે. એટલે તો આ તાકીદની પરિસ્થિતિમાં સર્વશ્રેષ્ઠ શસ્ત્રધારી પાંચાલો પાંડવ યોદ્ધાઓની સાથે, જાણે પાતાળમાં ડૂબી જતા હોય એવા યુધિષ્ઠિરની કુમકે, બળવાન તરવૈયાઓની જેમ ત્વરાથી ધસ્યા જાય છે. પાર્થ! નકુલ-સહદેવ, સાત્યકિ, શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, ભીમ, (નકુલપુત્ર) શતાનીક, અને સર્વે પાંચાલો તથા ચેદિઓની નજર સામે જ કર્ણનાં બાણોથી તૂટી પડેલો ધર્મરાજનો ધ્વજ દેખાતો નથી. પાર્થ! રણસંગ્રામમાં આ કર્ણ, હાથી જેમ નલિનીનો (કમળના છોડનો) વિધ્વંસ કરે એમ પાંડવ સેનાનો વિધ્વંસ કરે છે. પાંડુનન્દન! આ તારા રથીઓ પલાયન કરી જાય છે. જો જો, એ મહારથીઓ (ડરને લીધે) કેવી રીતે ભાગી જાય છે! ભારત! યુદ્ધમાં કર્ણે ઘાયલ કરેલા આ હાથીઓ રાડો પાડતા પાડતા દશે દિશામાં નાસી જાય છે! પાર્થ! અમિત્રકર્શન કર્ણે ભગાડેલા આ રથીઓના વૃન્દને જો. (પાનો ચઢાવે છેઃ) કેતુમતાં વર અર્જુન! રથમાં ઊભેલા સૂતપુત્ર કર્ણની હાથીના કંદરોના ચિહ્નવાળી ધ્વજાને આમતેમ બધે

---

૨૧ उपवासकृशो राजा भृशं भरतसत्तम ।
ब्राह्मे बले स्थितो ह्येष न क्षत्रेऽतिबले विभो ॥ ८-४३-१७.

અર્થાત્ હિંસક યુદ્ધ, તે ન્યાયી હોય કે અન્યાયી હોય, તેમાં સ્થૂળ બળ (તમામ જાતનું) આવશ્યક જ છે. બધા તે લડી ન શકે. ન્યાયી પક્ષે પણ આ મર્યાદા છે.

અહિંસક યુદ્ધમાં સ્થૂળ બળ હોય તો લાભ ખરો. પણ તે ન હોય તેવાં સ્ત્રી-બાળકો, દલિતો, રુગ્ણો, અકિંચનો અને એવાં બીજાંઓ કેવળ પ્રેમપૂર્ણ અહિંસક બ્રાહ્મી શ્રીથી સંપન્ન હોય તો, અન્યાયનો વૈજયંત સામનો કરી શકે. અહિંસાનું ક્ષેત્ર અમર્યાદિત છે.

ફરકતી દેખી લે ! આ રાધેય અસંખ્ય બાણોથી તારી સેનાનો નાશ કરતો કરતો ભીમસેનના રથ ઉપર ચઢાઈ કરી રહ્યો છે...પાંડવો અને પાંચાલ-સૃઞ્જયોનો પરાજય કરીને, મને લાગે છે કે કર્ણ તારા માટે જ સર્વ દિશાઓમાં ચોમેર નજર ફેંકી રહ્યો છે...પોતાની સમગ્ર તાકાતથી પાંડવ દળોને મહાસંગ્રામમાં 'ત્રાહિ ત્રાહિ' પોકારાવીને, જો, આ કર્ણ હુકમ આપે છે કે, 'કૌરવો ! તમે જોશભેર એવું તો સજ્જડ આક્રમણ કરીને પીછો પકડો કે યુદ્ધમાં એકે સૃઞ્જય જીવતો બચે નહિ. તમે સજ્જડ આક્રમણ કરો અને પાછળ અમે કુમકે આવીએ છીએ. '...અર્જુન ! જો તો ખરો, શ્વેતછત્રવિરાજિત (સફેદ હરણના ચામડાથી સુશોભિત) કર્ણ, દિવાકરથી સુશોભિત ઉદય પર્વત જેવો લાગે છે ! એકસો સળીવાળા અને પૂર્ણચન્દ્ર જેવા દેખાવના સુંદર છત્રને મસ્તક ઉપર ધારણ કરનારો કર્ણ તારા તરફ વક્રદૃષ્ટિથી જોઈ રહ્યો છે. એટલે એ તારા ઉપર ભારેમાં ભારે પ્રયત્નપૂર્વક ત્રાટકશે જ' (૮-૪૩-૧ થી ૪૦). અને થાકેલા અર્જુનને પ્રોત્સાહિત કરતા શ્રીકૃષ્ણ બોલ્યા : 'મહાબાહો ! મહાબલી કર્ણ ધનુષ્ય ધુણાવતો ધુણાવતો ઝેરી સાપના આકારનાં બાણો ફેંકી રહ્યો છે, તે નીરખ. જેમ આત્મનાશ માટે પતંગિયું દીવા ઉપર કૂદવા ટાંપે, એમ તારો વાનરધ્વજ નિહાળીને આ રાધેય તારા ઉપર કૂદવા પાછો ફરી રહ્યો છે. કર્ણને એકાકી ધસી જતો જોઈને સુસજ્જ દુર્યોધન રથસેના લઈને એનું રક્ષણ કરવા માટે દોડી જાય છે. તું ઉત્તમ યશ, રાજ્ય અને સુખ ઇચ્છે છે એટલે તારે આ દુષ્ટાત્મા કર્ણ અને દુર્યોધન વગેરે સર્વનો સંહાર કરવો જોઈએ. કર્ણ ધર્માત્મા યુધિષ્ઠિરનો ગુનેગાર છે, અને તું પોતે અસ્ત્રવિદ્યામાં પારંગત છે, એનો બરાબર વિચાર કરીને કર્ણ(ના વધ)નો સમયોચિત વિચાર કર. યુદ્ધમાં આર્ય બુદ્ધિ રાખીને રથયૂથના સેનાપતિ ઉપર તું આક્રમણ કર.[૨૨] રથિશ્રેષ્ઠ ! જો આ ભયંકર તેજવાળા બળવાન

---

૨૨ प्रतिपद्यस्व राधेयं प्राप्तकालमनन्तरम् ।
आर्यां युद्धे मतिं कृत्वा प्रत्येहि रथयूथपम् ॥ ८-४३-४६.

'અનાર્ય બુદ્ધિ' તે ગીતા, અધ્યાય ૧ (મ. ભા. 'ભીષ્મપર્વ', અધ્યાય ૨૩) અને ગીતા ૨-૪ થી ૮ (મ. ભા. ભીષ્મ. ૨૪-૪ થી ૮)માં ઋજુ જીવમાત્રના પ્રતીક અર્જુનમાં આવેલું આસક્તિજનિત ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય અને કાયરપણું.

અને 'આર્ય બુદ્ધિ' કે 'આર્યતા' એટલે શું ?

आर्यता नाम भूतानां यः करोति प्रयत्नतः ।
शुभं कर्म निराकारो वीतरागत्वमेव च ॥ १२-१५६-१८.

વીતરાગપણે શૂન્યવત્ (નમ્રપણે) પ્રયત્નપૂર્વક પ્રાણીઓના કલ્યાણનું કાર્ય (કોઈ પણ કાર્ય, અદૈન્ય અને સત્યનિષ્ઠથી) કરવું તેનું નામ આર્યતા.

આ આર્યતા એ સત્યનાં તેર લક્ષણ પૈકી અગિયારમું લક્ષણ છે.

સર૦ 'ધમ્મપદ' ૨૭૦ :

न तेन अरियो होति येन पाणानि हिंसति ।
अहिंसा सब्बपाणानं अरियो ति पवुच्चति ॥

પ્રાણીઓની હિંસા કરે તેનાથી આર્ય થવાતું નથી. સર્વ પ્રાણીઓ પ્રત્યે અહિંસા આચરવાથી તે આર્ય કહેવાય છે.

પાંચસો મુખ્ય રથીઓ, પાંચ હજાર હાથી (સવાર), દશ હજાર ઘોડેસવારો અને લાખોની સંખ્યામાં પાયદળ લશ્કર, વીર કૌન્તેય ! એકબીજાનું રક્ષણ કરતું (વ્યૂહબદ્ધ થઈને) એકસામટું વેગથી તારા ઉપર ધસી આવે છે ! માટે ભરતર્ષભ ! મહાધનુર્ધર સૂતપુત્ર કર્ણ ઉપર ઉત્તમ પ્રયત્નથી ચઢાઈ કર, અને તારું ખરું (અપરાજિત) રૂપ દેખાડી દે ! (વળી જો) આવેશમાં આવીને કર્ણ પાંચાલો ઉપર ત્રાટકી રહ્યો છે, કારણ કે એની ધ્વજાને હું ધૃષ્ટદ્યુમ્નના રથની સામે જોઉં છું. પરંતપ ! મને લાગે છે કે એ પાંચાલોની કતલ કરી નાખશે. (એવામાં વિજયનું પલ્લું પાંડવ પક્ષે નમ્યું, તેથી કહે છે :) ભરતશ્રેષ્ઠ પાર્થ ! હું તને આ પ્રિય સમાચાર પાઠવું છું કે કૌરવ્ય ધર્મપુત્ર રાજા યુધિષ્ઠિર જીવતા છે ! (મારી અગાઉની ધારણા ખોટી જણાય છે, કારણ કે) પેલો મહાબાહુ ભીમસેન સૃંજયસૈન્ય અને સાત્યકિ(ની સેના)થી વીંટાઈને (કૌરવોને હરાવી) લશ્કરના મોખરે પાછો ફર્યો છે. ભીમસેન અને પાંચાલો તીક્ષ્ણ બાણોથી કૌરવોને રોળી રહ્યા છે. ભીમનાં બાણોથી ઘવાઈને દુર્યોધનનું લશ્કર યુદ્ધમાંથી પીછેહઠ કરતું વેગથી પલાયન કરે છે. લોહીલુહાણ થયેલી ભારતી સેના (દુર્યોધનની સેના), નાશ પામેલા ધાન્યવાળી જમીનની જેમ દયામણી લાગે છે ! કૌન્તેય ! મોરચો સંભાળવા પાછા ફરેલા ઝેરી નાગની જેમ કોપેલા સેનાપતિ ભીમસેનને જો. એટલે તો કૌરવ દળો પલાયન કરે છે ! સૂર્ય-ચન્દ્રનાં ચિહ્નોવાળી, લાલ, પીળી, કાળી, ધોળી ધ્વજાઓ અને આ છત્રોને વેરણછેરણ કરવામાં આવી રહ્યાં છે. સોના-ચાંદીના દાંડાવાળા તેજસ્વી ધ્વજદંડો તોડી નાખવામાં આવે છે, અને હાથી-ઘોડાને છિન્ન-ભિન્ન કરી ભગાડી મૂકવામાં આવી રહ્યાં છે. (કર્ણના ભારે દબાણ સામે) ભાગી નહિ છૂટેલા પાંચાલોનાં વિવિધ પ્રકારનાં બાણોથી ઘવાઈને નિષ્પ્રાણ થવાથી (કૌરવ) રથીઓ રથ ઉપરથી ગબડી પડે છે ! ધનંજય ! (સંખ્યાબંધ) અશ્વો, હાથીઓ અને રથો નિર્મનુષ્ય—સવાર વિનાના થઈ ગયા છે, અને બહાદુર પાંચાલો કૌરવો ઉપર ધસ્યે જાય છે. અરિંદમ ! ભીમસેનના સહારે મરણિયા થઈને વાઘ જેવા પાંચાલો દુશ્મનના દુર્ધર્ષ દળને છૂંદી નાખે છે. આ પાંચાલો ગર્જતા ગર્જતા શંખનાદ કરે છે અને બાણોથી શત્રુઓને રોળતા રોળતા આગેકૂચ કરે છે. પરંતપ ! (વીરમૃત્યુથી મળતા) સ્વર્ગનું માહાત્મ્ય જો. (મરણિયા) પાંચાલો રોષે ભરાયેલા સિંહો જેમ હાથીઓને રોળી નાખે એમ કૌરવોને રોળી રહ્યા છે. માનસરોવરથી ઝડપથી ઊડી આવેલા હંસો ગંગા નદીને ઘેરી વળે એમ પાંચાલો કૌરવોની મહાસેનાને ચોમેરથી ઘેરી વળ્યા છે. કૃપ અને કર્ણ વગેરે વીરો, આખલા જેમ આખલાની સામે ટકરાય, એમ પાંચાલોને રોકવા જબરદસ્ત પરાક્રમ કરે છે. ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે વીરોના મારાથી કૌરવી સેના અત્યંત વિષણ્ણ થઈ ગઈ છે !...પાર્થ ! તારા મોટાભાઈ ભીમસેને ૪૯ હાથી અને ઓળખચિહ્ન સાથેની ધ્વજાઓને તીક્ષ્ણ બાણોથી છિન્નભિન્ન કરી નાખી છે ! એણે એકેકા હાથીને દશ દશ નારાચોથી મારી નાખ્યા છે ! પુરંદરના જેવો ક્રોધે ભરાયેલો ભીમ સંગ્રામ કરવા પાછો વળ્યો ત્યારથી કૌરવોની ગર્જના બંધ પડી ગઈ છે અને એમ નરસિંહ ભીમે દુર્યોધનની ત્રણ અક્ષૌહિણી સેનાઓને હંફાવી દીધી છે !' (૮-૪૩-૪૧થી ૭૫)

ભીમસેનનું આ સુદુષ્કર પરાક્રમ નિહાળીને અર્જુને બાકી રહેલા સંશપ્તકોને ધારદાર બાણોથી બાળીને ભસ્મ કરવા માંડ્યા તથા એ સંશપ્તક ગણો ઇન્દ્રના અતિથિ થઈને—મૃત્યુ પામીને—શોકરહિત થયા ! (૮-૪૩-૭૬ થી ૭૮)

સંકુલ યુદ્ધ દરમિયાન અશ્વત્થામા મોટું રથસૈન્ય લઈને એકાએક યુધિષ્ઠિર તરફ ધસી

આવ્યો; પણ શ્રીકૃષ્ણની સહાયવાળા અર્જુને, જેમ કિનારો મકરાલય સાગરને આગળ ધપતો રોકી રાખે એમ, તેને એકદમ ખાળી દીધો. એટલે એણે શ્રીકૃષ્ણ-અર્જુનને બાણોથી છાઈ દીધા. બન્ને કૃષ્ણ બાણોમાં ઢંકાઈ ગયા. તેને કૌરવ મહારથીઓ આશ્ચર્યચકિત થઈને એકીટસે જોઈ રહ્યા...લડાઈમાં અશ્વત્થામાએ શ્રીકૃષ્ણનો જમણો હાથ ત્રણ બાણોથી વીંધી નાખ્યો (૮-૪૫-૧થી ૧૧)...અર્જુને અશ્વત્થામાના સારથિને મારી નાખ્યો તોપણ અશ્વત્થામાએ ઘોડાઓની લગામ પોતાના હાથમાં લીધી અને સાથે જ શ્રીકૃષ્ણ-અર્જુનને શરવર્ષામાં બરાબર ઢાંકી દીધા. પરન્તુ અર્જુને લગામ કાપી નાખતાં ઘોડાઓ ભાગી ગયા અને એમ અશ્વત્થામા હાર્યો (૮-૪૫-૧૫થી ૨૧)...અશ્વત્થામાનું સ્થાન પ્રતાપી કર્ણે સંભાળ્યું. પુરાતનવિજય ધનુષ્યને સજ્જ કર્યું. નાસી જતા લડવૈયાઓને સત્ય સોગંદ ખવડાવીને પાછા વાળ્યા અને પછી એણે 'ભાર્ગવાસ્ત્ર'નો પ્રયોગ કર્યો. ભાર્ગવાસ્ત્રના મારાથી પાંડવસેનામાં હાહાકાર મચી ગયો અને જેમ પ્રેતરાજપુરમાં (યમદૂતોના મારથી) અચેતન થઈ ગયેલા જીવો યમરાજને રાડો પાડી પાડીને (દયા કરી છોડાવવા) બોલાવે એમ વારંવાર રાડો પાડી પાડીને અર્જુન અને વાસુદેવને બોલાવવા લાગ્યા! આ હાહાકાર સાંભળીને અર્જુને (વિહ્વળ થઈને) શ્રીકૃષ્ણને કહ્યું : 'મહાબાહુ કૃષ્ણ! ભાર્ગવાસ્ત્રની તાકાત નિહાળો. આ અસ્ત્રનો સંગ્રામમાં કોઈ રીતે નાશ કરી શકાતો નથી. એ સાથે સાક્ષાત્ યમ જેવું દારુણ કર્મ કરતા ખળભળી ઊઠેલા વીર કર્ણને પણ જુઓ. અશ્વોને હાંકતાં હાંકતાં એ મારી સામે વારંવાર તીક્ષ્ણ નજરે જુએ છે. એટલે કર્ણની સામેથી માનપૂર્વક પલાયન કરવાનું (છીંડું) મને દેખાતું નથી! વિગ્રહમાં જીવતા માણસનો જય કે પરાજય થાય છે. પરન્તુ હૃષીકેશ! હારેલો તો મૂએલો જ છે. એનો જય કેવો?[૨૩] (૮-૪૫-૨૨ થી ૪૩, ૪૪ થી ૪૯)

અર્જુનનાં વિવશ વચનો સાંભળીને (ચિત્તજ્ઞ) જનાર્દને કર્ણની સામે લડવા માટે રથ હાંકવાને બદલે ઘાયલ યુધિષ્ઠિરને જોવા જવા પ્રયાણ કર્યું! એમની ઇચ્છા (અગિયારમા દિવસથી યુદ્ધમાં જોડાયેલા, પ્રમાણમાં તાજા) કર્ણને સંગ્રામમાં થકવી નાખવાની (અને સત્તર દિવસથી શ્રમિત) અર્જુનને આરામ આપવાની હતી! એટલે એમણે અર્જુનને આજ્ઞા કરી : 'રાજા યુધિષ્ઠિર અત્યંત ઘાયલ થયા છે. એમને સાન્ત્વન આપીને પછી કર્ણને મારજે.' એટલે શ્રીકૃષ્ણના હુકમ

---

૨૩ सुतीक्ष्णं चोदयन्नश्वान्प्रेक्षते मां मुहुर्मुहुः ।
न च पश्यामि समरे कर्णस्य प्रपलायितम् ॥ ८-४५-४८.
जीवन्प्राप्नोति पुरुषः संख्ये जयपराजयौ ।
जितस्य तु हृषीकेश वध एव कुतो जयः ॥ ८-४५-४९.

અર્જુન જેવા અર્જુન, જેમનાં નામ 'જિષ્ણુ', 'જય' અને 'વિજય' છે તે અર્જુન, નારાયણના સખા પુરાતન મુનિ નરના અવતાર અર્જુન (મિથ્યાભિમાનના, તમસૂના પ્રતીક) કર્ણના ભાર્ગવાસ્ત્રના મારાથી ગભરાઈને નાસવાનું વિચારે છે!

નમ્રતા અને કર્મફલાસક્તિત્યાગ એ જીવનના કોઈ પણ ક્ષેત્ર કે સર્વ ક્ષેત્રોના સેનાની અને લડવૈયાને નિર્ભીક-સ્થિર-દૃઢ રાખે છે. સાચી સક્રિયતા એના ખ્યાલમાં હોય છે તેમાંથી એ સ્થિતપ્રજ્ઞપણું પ્રકટે છે. એમાંથી જેટલા અંશે ચસાય તેટલી વિહ્વળતા. ઋજુ, પ્રપન્ન, અતન્દ્રિત, ક્રિયામાત્રના ઉદ્ભવસ્થાનને સારથિ તરીકે પામી એનાથી દોરવાતા 'જિષ્ણુ'ને સ્વયં પરમાત્મા સાન્ત્વન, આરામ આપે છે.

પ્રમાણે અર્જુન બાણોથી ઘવાયેલા ધર્મરાજને સાન્ત્વન આપવા માટે રણક્ષેત્ર છોડીને તુરત જ રવાના થયા. જતાં જતાં એમણે ધર્મરાજને જોવા માટે સૈન્યમાં નજર નાખી, પણ મોટાભાઈ ક્યાંય દેખાયા નહિ ! (૮-૪૫-૫૦ થી ૫૩)

અશ્વત્થામાને હરાવવાનું મહાદુષ્કર **આર્યકર્મ** કરીને (થાકેલા છતાં) અપ્રધૃષ્ય ઉગ્રધન્વા અર્જુને પોતાનું સૈન્ય નિહાળ્યું ('ઇન્સ્પેક્શન' કર્યું). શૂરા રથીઓની પ્રશંસા કરી અભિનન્દન આપ્યાં. અને યુધિષ્ઠિર દેખાયા નહિ એટલે ત્વરાથી ભીમસેન પાસે જઈ સમાચાર પૂછ્યા. ભીમે કહ્યું : 'ધર્મપુત્ર રાજા અહીંથી છાવણીમાં ગયા છે. કર્ણનાં બાણોથી તેઓ એટલા બધા ઘવાયા છે કે કદાચ જીવતા ન પણ હોય' (૮-૪૫-૫૪ થી ૫૮). એટલે અર્જુને ભીમ સાથે લશ્કરી વ્યૂહની દૃષ્ટિએ થોડીક ચર્ચા-વિચારણા કરી પછી યુધિષ્ઠિરને મળવા જવાનો નિર્ણય કર્યો. શ્રીકૃષ્ણને કહ્યું : 'આ રથસાગરને ભેદી નાખીને હૃષીકેશ ! રથને હાંકો, હું અજાતશત્રુ રાજાને મળવા ઇચ્છું છું.' (૮-૪૫-૫૯થી, ૬૫, ૬૬)

સર્વદાશાર્હમુખ્ય શ્રીકૃષ્ણે ઘોડા હાંકયા અને ભીમને આ શબ્દોથી પાણી ચઢાવ્યું : 'વીર ભીમ ! આજનું આ પરાક્રમ તારા માટે આશ્ચર્યજનક નથી. અમે જઈએ છીએ, પરન્તુ તું દુશ્મન-સંઘોનો સંહાર કરજે' (૮-૪૫-૬૭). એમ ભીમને યુદ્ધમોરચે વ્યૂહબદ્ધ ગોઠવ્યો. લડવા માટે યોગ્ય હુકમ આપ્યા અને પછી ગરુડ જેવા વેગવાળા ઘોડાઓને ઉત્તરોત્તર વેગથી દોડાવતા દોડાવતા શ્રીકૃષ્ણ-અર્જુન યુધિષ્ઠિર પાસે પહોંચી ગયા, રથમાંથી ઊતર્યા. પલંગમાં સૂતેલા રાજાના ચરણમાં પ્રણામ કર્યા. ઇન્દ્રને જોઈને બે અશ્વિનીકુમારો રાજી થાય એમ બન્ને રાજી થયા. યુધિષ્ઠિરે તો માની લીધું કે કર્ણ માર્યો ગયો. એટલે ભસ્માસુરનો વધ કરીને આવેલા ઇન્દ્ર-વિષ્ણુને જેમ ગુરુ બૃહસ્પતિ અભિનન્દન આપે એમ આ બન્નેને અભિનન્દન આપ્યાં, અને હર્ષગદ્ગદ વાણીથી શ્રીકૃષ્ણ-અર્જુન એ બે મહાસત્ત્વોનું પરમ સુંદર સામયુક્ત વાણીથી સ્વાગત કરવા માંડ્યા : 'સ્વાગત દેવકીપુત્ર ! સ્વાગત ધનંજય ! કૃષ્ણાર્જુન ! તમારું બન્નેનું દર્શન મને અત્યંત પ્રિય લાગે છે ! અક્ષત રહીને સુખપૂર્વક ઝેરી નાગ જેવા, કૌરવોના કલ્યાણ તથા કવચરૂપ કર્ણને મહાયુદ્ધમાં મારી નાખીને, જેમ અસુરને જીતીને બે દેવો આવે એમ, તમે બન્ને મારી પાસે આવ્યા તે ઘણું સારું થયું છે ! અચ્યુત-અર્જુન ! કર્ણે આજે ભયાનક યુદ્ધમાં મારા તથા મારા રક્ષકોના હાલહવાલ કર્યા હતા. મને ગાળો દઈને તિરસ્કાર કર્યો હતો. હું આજે જીવતો હોઉં તો કેવળ ભીમસેનના પ્રભાવથી જ. વધુ શું કહું ? મારાથી સહન થતું નથી. તેના ભયથી તેર તેર વર્ષથી હું રાત્રે ઊંઘતો નથી અને દિવસે મને કયાંય ચેન પડતું નથી. એના ઉપરના દ્વેષથી હું બળી રહ્યો છું.[૨૪] આજે તો એની સામેના વિગ્રહમાં સૂંઢ કપાયેલા હાથીની જેમ મરણાસન્ન થઈ ગયો છું....કર્ણથી ભયભીત થઈને હું સર્વત્ર તેને જ જોઉં છું. એટલે તને પૂછું છું કે, શક્ર, યમ અને (પરશુ)રામ જેવા પરાક્રમી કર્ણને તેં શી રીતે માર્યો ? તેનો પૂર્ણ હેવાલ કહે...'જ્યાં સુધી અર્જુન જીવે છે ત્યાં સુધી હું બીજા કોઈ પાસે પગ ધોવડાવીશ નહિ' એવી પ્રતિજ્ઞા કરનાર અલ્પબુદ્ધિ કર્ણ તારે હાથે માર્યો ગયો ને ?[૨૫]

---

૨૪ तस्य द्वेषेण संयुक्तः परिदह्ये धनंजय । ૮-૪૬-૧૭ કુ્ભ

'અજાતશત્રુ' ધર્મરાજ પણ પ્રચંડ 'ભય'ને લીધે દ્વેષ કરતા થઈ ગયા. નિર્ભય માણસ જ દ્વેષરહિત હોય.

૨૫ ૮-૪૬-૩૮; કર્ણપ્રતિજ્ઞાના બીજા સંદર્ભ ૮-૫-૭૬ અને ૩-૨૪૩-૧૫.

વળી જે દુષ્ટબુદ્ધિવાળાએ સભામાં દ્રૌપદીને ‘ તું સુદુર્બલ, પતિત અને હીનસત્ત્વ પાંડવોનો કેમ ત્યાગ કરતી નથી ?’ એવું વેણ સંભળાવ્યું હતું અને પ્રતિજ્ઞા લીધેલી કે, ‘ કૃષ્ણ સહિત અર્જુનને માર્યા સિવાય અહીંથી (રણભૂમિમાંથી) ખસીશ નહિ, ’ એ પાપબુદ્ધિને તેં માર્યો ને ? તિરસ્કારરૂપી પવનથી ધમાયેલો, અમર્ષથી ભરપૂર અગ્નિ મારા હૃદયમાં સદાકાળ ધખધખે છે. ફલ્ગુન ! ‘ આજના સંઘર્ષમાં તે પાપબુદ્ધિને મેં માર્યો છે ’, એવું બોલીને એ અગ્નિને હોલવ. ’ (૮-૪૫-૬૮ થી ૭૩; ૪૬-૧ થી ૪૮)

યુધિષ્ઠિરે અત્યન્ત આતુરતાથી કર્ણ માર્યો ગયો છે એમ માની લઈને પૂછ્યા જ કર્યું, ત્યારે જિષ્ણુ અર્જુને દારુણ યુદ્ધનો વૃત્તાંત આપ્યો. એમાં અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને પાંચ તીક્ષ્ણ બાણોથી વીંધ્યા (૮-૪૭-૬) તેની, અને કર્ણ સાથેના સંગ્રામની સંક્ષેપમાં વિગત કહીને પ્રતિજ્ઞા કરી કે, ‘ જો આજે કર્ણનો ભેટો થશે તો તેને માર્યા વિના નહિ મૂકું, અને મારી સામે લડતા તેને જો (સાથેના) પરિવાર સહિત ન મારું તો, પ્રતિજ્ઞાભંગ કરનારની જે કષ્ટદાયક ગતિ થાય તે મારી થજો. મને વિજયનો આશીર્વાદ આપો....’ (૮-૪૭-૧ થી ૧૪)

‘ કર્ણ હજી જીવે છે ! ’ એમ સાંભળતાંવેંત કર્ણના બાણના ઘાથી બળી રહેલા (અસામાન્યક્ષમાશીલ) યુધિષ્ઠિરનો પિત્તો ફાટચો ! ભગ્નાશ થઈ ગયા. અર્જુન ઉપર આક્ષેપોનો વરસાદ વરસાવ્યો. અર્જુનના જન્મપ્રસંગે થયેલી આકાશવાણી ‘ ઇન્દ્ર જેવો પરાક્રમી આ પુત્ર સર્વ શૂરા શત્રુઓને હરાવશે, દેવો તથા બીજાં પ્રાણીઓને જીતીને ખાંડવદાહ કરશે, મદ્ર, કલિંગ, કેકય વગેરે જીતશે, ક્ષત્રિય રાજાઓની વચ્ચે કૌરવોને રોળી નાખશે, સર્વશ્રેષ્ઠ ધનુર્ધર થશે, કોઈ તેને હરાવી શકશે નહિ, જિતેન્દ્રિય અને સર્વ વિદ્યાઓમાં પારંગત થશે.. ઇ. ’ ખોટી પડી તેનો શોક કર્યો. એનો તિરસ્કાર કર્યો : ‘ જેની ધરીનો અવાજ થતો નથી, જેના ઉપર કપિધ્વજ ફરકે છે, (સ્થાપત્યવિશારદ) ત્વષ્ટાએ જેને બનાવ્યો છે, તે રથમાં તું બેઠો હતો. હાથમાં સોનાની મૂઠવાળી તલવાર હતી, તાડવૃક્ષના જેવું ગાંડીવ હતું, અને સ્વયં કેશવ રથ હાંકતા હતા, તો પણ તું શી રીતે કર્ણથી ડરીને ભાગી આવ્યો ? હવે તો તું આ ધનુષ્ય કેશવને આપી દે ! અને દુરાત્મા ! તું કેશવનો સારથિ થઈ જા ! એટલે જેમ મરુત્પતિ વજ્રધારી ઇન્દ્રે વૃત્રને માર્યો હતો એમ શ્રીકૃષ્ણ ઉગ્ર કર્ણને મારી નાખશે. ’[૨૬] અને છેલ્લે ઉમેર્યું, ‘ સગર્ભાવસ્થાના કષ્ટકારી પાંચમા માસે તું ગળી ગયો હોત,

---

૨૬ धनुश्चैतत्केशवाय प्रदाय
यन्ता भविष्यस्त्वं रणे चेद्दुरात्मन् ।
ततो हनिष्यत्केशवः कर्णमुग्रं
मरुत्पतिर्वृत्रमिवात्तवज्रः ॥ ૮-૪૮-૧૪.

કર્ણ તમસનું પ્રતીક છે. તેથી અહીં તમસના પ્રતીક વૃત્રના વધની ઉપમા અપાઈ છે. કર્ણનો વધ કરવા અર્જુનને પ્રેરતાં શ્રીકૃષ્ણે કહેલા શબ્દો સર૦ :

‘ જે ધૃતિ વડે તેં યુગે યુગે સંગ્રામોમાં **તામસાસ્ત્ર,** ઘોર રાક્ષસો અને દમ્ભોદ્ભવ અસુરોનો સંહાર કર્યો છે, તે જ ધૃતિ ધારણ કરીને તું સૂતપુત્ર કર્ણનો વધ કર. ’ (૮–૬૫–૧૮)

‘**દમ્ભોદ્ભવ**’ નામના એક છકેલા રાજાનું દૃષ્ટાન્ત પરશુરામે દુર્યોધનને કહેલું (ઉદ્યોગ. અ. ૯૪). જુઓ ખંડ ૩, પ્રકરણ ૪, ‘ શાન્તિદૂત ’માં ઉપર્યુક્ત સંદર્ભ.

અથવા કુન્તીના ગર્ભમાં જ ન આવ્યો હોત, તો દુરાત્મા રાજપુત્ર ! સંગ્રામમાંથી પાછા ભાગી આવવાનો શ્રમ તને ન થાત ![૨૭] (૮-૪૮-૧ થી ૧૫)

અને આ શું થયું ? ! ગુરુભક્ત, વિનયી, શાન્ત, દ્રોણ-ભીષ્મ જેવા વડીલો અને દુર્યોધન જેવા હાડવૈરી કૌરવો પોતાના સગા હોઈ એમના જેવા ઉપર ઘા કરવાથી ધર્મલોપ થશે એમ માનીને ભિક્ષાચર્યા કરવા તત્પર બનનાર અર્જુને ધર્મરાજનો વધ કરવા માટે ક્રોધાંધ બનીને તલવાર ખેંચી ! તેના કોપને કળી જઈને **ચિત્તજ્ઞ કેશવ** બોલ્યા : 'અરે પાર્થ ! આ શું ? શાથી ખડ્ગ ઉઠાવ્યું છે ? ![૨૮] ધનંજય ! અહીં તારે કોઈની સાથે લડવાનું હોય એમ મને તો જણાતું નથી ! કારણ કે બુદ્ધિમાન ભીમે જ પેલા સર્વ કૌરવોને ઘેરી રાખેલા છે. તું તો કૌન્તેય ! રાજા યુધિષ્ઠિરને જ મળવા આવ્યો છે. અને આપશ્રીએ યુધિષ્ઠિરને કુશળ જોયા છે. શાર્દૂલસમાન

---

૨૭ (૧) मासेऽपतिष्यः पञ्चमे त्वं प्रकृच्छ्रे
न वा गर्भोऽप्यभविष्यः पृथायाः ।
तत्ते श्रमो राजपुत्राभविष्य-
न्न संग्रामादपयातुं दुरात्मन् ॥ ८-४८-१५.

(૨) જે ક્ષમાશીલ 'અજાતશત્રુ' ધર્મરાજ, દ્રૌપદીના તીક્ષ્ણ ઉપાલંભો અને કૌરવો સામે યુદ્ધ કરવાની દલીલોના જવાબમાં ક્ષમાનું મહત્ત્વ સમજાવી બોલ્યા હતા કે, 'દાક્ષ્ય, (અન્યાય પ્રત્યે અને યુદ્ધમાં) અમર્ષ અર્થાત્ અસહનશીલતા, શૌર્ય અને શીઘ્રત્વ એ તેજના ગુણ છે. ક્રોધાભિભૂત તેમને સહેજે પ્રાપ્ત કરી શકતો નથી...મૂર્ખાઓ ક્રોધને શાશ્વત તેજ ગણાવે છે પણ વસ્તુતઃ રજોગુણ તો મનુષ્યલોકના નાશ માટે છે...' (૩-૩૦-૨૦, ૨૨) અને 'ક્રોધ કરવા કરતાં સ્વધર્મ છોડવો શ્રેષ્ઠ છે એવો (શાસ્ત્ર) નિર્ણય છે : श्रेयान्स्वधर्मानपगो न क्रुद्ध इति निश्चितम् ॥ ૩-૩૦-૨૩ગધ. (અર્થાત્ મનુષ્ય ક્રોધથી સમત્વ-Balance-ગુમાવી બેસે તો સ્વધર્મનિષ્ઠ રહી શકે જ નહિ)'. તે ધર્મરાજા ક્રોધવશ થઈને પ્રાણપ્રિય અર્જુનને કેવા અપશબ્દો સંભળાવી બેઠા !

ધર્મરાજ્ય અને ધર્મવૃત્તિ પામવા સાથે રાજ્યલાભની અલ્પ લાલસાનો ધ્વંસ થતો દેખાતાં ક્રોધ સવાર થયો, અને સાક્ષાત્ ધર્મપુત્ર પણ ધર્મભ્રષ્ટ થઈ ગયા ! કોઈ પણ સંયોગોમાં પરમાત્મસ્મરણમાં પ્રમાદ કે તન્દ્રા ભલભલાનોય વિનિપાત સર્જે.

ध्यायतो विषयान्पुंसः ...થી શરૂ થઈ बुद्धिनाशात्प्रणश्यति । ગીતા ૨-૬૨, ૬૩માં અંત લાવતી પ્રક્રિયા ઉપર આવો યોગી, સાધક વિજયી બને છે.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ गीता, २-७१ (म. भा. ६-२४-७१).

કામનાઓ ત્યજીને જે પુરુષ સ્પૃહા, મમતા અને અભિમાન રહિત થઈને વિચરે છે, તેને જ (સાચી) શાન્તિ મળે છે.

૨૮ युधिष्ठिरेणैवमुक्तः कौन्तेयः श्वेतवाहनः ।
असिं जग्राह संक्रुद्धो जिघांसुर्भरतर्षभम् ॥ ८-४९-१.
तस्य कोपं समुद्वीक्ष्य चित्तज्ञः केशवस्तदा ।
उवाच किमिदं पार्थ गृहीतः खड्ग इत्युत ॥ ८-४९-२.

ચિત્તજ્ઞ=ચિત્તતંત્રના વ્યાપાર અને ક્રિયામાત્રને પારખનાર, પારખીને તેની યથાતથ ચિકિત્સા કરનાર મનોવૈજ્ઞાનિક અને ચિકિત્સક. ચિત્ત અને તેની અનન્ત વૃત્તિઓની વિલક્ષણતા જાણીને તેનો યોગ્ય ઉપચાર કરવામાં શ્રીકૃષ્ણ પારંગત છે : તેથી અસાધ્ય જેવા ભવરોગના વૈજયન્ત વૈદ્ય છે.

પરાક્રમી રાજાધિરાજ યુધિષ્ઠિરને મળીને તને હર્ષ થવો જોઈએ, તને બદલે તું શાથી ક્રોધે ભરાયો છે?[૨૯] કૌન્તેય! તારે વધ કરવા યોગ્ય કોઈ પણ માણસ અહીં દેખાતો નથી. તો પછી આપ શા માટે મહાખડ્ગને સત્વર ઉઠાવો છો? કૌન્તેય! તેથી હું તને પૂછું છું કે રોષે ભરાઈને તું ખડ્ગ ખેંચે છે, તો તેં શું ધાર્યું છે?'[૩૦] (૮-૪૯-૧ થી ૭)

ચિત્તજ્ઞ શ્રીકૃષ્ણે ચીમકી આપી એટલે સાપની જેમ ફૂંફાડા મારતાં મારતાં અને યુધિષ્ઠિરની સામે (ક્રોધપૂર્ણ ઝેરી નજરે) જોતાં જોતાં અર્જુને ઉત્તર આપ્યો કે, 'જે કોઈ મને 'તારું ગાંડીવ બીજાને આપી દે', એવું કહે તેનું મસ્તક છેદી નાખવું એવું મારું ગુપ્ત વ્રત છે. આદીનાત્મા! અમિતપરાક્રમી ગોવિન્દ! ધર્મરાજે તમારી રૂબરૂમાં મને એ જ શબ્દો કહ્યા છે. તે મારાથી સહન નહિ થાય. એટલે હું આ ધર્મભીરુ રાજાનો વધ કરીશ અને એમને મારી નાખીને મારી પ્રતિજ્ઞા પાળીશ! યદુનન્દન! તલવાર ઉઠાવવાનું કારણ આ જ છે. જનાર્દન! એમ યુધિષ્ઠિરનો વધ કરીને હું સત્યના ઋણમાંથી છૂટીને શોક-સંતાપ-રહિત થઈશ! (પણ પછી ભાન આવતાં સલાહ અને આજ્ઞા માગી) અથવા અત્યારે તમે શું કરવું સમયોચિત માનો છો? હે તાત! તમે આ જગતનાં ભૂત-ભવિષ્ય સર્વ જાણો છો—સર્વજ્ઞ છો. (ચિતજ્ઞ છો તેથી આગલાં પાછલાં સર્વ પરિણામ જાણો છો.) માટે આપ મને જેમ કહેશો તેમ જ હું વર્તીશ.[૩૧] (૮-૪૯-૮ થી ૧૩)

---

२९ नेह पश्यामि योद्धव्यं तव किंचिद्धनंजय ।
ते ध्वस्ता धार्तराष्ट्रा हि सर्वे भीमेन धीमता ॥ ८-४९-३.
अपयातोऽसि कौन्तेय राजा द्रष्टव्य इत्यपि ।
स राजा भवता दृष्टः कुशली च युधिष्ठिरः ॥ ८-४९-४.
तं दृष्ट्वा नृपशार्दूलं शार्दूलसमविक्रमम् ।
हर्षकाले तु संप्राप्ते कस्मात्त्वा मन्युराविशत् ॥ ८-४९-५.

३० न च पश्यामि कौन्तेय यस्ते वध्यो भवेदिह ।
कस्माद्भवान्महाखड्गं परिगृह्णाति सत्वरम् ॥ ८-४९-६.
तत्त्वा पृच्छामि कौन्तेय किमिदं ते चिकीर्षितम् ।
परामृशसि यत्क्रुद्धः खड्गमद्भुतविक्रम ॥ ८-४९-७.

३१ दद गाण्डीवमन्यस्मा इति मां योऽभिचोदयेत् ।
छिन्द्यामहं शिरस्तस्य इत्युपांशुव्रतं मम ॥ ८-४९-९.

* * *

किं वा त्वं मन्यसे प्राप्तमस्मिन्काले समुत्थिते ।
त्वमस्य जगतस्तात वेत्थ सर्वं गतागतम् ।
तत्तथा प्रकरिष्यामि यथा मां वक्ष्यते भवान् ॥ ८-४९-१३.

ગીતા ૨-૭માં પણ 'પામરતાને લીધે જેનો મૂળભાવ—સમભાવ—જાણે નાશ પામી ગયો હતો એવા, કર્તવ્યમૂઢ ચિત્તવાળા' અર્જુને 'જેમાં મારું કલ્યાણ થાય એવું મને નિશ્ચયપૂર્વક કહો, હું તમારે શરણે છું, તમારો શિષ્ય છું, મને આજ્ઞા કરો,' કહીને પરમાત્મા શ્રીકૃષ્ણનું માર્ગદર્શન માગેલું.

અને જગતિપતા ભગવાન શ્રીકૃષ્ણે સ્થૂળ પ્રાંતજ્ઞાપાલન અર્થે ચૈતન્યને ઉવેખવા ઉદ્યત બનેલા, માનસિક ગૂંચવાડાથી તમસૂમાં અથડાતા અર્જુનને એમની મૂર્ખતા સમજાવી. અકાર્યમાંથી પાછા વાળી, દક્ષતા તથા સત્યનું હાર્દ (પરમ-આત્માને વેગળો રાખી મૂર્તિને જ ભગવાન માની જડ પદાર્થની કે અબુધ પ્રાણીની પૂજા કરતા મૂર્ખ ભક્તની કોટિએ સરી પડેલા અર્જુનને)[32] શીખવ્યું. બોલ્યા : 'પાર્થ ! મને અત્યારે જ ખબર પડે છે કે તેં (જ્ઞાનવિજ્ઞાન-સમૃદ્ધ) વૃદ્ધોને સેવ્યા નથી, કારણ કે તેં અકાળે આ કોપ કર્યો છે ! ધનંજય ! ધર્મવિભાગજ્ઞ ! (કર્તવ્યને યથાતથ સમજનાર) આમ વર્તે જ નહિ.[33] પાર્થ ! જે પુરુષ અકાર્યો અને કાર્યોનો સંયોગ કરે છે (એમાંથી 'કર્તવ્ય'નિપજાવી કાઢે છે અર્થાત્ ભારે ગરબડગોટા કરે છે), તે પુરુષાધમ છે—નિકૃષ્ટ કોટિનો છે. ધર્મને ત્યજ્યા વિના (કર્તવ્ય આચરીને) બેઠેલા, ધર્મનો સમાસ અને વિસ્તાર જાણનારા (વિશ્વદ્રષ્ટા, સમગ્રદ્રષ્ટા-) કવિઓના કર્તવ્યનિર્ણયને તું જાણતો નથી. પાર્થ ! કાર્યઅકાર્યનો નિર્ણય કરવામાં અનિશ્ચયજ્ઞ (અજ્ઞાની) પુરુષ તારી જેમ પરાધીન થઈને મૂઢ બને છે (અકાર્ય કરી નાખે છે.) કાર્ય-અકાર્યનો નિર્ણય કદી પણ સહેલાઈથી સમજાતો નથી. એ તો બધું (ધર્માચરણ અને મેધામાંથી જન્મતા) શ્રુતથી સમજાય છે, પણ તે તો તું જાણતો જ નથી ! આપશ્રી ધર્મવેત્તા (!) બનીને અવિજ્ઞાનને લીધે ધર્મનું રક્ષણ કરવા લાગ્યા છો. પરન્તુ પાર્થ !

---

૩૨ (૧) સર૦ सर्वभूतेषु यः पश्येद्भगवद्भावमात्मनः ।
भूतानि भगवत्यात्मन्येष भागवतोत्तमः ॥
ईश्वरे तदधीनेषु बालिशेषु द्विषत्सु च ।
प्रेममैत्रीकृपोपेक्षा यः करोति स मध्यमः ॥
अर्चायामेव हरये पूजां यः श्रद्धयेहते ।
न तद्भक्तेषु चान्येषु स भक्तः प्राकृतः स्मृतः ॥

'ભાગવત', ૧૧-૨-૪૫ થી ૪૭.

ભૂતમાત્રમાં જે પોતાનો ભગવદ્ભાવ અને પ્રાણીઓને પોતામાં રહેલા ભગવાનમાં જુએ છે તે ભાગવતોત્તમ—શ્રેષ્ઠ વૈષ્ણવ છે. ('ચૈતન્યરૂપે મારો આત્મા ચરાચર ભૂતમાત્રમાં વ્યાપેલો છે, અને એ જ રીતે પ્રાણીપદાર્થ ભગવાનરૂપી મારામાં વસેલાં છે' એવું અનુભવે તે વૈષ્ણવશ્રેષ્ઠ.) જે મનુષ્ય ઈશ્વર ઉપર પ્રેમ, તેના ભક્ત પ્રત્યે મૈત્રી, મૂર્ખ ઉપર કૃપા અને શત્રુ પ્રત્યે ઉપેક્ષા રાખે છે તે મધ્યમ વૈષ્ણવ (કારણ કે તેનું દર્શન અધૂરું છે). **જે મનુષ્ય (જ્ઞાનપૂર્વક નહિ પણ બાલિશપણે કેવળ) શ્રદ્ધાથી શ્રીહરિની મૂર્તિનું પૂજન કરે, પરન્તુ હરિના ભક્તોનો તથા બીજાઓનો સત્કાર ન કરે તે પ્રાકૃત (અધમ) ભક્ત કહેવાય છે.**

(૨) બૌદ્ધોમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા—આ ચાર ભાવનાઓને 'બ્રહ્મવિહાર' કહે છે. 'ભાગવત' અનુસાર એ ચાર ભાવનાઓમાં વિહરનાર, સાધક કક્ષાનો' મધ્યમ 'વૈષ્ણવ' છે તે સ્પષ્ટ છે.

(૩) સર૦ मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् । 'યોગ-સૂત્ર' ૧-૩૩. સુખી પ્રત્યે મૈત્રી, દુઃખી પર કરુણા, પુણ્યશાળીથી મુદિતા અને પાપી પ્રત્યે ઉપેક્ષાની ભાવનાથી ચિત્તની પ્રસન્નતા થાય છે (અને યોગનો અંતરાય દૂર કરવાની શક્તિ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે).

૩૩ इदानीं पार्थ जानामि न वृद्धाः सेवितास्त्वया ।
अकाले पुरुषव्याघ्र संरम्भक्रिययानया ।
न हि धर्मविभागज्ञः कुर्यादेवं धनंजय ॥ ८-४९-१४.

પ્રાણીવધના ફળને તું ‘ધાર્મિક’ હોવા છતાં સમજતો નથી ![34] તાત ! પ્રાણીઓનો અવધ-અહિંસા, એ સર્વથી ઉત્કૃષ્ટ (ધર્મ) છે, એવો મારો નિર્ણય છે. (જ્યાં લોહીની નદીઓ વહે છે, તે ભીષણ રણક્ષેત્રની શિબિરમાં આ શીખ આપવામાં આવે છે.) (વિચારોના કશ્મલ દરમિયાન) અનૃત બોલવું પડે તો બોલવું, પણ હિંસા તો કોઈ રીતે ન જ કરવી. તો નરશ્રેષ્ઠ ! આપ કોઈ પ્રાકૃત મનુષ્યની પેઠે, ધર્મકોવિદ રાજા અને જ્યેષ્ઠ ભાઈને મારી નાખવા શાથી ઉદ્યત થયા છો ? ! (યુદ્ધનો ક્ષત્રિયમાન્ય નિયમ છે કે) જે યુદ્ધ ન કરતો હોય, નિઃશસ્ત્ર હોય, રણમાંથી પરાઙ્મુખ થઈને નાસી જતો હોય, શરણે આવતો હોય અથવા હાથ જોડીને ચરણમાં પડ્યો હોય એવાના વધને વિદ્વજ્જનો સત્કારતા નથી. પાર્થ ! પૂર્વે તેં નાદાનીથી જ આ વ્રત લીધું છે. તેથી તો મૂઢતાથી (ધર્મ જેવું ભાસતું) અધર્મથી ભરપૂર કર્મ કરવા તૈયાર થયો છે.[35] ધર્મોની મહાકષ્ટે જાણી શકાય એવી સૂક્ષ્મ ગતિવિધિઓને જાણ્યાબૂઝ્યા વિના પાર્થ ! તું ધર્મનું અનુસ્મરણ—નિરંતર સ્મરણ—કરીને કયા આધારે વડીલ બન્ધુને હણીશ ? ! ભરતર્ષભ ! જે

---

३४ अकार्याणां च कार्याणां संयोगं यः करोति वै ।
कार्याणामक्रियाणां च स पार्थ पुरुषाधमः ॥ ८-४९-१५.
अनुत्सृज्य तु ये धर्मं कवयः समुपस्थिताः ।
समासविस्तरविदां न तेषां वेत्थ निश्चयम् ॥ ८-४९-१६.
अनिश्चयज्ञो हि नरः कार्याकार्यविनिश्चये ।
अवशो मुह्यते पार्थ यथा त्वं मूढ एव तु ॥ ८-४९-१७.
न हि कार्यमकार्यं वा सुखं ज्ञातुं कथंचन ।
श्रुतेन ज्ञायते सर्वं तच्च त्वं नावबुध्यसे ॥ ८-४९-१८.
अविज्ञानाद्भवान्यच्च धर्मं रक्षति धर्मवित् ।
प्राणिनां हि वधं पार्थ धार्मिको नावबुध्यते ॥ ८-४९-१९.

३५ प्राणिनामवधस्तात सर्वज्यायान्मतो मम ।
अनृतं तु भवेद्वाच्यं न च हिंस्यात्कथंचन ॥ ८-४९-२०.
स कथं भ्रातरं ज्येष्ठं राजानं धर्मकोविदम् ।
हन्याद्भवान्नरश्रेष्ठ प्राकृतोऽन्यः पुमानिव ॥ ८-४९-२१.
अयुध्यमानस्य वधस्तथाशस्त्रस्य भारत ।
पराङ्मुखस्य द्रवतः शरणं वाभिगच्छतः ।
कृताञ्जलेः प्रपन्नस्य न वधः पूज्यते बुधैः ॥ ८-४९-२२.
त्वया चैव व्रतं पार्थ बालेनैव कृतं पुरा ।
तस्मादधर्मसंयुक्तं मौढ्यात्कर्म व्यवस्यति ॥ ८-४९-२३.

સર° अहिंसा सर्वभूतानामेतत्कृत्यतमं मतम् ।
एतत्पदमनुद्विग्नं वरिष्ठं धर्मलक्षणम् ॥ १४-४९-२.

સર્વ ભૂતો પ્રત્યે (આચરેલી) અહિંસાને સર્વશ્રેષ્ઠ કૃત્ય માનેલું છે. આ પદ ઉદ્વેગરહિત છે અને વરિષ્ઠ ધર્મલક્ષણ છે.

ધર્મરહસ્ય તને ભીષ્મ, અત્યારે વિકળ થયેલા છતાં મોટા ભાગે તો) ધર્મજ્ઞ યુધિષ્ઠિર, ક્ષત્તા વિદુર અથવા યશસ્વિની કુન્તી (જેવાં સન્માન્ય ગુરુજનો) કહી શકે, તે જ રહસ્ય (હાર્દ) તને યથાતથ કહું છું. ધનંજય ! સાંભળ : સત્યવચન શ્રેષ્ઠ છે. સત્યથી કંઈ જ ઉત્તમ નથી. સત્યનું અનુષ્ઠાન કરનારા (સત્યને આચરણમાં ઉતારનારા) માટે પણ (કેટલીક વખત) એનું તત્ત્વ (હાર્દ) જાણવું સુદુર્જ્ઞેય—અત્યંત કઠણ હોય છે. (જેમ કે) મૌન રાખવું સત્ય બને અને (દેખીતું સાચું) બોલવાથી અસત્ય બને. જ્યારે સર્વસ્વ લૂંટાતું હોય ત્યારે (કંઈ પણ અથવા દેખીતું સાચું)બોલવું અસત્ય બની જાય છે.[૩૬] જીવ ખોવાનો પ્રસંગ તથા વિવાહનો પ્રસંગ હોય ત્યારે અનૃત બોલી શકાય.

આ વચનો પણ શ્રીકૃષ્ણનાં છે. 'અનુગીતા 'માં ઋષિઓ અને બ્રહ્મદેવ વચ્ચેની 'શ્રેયસ્' અંગેની ધર્મચર્ચામાં આવે છે.

'મનુસ્મૃતિ 'ના વ્યવહારપ્રકરણ(કોર્ટના દાવાના પ્રકરણ)માં સત્ય જ બોલવાનું અને સત્યાન્વેષણ કરવાનું જણાવ્યું છે. છતાં તેમાં દયાના હેતુથી શૂદ્ર-વૈશ્ય-ક્ષત્રિય-બ્રાહ્મણના રક્ષણ માટે અસત્ય બોલવાની છૂટ આપી છે, અને ત્યાં એવી અનૃત વાણીને દૈવી કહી છે તે સર૦ :—

°दैवीं वाचं वदन्ति ताम् । મનુ. ૮-૧૦૩ધ.

शूद्रविट्क्षत्रविप्राणां यत्रर्तोक्तो भवेद्वधः ।
तत्र वक्तव्यमनृतं तद्धि सत्याद्विशिष्यते ॥ મનુ. ૮-૧૦૪.

વળી કોર્ટમાં કાયદાની પરિભાષામાં જ મૂકાએલ વિગત 'સત્ય' ગણાય છે, બીજી નહિ (મનુ. ૮-૧૬૪). બે હજાર વર્ષ પૂર્વે કરેલી આ ચોખવટ મહત્ત્વની છે. 'મનુસ્મૃતિ 'નો સમય ઈ.સ. પૂર્વે બીજી સદી ગણાય છે.

૩૬ स गुरुं पार्थ कस्मात्त्वं हन्या धर्ममनुस्मरन् ।
असंप्रधार्य धर्माणां गतिं सूक्ष्मां दुरन्वयाम् ॥ ૮-૪૯-૨૪.
इदं धर्मरहस्यं च वक्ष्यामि भरतर्षभ ।
यद्ब्रूयात्तव भीष्मो वा धर्मज्ञो वा युधिष्ठिरः ॥ ૮-૪૯-૨૫.
विदुरो वा तथा क्षत्ता कुन्ती वापि यशस्विनी ।
तत्ते वक्ष्यामि तत्त्वेन तन्निबोध धनंजय ॥ ૮-૪૯-૨૬.
सत्यस्य वचनं साधु न सत्याद्विद्यते परम् ।
तत्त्वेनैतत्सुदुर्ज्ञेयं यस्य सत्यमनुष्ठितम् ॥ ૮-૪૯-૨૭.
भवेत्सत्यमवक्तव्यं वक्तव्यमनृतं भवेत् ।
सर्वस्वापहारे तु वक्तव्यमनृतं भवेत् ॥ ૮-૪૯-૨૮.

સર૦ ૮-૪૯-૨૭ સાથે ૧૨-૧૧૦-૪; શ્લોક ૨૮ સાથે ૧૨-૧૧૦-૫.
૮-૪૯-૨૭ કખ સાથે સર૦:

सत्यस्य वचनं श्रेयः सत्यादपि हितं भवेत् ।
यद्भूतहितमत्यन्तमेतत्सत्यं मतं मम ॥ ૧૨-૩૧૬-૧૩. સર૦ ૩-૨૦૩-૪૨.

(કેવળ વાણીનું) સત્ય વચન શ્રેયસ્કર છે. (વાણીના) સત્ય કરતાં હિતકર વચન વધારે કલ્યાણકારી છે. **મારો મત છે કે જે પ્રાણીમાત્રનું અત્યંત હિતકર છે તે જ સત્ય.**

આ સત્ય પરમાત્મા કે પરમાત્મારૂપ બનેલા સંતોના સંકલ્પમાં જ શક્ય છે. બીજું સત્ય સાપેક્ષ રહેવાનું.

આવા પ્રસંગે 'અનૃત' 'સત્ય' બની શકે છે અને 'સત્ય' પણ 'અનૃત' બની શકે છે! સત્યાચરણ કરનાર (પણ) અણસમજુ માણસ તાદશ (સપાટી ઉપરનું સ્થૂળ) જુએ છે. પરન્તુ જ્યારે સત્ય-અસત્યનો વિવેક કરે છે ત્યારે ધર્મવેત્તા થાય છે. અત્યંત ક્રૂર વ્યવસાય કરનાર પુરુષ પણ જો કૃતપ્રજ્ઞ હોય તો પારધિ બલાકે અંધ પશુનો વધ કરીને ઘણું મોટું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું એમ પુણ્ય પ્રાપ્ત કરે એમાં શી નવાઈ? અને ધર્મકામ છતાં અપંડિત મૂર્ખ પુરુષ નદીતટે વસતા તાપસ કૌશિકની જેમ ભારે મોટા પાપનો ભાગિયો થાય એમાં પણ શું આશ્ચર્ય?[૩૭] (૮-૪૯-૧૪ થી ૩૨)

અર્જુને વ્યાધ બલાક અને નદીતટવાસી કૌશિક અંગે પ્રશ્ન પૂછ્યો (૮-૪૯-૩૩).

---

૩૭ (૧) प्राणात्यये विवाहे च वक्तव्यमनृतं भवेत् ।
यत्रानृतं भवेत्सत्यं सत्यं चाप्यनृतं भवेत् ॥ ८-४९-२९.

तादृशं पश्यते बालो यस्य सत्यमनुष्ठितम् ।
सत्यानृते विनिश्चित्य ततो भवति धर्मवित् ॥ ८ ४९-३०.

किमाश्चर्यः कृतप्रज्ञः पुरुषोऽपि सुदारुणः ।
सुमहत्प्राप्नुयात्पुण्यं बलाकोऽन्धवधादिव ॥ ८-४९-३१.

किमाश्चर्यं पुनर्मूढो धर्मकामोऽप्यपण्डितः ।
सुमहत्प्राप्नुयात्पापमापगामिव कौशिकः ॥ ८-४९-३२.

સર° :૮-૪૯-૨૯, ૩૦ સાથે ૧૨-૧૧૦-૫, ૬; શ્લોક ૩૧, ૩૨ સાથે સર° ૧૨-૧૧૦-૭, ૮. ૮-૪૯-૨૯ સાથે સર° ક્ષેપક ૬૯૪ અને નીચે ૮-૪૯-૫૩; 'મનુસ્મૃતિ' ૮-૧૧૨.

(૨) ઉપર પૈકી વિવાહમાં અસત્યકથન એટલે શું? મ. ભા.ના વિવાહધર્મકથનમાં (અનુ. અ.૪૪) વરની ગુણવત્તા ઉપર-ધર્મ, અર્થ અને કામ ત્રણેના શ્રેષ્ઠત્વ ઉપર ભાર મૂકેલો છે. અને કન્યાનું જેમાં સહુથી અધિક શ્રેય થતું હોય એવા વર સાથે વિવાહ કરવો તે જ બધા વિવાહધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે એમ પ્રતિપાદિત કર્યું છે. એ માટે કોઈને વાગ્દાન કર્યું હોય, કોઈ પાસેથી પલ્લું લીધું હોય કે શુલ્ક લીધું હોય, તો પણ વિવાહ ફોક કરી શકાય છે. એમ કન્યાના હિત માટે વિવાહ ફોક કરવો પડે તેને અસત્ય-ભાષણનો દોષ લાગતો નથી એમ સ્પષ્ટ જણાવતાં, **'આપને (અર્થાત્ વરપક્ષને) કન્યા આપીશ એવું પહેલાં બોલ્યા ન હોય, અથવા બોલ્યા હોય, અથવા અવશ્ય આપીશ જ એમ બોલ્યા હોય, પણ જ્યાં સુધી પાણિગ્રહણ ન થયું હોય ત્યાં સુધી (વર અને કન્યા પક્ષવાળા) અન્યત્ર માગાં કરી શકે છે.'** (૧૩-૪૪-૩૩ થી ૩૫) એમ કહીને લગ્ન થાય ત્યાં સુધી સારા વરની પસંદગી કરવાનો હક—ધર્મ, સૌથી મહત્ત્વનો બતાવ્યો છે. **અર્થાત્ સારો વર (સામે પક્ષે સારી કન્યા) મળે તે 'સત્ય' છે. કોઈ શું બોલી ગયું તે નહિ.**

જે સર્વતોમુખી હિતકર છે તે 'સત્ય'.

(૩) સત્યનાં તેર પાસાં અર્થાત્ અંગ છે. સત્ય, સમતા, દમ, અમાત્સર્ય, ક્ષમા, હ્રી, તિતિક્ષા, અનસૂયા, ત્યાગ, ધ્યાન, આર્યત્વ, સતત સ્થિર એવી ધૃતિ અને અહિંસા (૧૨-૨૫૬-૮, ૯): આ તેરે અંગ યથાયોગ્ય રીતે જે આચારમાં ઊતરે તે 'સત્ય', બીજાં અધૂરાં. આ અંગેના ઉદ્ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' (બીજી આવૃત્તિ), પૃ. ૧૦૬ થી ૧૧૫.

શ્રીકૃષ્ણે આ બન્ને બનાવોની વિગત કહી : 'ભારત ! કોઈ એક બલાક નામનો મૃગવ્યાધ હતો. એ પુત્ર-પત્ની (વગેરે કુટુંબીઓ)નું પોષણ કરવા (ફરજ તરીકે) પશુઓને મારતો, કામનાથી (આસક્તિથી) નહિ. અને એમ અંધમાતા-પિતા તથા બીજાં આશ્રિતોનું પોષણ કરતો સદા સ્વધર્મમાં રમમાણ રહેતો. સાચું બોલતો અને અસૂયા વિનાનો હતો.[૩૮] (ધર્મપાલન માટે અનસૂયા અને શ્રદ્ધા અનિવાર્ય છે.) એક વખતે તે શિકાર કરવા ગયો અને મહેનત કરી તો પણ તેને કોઈ પશુ મળ્યું નહિ. એવામાં એણે એક આંધળા હિંસક પશુને પાણી પીતું જોયું. એ પશુને બલાકે (અગાઉ) કદી જોયું નહોતું તો પણ તેને મારી નાખ્યું. એ સાથે જ (જાણે) આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. સ્વર્ગમાંથી ગીતવાદિત્રોના રણકાર સાથે મનોરમ વિમાન વ્યાધને સ્વર્ગમાં લઈ જવા આવ્યું ![૩૯] અર્જુન ! પેલું હિંસ્ર પશુ જાણે કે સર્વ પ્રાણીઓનો નાશ કરવા જ જન્મ્યું હતું. તપ કરીને વર મેળવ્યો હતો. (ખૂબ મહેનત કરીને બળવાન થઈ ગયું હતું.) સ્વયંભૂએ એને અન્ધ બનાવ્યું હતું. ભૂતમાત્રનો વિનાશ કરવાના નિશ્ચયવાળા (પોષણ પૂરતો જ વિનાશ કરનારા નહિ, પરન્તુ ક્રૂરપણે નિરર્થક વિનાશ કરનારા) એ પ્રાણીને મારીને (હિંસા કરી તો પણ) બલાક સ્વર્ગે સંચર્યો. આ રીતે ધર્મનું તત્ત્વ જાણવું અત્યંત કઠિન છે. एवं धर्मः सुदुर्विदः । (૮-૪૯-૩૪ થી ૪૦)

'વળી કૌશિક નામનો એક તપસ્વી પણ અવિદ્વાન (न बहुश्रुतः) બ્રાહ્મણ હતો. ગામથી દૂર નદીના સંગમસ્થળે રહેતો હતો. એણે 'હું સદા સત્ય બોલીશ,' એવું વ્રત લીધું હતું. એટલે ધનંજય ! એ સત્યવાદી તરીકે વિખ્યાત થયો હતો. હવે કેટલાક વટેમાર્ગુઓ લૂંટારાના ભયથી ભાગીને આ કૌશિકવાળા વનમાં પેસી ગયા. ક્રૂર લૂંટારાઓ પણ પાછળ આવી પહોંચ્યા અને પ્રયત્નપૂર્વક તપાસ કરતા કરતા સત્યવાદી કૌશિકને મળ્યા અને પૂછ્યું : 'ભગવન્ ! આ રસ્તે ઘણા માણસો આવ્યા હતા તે ક્યાં ગયા ? જો આપને ખબર હોય તો અમને સાચેસાચું કહી દો.' (મૂર્ખ) કૌશિકે '**સત્ય**' (ખરી) હકીકત કહી દીધી : 'ગીચોગીચ વૃક્ષ-લતાની ઝાડીવાળા આ વનમાં તેઓ ભરાઈ બેઠા છે !' એટલે પેલા લૂંટારાઓએ એ વટેમાર્ગુઓને પકડીને (લૂંટી લીધા તથા) મારી નાખ્યા એવી લોકવાયકા છે.[૪૦] (૮-૪૯-૪૧ થી ૪૫)

'સૂક્ષ્મ ધર્મમાં અકોવિદ (જાડી બુદ્ધિનો અજ્ઞાન), અપ્રભૂતશ્રુત (અધૂરિયા જ્ઞાનવાળો, દોઢડાહ્યો), મૂર્ખ અને ધર્મના યથાર્થ વિભાગને નહિ સમજનાર કૌશિક દુષ્ટ વાણીથી કરેલા

---

૩૮ मृगव्याधोऽभवत्कश्चिद्बलाको नाम भारत ।
यात्रार्थं पुत्रदारस्य मृगान्हन्ति न कामतः ॥ ८-४९-३४.
सोऽन्धौ च मातापितरौ बिभर्त्यन्यांश्च संश्रितान् ।
स्वधर्मनिरतो नित्यं सत्यवागनसूयकः ॥ ८-४९-३५.

૩૯ અર્થાત્ આ અજાણ્યા હિંસક પશુને મારી નાખવા જતાં થયેલી લડાઈમાં વ્યાધ મૃત્યુ પામ્યો હતો, પરન્તુ ત્યાંના લોકો ભયમાંથી સુરક્ષિત બનતાં, આ શિકારીને અંતરથી આશીર્વાદ આપતા હતા.

૪૦ (૧) ગમે ત્યાં કોઈ પૂછે એટલે તેનો ઉત્તર આપવો એવું ફરજિયાત હોઈ શકે નહિ. તેથી તપસ્વી કૌશિક તો સાવ અક્કલહીન જણાય છે.

(૨) સામાન્ય લૂંટેરા ઉપરાંત એલેકઝાન્ડર, મહમૂદ ગઝની, ચંગીઝ, નાદિર, હિટલર-મુસોલિની, માઓ-અય્યૂબ-યાહ્યાખાન-જેવાના તાલીમબદ્ધ લૂંટારા અને બ્રિટિશરો જેવી પૉલિસી ધરાવતા 'સભ્ય'—તાલીમબદ્ધ લૂંટારાઓ સાથે કામ પડતાં પણ મૂર્ખતાથી આવી જ ભૂલો વારંવાર થઈ છે અને થયા કરે છે.

અધર્મને કારણે અતિ કષ્ટકારી નરકમાં પડ્યો. શંકા પડે ત્યાં (જ્ઞાન-વિજ્ઞાનમાં) વૃદ્ધ જનોને નહિ પૂછનાર મોટી ખાડમાં પડવા લાયક બને છે. તેથી તને યથાતથ સુયોગ્ય વર્તનની એક વ્યાખ્યા કહીશ : '**તર્કથી (ન્યાયશાસ્ત્રથી) સંપૂર્ણ સત્યનો—પરમ જ્ઞાનનો નિશ્ચય થઈ શકે છે, (નહિ તો) એ મળે જ નહિ.** એક બાજુ ઘણા લોકો કહે છે વેદમાં જ ધર્મ દર્શાવેલો છે (વેદપ્રામાણ્ય). હું આ વિધાન સામે શંકા કરતો નથી, પરન્તુ (મારો નિશ્ચિત મત છે કે) વેદમાં સર્વ (સૂક્ષ્મ કર્તવ્યોનું, ધર્મનું) વિધાન નથી જ. (એ સાથે પરમ સત્ય હકીકત આ છે કે) ધર્મપ્રવચન તો પ્રાણીઓના ઉત્કર્ષ માટે છે. ધારણ કરવાથી ધર્મ કહેવાય છે. ધર્મ પ્રજાનું રક્ષણ કરે છે. તેથી જેનાથી રક્ષણ (ધારણ) થાય તે જ ધર્મ છે, એવો નિર્ણય છે.[૪૧] કેટલાક માણસો ગમે ત્યારે અન્યાયથી કંઈક પડાવી લેવાની ઇચ્છા રાખે છે. ત્યાં જો મૂંગા રહેવાથી છૂટાતું હોય (બચી જવાતું હોય) તો કોઈ રીતે બોલવું જ નહિ, અથવા મૂંગા રહેવાથી શંકા ઊભી થતી હોય તો ત્યાં અનૃત બોલવું વધુ સારું છે, એવી વિચારણા થયેલી છે. પ્રાણનાશ થતો હોય, વિવાહપ્રસંગ હોય, સર્વ સ્નેહીસંબન્ધી જનોના ધનનો ક્ષય થતો હોય અથવા ઉપહાસના પ્રસંગમાં

---

૪૧ (૧) तेनाधर्मेण महता वाग्दुरुक्तेन कौशिकः ।
गतः सुकष्टं नरकं सूक्ष्मधर्मेष्वकोविदः ।
अप्रभूतश्रुतो मूढो धर्माणामविभागवित् ॥ ૮-૪૯-૪૬.
वृद्धानपृष्ट्वा संदेहं महच्छ्वभ्रमितोऽर्हति ।
तत्र ते लक्षणोद्देशः कश्चिदेव भविष्यति ॥ ૮-૪૯-૪૭.
दुष्करं परमज्ञानं तर्केणात्र व्यवस्यति ।
श्रुतिधर्मो इति ह्येके वदन्ति बहवो जनाः ॥ ૮-૪૯-૪૮.
न त्वेतत्प्रतिसूयामि न हि सर्वं विधीयते ।
प्रभवार्थाय भूतानां धर्मप्रवचनं कृतम् ॥ ૮-૪૯-૪૯.
धारणाद्धर्ममित्याहुर्धर्मो धारयति प्रजाः ।
यः स्याद्धारणसंयुक्तः स धर्म इति निश्चयः ॥ ૮-૪૯-૫૦.

સર° : ૮-૪૯-૪૮, ૪૮ સાથે ૧૨-૧૧૦-૯, ૧૦, ૧૨ અને 'શાંતિપર્વ' ક્ષેપક ૨૫૧; શ્લોક ૫૦=ક્રે. ૧૨-૧૧૦-૧૧.

વળી સર°

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।
आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षिकी मता ॥

—'કૌટિલીય અર્થશાસ્ત્ર,' અધિકરણ ૧, અધ્યાય ૨ના અંતે મૂકેલો શ્લોક.

(સંભવ છે કે કૌટિલ્યે પણ કોઈ પ્રાચીનતર મૂળમાંથી એ શ્લોકને ઉદ્ધૃત કર્યો હોય. કેટલીક વાચનાઓમાં સહેજ પાઠ ફેરે અને કેટલીકમાં અક્ષરશઃ એ રીતે 'ન્યાયસૂત્ર' ૧-૧-૧ ઉપરના 'વાત્સ્યાયનભાષ્ય'માં આ શ્લોક મળે છે. 'વત્સ્યાયનભાષ્ય'નો સમય ઈ. સ.ની ચોથી સદી ગણાય છે.)

આન્વીક્ષિકી વિદ્યાને સમસ્ત વિદ્યાઓનો દીપક, સર્વ કાર્યો સફળ કરવાનો ઉપાય અને ધર્મમાત્રના આશ્રયરૂપ માનેલી છે.

(૨) ૮-૪૯-૪૮ થી ૫૦માં વેદો અંગે કરેલું વિધાન, ધમ્મપદ, જૈન આગમો, યહૂદીઓનો જૂનો કરાર, બાઈબલ, કુરાન વગેરેને પણ એટલું જ લાગુ પડે છે.

મિથ્યા બોલી શકાય છે. ધર્મતત્ત્વાર્થદર્શીઓ એમાં (કાયદેસર) અધર્મ જોતા નથી.[૪૨] કોઈ માણસ ચોરોના હાથમાં ફસાયો હોય તો તેણે (ખોટા) સોગંદ ખાઈને પણ છૂટી જવું. આવા સ્થાને (લાંબી બુદ્ધિ દોડાવ્યા વિના, દીર્ઘસૂત્રી બન્યા વિના) અનૃત બોલવું વધુ સારું છે, અને તે જ નહિ વિચારેલું (છતાં તાત્ત્વિક) ' સત્ય ' છે—તથ્ય છે. આવા (ચોરડાકુ જેવા) લોકોને શક્ય હોય તો પણ કોઈ રીતે ધન આપવું નહિ, કારણ કે પાપીઓને ધન આપ્યું હોય તો, તે આપનારને જ પીડા ઊભી કરે છે. તેથી ' ધર્મ 'ને માટે અનૃત બોલીને મનુષ્ય અસત્યવાદી બનતો નથી ! એ રીતે તને આ ' લક્ષણોદ્દેશ ' (યથાતથ સુયોગ્ય વર્તનની વ્યાખ્યા) યથાવિધિ કહ્યો. હવે પાર્થ ! આનું મનન કર અને બોલ કે યુધિષ્ઠિર વધ્ય છે કે કેમ ?![૪૩] (૮-૪૯-૪૬ થી ૫૬)

---

૪૨ येऽन्यायेन जिहीर्षन्तो जना इच्छन्ति कर्हिचित् ।
अकूजनेन चेन्मोक्षो नात्र कूजेत्कथंचन ॥ ८-४९-५१.

अवश्यं कूजितव्यं वा शङ्केरन्वाप्यकूजतः ।
श्रेयस्तत्रानृतं वक्तुं सत्यादिति विचारितम् ॥ ८-४९-५२.

प्राणात्यये विवाहे वा सर्वज्ञातिधनक्षये ।
नर्मण्यभिप्रवृत्ते वा प्रवक्तव्यं मृषा भवेत् ।
अधर्मं नात्र पश्यन्ति धर्मतत्त्वार्थदर्शिनः ॥ ८-४९-५३.

સર૰ ૮-૪૯-૫૧, ૫૨ સાથે ૧૨-૧૧૦-૧૩, ૧૪; શ્લોક ૫૩ સાથે ૧૨-૧૧૦-૧૮.
' ધર્મતત્ત્વાર્થદર્શી ' પદ અહીં નિષ્ણાત ધારાશાસ્ત્રીના અર્થમાં પણ છે.
૮-૪૯-૫૩ની સામે જુઓ શુદ્ધ ધર્મચારીનું વર્ણન :

(१) नाहं मिथ्यावचो ब्रूयां स्वैरेष्वपि कुतोऽन्यथा । १३-५१-१७૬ખ.

(२) आत्महेतोः परार्थे वा नर्महास्याश्रयात्तथा ।
ये मृषा न वदन्तीह ते नराः स्वर्गगामिनः ॥ १३-१३२-१८.
न कोपाद्व्याहरन्ते ये वाचं हृदयदारणीम् ।
सान्त्वं वदन्ति क्रुद्धापि ते नराः स्वर्गगामिनः ॥ १३-१३२-२५.

' અનુશાસનપર્વ 'ના આ અધ્યાયમાં શ્લોક ૧૮ થી ૨૫ સત્ય, મધુર, ઋત, ઐક્ય પેદા કરનારી વાણીનું અભિનન્દન કર્યા પછી કહ્યું છે : **ડાહ્યા માણસોએ** આવી વાણીથી થતો આ શુભ અને સત્યગુણથી ભરેલો ધર્મ સદા સેવવો. બીજા મિથ્યા ધર્મોને છોડી દેવા. '

(૩) આવા બીજા કેટલાક સંદર્ભો : ૧-૩૮-૨; ૪૯-૧૯; ૪૪-૧૧; ૫૭-૧૦ ઇ.

૪૩ यः स्तेनैः सह संबन्धान्मुच्यते शपथैरपि ।
श्रेयस्तत्रानृतं वक्तुं तत्सत्यमविचारितम् ॥ ८-४९-५४.
न च तेभ्यो धनं देयं शक्ये सति कथंचन ।
पापेभ्यो हि धनं दत्तं दातारमपि पीडयेत् ।
तस्माद्धर्मार्थमनृतमुक्त्वा नानृतवाग्भवेत् ॥ ८-४९-५५.
एष ते लक्षणोद्देशः समुद्दिष्टो यथाविधि ।
एतच्छ्रुत्वा ब्रूहि पार्थ यदि वध्यो युधिष्ठिरः ॥ ८-४९-५६.

સર૰ ૮-૪૯-૫૪, ૫૫ સાથે ૧૨-૧૧૦-૧૫, ૧૬.

અર્જુન ભૂલ સમજ્યા. બોલ્યા : 'જેમ કોઈ મહાપ્રાજ્ઞ મહામતિ અમને હિતવચનો કહે તેવાં જ આપનાં વચન છે. આપ અમારા માતા-પિતા સમાન છો. આપ અમારી પરમ ગતિ છો. તેથી તો કૃષ્ણ ! તમે આવાં અપૂર્વ વચનોથી બોધ આપ્યો છે. ત્રણે લોકમાં તમણે કશું અજાણ્યું નથી. તેથી આપ પરમ ધર્મને યથાતથ જાણો છો.[44] હું ધર્મરાજને અવધ્ય માનું છું. તેથી પેલા પ્રતિજ્ઞાવચન અંગે કંઈક મદદરૂપ થાય એવું કહો. વળી મારા અંતરમાં રહેલી આ એક બીજી વાત પણ સાંભળો : 'દાશાર્હ કેશવ ! જે કોઈ મને એમ કહે કે, 'પાર્થ ! મનુષ્યોમાં જે કોઈ તારાથી શસ્ત્રવિદ્યામાં અધિક હોય તેને તારું ગાંડીવ આપી દે.'—તો તેને બલપૂર્વક મારી જ નાખવો એવું મારું વ્રત છે, તે તમે જાણો છો. તે રીતે ભીમને કોઈ 'તૂબરક' કહે તો એવું બોલનારાને મારી નાખવો એ ભીમસેનનું વ્રત છે.[45] હવે વૃષ્ણિસિંહ ! તમારી રૂબરૂમાં જ યુધિષ્ઠિર રાજાએ મને વારંવાર કહ્યું છે કે, 'તારું ગાંડીવ ધનુષ્ય બીજાને આપી દે !' હવે તેમને મારી નાખીને હું આ જીવલોકમાં એક ક્ષણભર પણ જીવું નહિ. તેથી જગતમાં ખૂબ જાણીતી મારી પ્રતિજ્ઞા સાચી ઠરે, તથા ધર્મરાજ અને હું જીવતા રહીએ, એવી ધર્મભૃતાં વરિષ્ઠ શ્રીકૃષ્ણ ! અમને બુદ્ધિ (ઉપાય) સુઝાડો.' (૮-૪૯-૫૭ થી ૬૩)

શ્રીકૃષ્ણે અર્જુનને સમજ પાડી : 'જગતના રાજા ધર્મરાજ કર્ણના તીક્ષ્ણ બાણસમૂહથી યુદ્ધમાં અત્યંત ઘાયલ થઈને થાકી ગયા છે. તેથી પાર્થ ! તને એમણે કઠોર શબ્દો કહ્યા છે. આજે જાણે કે રણભૂમિ ઉપર કર્ણ સાથે દ્યૂત ખેલાય છે, અને તેમાં જો કર્ણ માર્યો જાય તો કૌરવો હારેલા જ છે, એમ ધર્મપુત્ર રાજાએ માની લીધેલું. (એ કર્ણ જીવતો છે એવું સાંભળીને યુધિષ્ઠિર અકળાઈ ગયેલા. હવે આ ધર્મસંકટમાં રસ્તો સુઝાડું છું.) જ્યારે કોઈ મહાપુરુષનું (કોઈ ખરેખરા વાંક બદલ) અપમાન થાય છે, ત્યારે એ જીવતાં મૂએલો કહેવાય છે.[46] તેથી

---

૪૪ यथा ब्रूयान्महाप्राज्ञो यथा ब्रूयान्महामतिः ।
हितं चैव यथास्माकं तथैतद्वचनं तव ॥ ८-४९-५७.
भवान्मातृसमोऽस्माकं तथा पितृसमोऽपि च ।
गतिश्च परमा कृष्ण तेन ते वाक्यमद्भुतम् ॥ ८-४९-५८.
न हि ते त्रिषु लोकेषु विद्यतेऽविदितं क्वचित् ।
तस्माद्भवान्परं धर्मं वेद सर्वं यथातथम् ॥ ८-४९-५९.

જુઓ ઉપર ૮-૪૯-૨૫, ૨૬. શ્રીકૃષ્ણ ભીષ્મથી માંડીને કુન્તી જેવાં પ્રેમાળ હિતકારી ગુરુજનોની જેમ અર્જુનને ધર્મરહસ્યનો બોધ કરે છે તે.

સર્વજ્ઞ શ્રીકૃષ્ણ અર્જુન અને પાંડવોની પરમ ગતિ છે. તેઓ શ્રીકૃષ્ણને શરણે છે.

૪૫ 'તૂબરક' = શિંગડા વગરનો રેલ્લો કે બકરો. લક્ષણાએ દાઢીમૂછ વિનાનો પુરુષ અર્થાત્ 'મૂર્ખ' અથવા તો 'ષણ્ઢ'. જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા'માં નોંધ ૧૪.

૪૬ राजा श्रान्तो जगतो विक्षतश्च
कर्णेन संख्ये निशितैर्बाणसंघैः ।
तस्मात्पार्थ त्वां परुषाण्यवोच-
त्कर्णे द्यूतं ह्यद्य रणे निबद्धम् ॥ ८-४९-६४.

આ ધર્મરાજનું તું, ભીમ, નકુલ-સહદેવ તથા જગતના વૃદ્ધ પુરુષો સદૈવ સન્માન કરો છો. તેમનું તું જરીક અપમાન કર. તું પૂજ્ય યુધિષ્ઠિરને 'તું'કારાથી બોલાવ. ભારત! 'તું'કારો કરવાથી ગુરુનો વધ (કર્યા બરાબર) થાય છે. કુરૂદ્વહ અર્જુન! તું એ રીતે અધર્મભરેલો સંયોગ ઊભો કરી (ઘણા મોટા અધર્મથી બચવા) ધર્મરાજનું અપમાન કર. શ્રુતિઓમાં ઉત્તમ અથર્વાઙ્ગિરસી શ્રુતિ પણ એ જ કહે છે. માટે શ્રેયસ્ ઇચ્છનારાએ વિચાર કર્યા વિના જ એનું અનુસરણ (આચરણ) કરવું જોઈએ. આ અપમાન એ ધર્મરાજાના વધ બરાબર જ થશે. અને 'તું'કારાને ધર્મરાજ પણ વધ માનશે. (એમને માઠું લાગી જાય) તે પછી તું એમને ચરણવન્દન કરીને સાન્ત્વનાપૂર્વક મીઠી વાણીથી બોલાવજે! તારા મોટાભાઈ ધર્મરાજા પ્રાજ્ઞ છે. તેઓ તારા ઉપર કોઈ રીતે કદી (અન્તરથી) ક્રોધે નહિ ભરાય. અને પાર્થ! અનૃત તથા ભ્રાતૃવધના પાપમાંથી મુક્ત થઈને તું પ્રસન્નતાપૂર્વક સૂતપુત્ર કર્ણનો વધ કરજે![૪૭] (૮-૪૯-૬૬ થી ૭૧)

तस्मिन्हते कुरवो निर्जिताः स्यु-
रेवंबुद्धिः पार्थिवो धर्मपुत्रः ।
यदावमानं लभते महान्तं
तदा जीवन्मृत इत्युच्यते सः ॥ ८-४९-६५.

ઘણા મહાપુરુષોનું કોઈ વાંક-ગુના માટે નહિ પરન્તુ સત્કૃત્યો માટે પણ ઘોર અપમાન થાય છે. ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ. નિર્દોષના અપમાનને માટે આ વિધાન નથી.

૪૭ तन्मानितः पार्थिवोऽयं सदैव ।
त्वया सभीमेन तथा यमाभ्याम् ।
वृद्धैश्च लोके पुरुषप्रवीरै-
स्तस्यावमानं कलया त्वं प्रयुङ्क्ष्व ॥ ८-४९-६६.

त्वमित्यत्रभवन्तं त्वं ब्रूहि पार्थ युधिष्ठिरम् ।
त्वमित्युक्तो हि निहतो गुरुर्भवति भारत ॥ ८-४९-६७.

एवमाचर कौन्तेय धर्मराजे युधिष्ठिरे ।
अधर्मयुक्तं संयोगं कुरुष्वैवं कुरूद्वह ॥ ८-४९-६८.

अथर्वाङ्गिरसी ह्येषा श्रुतीनामुत्तमा श्रुतिः ।
अविचार्यैव कार्यैषा श्रेयःकामैर्नरैः सदा ॥ ८-४९-६९.

'અથર્વવેદ'માં આવો કોઈ મન્ત્ર મળતો નથી.

वधो ह्ययं पाण्डव धर्मराज्ञ-
स्त्वत्तो युक्तो वेत्स्यते चैवमेषः ।
ततोऽस्य पादावभिवाद्य पश्चा-
च्छमं ब्रूयाः सान्त्वपूर्वं च पार्थम् ॥ ८-४९-७०.

भ्राता प्राज्ञस्तव कोपं न जातु
कुर्याद्राजा कंचन पाण्डवेयः ।
मुक्तोऽनृताद्भ्रातृवधाच्च पार्थ
हृष्टः कर्णं त्वं जहि सूतपुत्रम् ॥ ८-४९-७१.

જનાર્દન શ્રીકૃષ્ણે આ રીતે ખરેખરા વધને બદલે અપમાન કરીને ચલાવી લેવાની આદેશાત્મક સલાહ આપી, તેની અર્જુને પ્રશંસા કરી અને પછી ધર્મરાજને કઠોર શબ્દો સંભળાવવા લાગ્યાઃ એમાં ધર્મરાજને 'તું'કારા કર્યા. 'બ્રાહ્મણોનું બળ વાણીમાં તથા ક્ષત્રિયોનું બાહુમાં હોય છે, પણ તારામાં તો વાણીનું જ બળ ('જીભે જોર') હોઈ તું નિષ્ઠુર અને નિર્બળ છે. તું (ધર્મરાજ) વિલાસી, નિષ્ઠુર, તારે લીધે જ ભીષ્મ માર્યા ગયા. તને જુગારીને, સહદેવે અક્ષખેલન—જુગારના દોષો અને વિધર્મો કહ્યા છતાં દુષ્ટોએ સેવેલા પાસાઓથી બચવાનું ઇચ્છયું નહિ, અમને બધાને (દુઃખના દરિયારૂપી) નરકમાં ડુબાડી દીધા![48] ઓ રાજા! તું જુગાર રમ્યો. તારે લીધે રાજ્ય ખોયું, અને તારે કારણે જ અમે દુખીઃ થયા. માટે ક્રૂર વાણીરૂપ પરોણાથી તું અમને અભાગિયાઓને વારંવાર ન ગોદાવ!'(૮-૪૯-૭૨થી ૮૭)

સવ્યસાચી અર્જુને સ્થિરબુદ્ધિ યુધિષ્ઠિરને આવી કઠોર વાણી સંભળાવી તો ખરી, પણ એમનું હૃદય ચિરાઈ ગયું. ખૂબ પશ્ચાત્તાપ થયો અને નિસાસા નાખતાં નાખતાં મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી! એટલે શ્રીકૃષ્ણે પૂછ્યું: 'આપશ્રી આકાશ જેવી ચમકતી તલવારને શાથી મ્યાનની બહાર કાઢો છો?! તું મને સાચેસાચું કહી દે એટલે હું તને હેતુ સિદ્ધ થાય તે માટે (કામ સરે તે માટે) ફરીથી વિધિવચન (ધર્મનિર્ણય) કહીશ.' (૮-૪૯-૮૮, ૮૯)

પુરુષોત્તમ શ્રીકૃષ્ણના પ્રશ્નના જવાબમાં અત્યંત દુઃખી અર્જુન બોલ્યા: 'હું મારા શરીરનો નાશ જ કરીશ. (આત્મઘાત કરીશ જ.) એ શરીરથી મેં ભારે મોટું પાપ કર્યું છે' (૮-૪૯-૯૦)! અર્જુનનો જવાબ સાંભળીને ધર્મભૃતાં વરિષ્ઠ શ્રીકૃષ્ણે આજ્ઞા કરી: 'પાર્થ! તું તારા પોતાના ગુણોનું ગાન કર (આત્મશ્લાઘા) કર. એટલે તુરત જ તારું ધાર્યું પાર પડશે. (એ આત્મહત્યા બરાબર થશે.) (૮-૪૯-૯૧)[49]

'બહુ સારું'' બોલી અર્જુને નમ્રતાપૂર્વક ધનુષ્ય નમાવી શ્રીકૃષ્ણના શબ્દોનું અભિનન્દન કર્યું અને યુધિષ્ઠિર આગળ આત્મશ્લાઘા કરવા માંડી: 'દેવ શંકર સિવાય જગતમાં કોઈ મારો

---

૪૮ अक्षेषु दोषा बहवो विधर्माः
श्रुतास्त्वया सहदेवोऽब्रवीद्यान् ।
तान्नैषि संतर्तुमसाधुजुष्टा-
न्येन स्म सर्वे निरयं प्रपन्नाः ॥ ८-४९-८६.

વિદ્વાન સહદેવે યુધિષ્ઠિરને દ્યૂત નહિ રમવા સમજાવેલા, પણ તે માનેલા નહિ. અર્થાત્ 'સહદેવ જોશી' વગર પૂછ્યે કંઈ સલાહ આપતા નહોતા એવી કિંવદન્તી નિરાધાર લોકકલ્પના લાગે છે.

૪૯ निशम्य तत्पार्थवचोऽब्रवीदिदं
धनंजयं धर्मभृतां वरिष्ठः ।
प्रब्रूहि पार्थ स्वगुणानिहात्मन-
स्तथा स्वहार्दं भवतीह सद्यः ॥ ८-४९-९१.

બરાબરિયો નથી. એમની અનુમતિથી હું એક ક્ષણમાં સચરાચર જગતનો સંહાર કરી નાખું એમ છું.[૫૦] મેં જ દિગ્વિજય કરીને તમને રાજ્ય જીતી આપ્યું હતું. રાજસૂય યજ્ઞ અને દિવ્ય સભા મારા ઓજસ્‌થી થયાં હતાં. મારા હાથમાં બાણો તથા યુદ્ધમાં બાણસહિત સજ્જ કરેલા ધનુષ્યનાં ચિહ્ન છે. મારા બન્ને ચરણોમાં બાણ અને ધ્વજાનાં ચિહ્ન છે. યુદ્ધમાં મારા જેવો વિજેતા કોઈ નથી ! મેં ઉત્તર, પશ્ચિમ, પૂર્વ અને દક્ષિણના ક્ષત્રિયોને કાપી નાખ્યા છે. સંશપ્તકોમાંથી થોડાક જ બચ્યા છે અને (દુર્યોધનની) અર્ધી સેનાનો સંહાર કર્યો છે. દેવસેના જેવી ભારતી (ભરતોની અર્થાત્ દુર્યોધનની)સેના મારા હાથે રોળાઈને ધરાશાયી થઈ છે. જે અસ્ત્રજ્ઞો નથી તેમને હું(ફેંકવાનાં અસ્ત્રોથી નહિ પરન્તુ તલવાર વગેરે શસ્ત્રોથી મારું છું. (આવું ઋજુ યુદ્ધ કરું છું)તેથી આ જગતને ભસ્મીભૂત કરતો નથી (૮-૪૯-૯૨થી ૯૩).' અને પછી યુધિષ્ઠિર તરફ ફરીને દઢ પ્રતિજ્ઞા કરી, 'રાજન્ ! આજે કાં તો રાધા અપુત્રી થશે, કાં તો કુન્તી અર્જુન વિનાની થશે. રાજાજી ! પ્રસન્ન થાઓ. કુવચનોની ક્ષમા આપો. સમય આવ્યે આપ મારો સદ્‌ભાવ જાણશો. હું આપને પ્રણામ કરું છું' (૮-૪૯-૯૮).અને પછી 'રાજન્ ! મારું જીવતર તમારું પ્રિય કરવા સારુ જ છે,' એમ બોલીને અર્જુને યુધિષ્ઠિરનો ચરણસ્પર્શ કર્યો તથા કર્ણ સામે લડવા જવા તૈયાર થયા. પરન્તુ અર્જુનનાં હૃદય-ભેદી વચનોથી દુઃખી દુઃખી થઈ ગયેલા યુધિષ્ઠિર એમના પલંગમાંથી ઊભા થયા. બળતા હૈયે આત્મતિરસ્કાર કરતા બોલ્યા : 'અર્જુન ! મેં તો કોઈ સારું કાર્ય કર્યું જ નથી એટલે તમે બધાં ઘોર સંકટમાં આવી પડ્યાં છો. માટે કુલનાશ કરનાર અને અધમ એવા મારો તું અત્યારે જ શિરચ્છેદ કરી નાખ ! મારા જેવા પાપી, ખરાબ વ્યસનવાળા, મહામૂર્ખ, આળસુ, બીકણ, વૃદ્ધોનું અપમાન કરનારા અને ક્રૂર માણસનું તારે શા માટે લૂખું અનુસરણ કરવું જોઈએ ? હું તો પાપી છું એટલે હમણાં જ વનમાં જાઉં છું. મારા વિના તમે સુખેથી રહેજો. મહાત્મા ભીમસેન રાજા થવા લાયક છે. મારા જેવો કાયર રાજ્યકાજ કરે તેથી શો લાભ ?! તારા જેવા ક્રોધી માણસના આવા વિદારક શબ્દો મારાથી સહન થાય એમ નથી. ભીમસેન ભલે રાજા થાય. અપમાન થયા પછી મારે આજે જીવીનેય શું કામ છે ?!'[૫૧] (૮-૪૯-૯૯ થી ૧૦૫)

---

૫૦ न मादृशोऽन्यो नरदेव विद्यते
        धनुर्धरो देवमृते पिनाकिनम् ।
    अहं हि तेनानुमतो महात्मना
        क्षणेन हन्यां सचराचरं जगत् ॥ ८-४९-९३.

અર્જુનના આ જોમવંતા આપવખાણમાં સચ્ચાઈની સાથે અલ્પપ્રમાણમાં દર્પ રહેલો છે. જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા'માં ૫-૧૯૫-૧૦, ૧૧ના સંદર્ભો તથા નોંધ ૨૯.

તટસ્થપણે આત્મશક્તિનું મૂલ્યાંકન કરવું એ જુદી વાત છે. પ્રમાદથી એમાં જ્યારે આપવડાઈ, આસક્તિ અને દર્પ ભળે ત્યારે એ ખરેખર 'આત્મઘાત' બને છે, સ્થૂળ શારીરિક આત્મઘાત કરતાં વધુ ગહેરો એવો 'આત્માનો ઘાત' બને છે.

૫૧ થાકેલા, ઘાયલ, અકળાયેલા યુધિષ્ઠિર અને થાકેલા તેમ જ ક્રુદ્ધ અર્જુન 'ધર્મ'નિષ્ઠામાંથી ચળી ગયા, સ્વયં શ્રીકૃષ્ણના માર્ગદર્શનને કારણે અકાર્યની ગર્તામાં ડૂબ્યા નહિ. 'નિર્બલ કે બલ રામ.'

કયા મનુષ્યો 'ધર્મ'ને જાણે નહિ ?—

અપમાનની ઝાળથી મરણાન્તિક દુઃખ અનુભવતા ધર્મરાજ વનમાં જવા તૈયાર થયા. ત્યારે પ્રખર મનોવૈજ્ઞાનિક શ્રીકૃષ્ણે એમને પ્રણામ કરીને આર્જવપૂર્ણ દલીલોથી અર્જુનના દુર્વર્તનના વાજબીપણાની ખાતરી કરાવી: 'રાજન્! સત્યપ્રતિજ્ઞ અર્જુનની ગાંડીવ અંગેની કરેલી પ્રતિજ્ઞા તમે જાણતા જ હતા કે, 'તું આજે ગાંડીવ બીજા કોઈને આપી દે,' એમ કોઈ પુરુષ એને કહે તો અર્જુન તેને મારી નાખે; અને તમે એને એમ જ કહ્યું. એટલે પેલી સત્ય પ્રતિજ્ઞાનું રક્ષણ કરવા માટે અર્જુને મારી સલાહ મુજબ મહીપતિ! તમારું આ અપમાન કર્યું, કારણ કે ગુરુજનોનું અપમાન એ તેમનો વધ (કર્યા બરાબર) ગણાય છે. મહાબાહો! રાજન્! આ અપરાધ મારો અને અર્જુનનો એમ બેઉનો છે. તો તમે અર્જુનને ક્ષમા આપો. મહારાજ! અમે બન્ને તમારે શરણે છીએ. હું તમને પ્રણામ કરીને ક્ષમા માગું છું, તો અમને ક્ષમા કરો! ધરતી આજે જ પાપી કર્ણનું રુધિરપાન કરશે. હું તમારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે સૂતપુત્ર કર્ણને તમે આજે જ મૂએલો જાણશો. તમે જેના વધનું ચિન્તન કરો છો, તે (કર્ણ)નું આયુષ્ય આજે પૂરું થયું છે.'[૫૨] (૮-૪૯-૧૦૬ થી ૧૧૨)

दश धर्मं न जानन्ति धृतराष्ट्र निबोध तान् ।
मत्तः प्रमत्त उन्मत्तः श्रान्तः क्रुद्धो बुभुक्षितः ॥ ५-३३-८२.
त्वरमाणश्च भीरुश्च लुब्धः कामी च ते दश ।
तस्मादेतेषु भावेषु न प्रसज्जेत पण्डितः ॥ ५-३३-८३.

(વિદુર): 'હે ધૃતરાષ્ટ્ર! સાંભળો, દશ જણા ધર્મને જાણતા નથી. એમને તમે ઓળખી લો. મત્ત (માતેલો), પ્રમાદી, ઉન્મત્ત, થાકેલો, ક્રોધી, ભૂખ્યો, ઉતાવળો, બીકણ, લોભી અને કામી એ દશ છે. માટે પંડિતે એ ભાવોમાં પ્રસક્ત થવું નહિ.'

ઉપર્યુક્ત દશ ભાવો વિવેકશક્તિને ધૂંધળી બનાવે છે. વિચક્ષણે (પરમાત્માની સહાય લઈ) આ ભાવોના સપાટામાં આવવું નહિ.

५२ इयेष निर्गन्तुमथो वनाय
तं वासुदेवः प्रणतोऽभ्युवाच ॥ ८-४९-१०६ગધ.
राजन्विदितमेतत्ते यथा गाण्डीवधन्वनः ।
प्रतिज्ञा सत्यसंधस्य गाण्डीवं प्रति विश्रुता ॥ ८-४९-१०७.
ब्रूयाद्य एवं गाण्डीवं देह्यन्यस्मै त्वमित्युत ।
स वध्योऽस्य पुमाँल्लोके त्वया चोक्तोऽयमीदृशम् ॥ ८-४९-१०८.
अतः सत्यां प्रतिज्ञां तां पार्थेन परिरक्षिता ।
मच्छन्दादवमानोऽयं कृतस्तव महीपते ।
गुरूणामवमानो हि वध इत्यभिधीयते ॥ ८-४९-१०९.
तस्मात्त्वं वै महाबाहो मम पार्थस्य चोभयोः ।
व्यतिक्रममिमं राजन् संक्षमस्वार्जुनं प्रति ॥ ८-४९-११०.
शरणं त्वां महाराज प्रपन्नौ स्व उभावपि ।
क्षन्तुमर्हसि मे राजन्प्रणतस्याभियाचतः ॥ ८-४९-१११.

પ્રણામ કરી રહેલા ભગવાન શ્રીકૃષ્ણનાં અનુનયવચનો સાંભળતાં જ, યુધિષ્ઠિરે સંભ્રમપૂર્વક હૃષીકેશ કૃષ્ણને ઊભા કર્યા. (પોતે વડીલ હતા તોપણ) બે હાથ જોડીને વિનંતી કરતા બોલ્યા: 'તમે કહો છો તે પ્રમાણે જ છે. આ તો મારો અપરાધ છે. ગોવિન્દ! તમે મને અનુનયથી શાન્ત કર્યો છે. માધવ! તમે આજે અમને બચાવ્યા છે. અચ્યુત! તમે આજે અમને ઘોર સંકટમાંથી મુક્ત કર્યા છે. તમારા જેવા બેલીને પામીને અજ્ઞાનથી મોહિત થઈ ગયેલા અમે બન્ને આજે ઘોર સંકટ-સાગરને સારી રીતે તરી ગયા છીએ. તમારી બુદ્ધિરૂપી નૌકાના આધારે અમે દુઃખશોકના મહાસાગરને અમાત્યો સહિત બરાબર તરી ગયા છીએ અચ્યુત! તમારા લીધે અમે સનાથ છીએ (સુરક્ષિત છીએ).

तव बुद्धिप्लवमासाद्य दुःखशोकार्णवाद्वयम् ।
समुत्तीर्णाः सहामात्याः सनाथाः स्म त्वयाच्युत ॥ ८-४९-११३ થી ११६.

આ તરફ શ્રીકૃષ્ણની સલાહ મુજબ યુધિષ્ઠિરને અપ્રિય શબ્દો સંભળાવ્યા બાદ જાણે કંઈ પાતક કર્યું હોય એમ અર્જુન ઉદાસ થઈ ગયા. તેમને શ્રીકૃષ્ણે જાણે મુખ મલકાવી હસતા હોય એમ કહ્યું: 'પાર્થ! જો તેં ધર્મિષ્ઠ ધર્મપુત્રને તલવારની તીક્ષ્ણ ધારથી કાપી નાખ્યા હોત તો એ કેવું કાર્ય ગણાત? ધર્મરાજાને માત્ર 'તું'કારો કરવાથી જો તું આટલો ગભરાઈ ગયો છે, તો એમને મારી નાખ્યા હોત તો તો પાર્થ! તું શું યે કરી નાખત?! આ રીતે ધર્મનું સ્વરૂપ જાણવું અતિશય મુશ્કેલ છે. તેમાંય (દશ કારણોને લીધે) મંદબુદ્ધિવાળા માણસો તો ખાસ સમજી શકતા નથી.[૫૩] વળી આપ તો ધર્મભીરુ છો, તેથી તો જ્યેષ્ઠ ભાઈનો વધ કરીને (અકથ્ય દુઃખના અગાધ મહાસાગરરૂપી) મહત્તમ ઘોર નરકમાં જ પડત! એટલે તું અત્યારે ધર્મભૃતાં શ્રેષ્ઠ, ધર્મસ્વરૂપ, કુરુશ્રેષ્ઠને રાજી કર, એવો મારો અભિપ્રાય છે. આપણે ધર્મરાજાને પ્રસન્ન કરીશું અને તેઓ રાજી થશે ત્યારબાદ લડવા માટે સૂતપુત્ર કર્ણના રથ ઉપર આક્રમણ કરીશું. અત્યંત દુર્જય કર્ણને આજે તીક્ષ્ણ બાણોથી રોળીને માનદ! તું યુધિષ્ઠિરની વિપુલ પ્રીતિ પ્રાપ્ત કરજે.

राधेयस्याद्य पापस्य भूमिः पास्यति शोणितम् ।
सत्यं ते प्रतिजानामि हतं विद्धयद्य सूतजम् ।
यस्येच्छसि वधं तस्य गतमेवाद्य जीवितम् ॥ ८-४९-११२.

દુર્યોધન જેવા અધર્મી અને ધર્મરાજ જેવા ધર્મિષ્ઠ પુરુષો રાજા બનવાના પોતાના 'સ્વ-અર્થ' માટે બીજાને વિનવે છે. પ્રણિપાત કરે છે. શ્રીકૃષ્ણ જગતના હિત માટે અર્થાત્ સત્ય માટે બીજાને પ્રણિપાત કરે છે! સ્વાર્થ સાથે દૈન્ય છે. લોકસંગ્રહ સાથે નમ્રતા.

५३ ततोऽब्रवीद्वासुदेवः प्रहसन्निव पाण्डवम् ।
कथं नाम भवेदेतद्यदि त्वं पार्थ धर्मजम् ।
असिना तीक्ष्णधारेण हन्या धर्मे व्यवस्थितम् ॥ ८-५०-२

त्वमित्युक्त्वैव राजानमेवं कश्मलमाविशः ।
हत्वा तु नृपतिं पार्थ अकरिष्यः किमुत्तरम् ।
एवं सुदुर्विदो धर्मो मन्दप्रज्ञैर्विशेषतः ॥ ८-५०-३

મહાબાહો ! આ મારો સમયોચિત મત છે. આ રીતે વર્તવાથી તારું કાર્યપાર પડશે.[૫૪] (૮-૫૦-૧થી ૮).

એટલે અર્જુને શરમાતાં શરમાતાં ધર્મરાજના ચરણોમાં મસ્તક મૂકી દીધું. રડવા માંડચા. ધર્મભીરુ હોઈને ધર્મની ઇચ્છાથી (કામનિકતાથી નહિ) અપશબ્દો સંભળાવવા માટે વારંવાર માફી માગી. પ્રેમાળ યુધિષ્ઠિરે રડતા અર્જુનને ઊભા કર્યા. ખૂબ રડચા. પ્રેમથી ભેટચા. બન્ને મહાતેજસ્વી ભાઈઓ લાંબા સમય સુધી રડચા. (અને શોક, ધિક્કાર, ક્રોધ, દુઃખ વગેરેને પશ્ચાત્તાપનાં આંસુથી ધોઈ નાખી) નિર્મળ બનીને પ્રેમસભર થયા. પછી ધર્મરાજ પરમ પ્રીતિથી જય અર્જુનને ભેટચા. માથું સૂંઘ્યું અને ખડખડાટ હસતાં હસતાં ભલામણ કરી : 'મહાબાહો ! હું યુદ્ધમાં પ્રયત્નપૂર્વક લડતો હતો ત્યારે સર્વ સૈન્યોની સમક્ષ કર્ણે મારું કવચ, ધ્વજા, ધનુષ્ય, શક્તિ ગદા અને ઘોડાઓને તોડી નાખ્યાં. તેથી મને ભારે દુઃખ થયું છે અને જીવવું પણ અકારું થઈ પડચું છે. એટલે વીર ! જો તું આજે સૂતપુત્રને નહિ મારે તો હું પ્રાણત્યાગ કરી દઈશ ! કારણ કે (સૈનિકદળોની સમક્ષ આટલું ભારે અપમાન થયા પછી કર્ણ માર્યો ન જાય તો) મારા જીવવવાનુંય પ્રયોજન છે ?!' (૮-૫૦-૧૧ થી ૧૭)

ઉત્તરમાં અર્જુને, 'મહીપતિ ! સત્યના, તમારી કૃપાના, ભીમના, નકુલ અને સહદેવના સોગંદ ખાઈને કહું છું કે આજના યુદ્ધમાં કાં તો હું કર્ણને મારીશ અથવા હું પોતે જ રણભૂમિ ઉપર સૂઈશ. હું સત્યપૂર્વક જ આયુધ ગ્રહણ કરું છું,' એવી પ્રતિજ્ઞા કરી તથા શ્રીકૃષ્ણને કહ્યું : 'કૃષ્ણ ! આજે હું કર્ણને યુદ્ધમાં મારીશ એમાં કોઈ શંકા નથી. માટે એ દુરાત્માના વધને જ લક્ષમાં રાખશો. તમારું કલ્યાણ થાઓ.' (૮-૫૦-૧૮ થી ૨૦)

એટલે શ્રીકૃષ્ણ બોલ્યા : 'ભરતશ્રેષ્ઠ ! હું પૂરેપૂરી શક્તિથી પ્રયત્ન કરવા સમર્થ છું (સંપૂર્ણ તૈયાર છું). મહારથ ! કારણ કે મારી સદૈવ એ જ કામના છે કે તું (તમસ્પ્રતીક) કર્ણનો યુદ્ધમાં કેવી રીતે સંહાર કરે !'[૫૫] (૮-૫૦-૨૧, ૨૨)

---

૫૪ स भवान्धर्मभीरुत्वाद्ध्रुवमैष्यन्महत्तमः ।
नरकं घोररूपं च भ्रातुर्ज्येष्ठस्य वै वधात् ॥ ८-५०-४.
स त्वं धर्मभृतां श्रेष्ठं राजानं धर्मसंहितम् ।
प्रसादय कुरुश्रेष्ठमेतदत्र मतं मम ॥ ८-५०-५.
प्रसाद्य भक्त्या राजानं प्रीतं चैव युधिष्ठिरम् ।
प्रयामस्त्वरिता योद्धुं सूतपुत्ररथं प्रति ॥ ८-५०-६.
हत्वा सुदुर्जयं कर्णं त्वमद्य निशितैः शरैः ।
विपुलां प्रीतिमाधत्स्व धर्मपुत्रस्य मानद ॥ ८-५०-७.
एतदत्र महाबाहो प्राप्तकालं मतं मम ।
एवं कृते कृतं चैव तव कार्यं भविष्यति ॥ ८-५०-८.

૫૫ एवमुक्तोऽब्रवीत्पार्थं केशवो राजसत्तम ।
शक्तोऽस्मि भरतश्रेष्ठ यत्नं कर्तुं यथाबलम् ॥ ८-५०-२१.
एवं चापि हि मे कामो नित्यमेव महारथ ।
कथं भवान्रणे कर्णं निहन्यादिति मे मतिः ॥ ८-५०-२२.

વળી બુદ્ધિમાન શ્રીકૃષ્ણ ધર્મનન્દન યુધિષ્ઠિરને કહેવા લાગ્યા : 'યુધિષ્ઠિર ! તમે બીભત્સુ અર્જુનને સાન્ત્વન આપો, અને દુરાત્મા કર્ણને આજે મારી નાખવાની અનુજ્ઞા આપો. તમે કર્ણનાં બાણોથી પીડાયા છો એવું સાંભળ્યું એટલે પાંડવનન્દન ! હું અને અર્જુન તમારી પ્રવૃત્તિની ખબર કાઢવા અહીં આવ્યા છીએ. સદ્ભાગ્યે તમે સ્વસ્થ છો તેમ જ કેદ પકડાયા નથી. તેથી અનઘ ! અર્જુનને ખૂબ ધીરજ આપો અને વિજયની આશિષ આપો.'[૫૬] (૮-૫૦-૨૩ થી ૨૫)

પ્રેમાળ ધર્મરાજા દ્રવી ઊઠચા. અર્જુન ઉપર આશીર્વાદના ઓઘ વર્ષાવી ક્ષમા આપી, અને ઋજુપણે ઉમેર્યું : 'પાર્થ ! તને મેં દારુણ વચનો કહ્યાં હતાં તે મનમાં લાવીને ક્રોધ ન કરતો. ધનંજય ! જા, કર્ણનો વધ કર. તને અનુજ્ઞા આપુ છું.' (૮-૫૦-૨૬, ૨૭)

અર્જુન યુધિષ્ઠિરના પગમાં પડચા. એમને ઉઠાડીને યુધિષ્ઠિરે છાતીસરસા ચાંપ્યા. માથું સૂંઘીને ફરી આશીર્વાદ આપ્યો : 'મહાબાહો ! ધનંજય ! તેં તો મારું ખૂબ જ માન જાળવ્યું છે. તને ખૂબ મહત્તા તથા અખંડ વિજયની પ્રાપ્તિ થજો !'[૫૭] (૮-૫૦-૨૮ થી ૩૦)

અર્જુને યુધિષ્ઠિરનો ચરણસ્પર્શ કર્યો. 'કર્ણવધ કર્યા પછી જ તમને અભિનન્દન આપવા આવીશ, તે વિના નહિ,' એવી ખાતરી આપી. (૮-૫૦-૩૧ થી ૩૪)

અને એમ તાજા થયેલા અર્જુન કર્ણનો વધ કરવા થનગની રહ્યા.

* * *

અહીં મહાસારથિ શ્રીકૃષ્ણના[૫૮] **ચિત્તજ્ઞ** સ્વરૂપનું દર્શન થાય છે.

---

૫૬ भूयश्चोवाच मतिमान्माधवो धर्मनन्दनम् ।
युधिष्ठिरेमं बीभत्सुं त्वं सान्त्वयितुमर्हसि ।
अनुज्ञातुं च कर्णस्य वधायाद्य दुरात्मनः ॥ ८-५०-२३.
श्रुत्वा ह्यमहं चैव त्वां कर्णशरपीडितम् ।
प्रवृत्तिं ज्ञातुमायाताविह पाण्डवनन्दन ॥ ८-५०-२४.
दिष्टयासि राजन्निरुजो दिष्टया न ग्रहणं गतः ।
परिसान्त्वय बीभत्सुं जयमाशाधि चानघ ॥ ८-५०-२५.

૫૭ धनंजय महाबाहो मानितोऽस्मि दृढं त्वया ।
माहात्म्यं विजयं चैव भूयः प्राप्नुहि शाश्वतम् ॥ ८-५०-३०.

૫૮ ઐતિહાસિક પુરુષ નહિ, પણ પરમાત્મા અકાલ પુરુષના પર્યાયવાચક ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિમાં શીખ ગુરુ અર્જુનદેવ એમને 'મહાસારથિ'–સંસારમાર્ગ ઉપર ભક્ત આત્માના જીવનરથને સહીસલામત હાંકી જનાર તરીકે નિરૂપે છે તે જુઓ :

બન માલા બિભૂખત કમલ નૈન ।
સુંદર કુંડલ મુકટ બૈન ।
સંખ ચક્ર ગદા હૈ ધારી, **મહાસારથી** સતસંગા ॥
'ગુરુ ગ્રંથ સાહિબ', મારુ મહલા પંચવા, પૃ. ૧૦૮૨.

'ધર્મ' શબ્દ અનેકાર્થી છે. શાશ્વત ધર્મ, પાવિત્ર્ય, સદ્દગુણ, સત્કર્મ, કર્તવ્ય, સદાચરણ, ન્યાય, વ્રત, ક્રિયા, ભક્તિ, સામાજિક રિવાજો, કાયદો, રાજધર્મ, જાતિધર્મ, વર્ણધર્મ, કુલધર્મ, વ્યવહારશાસ્ત્ર (અં. Jurisprudence), અનુગમ-પંથ ઇત્યાદિ. આચરણ અને વિગતના સંદર્ભ અનુસાર સત્ય-અહિંસા સાથે તેનો જેટલો સુમેળ, તેટલો તે 'શાશ્વત ધર્મ' બની રહે. આ 'સત્ય તથા અહિંસા'નો વ્યાપ એટલો વિશાળ છે કે નિખાલસપણે સૂત્રાત્મક ઐક્ય રહેવા છતાં એના અર્થઘટનમાં એકબીજાથી ટકરાતાં વિરોધી અનન્ત મતમતાંતરો ઉદ્દભવે છે. પરિણામે 'સત્ય અને અહિંસા' બાજુએ રહી આ બન્નેના નામે 'અસત્ય અને હિંસા'ની નારકી રમણાને 'ધર્મ' માનવામાં આવે છે, અને તેનું પોતાને 'ધર્મ' કહેતા ધર્મપંથો અને બીજી વિચારસરણીવાળાઓ અનુષ્ઠાન કરે છે! આવી વિચારસરણીના નમૂનારૂપ કટોકટીની સ્થિતિ બે ધર્મભીરુ, વિનયી અને અસાધારણ પ્રેમાળ ભાઈઓ વચ્ચે પ્રગટી! સૂક્ષ્મ સંપત્તિના જિષ્ણુ ધનંજય અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણ જેવા પરમ સમૃદ્ધિમાન જેમના સારથિ, જે સ્થૂળ કે સૂક્ષ્મ કોઈ પણ પ્રકારના સંગ્રામમાંથી કદી પણ પલાયન ન કરે. તે છતાં સત્તર સત્તર દિવસના લગાતાર શ્રમથી થાકચા. માનભેર રણ છોડાતું હોય તો છોડી જવા વિચાર્યું. અને મનઃસ્થિતિ જાણી લેનાર શ્રીકૃષ્ણ એમને યુધિષ્ઠિરની તબિયતની ખબર કાઢવા માટે, સૈન્યોનું 'ઇન્સ્પેક્શન' કરાવીને રણભૂમિમાંથી બહાર લઈ ગયા! યુધિષ્ઠિર પાસે આવીને ખબર પૂછી. પણ ત્યાં તો કર્ણના હાથે હાલહવાલ થઈને ભાગી આવેલા ત્રસ્ત યુધિષ્ઠિરે કંઈ બીજું જ ધારી લીધું! એમણે માન્યું કે અર્જુન કર્ણને મારીને આવ્યા! એટલે પોતે સામાન્યતઃ કોઈનેય દ્વેષ નહોતા કરતાં, અજાતશત્રુ હતા તો પણ, દ્વેષપૂર્ણ આતુર હૃદયે ઉત્કંઠાથી પૂછપરછ કરી! અજેય વીર અર્જુનનો ઉત્તર નિરાશાજનક હતો. પરિણામે ક્ષમાશીલ યુધિષ્ઠિરનો ક્રોધ ભભૂકી ઊઠયો. અર્જુન ઉપર આક્ષેપો અને ગાળોનો વરસાદ વરસાવ્યો અને બોલી ગયા કે, 'ગાંડીવ શ્રીકૃષ્ણને આપી દે!'

બીજા અપશબ્દોને સહન કરી શકનાર અર્જુન પોતાના પ્રતિજ્ઞાભંગને ન સાંખી શકચા. યુધિષ્ઠિરનો વધ કરવા તલવાર તાણી! એમને શ્રીકૃષ્ણે ન્યાયશાસ્ત્રાનુસાર સમજાવી ગુરુજનનું અપમાન કરવા પ્રેર્યા. ધર્મરાજનું અપમાન તો કર્યું, પણ તેને અર્જુન જેવા ગુરુભક્ત શી રીતે સહી શકે? આત્મઘાત કરવા ફરીને ખડ્ગ ખેંચ્યું! શ્રીકૃષ્ણે આત્મશ્લાઘા કરવા પ્રેરી આ આપત્તિનુંય નિવારણ કર્યું. પણ આ સમય દરમિયાન અર્જુને કરેલા અપમાનથી ધર્મરાજાને ઝાળ લાગી ગઈ. તેઓ વનમાં જવા તૈયાર થઈ ગયા! દ્રૌપદીની ઘોર નિર્ભર્ત્સનાનો, દ્યૂતખેલન અને તે પછી તેર તેર વર્ષના વનવાસનાં અકથ્ય દુઃખોનો બદલો લઈને, ધર્મરાજ્ય તથા સ્વરાજ્ય પુનઃ સ્થાપિત કરવાનું મૂળ લક્ષ્ય તો ચિત્ત આગળથી દૂર ચાલ્યું ગયું. રહ્યું અસાધારણ હૃદયદૌર્બલ્ય અને મનોદુઃખ, ધર્માનુષ્ઠાન કરતાં કરતાં![૫૯] ચિત્તજ્ઞ કેશવે જગતના હિત માટે તેમનેય અનુનયથી રાજી કર્યા. સૌભ્રાત્ર સ્થપાયું. મૂળ લક્ષ્ય પ્રાપ્ત કરવા હૃદય એક થયાં.

---

૫૯ સર°

अधर्मं धर्मकामो हि करोतीहाविचक्षणः ।
धर्मं चाधर्मसंकाशं शोचन्निव करोति सः ॥ १२-२२७-३०.

આ વિભાગમાં શ્રીકૃષ્ણે અત્યંત નાજુક અને સૂક્ષ્મતમ વિષયને એટલી જ કોમળતા અને સૂક્ષ્મતાથી છણ્યો છે. એમના મિતાક્ષરી સૂત્રસમા શિક્ષણનો અકૃતબુદ્ધિને લીધે (અસંસ્કારિતાને લીધે)[૬૦] અનર્થ થઈ શકે છે, અનર્થ કરવામાં આવે છે.

પ્રાચીનતર જમાનાથી આજ દિન સુધી शठं प्रति शाठ्यम् નો એક 'ધર્મ' ચાલે છે. શ્રીકૃષ્ણના યુગમાં તેનું ચોક્કસ કાયદેસર સ્થાન હતું. શુભનિષ્ઠાથી ચોક્કસ સંયોગોમાં ઇરાદાપૂર્વક જૂઠું બોલવું, જૂઠા સોગંદ ખાવા, બીજાના ધન તથા ધર્મ માટે ભિક્ષુક થવું અને પાપીઓને કાયદો હાથમાં લઈને મારી નાખવા એ કાયદેસર પુણ્યકાર્ય મનાતું. (આજે પણ કોર્ટોમાં આરોપીઓને કંઈ પણ ન બોલવાનો અથવા તો જૂઠું બોલવાનો હક છે. સોગંદનામું ફરજિયાત નથી, પણ સોગંદ ખાય તો જૂઠું બોલવાનો હક નથી. અમુક સંયોગોમાં જેમ કે દબાણ કે ડર નીચે કરેલી કબૂલાત ફેરવી શકાય છે. અમુક સંયોગોમાં જેમ કે સ્વબચાવ અર્થે બીજાને મારી નાખી શકાય છે.)

આના મૂળમાં આ વિચાર છે:

यस्मिन्यथा वर्तते यो मनुष्य-
स्तस्मिंस्तथा वर्तितव्यं स धर्मः ।
मायाचारो मायया वर्तितव्यः
साध्वाचारो साधुना प्रत्युदेयः ॥ १२-११०-२६.

धर्मं करोमीति करोत्यधर्म-
मधर्मकामश्च करोति धर्मम् ।
उभे बालः कर्मणी न प्रजान-
न्स जायते म्रियते चापि देही ॥ १२-२२७-३१.

ધર્મની ઇચ્છાવાળો અવિચક્ષણ મનુષ્ય આ જગતમાં અધર્મ આચરે છે, અને ધર્મ આચરતાં જાણે અધર્મ કરતો હોય એમ શોક કરતો ફરે છે.

(કોઈ મનુષ્ય) ધર્મ કરું છું એમ માનીને અધર્મ કરે છે અને અધર્મ કરવાની ઇચ્છાવાળો ધર્મ આચરે છે. આ બન્ને મૂર્ખ મનુષ્ય કર્મ કેવી રીતે કરવું તે જાણતા નથી તેથી જન્મમરણ પામે છે.

~~એમ છતાં પ્રયત્ન હોય તો અવિચક્ષણ પણ ભૂલો સુધારતાં સુધારતાં વિચક્ષણ~~ બની શકે. આ વચનો ભગ્નાશ થવા માટે નથી. નમ્ર-નિર્મમ-તીવ્ર પુરુષાર્થ કરવા માટે છે. ભગ્નાશ થઈ બેસી રહેનાર આગળ વધી શકે નહિ. यो ह्यास्ते न स गच्छति । ૧૨-૨૨૭-૧૯: 'બેસી રહેનાર આગળ વધતો નથી'; પણ चराति चरतो भगः ॥ 'ઐતરેયબ્રાહ્મણ' ૩૩-૧ : 'ચાલનારનું ભાગ્ય ચાલે છે.'

૬૦ સર૦ બે શ્લોક:

(૧) શ્રીકૃષ્ણના વક્તવ્યમાંનો:

किमाश्चर्यः कृतप्रज्ञः पुरुषोऽपि सुदारुणः ।
सुमहत्प्राप्नुयात्पुण्यं बलाकोऽन्धवधादिव ॥ ८-४९-३१.

(૨) પ્રચલિત કાયદાનો:

अप्यनार्योऽकृतप्रज्ञः पुरुषोऽपि सुदारुणः ।
सुमहत्प्राप्नुयात्पुण्यं बलाकोऽन्धवधादिव ॥ १२-११०-७.

'અનાર્ય' અને 'અકૃતપ્રજ્ઞ' શબ્દોને બદલે મૂકેલ 'કૃતપ્રજ્ઞ' વિશેષણ શ્રીકૃષ્ણનું નવમસ્થાન દર્શાવે છે.

'જે માણસ પોતાની સાથે જેવું વર્તે તેની સાથે તેવું વર્તન રાખવું તે ધર્મ છે. કપટી સાથે કપટથી વર્તવું. સજ્જન સાથે સજ્જનપણે વર્તવું.'

ભગવાન શ્રીકૃષ્ણ (અર્થાત્ ક્રાન્તદ્રષ્ટા વેદવ્યાસ) આ સ્થિતિને તદ્દન જુદી રીતે નિહાળે છે. એમનો મૂળભૂત વિચાર 'ભારતસાવિત્રી' (મહાભારતના વિચારનું મૂળ) આ છેઃ

न जातु कामान्न भयान्न लोभा—
द्धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥ १८-५-५०.

'કામના, ભય, લોભ કે જીવિતના નિમિત્તે પણ કદી (સર્વાંગસંપૂર્ણ) ધર્મનો ત્યાગ કરવો નહિ. (કારણ કે) ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે. જીવ (અર્થાત્ આત્મા) નિત્ય (અમર) છે અને જીવનું કારણ (સંસાર) અનિત્ય છે.'

તમસ્‌ના અથડાવનારા અંધકારમાંથી નીકળેલા, રજસ્‌ની મલિનતામાંથી સ્વચ્છ થયેલા અને સત્ત્વના પ્રકાશમાં ડગ મૂકતા કલ્યાણમાર્ગના પ્રવાસીને કવિશ્રેષ્ઠ આ મંત્રથી, **ધર્મનું**, અનુગમમાત્રનું અને જીવનનું રહસ્ય કહે છેઃ 'ધર્મથી સુખમળે છે, માટે પાળવો' ઠીક છે. પણ ધર્મ તો અવિનાશી છે. 'સુખદુઃખ' વિનાશી છે. આ શરીરમાં રહેલો આત્મા અમર છે, પરન્તુ સંસાર નાશવંત છે. માટે નિત્યની ઉપાસના કરો; અને તેથી કોઈ પણ 'સુખ'ની કામનાને (સત્કર્મથી મળતા સ્વર્ગ સુદ્ધાંતની કામનાને) અધીન થઈને, કશાયના ડરથી, કોઈનું પડાવી લેવાની વૃત્તિથી અને 'જીવતા' રહી શકાય એ માટે પણ કદી **ધર્મનો ત્યાગ કરવો નહિ.** 'સુખો' અને 'જિંદગી'ઓ નષ્ટ થવાનાં જ છે.[૬૧] એનું રક્ષણ કરવાના આડાઅવળા ઉપાયોથી એ રક્ષાવાનાં નથી, અને જાતજાતના કોયડા ઊભા કરવાના છે. ઊભા થતા કોયડા સ્પષ્ટ દેખાય છે તેથી સાત્વિકતાના પ્રકાશમાં આત્માની (ચૈતન્યની) અને ધર્મની (જગતને ધારણ કરનાર નિયમની) અમરતા જોયા પછી એ નિયમને ઋજુપણે અનુસરવામાં સુખમાત્રનું અને (ભગવદ્ગીતામાં કહેલ) શાસ્ત્રનું રહસ્ય સમાયેલું છે.[૬૨]

---

૬૧ સર°

सर्वे क्षयान्ता निचयाः पतनान्ताः समुच्छ्रयाः ।
संयोगा विप्रयोगान्ता मरणान्तं च जीवितम् ॥ ११-२-३.

=કે. ૧૨-૨૭-૨૯; ૩૧૭-૨૦; ૧૪-૪૪-૧૮.

=કે. 'રામાયણ' ૨-૧૦૫-૧૬; ૭-૫૨-૧૧.

=કે. 'ગોભિલસ્મૃતિ' ૩-૪૩; 'યોગવાસિષ્ઠ' ૫-૮૯-૫૫ ક થી ધ;

'કથાસરિત્સાગર' ૫૧-૨૬ ગઘ ૨૭ કખ; 'દિવ્યાવદાન' (કૉવેલ) પૃ. ૨૭.

સર° મ. ભા. ૫-૨૬-૪૪, ૪૫; ૧૨-૨૬-૩૧.

'સર્વ સંચયોનો અંત ક્ષય છે, સર્વ ઉન્નતિઓનો અંત પતન છે, સર્વ સંયોગનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે!'

૬૨ જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પ્રકરણ ૨૧ 'ભારતસાવિત્રી',

તે છતાં જેઓ હજુ રજસ્-તમસ્‌માં ઓછેવત્તે અંશે સપડાયેલા છે, તેમને માટે કક્ષાભેદે અને તેથી દેશકાળના ભેદે આ ધર્મ જુદો હોઈ શકે, એટલે 'ધર્મ' એક છતાં 'સ્વધર્મ' જુદો હોય; તથા એ સ્વધર્મપાલન વ્યક્તિગત અને સમષ્ટિગત કેવી રીતે થાય, એનું પાલન ન કરવાથી કેવાં 'દુઃખ'દાયક અને પાલન કરવાથી કેવાં 'સુખ'દાયક પરિણામ આવે, તેનું અનેક ઝીણી-મોટી, એકવિધ, વિવિધ અને સંકુલ દૃષ્ટિઓથી, કાવ્યો, દૃષ્ટાંતો, કથાઓ, ઇતિહાસો, ઉદ્‌બોધનો, પ્રેરણાઓ, સમન્વયો અને આચારવિચારના અનેક પ્રકારોથી ચર્ચીને મહાભારતનો સાગરસમો અખૂટ રત્નભંડાર જગત સમક્ષ મૂકવામાં આવ્યો છે. આવા જ કોઈ 'સ્વધર્મ'પાલનનું ચોક્કસ ઉદાહરણ સહિત નિદર્શન અર્જુન-યુધિષ્ઠિર વચ્ચેના આ કપરા પ્રસંગમાં ભગવાન શ્રીકૃષ્ણના સમર્થ શ્રીમુખે થયેલું છે :

અર્જુન અને ધર્મરાજ બન્ને પોતપોતાની શક્તિ પ્રમાણે પૂર્ણ પ્રયત્નથી સત્ય અને ધર્મનું આચરણ કરનારા. અકાર્ય નથી જ કરવું એવા દૃઢનિશ્ચયી. એ માટે આવી પડનારી આપત્તિઓને સહી લેનારા. યુદ્ધ અને દ્યૂતના પડકારને સ્વીકારવો એ ધર્મ છે, એવી સ્થૂળ સમજથી એના પાલન અર્થે, એમણે તથા બીજા ભાઈઓએ વર્ષો સુધી દુઃખ વેઠ્યું. તે પછી કૌરવો પાસેથી સ્વમાન-પૂર્વક ગુજારો થઈ શકે તેટલો અલ્પતમ ન્યાયી રાજ્યભાગ પણ ન મળી શક્યો. ત્યારે સ્વરાજ્યની પ્રાપ્તિ માટે, સાથે જ ધર્મરાજ્યના સ્થાપન માટે, ન છૂટકે વિગ્રહનો રાહ લેવો પડ્યો. તે પણ એક 'ધર્મ' તરીકે. કારણ કે 'જે શક્તિશાળી જાણવા છતાં પણ પાપને રોકતો નથી તે મોટો ઈશ હોય તો પણ પાપકર્મથી લેપાય છે.'

પરન્તુ સાથે કોઈ પણ સત્યાર્થીને માટે વસમી વસ્તુસ્થિતિ આ હોય છે :

सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ૬-૪૦-૪૮ ગધ.

અગ્નિની સાથે જેમ ધૂમાડો હોય જ છે એમ ઇચ્છાપૂર્વક થતાં સર્વ કર્મો(સમારંભો)-ની સાથે દોષ હોય જ છે.

તેથી કંઈ સહજ કર્મ, 'સ્વધર્મ' ત્યજી ન દેવાય :

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ॥ ૬-૪૦-૪૮ કખ.

કૌન્તેય ! જે કર્મ સહજ છે, જન્મની સાથે જ ઉત્પન્ન થયું છે, તે સદોષ હોય તો પણ ન છોડવું.

અર્થાત્ કોઈ પણ કર્મ પરિપૂર્ણ શુદ્ધ હોતું નથી. ક્યાંક કંઈક ને કંઈક દોષ હોય જ છે. દોષનો પૂર્ણતમ પરિહાર આદર્શ ગુણાતીત, સ્થિતપ્રજ્ઞ, જ્ઞાની કે ભક્ત કરી શકે, કારણ કે એની તમામ પ્રવૃત્તિ પ્રાણીમાત્રના હિત માટે, લોકસંગ્રહાર્થે હોય છે. એમાં કામ-ક્રોધ નહિ પરન્તુ જીવમાત્ર પ્રત્યે, ચૈતન્ય પ્રત્યે જ્ઞાનમૂલક પ્રેમ હોય છે. (તેથી તો ખાંડવદાહ કરતાં કરતાં પણ શ્રીકૃષ્ણ ભૂતમાત્રના આત્મા હતા. ૧-૨૧૯-૮.) એવું કામ-સંકલ્પ વિનાનું કર્મ શુદ્ધ કહેવાય, કારણ કે કર્મમાત્રમાં દોષ રહ્યો હોવા છતાં એ દોષ જ્ઞાનાગ્નિથી બળી જાય છે. એનો દોષ બળી જાય છે ? પણ આટલું ગજું કોનું ?

એટલે 'ધર્મયુદ્ધ' લડતાં લડતાં કેટલાય કપરા પ્રસંગો આવ્યા અને તેમાંથી જેમતેમ કરીને બચ્યા. ત્યાં તો એ બધાય કરતાં ક્યાંય ચઢી જાય એવી કસોટી આવી. પ્રતિજ્ઞાનું સ્થૂળ

અર્થઘટન કરવાથી સતત જાગૃત—ગુડાકેશ—હતા છતાં અર્જુન તન્દ્રામાં પડી ગયા, અને બીજી બાજુ દક્ષ ધર્મરાજ પણ.

ચિત્તજ્ઞ શ્રીકૃષ્ણે પારખી લીધું કે જ્ઞાનનો ઉત્કર્ષ ન થવાથી કામક્રોધના પ્રાબલ્યને કારણે, સૂક્ષ્મ અર્થદર્શનને બદલે સ્થૂળ અર્થદર્શન તરફ ઝૂકવામાં આવી રહ્યું છે. ત્યારે એમણે પ્રચલિત કાયદાને ('ધર્મ') દૃષ્ટિ સમક્ષ રાખીને સત્યાસત્ય તથા ધર્માધર્મનો નિર્ણય કર્યો. એમાં ઉચ્ચતમ સિદ્ધાંત નથી પણ રજસ્-તમસ્‌ની ચૂડમાં સપડાયેલા છતાં એમાંથી છૂટવા પ્રબળ પ્રયત્ન કરતા શ્રેયાર્થીની બુદ્ધિને તેજસ્વી કરીને અપકાર્યમાંથી કેમ પાછા વળી જવું તે બરાબર ઠસાવ્યું છે. શત્રુ જેવાં કામ કરનાર પ્રત્યેય કામ-ક્રોધવિમુક્ત રહીને જ્ઞાનપૂત પ્રેમ રાખવો, તે સાથે જ યથાયોગ્ય માર્દવ, માધુર્ય તથા દૃઢતાપૂર્વક કર્મફલાસક્તિત્યાગથી કાર્ય કરવું તે શાશ્વત ધર્મ. આ શાશ્વત ધર્મના પાલન અર્થે 'સત્ય'પાલન જરૂરી છે. અનેક વિકારોથી આક્રાન્ત સામાન્ય મનુષ્યનું મન 'સત્ય' એટલે કેવળ વાણીનું સ્થૂળ સત્ય સમજે છે, પણ બાકીની દશ ઇન્દ્રિયોથી થતા 'સત્ય'ના ભંગનું શું? અગિયારે ઇન્દ્રિયો દ્વારા (૧૦ ઇન્દ્રિયો+મન) જે શુદ્ધચિત્ત મનુષ્ય સત્યાચરણ કરે તે સત્ય હોય, અને તે પ્રાણીમાત્રનું આત્યંતિક કલ્યાણ કરનારું જ હોય; પણ આનો નિર્ણય શી રીતે થાય? અને જગતના બનાવો તો એટલી ઝડપે બનતા હોય કે મનુષ્યે કંઈક આચરવું જ જોઈએ. એવે વખતે નિઃસંદેહ, દૃઢ માર્ગદર્શન 'તર્ક' અર્થાત્ 'આન્વીક્ષિકી'ના આધારે લેવાય. એમાં કામના, આડાઈ, દ્વેષ, લોભ-લાલચ કે હેતુવાદોની જાળથી શક્ય તેટલા દૂર રહીને મુક્ત મને સારાસારનો વિવેકપૂર્વક વિચાર કરવાનો હોય. એકાદ બે ઇન્દ્રિયના 'સત્ય' ખાતર સત્યનો જ ભોગ આપવાનો ન હોય. સંકુચિત 'સત્ય'નો ભોગ આપવાનું શુક્લ-કૃષ્ણ મિશ્ર દેખાતું વર્તન અનિવાર્ય પણ હોય. એવા વર્તનને શક્ય તેટલી ઊંચી હદ સુધી શુક્લ બનાવવાનો ઋજુ પ્રયત્ન હોય જ.[૬૩] પણ કંઈક નાદાનિયત કર્યા પછી અને સુધારાને બદલે 'સત્ય'ના નામે

---

૬૩ સર૰ મહાયશસ્વી ધાર્મિક વણિક તુલાધારનાં વચન :

वेदाहं जाजले धर्मं सरहस्यं सनातनम् ।
सर्वभूतहितं मैत्रं पुराणं यं जना विदुः ॥ १२-२५४-५.

अद्रोहेणैव भूतानामल्पद्रोहेण वा पुनः ।
या वृत्तिः स परो धर्मस्तेन जीवामि जाजले ॥ १२-२५४-६.

'જાજલિ! સર્વ ભૂતોનું હિત કરનાર, મૈત્રીભાવવાળો પુરાણ ધર્મ જેને મનુષ્ય જાણે છે તે સનાતન ધર્મને હું રહસ્યસહિત જાણું છું. **ગુજરાનની જે વૃત્તિ, પ્રાણીઓના અદ્રોહથી (પૂર્ણ અહિંસાથી) અથવા અલ્પ દ્રોહથી (ઓછામાં ઓછી હિંસાથી) ચાલે છે તે શ્રેષ્ઠ ધર્મ છે.** જાજલિ! હું એ પરમ ધર્મ પ્રમાણે જીવન ગુજારું છું.

આ મહાધાર્મિક તુલાધારનું 'ઇષ્ટ, અનિષ્ટ, પ્રીતિ અને રાગથી છૂટું થયેલું ત્રાજવું' સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન છે. ૧૨–૨૫૪–૧૨.

અંતરમાં ઋજુપણે પ્રેમ ઉભરાતો હોય છતાં જીવતો માણસ બીજાં પ્રાણીઓની થોડી પણ હિંસા (દ્રોહ) કર્યા વિના રહી શકતો જ નથી. આ મનુષ્યમાત્રની મર્યાદા છે. નમ્રતાથી સત્યરૂપી પરમાત્માને શરણે જનાર, તેનું કરણ બની શકનાર જ બચે.

સર્વભૂતહિતેરત સત્યપ્રતિષ્ઠિત સમદર્શી મહાત્માનો સત્સંકલ્પ—આંતરિક સૂક્ષ્મ પ્રવૃત્તિ—સંપૂર્ણ અદ્રોહી હોય. એની બાહ્ય પ્રવૃત્તિ ન હોય.

અક્કલહીન રીતે વળગી રહીને બીજાં અનેક 'અસત્યો' આચરવાનાં હોય નહિ. અહીં શ્રીકૃષ્ણે પોતાના શરણાગત બે નમ્ર-ઋજુ આત્માઓને એવી નાદાનિયતમાંથી તાત્કાલિક અનિવાર્ય એવા 'શ્રેષ્ઠ' ન્યાયસિદ્ધ ઉપાય બતાવી બચાવી લીધા અને પોતાનાં સ્વભાવજન્ય કર્મ કરવામાં ઉત્સાહ સીંચીને પુનઃ જોડી દીધા.[૬૪]

એમાં અસત્યનું પ્રતિપાદન કર્યાનો ભાસ થાય છે, પણ પ્રતિપાદન સત્યનું છે. તેથી 'ધર્મશાસ્ત્ર' (ધારાપોથી)માંનો બલાક પારધિ જે 'અનાર્ય અને અસંસ્કારી' છે, તે શ્રીકૃષ્ણના દૃષ્ટાંતમાં 'કૃતપ્રજ્ઞ' (સંસ્કારી, સામંજસ્યપૂર્ણ) તરીકે નિરૂપાયો છે, અને કામનિકતા, ક્રોધ, થાક, પ્રમાદ, બીક વગેરેને લીધે ઉત્પન્ન થતી, સત્યરક્ષણના બહાના નીચે હિરણ્મય પાત્રથી સત્યને જ ઢાંકી દેતી નાદાનીને એમણે સ્વાભાવિક નમ્રતાથી દૂર કરી છે.[૬૫] નિતાન્તસુંદર વાર્તાકથાના ગ્રંથનું ઉપાદાન 'અસત્ય' હોય છે, પણ તેનો વેપાર તો 'સત્ય'નો જ હોય છે. એ રીતે શ્રીમદ્-ભાગવતના વિદ્વાન કર્તાએ આદિમાં (૧-૧-૧) અને અંતમાં (૧૨-૧૩-૧૯) પ્રતિજ્ઞા તથા ઉપસંહાર કર્યો છે: सत्यं परं धीमहि ॥

ગુરુજનની નિન્દા એ એમનો 'વધ' છે અને આત્મશ્લાઘા આત્મહત્યા છે, તે અહીં સરળપણે વિશદતાથી સમજાવવામાં આવ્યું છે.

*　　　*　　　*

રજસ્-તમસ્‌ના આક્રમણ સામે સાક્ષાત્ નારાયણના સખા, કદી પણ 'રણભૂમિ' છોડી પલાયન નહિ કરનાર, અપરાજિત વિજય અર્જુન પણ પલાયન કરવાનું ચિંતવે અને ક્ષમામૂર્તિ ધર્મપુત્ર અજાતશત્રુ યુધિષ્ઠિર પ્રાણપ્રિય ભાઈનો જ હિંસક અપશબ્દોથી તિરસ્કાર કરે. પરન્તુ જો એક 'રઘુનાથ'ની ઓથ અને ટેક (=ટેકો) હોય તો તે બચાવે જ.

---

૬૪ સર°—

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥
૬-૪૦-૬૦ (ગીતા ૧૮-૬૦)

કૌન્તેય! તું પોતાનાં સ્વભાવજન્ય કર્મોથી બંધાયેલો છે. તું મોહથી (મૂર્ખતાથી) જે કરવા નથી ઇચ્છતો તે તારે પરાણે કરવું પડશે.

૬૫ જુઓ

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ ઈશ. ૧૫.
=બૃહ. ઉ. ૫-૧૫-૧; મૈત્રા. ઉ. ૬-૩૫.

સત્યનું મુખ (અનૃતના, સર° છાંદોગ્ય. ૮-૩-૧) હિરણ્મય પાત્રથી ઢંકાયેલું છે. હે પૂષન! સત્યધર્મનું દર્શન કરી શકાય તે માટે તું તે (હિરણ્મય લોભામણા ઢાંકણા) ને દૂર કર. (અથવા, તું સત્યને પ્રગટ કર.)

આવી જ ભીષણ આપત્તિમાં શિરચ્છેદ અગાઉ ગુરુ તેગબહાદુરે હિંમતથી ગાયું હતું :

बलु छुटकियो बंधन परे कछू न होत उपाइ ।
कहु नानक अब ओट हरि गजि जिउ होहु सहाइ ॥ ५३.
बलु होआ बंधन छुटे सभ किछु होत उपाइ ।
नानक सभ किछु तुमरै हाथ मै तुम ही होत सहाइ ॥ ५४.
संग सखा सभ तज गए कोऊ न निबहिओ साथ ।
कहु नानक इह बिपत मै टेक एक रघनाथ ॥ ५५.

'ગુરુ ગ્રન્થસાહેબ', પૃ. ૧૪૨૯, સલોક મહલા ૯.

બળ જતું રહ્યું. (જાલિમ ઔરંગઝેબની) કેદમાં પડ્યા. કોઈ ઉપાય ચાલતો નથી. (નવમા) નાનક (તેગબહાદુર) કહે છે કે હવે તો હરિ! તારી ઓથ છે. જેમ ગજેન્દ્રને સહાય કરી હતી (અને ગ્રાહની પકડમાંથી ઉગાર્યો હતો: 'ગજેન્દ્રમોક્ષ' માટે જુઓ 'ભાગવત' સ્કંધ ૮, અધ્યાય ૨ થી ૪) એમ મને સહાય કરો.

(ભક્તની 'અરદાસ' સાંભળી હરિ તરત મદદે આવ્યા. એટલે) (આત્મ-)બળ ઉત્પન્ન થયું. (કેદ હતી છતાં) કેદનું બંધન તૂટી ગયું, અને બધા ઉપાય ચાલવા માંડ્યા! નાનક કહે છે કે, બધું તમારા હાથમાં છે. તમે જ સહાયક બનો છો.

સાથેના બધા મિત્રો ત્યજી ગયા. (કેટલાક જુલમગારના જુલમથી માર્યા ગયા. જેમ કે શિષ્યો પૈકી દીવાન મતિદાસને કરવતથી વહેરી નાખેલા અને ભાઈ દયાલાને દેગમાં રાંધી નાખેલા. જ્યારે કેટલાક ડરને લીધે નજીક આવતા નહોતા.) કોઈએ સંગાથ નભાવ્યો નહિ. નાનક કહે છે કે આ વિપત્તિમાં મારે એક રઘુનાથનો ટેકો (ટેક) છે.

રઘુનાથના એ ટેકાથી, ઓથથી ગુરુએ 'શિર દિયા પર શિરર્ ના દિયા,' માથું આપ્યું પણ સત્યધર્મ ન આપ્યો.[૬૬]

આ પ્રકરણમાંના શ્રીકૃષ્ણના ચરિત્રનો મથિતાર્થ આ છે: શંકા અને આસક્તિ વિના પ્રભુને સર્વાર્પણ કરીને દૃઢપણે કર્તવ્ય કર્મ કરવાં. રજસ્-તમસ્નાં અવનવીન ભીષણ આક્રમણ થવાનાં જ. ચિત્તરૂ મહાસારથિની ટેક હશે તો તે અચૂક રક્ષણ કરી ઉત્સાહ પૂરશે જ.

* * *

૬૬ (૧) શીખપરંપરામાં એક દૃઢ માન્યતા પ્રચલિત છે: ગુરુ તેગબહાદુરે એક વાર શેરડી ખાઈને કૂચા નાખી દીધેલા. તે એક શીખે (ઘણું કરીને દીવાન મતિદાસે) ખાધા. કૂચા ખાતાં જ એનામાં અસાધારણ કૌવત આવ્યું. એને લાગ્યું કે જુલ્મી મુસ્લિમ સામ્રાજ્યનાં બે મજબૂત મથકો, પાટનગર દિલ્હી તથા લાહોરને ચકલીના માળાની જેમ પોતે સહેલાઈથી વીંખી શકે, જાણે ચપટીમાં ચોળી શકે! શીખ ગુરુ પાસે ગયો. શેરડીના એંઠા કૂચા ખાવાથી આવેલી શક્તિની વાત કરી, દિલ્હી-લાહોરનો નાશ કરવાની પરવાનગી માગી. નમ્ર ગુરુએ જોયું કે શક્તિ અપાત્રે ગઈ છે. એમણે 'ગોવિંદની મરજી પ્રમાણે થાઓ' કહીને આ ચમત્કારી શક્તિ, જે પોતાનામાંથી આવેલી, તે પાછી ખેંચી લીધી.

(૨) શીખપરંપરા વૈષ્ણવ અર્થના 'અવતારો'નો નિષેધ કરે છે; છતાં 'અવતારો'ની સ્તુતિ તો કરે જ છે, અને એમ એનો પ્રતીક તરીકે ઉપયોગ કરે છે. ગજેન્દ્રમોક્ષનો નિર્દેશ તેનું એક સરસ ઉદાહરણ છે.

આ પ્રકરણમાં શલ્ય-કર્ણના વિવાદ દ્વારા ભારતને ઇતિહાસના ઉષઃકાળ પૂર્વેથી કોરી ખાતી ઊધઈ જેવા ઊંચનીચભાવનું ઋષિકવિએ દર્શન કરાવ્યું છે. એનાં ભયસ્થાનો દર્શાવ્યાં છે. ઊંચનીચભાવ દૂર કરવાનો પરોક્ષ આદેશ પણ આપ્યો છે.

મહાભારતના આ વિભાગમાં ગ્રીક, રોમન અને ઈરાની સભ્યતાઓ સાથે ભારતીય સભ્યતાના ગાઢ સંપર્કથી ઉદ્દ્ભવેલી મિશ્ર સંસ્કૃતિનો અભ્યાસ કરવાની દસ્તાવેજી કહી શકાય એવી સામગ્રી છે. વાયવ્ય કોણમાં વિસ્તરેલા પ્રાચીન બૃહત્તર ભારતના ઇતિહાસ-ભૂગોળ અને આર્થિક-રાજકીય-સામાજિક-ધાર્મિક સ્થિતિ વિશેના વિશાળ અભ્યાસની પણ પ્રચુર સામગ્રી છે. આ સામગ્રીનો ઊંડો અભ્યાસ અનેક ઉપકારક પરિણામો લાવવાની શકયતાઓથી સભર હોઈ વિદ્વાનો માટે એ મોટું વિદ્યાક્ષેત્ર બની રહે તેવું છે.

(લેખકના આગામી પુસ્તક '**શ્રીકૃષ્ણ—પુરુષોત્તમ અને અન્તર્યામી**'નું એક પ્રકરણ)

‘ મૃગપક્ષિશાસ્ત્ર ’: મહત્ત્વનિરૂપણ

જયન્ત ઠાકર

વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્યવિદ્યામન્દિરમાં ‘ मृगपक्षिशास्त्रम् ’ એ નામનો એક હસ્તલિખિત ગ્રન્થ છે. આ ગ્રન્થ ખૂબ જ રસપ્રદ અને મહત્ત્વપૂર્ણ હોવાથી તેનો પરિચય આપવાનો નમ્ર પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

ક્રમસંખ્યા ૧૩૫૧૬ ધરાવતા આ ગ્રન્થમાં ૨૮·૫×૨૧ સેં. મિ.ના કદનાં કુલ ૧૬૩ પત્ર છે. તે સંસ્કૃત ભાષામાં અને દેવનાગરી લિપિમાં લખાયેલો છે. ગ્રન્થના નામ પરથી જણાઈ આવે છે તેમ તેમાં પશુઓ અને પક્ષીઓ વિષેની શાસ્ત્રીય પદ્ધતિની માહિતી આપવામાં આવી છે. તેનું વિગતપૂર્ણ નામ આ પ્રમાણે છે:

‘ भरतखण्डस्थनानाविधमृगपक्षिजातिस्वरूपनिरूपणात्मकं मृगपक्षिशास्त्रम् ’

અર્થાત્ ભારતવર્ષમાં જોવા મળતાં ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રશુ-પક્ષીઓનાં જાતિ તથા સ્વરૂપનું નિરૂપણ આ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે. તેના બે વિભાગો પાડવામાં આવ્યા છે. તે વિભાગો શરૂ કરતાં પહેલાં ‘ कवेः पूर्वपीठिका ’ આપવામાં આવી છે. આ પૂર્વપીઠિકા ૩½ પત્રમાં રજૂ થઈ છે. પ્રથમ વિભાગને ‘ नानाविधमृगजातिस्वरूपादिवर्णनम् ’ એવું નામ આપવામાં આવ્યું છે, અર્થાત્ તેમાં જાત જાતના પશુઓની જાતિઓ, સ્વરૂપ વગેરેનું આલેખન કરવામાં આવ્યું છે. આ પ્રથમ વિભાગ પત્ર ૪ થી ૯૪માં સમાવિષ્ટ છે. દ્વિતીય વિભાગનું પણ એ જ પ્રકારનું નામાભિધાન હોઈ તેમાં પક્ષીઓનાં જાતિસ્વરૂપાદિ વર્ણવેલાં છે અને તેનાં પત્ર ૯૪ થી ૧૬૧ સુધી છે. અન્તે ઉપસંહારરૂપે ‘ शास्त्रपरिसमाप्ति ’ આવે છે જે પત્ર ૧૬૧ થી ૧૬૩ પર્યન્ત છે.

પૂર્વપીઠિકા ગ્રન્થરચનાની પ્રસ્તાવનારૂપ હોઈ તેમાં કેવા સંયોગોમાં આ ગ્રન્થ રચાયો તેની એક રસાલ કથા આપવામાં આવી છે: **જિનપુર**ના રાજાનું નામ હતું **શૌડદેવ.** પ્રથમ ત્રણ શ્લોક[1]માં આ રાજાનો ગુણપરિચય આપવામાં આવ્યો છે તે અનુસાર તે જૈન ધર્મ પાળનારો, શૂરવીર, ક્ષત્રિયના ધર્મના મર્મનો જ્ઞાતા, પ્રજાપાલનતત્પર, કવિતાના રસોનો વેત્તા, સમયજ્ઞ, ધર્મજ્ઞ અને સર્વશાસ્ત્રવિશારદ હતો તેથી પોતાની કીર્તિથી દિઙ્મુખોને તેણે ધવલ બનાવી દીધાં હતાં.

---

१ जीयाज्जिनपदस्थायी सर्वसामन्तसेवितः ।
शौडदेवो नृपश्रेष्ठः शौर्यार्जितमहीतलः ॥
क्षत्रधर्मरहस्यज्ञः प्रजापालनतत्परः ।
कवितारसवित् कीर्तिधवलीकृतदिङ्मुखः ॥
समयज्ञश्च धर्मज्ञः सर्वशास्त्रविशारदः ।
जीयाज्जिनपुराधीशः समाश्लिष्टो जयश्रिया ॥

પત્ર ૧, પંક્તિ ૯–૧૪.

એક દિવસ એ રાજા શિકાર કરવા નીકળ્યો. તેની સાથે વિવિધ પ્રકારનાં આયુધોથી સજ્જ વીર સુભટોનો રસાલો હતો. કેટલાક હાથી પર બેઠા હતા, કેટલાક ઘોડા પર. પોતાના ધનુષ્યના ટંકારથી વનનાં પ્રાણીઓને ભયભીત કરી મૂકતો તે રાજા ફરતો ફરતો જ્યાં વિવિધ પ્રકારનાં વૃક્ષોની છાયા વડે સૂર્યનારાયણનું તેજ પણ નિરસ્ત થઈ જતું હતું એવા એક મહાવનમાં આવી પહોંચ્યો.[૨] સર્વ પ્રકારનાં સત્ત્વોનું એ નિવાસસ્થાન હતું. ભાલો, તરવાર તથા ધનુષ્ય-બાણથી સજ્જ અશ્વારૂઢ રાજા એ ગાઢ વનમાં લપાઈ રહેલાં પ્રાણીઓને શોધતો ફરવા લાગ્યો. ત્યાં એક બાજુ પર્વતોની ગુફાઓમાં સિંહો હતા, તો બીજી બાજુ હુંકારથી હરણોની હામ હરતા વાઘો બહાર નીકળી રહ્યા હતા. આ ઉપરાન્ત તેણે તરસ, રીંછ અને જંગલી પાડા જોયા. વળી વાદળાં જેવા કાળા હાથી જોયા—કોઈક સ્થળે પોતાના યૂથના નાયક સાથે, કોઈક સ્થળે હાથિણીઓના સંગમાં, કોઈ સ્થળે જલવિહાર કરવાની ઉત્કંઠાવાળા.[૩] અન્યત્ર શાન્ત હરણાં, મધુર વાણી વદતા પોપટ, હંસ, બતક અને માળામાં રહેતાં મદમેદુર પક્ષીઓ દૃષ્ટિગોચર થયાં. પ્રકૃતિના આ અમૂલ્ય ખજાનાને જોઈને પરમ આનન્દ પામતો રાજા વિચારમાં પડ્યો : "અહો ! વિધિની રચના-શૈલી દેવો માટે પણ અચિન્ત્ય અને આશ્ચર્યકારક લાગે છે, તો આ પૃથ્વી પર વસતા મનુષ્યોને માટે તો એ કેવું મોટું આશ્ચર્ય કહેવાય ?! મારા દેશના ક્ષેમની અભિવૃદ્ધિ અર્થે સદા ક્ષત્રધર્મપ્રેરિત રહેતો હોવા છતાં હું કેમ નિર્દય જેવો બનીને આ સત્ત્વોને મારવા તત્પર થયો છું ?! વિવિધ આયુધો દ્વારા અહીં વસતાં આ પ્રાણીઓનો નાશ કરવામાં આવે, તો કદાચ તેમના મૂળનો જ ધ્વંસ થઈ જશે, અને એ બીજે ક્યાં જોવા મળશે ? માટે એમને મારવા એ અયોગ્ય છે. એમાંના એકે એકનું રક્ષણ કરવું એ જ ધર્મ, શ્રેયસ્કર અને આત્મસંતોષપ્રદ છે."

આમ વિચારી તે દયાળુ રાજા નગરીમાં પાછો ફર્યો અને રાત વિતાવી બીજે દિવસે પોતાની પણ્ડિતસભામાં આ મૃગયાયાત્રાનું બયાન કરીને કહેવા લાગ્યો : "કાલે વનમાં જે વિવિધ મૃગ-પક્ષીઓ જોયાં તેમની વિવિધ પ્રકારની લીલાઓએ જાણે મારું મન હરી લીધું. આથી પર્વતો અને જંગલોમાં વસતાં સર્વ પ્રાણીઓનું સમગ્ર ચરિત્ર જાણવાની મારી ઇચ્છા છે."

આ સાંભળી **તારનન્દ** નામના કાર્યજ્ઞ મન્ત્રીએ તે જ સમયે કવિ **હંસદેવ**ને આ કાર્ય સોંપ્યું, જેના પરિણામે આ ગ્રન્થની રચના થઈ.

પ્રારમ્ભમાં જ કવિ ગ્રન્થનું આયોજન દર્શાવે છે તેમ, બધાં પશુઓ તથા પક્ષીઓની શ્રેણીઓ પાડીને આ પ્રમાણેના ક્રમમાં તે દરેકના ચરિત્રનું વિવરણ આપવામાં આવ્યું છે : (૧)

---

૨ ज्यानिनादेन सत्त्वानां भयमुत्पादयन् मुहुः ॥
नानामहीरुहच्छायानिरस्तादित्यतेजसम् ।
महारण्यभुवं प्राप सर्वसत्त्वसमन्विताम् ॥

પત્ર ૧, પંક્તિ ૧૮–૨૦.

૩ क्वचिद्यूथपसंयुक्तान् क्वचित्स्वकरिणीयुतान् ।
क्वचिज्जलविहारोत्कान् नीलमेघनिभानिभान् ॥

પત્ર ૨, પંક્તિ ૫–૬.

રતિકાળ, (૨) ગર્ભવિનિશ્ચય, (૩) પ્રસૂતિસમય, (૪) બાલક્રીડાદિ, (૫) વર્ણભેદ, (૬) ક્રિયાભેદ, (૭) જાતિભેદ, (૮) યોષિત્સ્વરૂપશૈલી, (૯) નિશ્ચિતવયઃકાલ અને (૧૦) સત્ત્વાદિભેદ.

પૂર્વપીઠિકાના અન્તભાગમાં કવિ સ્પષ્ટતા કરે છે કે ગુણ, વર્ણ વગેરેના સંયોગથી સિંહ વગેરે સત્ત્વોની અનેક જાતિઓ છે, પરન્તુ પ્રસ્તુત ગ્રન્થમાં તેમાંની મુખ્ય મુખ્ય જાતિઓનું જ આલેખન યથાક્રમે કરવામાં આવ્યું છે.[૪]

પૂર્વપીઠિકા પછીનાં પ્રથમ વિભાગના આલેખનમાં કુલ એકવીસ શ્રેણીઓ આપેલી છે. તે જ પ્રમાણે બીજા વિભાગમાં પંદર શ્રેણીઓ છે. તે બેઉની વિગત આ પ્રમાણે મૂકી શકાય:

ભાગ ૧

શ્રેણી	મૃગજાતિ	કુલ વર્ણિત પ્રકાર
૧	સિંહ	૬
૨	વાઘ	૩
૩	તરસ	૨
૪	ભલ્લૂક (રીંછ)	૩
૫	ગણ્ડક (ગેંડો)	૨
૬	હાથી	૪
૭	ઘોડો	૭
૮	ઊંટ	૪
૯	ગર્દભ	૩
૧૦	વરાહ	૧૦
૧૧	મહિષ	૫
૧૨	વૃષભ	૭
૧૩	ગાય	૨
૧૪	બકરું	૫
૧૫	હરણ	૧૮
૧૬	ચમૂરુ (ચમરી)	૪
૧૭	કપિ (વાનર)	૮
૧૮	શિયાળ	૬
૧૯	બિલાડી	૫
૨૦	મૂષક–શશ (ઊંદર-સસલાં)	૫
૨૧	વરુ	૬

૪ गुणवर्णादिसंयोगैः सिंहाद्या बहुजातिकाः ॥
मुख्यजात्युदिता एव वर्ण्यन्तेऽत्र मया क्रमात् ।
પત્ર ૪, પંક્તિ ૬–૭,

ભાગ ૨

શ્રેણી	પક્ષિજાતિ	કુલ વર્ણિત પ્રકાર
૨૨	હંસ	૭
૨૩	ચક્રવાક	૩
૨૪	સારસ	૧૦
૨૫	ગરુડ	૫
૨૬	ગીધ	૮
૨૭	કાગડો	૧૨
૨૮	ઘુવડ	૭
૨૯	શુક-કોકિલ (પોપટ-કોયલ)	૩ + ૪ = ૭
૩૦	મોર	૬
૩૧	પારાવત (કબૂતર)	૫
૩૨	કૂકડો	૪
૩૩	ચટક (ચકલો)	૪
૩૪	લોહપૃષ્ઠ (બગલો)	૪
૩૫	ખંજરીટ (ખંજન)	૭
૩૬	પ્લવાદિ	૬

આ આલેખનમાંથી કેટલાક નમૂના સંક્ષેપમાં જોવાથી આ ગ્રન્થના મહત્ત્વનો ખ્યાલ આવશે. સ્વાભાવિક રીતે જ પશુઓમાં પ્રથમ સ્થાન અપાયું છે સિંહને.

સિંહો સામાન્ય રીતે મહારણ્ય, ગુહા અને કુંજસ્થલીમાં આશ્રય લે છે. વર્ષાઋતુમાં તેમનો કામ મદોત્કટ બને છે. તેમની કામગતિ છઠ્ઠે વર્ષે (કે) સાતમે વર્ષે પૂર્ણતાને પામે છે. સિંહણ પણ તે જ વયે કામિની બને છે. તેમની રતિચેષ્ટાનું તાદશ આલેખન પત્ર ૪ અને ૫ ઉપર આપવામાં આવ્યું છે. ગર્ભિણી થયા પછી સિંહણનો આહાર દિવસે દિવસે ઘટતો જાય છે અને નિદ્રા, આળસ, થાક વધારે લાગે છે. (જો એમાં દરકાર રખાય નહિ તો) ગર્ભવિચ્છેદ થાય એવું **પૂર્વસૂરિઓ** કહી ગયા છે.[૫] પ્રબળ પવન તથા તાપથી દૂર, આંખો મીંચીને તે નવ, દશ કે ક્વચિત્ બાર માસ પર્યન્ત ગર્ભનું વહન કરે છે. ઘણુંખરું ગ્રીષ્મ ઋતુના પ્રારંભ સમયે તે મજબૂત બે બાળકોને જન્મ આપે છે. કોઈક વખત ત્રણ, ચાર, પાંચ કે છ બચ્ચાં થાય છે. શિશિર ઋતુમાં જન્મેલ સિંહનું બચ્ચું વીર્ય અને વેગ વિનાનું હોય છે. વિયાયા પછી સિંહણ પૂર્વવત્ પુષ્ટિ પ્રાપ્ત કરે છે. એક વર્ષ સુધી સિંહબાલ માતાનું દૂધ સારા પ્રમાણમાં લે છે. પછી ધીમે ધીમે ઓછું લે છે. ત્રણ વર્ષ પૂરાં થતાં યુવાન બને છે.

---

૫ प्राप्तगर्भा तु सा सिंही स्वल्पाहारा दिने दिने ॥
निद्रालस्यश्रमभरक्रान्तदेहा भवेत्क्रमात् ।
अन्यथा गर्भविच्छेदः पूर्वसूरिभिरीरितः ॥

પત્ર ૫, પંક્તિ ૧૨-૧૪.

સિંહના ૭ પ્રકાર ગણાવેલા છેઃ સિંહ, મૃગેન્દ્ર, પઞ્ચાસ્ય, હર્યક્ષ, કેસરી અને હરિ. સિંહ ટૂંકા દેહવાળા હોય છે; મૃગેન્દ્રનું શરીર કંઈક ઉત્તુંગ હોય છે. હરિનું શરીર પ્રમાણમાં વધારે નાનું હોય છે.[૬] સિંહની કેશવાળી નિરન્તર—ખીચોખીચ ભરેલી હોય છે, તો મૃગેન્દ્રની લાંબી વધારે હોય છે. પંચાસ્યનો દેહ દીર્ઘ–લાંબો–હોય છે, પરન્તુ કેશવાળી હ્રસ્વ—ટૂંકી—હોય છે. હર્યક્ષની કેશવાળી એના આખા મુખને વીંટીને રહેલી હોય છે, જ્યારે હરિની સટા સ્વલ્પ હોય છે.[૭] સિંહણનું શરીર કંઈક નાનું, મુખ શ્મશ્રુવિહીન, કેસર ઘણુંખરું સ્વલ્પ કે કવચિત્ બિલકુલ ન પણ હોય. તેના નખ ટૂંકા હોય છે. તે એક-બે વાર ગર્ભ ધારણ કરે છે, વિયાય છે, પછી નહિ.[૮] આ પ્રજાતિનું પરમ આયુષ્ય વીસ વર્ષનું કહ્યું છે,[૯] અને એને રાજસોત્તમ ગણેલ છે.[૧૦]

હવે તો **વાઘ**ને ભારતના ‘ રાષ્ટ્રીય પશુ ’નું માન મળ્યું હોવાથી તેના વિષેની માહિતી પણ વિગતવાર જોઈએ. પર્વત-વન-વાસી વાઘ મન્દબુદ્ધિ ગણાય છે અને ગુણ, વર્ણ તથા ક્રિયા અનુસાર તેના ત્રણ પ્રકાર પાડેલા છે. વર્ષા તથા શરદ્માં તેમનો કામ પ્રદીપ્ત બને છે. યૌવનમાં જો કોપ શાન્ત થયેલો જણાય તો કામનો ઉદ્રેક વધી ગયો સમજવો. વાઘ-વાઘણ પણ ૭ વર્ષની વયે સંભોગાતુર બને છે. ગર્ભવતી વાઘણ સિંહણની જેમ ઓછું ખાય છે અને નવ-દશ મહિને વિયાય છે.

---

૬ (૧) सिंहा ह्रस्वशरीराश्च निरन्तरसटाभराः ।
પત્ર ૬, પં. છેલ્લી.

(૨) किञ्चित्तुङ्गशरीरास्तु मृगेन्द्राः कथिता बुधैः ॥
પત્ર ૭, પં. ૧૧.

(૩) नितरां ह्रस्वदेहास्तु हरयः परिकीर्तिताः ॥
પત્ર ૯, પં. ૭.

૭ (૧) निरन्तरसटाभराः ।
પત્ર ૬, પંક્તિ અંતિમ.

(૨) दीर्घसटा मताः ।
પત્ર ૭, પંક્તિ ૧૨.

(૩) ह्रस्वसटा मताः ।
પત્ર ૮, પંક્તિ ૪.

(૪) दीर्घदेहा सटाभारसंवृताननकुप्यकाः ॥
પત્ર ૮, પંક્તિ ૧૪.

(૫) स्वल्पक्रोधाः स्वल्पसटाः श्वेतपीतशरीरकाः ।
પત્ર ૯, પંક્તિ ૮.

૮ एकवारप्रसवका द्विवारप्रसवाश्च ताः ।
प्रायो नातः परं गर्भयुक्ता इति विनिश्चिताः ॥
પત્ર ૯, પંક્તિ ૨૨–૨૩.

૯ परमायुर्विंशतिकं सिंहानां परिकीर्तितम् ।
પત્ર ૧૦, પંક્તિ ૯.

૧૦ जातिक्रियास्वरूपेण ते मता राजसोत्तमाः ॥
પત્ર ૧૦, પંક્તિ ૨૦.

વાઘ ત્રણ-ચાર હાથ ઊંચો હોય છે. તેના શરીરે કાં તો પુષ્કળ ટપકાં હોય છે અથવા લાંબી રેખાઓ હોય છે, જેનો રંગ પીળો અથવા કોઈ વાર મિશ્ર હોય છે. તેના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે: 'શાર્દૂલ', 'દ્વીપિન્' અને 'વ્યાઘ્ર'. શાર્દૂલ કંઈક ઊંચા દેહવાળા, દ્વીપિન્ હ્રસ્વ શરીરવાળા અને વ્યાઘ્ર મધ્યમ હોય છે. શાર્દૂલના દેહ પર સ્પષ્ટ રેખાઓ હોય છે, દ્વીપિન્‌ને મોટે ભાગે બિન્દુઓ હોય છે, જ્યારે વ્યાઘ્રના શરીરે વિવિધ પ્રકારની રેખાઓ હોય છે. શાર્દૂલના તથા દ્વીપિન્‌ના વાળ લાંબા હોય છે, જ્યારે વ્યાઘ્રના મૃદુ હોય છે.

શાર્દૂલનાં નેત્રો ચંચળ તથા પિંગળ હોય છે. તે ક્રૂર અને હિંસાખોર હોય છે. તેમનાં વદન દાઢને કારણે વિકરાળ લાગે છે અને લાંબા નખ તેમના આયુધની ગરજ સારે છે. ક્રુદ્ધ હોય ત્યારે તેઓ પૂંછડું ઊંચું રાખે છે પણ શાન્ત થતાં તેને હલાવે છે. ઊંચા હોઈ છલંગ મારી વધ કરવામાં પ્રવીણ હોય છે. તેમનું મુખ શ્મશ્રુથી છવાયેલું હોય છે અને મોંમાં ફીણ આવે છે. ભૂખ લાગતાં અત્યન્ત કોપાયમાન થાય છે અને એમની કામવાસના સ્વલ્પ મનાય છે.

દ્વીપિન્‌નો દેહ સફેદ તથા પીળા રંગનો અને ઉદર ક્ષુદ્ર હોય છે. તેમનાં પગનાં તળિયાં, જીભ તથા નેત્રો લાલ હોય છે. બાલ્યાવસ્થામાં તે નિદ્રાળુ અને આળસુ હોય છે અને યૌવનમાં કામમોહિત બને છે.

વ્યાઘ્રની જીભ પણ લાલ હોય છે. વૃક્ષોનાં ઝૂંડમાંથી તે એકદમ ઊછળી આવે છે. આને પકડવા કે નિવારવા એ અત્યન્ત કઠિન કાર્ય છે. તેનું મુખ મલીમસ [=(૧) કાળું, (૩) ગંદું] હોય છે અને તારુણ્યમાં શરીર કૃશ થાય છે.

વાઘનું યૌવન સિંહના જેવું જ હોય છે; તે કાળે તે હરણ અને બકરાંના વધ માટે ઉત્સુક બને છે. વાઘણ પ્રમાણમાં શાન્ત અને ઓછી ક્રોધી હોય છે. બપોરે તરસ વધારે લાગતી હોવાથી તે છાયાનું સેવન વિશેષ કરે છે. તેમના મુખ પર શ્મશ્રુ બહુ જ ઓછી કે બિલકુલ નહિવત્ હોય છે. તેમના ઉદર પર લાલ ચકામા હોય છે અને પગનાં તળિયાં પણ લાલ હોય છે. તે ચાર-પાંચ વર્ષે ગર્ભવતી થાય છે. વાઘણનો પોતક્રમ પણ સિંહણ જેવો જ ગણાય છે. વાઘપ્રજાતિના યૌવનની પરિસીમા દશ વર્ષની ગણી છે અને સોળ વર્ષ એ તેમના આયુષ્યની ચરમ સીમા છે. વાઘને પકડવા મુશ્કેલ હોવાથી બાલ્યાવસ્થામાં જ સિંહની જેમ પકડી લેવા જોઈએ. શિશિર ઋતુમાં કંઈક ઓછા ક્રોધવાળા હોવાથી તે સુગ્રાહ્ય બને છે. મૃદુ ત્વચાવાળા વાઘના શિશુઓને પ્રયત્નપૂર્વક કેળવવા જોઈએ. કેમકે સાન્ત્વ વચનોથી દૂર રહેવાનો આ પ્રજાતિનો સ્વભાવ જ છે. ક્રિયાભેદ તેમ જ સ્વભાવથી વાઘને રાજસમધ્યમ ગણવામાં આવ્યા છે.[૧૧]

---

૧૧ परमायुः षोडशकमेतेषां परिकीर्तितम् ।
तस्मात् शिशिरकाले ते स्वल्पकोपाः सुखग्रहाः ॥

* * *

क्रियाभेदात्स्वभावाच्च व्याघ्रा राजसमध्यमाः ।

પત્ર ૧૪, પંક્તિ ૭, ૧૪, ૧૭.

આ ગ્રન્થમાંના વાઘના આલેખન પરથી જોઈ શકાશે કે સિંહ જેવી ભવ્યતા કે ઉદાત્તતા તેનામાં નથી. આથી 'રાષ્ટ્રીય પશુ'નું પદ સિંહ પાસેથી ઝૂંટવી વાઘને અર્પવાનો વિચાર સમુચિત જણાતો નથી. સિંહ માત્ર એક જ સ્થળે છે અને તેની સંખ્યા ઘટતી જાય છે જ્યારે વાઘ સર્વત્ર ઉપલબ્ધ છે તથા સંખ્યામાં પણ પુષ્કળ છે એ દલીલ 'રાષ્ટ્રીય પશુ'ના પદ માટે આગળ ધરવી એ હાસ્યાસ્પદ લાગે છે. જો સંખ્યાબળે અને સાર્વત્રિક વાસે જ પશુ-પક્ષીનું 'રાષ્ટ્રીયત્વ' નક્કી કરવાનું હોય, તો કુક્કર કે ગધેડું 'રાષ્ટ્રીય પશુ'નું પદ સારી રીતે શોભાવી શકે અને કબૂતર કે ચકલી 'રાષ્ટ્રીય પક્ષી'નું સ્થાન મોર કરતાં અધિક દીપાવી શકે!!! ખેર, ભવ્યતામાં વાઘને સિંહ પછી અગ્રતા આપી શકાય એવું સમાધાન આપણે રાખવું રહ્યું!

તરસ (तरक्षु)ના 'તરસ' અને 'મૃગાઘ્ન' એવા બે પ્રકાર પાડેલા છે; ચૌદ વર્ષ એ એમના વયની પરિસીમા ગણાય છે; વાઘના અનુજ જેવા લેખાતા તે વાઘની જેમ સહેલાઈથી પકડાતા નથી અને ક્રૂર તથા મન્દબુદ્ધિ હોવાથી રાજસાધમ ગણાય છે.[૧૨]

'ઋક્ષ', 'અચ્છભલ્લ' અને 'ભલ્લૂક' એ ત્રણ પ્રકાર **રીંછ**ના કહ્યા છે. આ તામસાધમ જાતિનું પરમ આયુષ્ય ચૌદ વર્ષનું લેખે છે.[૧૩]

સૂંઢવિહીન હાથી જેવા કૃષ્ણ વર્ણના, ટૂંકા પુચ્છવાળા, મૂઢ, ધીમા ડગ ભરતા **ગેંડા** બે જાતના ગણાવેલા છે: (૧) ગણ્ડક અને (૨) ખડ્ગ. ગણ્ડક કૃષ્ણગાત્ર અર્થાત્ કાળા અને ક્વચિત્ શ્વેત ટપકાંવાળા દેહવાળા હોય છે; જ્યારે ખડ્ગના શરીરનો વર્ણ નીલો હોય છે એટલું જ નહિ, પરન્તુ વચ્ચે વચ્ચે લાલ ટપકાં અગર તો સફેદ અને લાલ ટપકાં હોય છે. આ તામસાધમ પ્રજાતિને વીસ વર્ષ વીત્યા બાદ વાર્ધક્ય આવે છે અને તેમના આયુષ્યની ચરમ સીમા બત્રીસ વર્ષની હોય છે.[૧૪]

---

૧૨ तरक्षवो द्विधा लोके व्याघ्राणामनुजा मताः ।

* * *

एतेषां तु वयःकालः चतुर्दशसमो मतः ॥

* * *

व्याघ्रवन्न सुखग्राहाश्चैते ताडनयोग्यकाः ।

* * *

क्रूरत्वान्मन्दबुद्धित्वात्त एते राजसाधमाः ॥

પત્ર ૧૪, પંક્તિ ૨૦; પત્ર ૧૬, પંક્તિ ૪, ૫, ૭.

૧૩ चतुर्दश तु वर्षाणि भल्लूकानां परं वयः ॥
अल्पत्वान्मन्दबुद्धित्वात्त एते तामसाधमाः ।

પત્ર ૨૦, પંક્તિ ૬–૭.

૧૪ अतीते विंशके वर्षे जरैतेषामुदीरिता ।
समा द्विषोडश परमायुरेषां प्रकीर्तिता ॥

પત્ર ૨૨, પંક્તિ ૯–૧૧.

અરણ્યવાસી, કૃષ્ણદેહ, નયનોને આનન્દ આપનાર, શિકારના રસિયા, મનોહર સંચારવાળા, દઢ ડગ ભરતા, ઝીણાં નેત્રોવાળા અને મોટા કાનવાળા, સ્થૂલ ઉદર, દણ્ડ જેવી સૂંઢ અને બે દાંત ધરાવનાર, શત્રુનો નાશ કરનાર, સમ્પત્તિપ્રાપ્તિના હેતુરૂપ, નિજસૈન્યનું બલ વધારનાર, રાષ્ટ્રના ક્ષેમના વિવર્ધક **હાથી**ઓને અહીં તેર પ્રકારમાં વહેંચેલા છે. નવ-દશ વર્ષે તેઓ સંપૂર્ણ યૌવન પ્રાપ્ત કરે છે અને મદ સ્રવે છે. હાથિણીને એકવીસ, બાવીસ કે ચોવીસ માસ પૂરા થતાં પ્રસવ થાય છે. હાથીનું બચ્ચું એક વર્ષ સુધી માતાની છત્રછાયા નીચે રહે છે પણ બે વર્ષનું થતાં નિર્ભય બની સ્વૈરવિહાર કરે છે. હાથીના તેર પ્રકાર આ પ્રમાણે ગણાવેલા છે :

(૧) દન્તિન્—નીલ રંગ, વિશાળ દાંત, છ હસ્તપ્રમાણની ઊંચાઈ, લાંબી સૂંઢ, શૌર્ય, કાર્યદક્ષતા, દઢ પરાક્રમ, શિકારનો શોખ, નાદ તથા નેત્રોની મંજુલતા, લાંબા પગ, સ્થૂલ મે , મંદ-ગંભીર ગતિ, સ્થૂલ શરીર, લાંબું પુચ્છ—આ 'દન્તિન્'નાં વ્યાવર્તક લક્ષણો છે.

(૨) દન્તાવલ—તુંગ સ્થૂલ કાયા, કૃષ્ણ વર્ણ, ભારે લમણા, ઝડપી વેગ, મોટું મસ્તક, સ્ફૂર્તિ, મેધાયુક્તિમત્ત્વ, યુદ્ધલોલત્વ, જલક્રીડાનો શોખ, કાદવ-ધૂળમાં ક્રીડન, દઢ સ્મરણ, કેળવાતાં મૃદુતા, શુદ્ધ સુગંધી દેહ, ગંભીર આકૃતિ, ગંભીર ઝીંકાર અને બહુ ભોજન—આ 'દન્તાવલ'નાં વિશિષ્ટ લક્ષણો છે.

(૩) હસ્તિન્—મંદ સંચાર, કંઈક પરાક્રમહીનતા, પૂર્વદ્વેષસ્મૃતિ, સુંદર દેહ, માલિક પ્રત્યેનો પ્રેમ, કાર્યનિર્વહણની ઉત્સુકતા, મેઢ્રની સ્થૂલતા, કાદવ-ધૂળ-જળ-ક્રીડાનો શોખ, ચંચળ નેત્ર, સંગીત અને વાદ્ય તરફનું આકર્ષણ, યૌવનમાં મદમંથરતા—આ લક્ષણો છે 'હસ્તી'નાં.

(૪) દ્વિરદ—સ્વચ્છ દાંત, હ્રસ્વ છતાં દઢ-સ્થૂલ દેહ, સ્થૂલ સૂંઢ, વિશાળ લમણા, મંદ સંચાર, જલાવગાહન, થોડા કાર્યમાં થાકી જવું, સ્વભાવની ભીરુતા, શરીરસૌષ્ઠવ, શણગાર-પ્રિયતા, માલિકની ઇચ્છાનું અનુસરણ, દેહની અત્યન્ત કાળાશ, દીર્ઘ શ્વાસ—આ 'દ્વિરદ'નાં લક્ષણો ગણાવેલાં છે.

(૫) ગજ—વિશાળ કાયા, નીલ મનોહર વર્ણ, ગર્વ-કોપનો અભાવ, બલવત્તા, શ્રમકાર્યક્ષમતા, સ્થૂલ ઉદર, દાંતની સહેજ કાળાશ, લાંબી જાડી સૂંઢને વારંવાર હલાવવાની વૃત્તિ, મુખ પર લાલ બિંદુ—આ છે 'ગજ'નાં લક્ષણો.

આ ઉપરાન્ત હાથીના બીજા આઠ પ્રકારનાં નામ આ પ્રમાણે આપેલાં છે : (૬) ભદ્રગજ, (૭) મન્દગજ, (૮) મૃગગજ (કૃશ શરીર, કૃશ સૂંઢ, કૃશ દાંત, લાંબા પગ, નિર્બલતા, સ્થૂલ નેત્રો, ટૂંકું પૂંછડું, બેડોળતા, ચલચિત્તતા, ધૂમાડા જેવો રંગ), (૯) સંકીર્ણગજ (ઘાસથી તૃપ્ત થનારા), (૧૦) મતંગજ, (૧૧) પદ્મિન્, (૧૨) ઇભ (મેઘગર્જનાવાળા, બહુ ઊંચા-નીચા નહિ, કૃચ્છ્રસાધ્ય) અને (૧૩) સ્તમ્બેરમ (હ્રસ્વ કાયા, મિતાહાર, બહુ જાડા નહિ કે પાતળા નહિ, શુભ ગંધવાળા, શુભ છાયાવાળા).

હાથિણીઓને દાંત હોતા નથી, તેમને ત્રણ-ચાર બચ્ચાં થાય છે.

ચાળીસ વર્ષ પછી હાથી-હાથિણીને વૃદ્ધાવસ્થા આવે છે અને તેમના આયુષ્યની ચરમ સીમા સો વર્ષની ગણી છે.[૧૫]

'**હાથી એ અમૂલ્ય રત્ન** છે એમ **સુનન્દ**કે કહ્યું છે' એવું સ્પષ્ટ વિધાન મહત્ત્વનું છે.[૧૬] હાથીને રાજસોત્તમ ગણ્યો છે.

ઘોડાના સાત પ્રકાર કહ્યા છે: (૧) તુરંગ (સફેદ, ઊંચા, લાંબી ડોકવાળા, શ્રેષ્ઠ), (૨) અશ્વ (લાલ, ચાર હસ્ત ઊંચા, શંકુકર્ણ, દીર્ઘપૃષ્ઠ, લાંબા પૂંછડાવાળા), (૩) ઘોટક (કાળા, કંઈક નીચા, સુસ્નિગ્ધ દાંતવાળા, ઝડપી, હણહણતા), (૪) અર્વત્ (વિવિધરંગી, હ્રસ્વદેહ, મન્દવેગ), (૫) વાહ (મુખ અને પગ સફેદ, કૂખ લાલ, વળી સફેદ દેહવાળા પણ હોય છે. લાંબી ડોક, લાંબો દેહ, લાલ જીભ), (૬) ગન્ધર્વ (વિવિધ વર્ણનાં ટપકાં કે મંડલોવાળા, ઊંચા, દેહ લાલ ને મુખ શ્વેત કે મુખ-પૃષ્ઠ-છાતી-પુચ્છ શ્વેત, ખરી લાલ, પૂર્વકાય શ્વેત કે લાલ, અશ્વમુખ્ય) અને (૭) હય (લાંબી કેશવાળી). પાંચથી સોળ વર્ષ સુધી તેમનો યૌવનકાળ અને પચીસ વર્ષ એ તેમના આયુષ્યની સીમા ગણાય છે.[૧૭]

ઊંટના ચાર પ્રકાર આ પ્રમાણે ગણાવેલા છે: (૧) ઉષ્ટ્ર (પીળા, છ-સાત હસ્ત જેટલા ઊંચા), (૨) ક્રમેલક (ભસ્મવર્ણના), (૩) દાસેરક (શ્વેતવર્ણ, દશ હસ્ત ઊંચા) અને (૪) મહાંગ (લાંબી ડોક, ધૂમ્ર વર્ણ). ત્રીસ વર્ષનું તેમનું ચરમ આયુષ્ય ગણ્યું છે.[૧૮]

વૃષભના સાત પ્રકાર છે: (૧) ઉક્ષન્ (શ્વેત, સ્થૂલ, હ્રસ્વશૃંગ), (૨) બલીવર્દ (ઊંચું પુષ્ટ શરીર, શ્વેત કે લાલ, વાંકાં શીંગડાં, લાંબું પૂંછડું), (૩) ઋષભ (લાંબાં શીંગડાં, કાળો રંગ, મધ્યમ કદ, ખૂંધ મોટી), (૪) વૃષ (શરીર ટૂંકું, આંખો લાલ), (૫) અનડ્વાન્ (વિવિધરંગી, અતિશ્લક્ષ્ણ દેહ), (૬) મહોક્ષ (ઊંચું સ્થૂલ શરીર, દીર્ઘ પુચ્છ, સ્થૂલ મસ્તક), (૭) સૌરભેય (અતિ સ્થૂલ અને ચાર હસ્ત કે તેથી પણ વધારે ઊંચાઈ, સફેદ). **ખેડૂતોએ**

---

૧૫ करिणां करिणीनां च चत्वारिंशद्वयोवधि ।
बलसम्पत्पूर्णशोभा तदूर्ध्वं जरयान्विताः ॥

पत्र ३१, पंक्ति १७-१८.

* * *

शतं वर्षाणि करिणां परमायुरितीरितम् ॥

पत्र ३२, पंक्ति ४.

૧૬ अनर्घं रत्नमित्येव गजमाह सुनन्दकः ॥

पत्र ३२, पंक्ति २.

૧૭ आपंचमात् षोडशकावधि तेषां तु यौवनम् ॥

* * *

पञ्चविंशतिवर्षाणि वाहानां परमं वयः ।

पत्र ३७, पंक्ति २१, २४.

૧૮ त्रिंशद्वर्षाणि तेषां तु परमायुः प्रकीर्तितम् ॥

पत्र ४०, पंक्ति २१.

હ્રસ્વ ગાત્રવાળા વર્જ્ય ગણવા. આ રાજસોત્તમ પશુઓના યૌવનની પરિસીમા બાર વર્ષની અને આયુષ્ય વીસ વર્ષનું ગણાય છે.[૧૯]

ગાયના બે પ્રકાર કહ્યા છે : (૧) ગાય (ટૂંકાં શીંગડાં, બહુ ઊંચું-નીચું નહિ તેવું શરીર, લાંબું પૂંછડું, સફેદ, સ્વલ્પ આહાર) અને (૨) ધેનુ (વિવિધરંગી, પીઠ-મુખ અને કૂખ સફેદ, લાલ તથા કાળાં, પ્રમાણમાં લાંબાં શીંગડાં, સહેજ ઊંચો દેહ, અતિદીર્ઘ પુચ્છ). નાની ખૂંધવાળી આ સત્ત્વતેજવાળી ધર્મદેવીઓનું યૌવન ચારથી પાંચ વર્ષનું તથા આયુષ્ય બળદના જેટલું કહ્યું છે. હેમન્ત અને શિશિર એ તેમનો કામકાલ છે. એ દસ માસે વિયાય છે. એક ગાયને ચાર-પાંચ વાછરડાં હોય છે.

વાંદરા આઠ પ્રકારના છે : (૧) કપિ (કંઈક ઊંચો લાલ દેહ, મુખ પણ લાલ,[૨૦] લાંબું પૂંછડું, લાંબાં દાઢ-નખ), (૨) પ્લવંગ (સમપ્રમાણ લાલ અને કાળો દેહ, ટૂંકા વાળ, કાળી પીઠ), (૩) શાખામૃગ (ધૂંસરો ઊંચો દેહ, લાલ મુખ, દીર્ઘ દાઢ-નખ, સ્થૂલ પેટ-કમ્મર), (૪) વલીમુખ (કાળું લાંબું મુખ, ઊંચો સ્થૂળ દેહ, લાંબા કર્કશ રોમ, કૃતઘ્ન), (૫) મર્કટ (કાળો, લાલ, સફેદ ટૂંકો રૂક્ષ દેહ, પાતળાં અંગો અને પગ, લાંબું પૂંછડું), (૬) વાનર (વિવિધ વર્ણ, મનુષ્ય જેવા, ઊંચો દેહ, સ્થૂળ ઉદર, મોટાં મસ્તક અને લમણા, કૃતઘ્ન, ઠંડીગરમીથી ડરનારા), (૭) કીશ (સતત બોલતા-ખાતા, લાંબા પગવાળા, રમતા, લાલ-સફેદ રંગ), અને (૮) વનૌકસ (અતિતુંગ-કૃષ્ણ-સ્થૂલ શરીર, પુષ્કળ કર્કશ લાંબા રોમ, કાળું મુખ, ભલ્લૂક જેવાં અંગો, જળતાં નેત્રો). કોઈક ક્ષુદ્ર વાળવાળા અને પુચ્છહીન પણ હોય.[૨૧] આ તામસાધમ જાતિને સાત વર્ષની યૌવનની સીમા અને દસ વર્ષનું આયુષ્ય ગણેલાં છે. હેમન્ત અને શરદ્ ઋતુ તેમનો કામકાલ છે. ત્રણ-ચાર માસનો ગર્ભ થતાં પ્રસવ થાય છે અને બે-ત્રણ માસ માતા બચ્ચાને રક્ષે છે.

મૃગજાતિસ્વરૂપાદિવર્ણનના પ્રથમ વિભાગને અન્તે આ મૃગોને પાળવા માટે રાજાઓ તથા અન્ય જનોને અનુરોધ કર્યો છે, જે વન્યજાતિસંરક્ષણની આધુનિક યોજનાને અત્યન્ત અનુરૂપ છે. **મૃગહીન મનુષ્યો સુખસંતોષવર્જિત છે** એવું સ્પષ્ટ વિધાન અહીં કરેલું છે. આ સૃષ્ટિમાં

૧૯　ह्रस्वगात्राश्च ते वर्ज्याः सन्ततं तु कृषीवलैः ।
द्वादशावधि तेषां तु यौवनं परिकीर्तितम् ॥

*　　*　　*

वृषभाणां परं चायुर्विंशतिः परिकीर्तिता ।
क्रियाजातिप्रभेदेन ते मता राजसोत्तमाः ॥

પત્ર ૫૫, પંક્તિ ૨૨-૨૩; પત્ર ૫૬, પંક્તિ ૧-૨.

૨૦　कपयो रक्तदेहाश्च नितरां रक्तवक्त्रकाः ॥
किंचित्तुंगशरीराश्च सन्ततं कोपभारकाः ।

પત્ર ૭૨, પંક્તિ છેલ્લી બે.

૨૧　केचित्तु क्षुद्रबालास्ते केचित्पुच्छविहीनकाः ।

પત્ર ૭૬, પંક્તિ ૧.

પશુઓને મધ્યમ કક્ષાના ગણ્યા છે એટલું જ નહિ, પણ રાષ્ટ્રના ક્ષેમજનક માન્યા છે; અને જે દુષ્ટ પશુઓ છે તેમને શિક્ષા દ્વારા ઠેકાણે લાવવા સૂચવેલ છે.[૨૨] ગાયોના રક્ષણનો–તેમને પાળવાનો –ખાસ મહિમા અહીં ગાયો છે.[૨૩]

આ ગ્રન્થનો દ્વિતીય ભાગ બાવીસમી શ્રેણીથી શરૂ થાય છે. તેમાં વાણી અને હાથ વિનાના હોવા છતાં પક્ષીઓને મનુષ્યની જેમ સૂક્ષ્મબુદ્ધિવાળા કહ્યા છે.[૨૪] કામિનીઓના કામને વધારનારા તેમને પણ પાળવાનો અનુરોધ કવિ કરે છે.[૨૫] જેમ મૃગવર્ણનમાં સિંહથી પ્રારમ્ભ કર્યો છે તેમ, સ્વાભાવિક રીતે જ, આ પક્ષિવર્ણનમાં હંસને પ્રથમ સ્થાન આપ્યું છે.

---

૨૨ अतस्ते भूमिपैरन्यै रक्षणीयाश्च यत्नतः ।
मृगहीना नरा लोके सौख्यसन्तोषवर्जिताः ॥
धर्महीनास्तेऽधमाश्च पापिष्ठाश्च प्रकीर्तिताः ।
अतो यथाशक्ति नरैर्मृगसंरक्षणं हितम् ॥
धर्म्यं यशस्यमायुष्यमिहामुत्र फलप्रदम् ।

પત્ર ૯૨, પંક્તિ ૧૯–૨૩.

* * *

यथोत्तमा नरा लोके गण्यन्ते सृष्टिकर्मणि ।
तथा मृगा मध्यमास्ते वाङ्हीना बुद्धिसंयुताः ॥
नानाकार्यक्षमा नित्यं नरदेवहितप्रदाः ।
राष्ट्राणां क्षेमजनकाः सर्वसद्गुणसंयुताः ॥
ये नीचा दुर्गुणोपेताः शिक्ष्यास्ते तु यथाक्रमम् ।
गतदुर्गुणमोहाद्याः कार्यदक्षा भवन्ति हि ॥

પત્ર ૯૩, પંક્તિ ૩–૮.

૨૩ गवां रक्षणतो दानात् नरा निर्धूतकल्मषाः ।
प्राप्नुवन्ति श्रियं दिव्यां देवानामपि दुर्लभाम् ॥

પત્ર ૯૩, પંક્તિ ૧–૨.

૨૪ वाग्भिः करैर्विहीनास्ते नरवत्सूक्ष्मबुद्धयः ॥

પત્ર ૯૫, પંક્તિ ૧૨.

૨૫ कामवृद्धिकराश्चैषां मृगाक्षीणां विशेषतः ॥
वागुरायोगबन्धाद्यैस्ते लभ्या बालपोतकाः ।
शिक्षणीयाश्च यत्नेन रक्षणीयाश्च सर्वदा ॥
तदानीमेव हि नृणां जन्मसाफल्यमीरितम् ।
नोपकुर्वन्ति ये लोके प्राणिनां विविधात्मनाम् ॥
तेषां जन्म वृथैव स्यादिति प्राचो वदन्ति ते ।
तस्मात्सर्वप्रयत्नेन लालनीयाश्च पक्षिणः ॥
रक्षणीयाश्च विधिवत् श्रेयोलाभादिकांक्षिभिः ।

પત્ર ૯૬, પંક્તિ ૧૭–૨૪.

હંસના સાત પ્રકાર કહ્યા છે: (૧) હંસ (સહેજ હ્રસ્વ દેહ, લાંબી ડોક, પગનાં તળિયાં લાલ, ઘણુંખરું ચાંચ પણ લાલ, પક્ષિશ્રેષ્ઠ[૨૬]), (૨) ચક્રાંગ (મુખ-પાંખો-પીઠ-પગમાં રતાશ, સ્થૂલ દેહ, અતિ ટૂંકા પગ, આંખમાં લાલાશ, ખૂબ લાંબી પૂંછડી, શીતલસ્થલલોલુપ), (૩) માનસવાસિન્ (લાલ ચાંચ, જાડી રાતી પૂંછડી, મોતી જેવો શ્વેત વર્ણ, સમશરીર), (૪) રાજહંસ (પૂર્ણચન્દ્ર જેવો શ્વેત વર્ણ, ચાંચ-પગ લાલ, મનોજ્ઞ કૂજન, સહેજ ઊંચો દેહ, ખૂબ ઊંચે ઊડનાર), (૫) મલ્લિકાક્ષ (ચાંચ-પગતળ લાલ, સહેજ કાળા-મિશ્રિત શ્વેત વર્ણ, વિવિધરંગી બિંદુઓવાળું સહેજ ટૂંકું શરીર, લાંબી વાંકી પૂંછડી), (૬) કાદમ્બ (સફેદ અને નીલા રંગનું સમશરીર), અને (૭) કલહંસ (નીલાશ પડતી પાંખો, લાલ ચાંચ, કંઈક ઊંચો શ્વેત દેહ, વાંકી ડોક, વર્તુલાકાર, કાળાશ પડતી પૂંછડી, પાણ્ડુ પગ, સ્થૂલ ઉદર, લાંબી રૂંવાટી). બેથી પાંચ વર્ષ એ એમનો યૌવનકાળ છે અને સાત વર્ષ તેમના આયુષ્યની ચરમસીમા છે. આ જાતનાં પક્ષીઓને રાજસોત્તમ લેખેલાં છે.[૨૭]

કાગડાને એક દૃષ્ટિવાળા, બુદ્ધિહીન ગ્રામપક્ષી ગણાવેલા છે. તેના બાર પ્રકાર કહ્યા છે: (૧) કાક (ઘેરો કાળો રંગ, જાડા કર્કશ રોમ, લાંબી ચાંચ, કૂદવાની ટેવ, કંઈક કઠોર સ્વર, ટોળામાં નિવાસ, ભીરુતા, આળસ, સૂક્ષ્મ દૃષ્ટિ), (૨) કરટ (લાંબી પાંખો, નાની ચાંચ, શૌર્ય, પાણીમાં તરવાનો શોખ), (૩) બલિપુષ્ટ (નીલ વર્ણ, શ્લક્ષ્ણ દેહ, ક્ષુદ્ર ચાંચ-ઉદર-પુચ્છ, મનોહર કૂજન, નીચ કાર્યથી વિમુખ, મધ્યાહ્ને ઊંઘતા, એકલવાયા), (૪) સકૃત્પ્રજ (તુંગ દેહ, વિશાળ પાંખ, સહેજ લાંબા પગ, સ્થૂલ મસ્તક અને કુક્ષિ, માંસલોલુપ, કજિયાખોર, ગળે સહેજ ધોળાશ, કામહીન, એકવાર ઈંડાં મૂકવાં), (૫) ધ્વાંક્ષ (અતિનીલ વર્ણ, અતિદીર્ઘ ચાંચ, લાંબા પગ, ભયંકર અવાજ), (૬) આત્મઘોષ (આખો દિવસ અવાજ કર્યા કરવો, ગાયકનો ડોળ, બહુ કૃષ્ણ નહિ, બહુ નીલ નહિ, કંઈક ઊંચા, એકાકી, નાનાં માછલાં પકડનાર), (૭) પરભૃત્ (મનોહર નીલવર્ણ, પાંખોના છેડા સફેદ, ક્ષુદ્ર ચાંચ, મનોજ્ઞ સ્વર, માળા બાંધવામાં કુશળ, કોયલનાં ઈંડાંને ઉછેરનાર), (૮) વાયસ (ઘેરો કાળો વર્ણ, અતિકર્કશ પાંખ, તીક્ષ્ણ ચાંચ, ભેંસ-પાડા-બકરાં-વૃષભ વગેરેના સ્કન્ધ ઉપર બેસનાર, ચન્દ્રની જ્યોત્સ્નામાં ઊંઘ છોડી દેનાર), (૯) ચિરજીવિન્ (ગળું-છાતી-પાંખ સફેદ, બાકી કાળા, કંઈક ઊંચું શરીર, તરવામાં ભીરુ, ક્રૂર કેંકાર કરતા, પરુષ આકૃતિ, વંચક, એક આંખે વારંવાર પાછું ફરીને જોનાર), (૧૦)

---

૨૬ पतत्रिपरिषन्मध्ये हंसा एवोत्तमा मताः ।

પત્ર ૯૭, પંક્તિ ૧૨.

૨૭ हंसा द्विवर्षकाः पूर्णयौवनेन च भासुराः ।

*　　　*　　　*

पञ्चवर्षावधि वयस्तेषां यौवनमीरितम् ।

*　　　*　　　*

सप्तवर्षाणि हंसानां परमायुः प्रकीर्तितम् ।
स्वभावजातिभेदाद्यैस्ते मता राजसोत्तमाः ॥

પત્ર ૧૦૦, પંક્તિ ૧૫; ૧૭, ૨૧-૨૨.

મૌકલિ (અતિ ટૂંકું, શ્વેત અને કૃષ્ણ શરીર, સુંદર પાંખ, જલક્રીડાલોલુપ, વાળને છેડે તથા પાંખને અન્તે વિવિધરંગી બિન્દુઓ, ક્ષુદ્ર ચાંચ, ભાત-વિષ્ટા આદિ ખાનાર, મનોજ્ઞ ગાનાર), (૧૧) દ્રોણકાક (દીર્ઘ દેહ, ઘેરો કાળો વર્ણ, અતિદીર્ઘ ચાંચ, વિશાળ પાંખ, પુષ્કળ કર્કશ રોમ, શરીર પર સફેદ બિન્દુઓ, લાંબા પગ, તીક્ષ્ણ નખ, ક્રૂર નાદ) અને (૧૨) કાકોલ (ક્રૂર નાદ, લાંબી ડોક, લાંબી પીઠ, કર્કશ રોમ). ચાર વર્ષ એમના યૌવનની સીમા અને પાંચ વર્ષ આ તામસાધમ જાતિનું આયુષ્ય ગણેલું છે.

આપણા રાષ્ટ્રીય પક્ષી **મોર** વિષે પણ આ ગ્રન્થમાંથી ઠીક ઠીક માહિતી પ્રાપ્ત થાય છે, તે સંક્ષેપમાં તથાપિ પદ્ધતિસર જોઈ લઈએ :

હૃદ્ય દેહવાળા તથા નીલા, લાલ વગેરે રંગોથી મઢેલા છ પ્રકારના મયૂરો છે, જે આનન્દમાં આવી જાય ત્યારે પોતાનાં વિવિધરંગી પીંછાં ફેલાવી અનેકવિધ નૃત્યો કરવા લાગે છે. ખાસ કરીને વર્ષા ઋતુમાં જ્યારે વાદળાં આકાશમાં ચઢી આવે છે ત્યારે હૃષ્ટ અને પુષ્ટ થઈ તેઓ મનોહર સ્વર વિસ્તારે છે. શાન્ત ચિત્તવાળાં આ પક્ષીઓ સામાન્ય રીતે નિકુંજોમાં તથા ઝાડની ડાળીઓ ઉપર રહેનારાં હોવા છતાં મનુષ્યો જ્યાં વસતા હોય તેવા પ્રદેશોમાં રહેવાનું પસંદ કરે છે. પોપટની માફક આ પક્ષીઓ પણ માન્યચરિતવાળાં અને ઘરની શોભારૂપ છે. ફળો, કીટકો તથા દૂધ, અન્ન વગેરે તેઓનો ખોરાક છે. મનોજ્ઞ આકૃતિવાળાં, સૂક્ષ્મ બુદ્ધિથી શોભતાં અને સદા સાન્ત્વયુક્ત સ્વરવાળાં તેઓ મનુષ્યને વશ થવાની અર્થાત્ પાલતૂ બનવાની લાલસાવાળાં હોય છે. ઠંડી, વાયુ, તડકો વગેરેથી ડરીને તેઓ છાયામાં રહેવાનું વધારે પસંદ કરે છે. કોપ, મોહ આદિ દુર્ગુણોવિહોણાં તે સર્વ પક્ષીઓના હિતમાં રત રહે છે. વર્ષાઋતુમાં તેમ જ ગ્રીષ્મમાં તેમની કામવાસના અધિક ઉત્કટ થાય છે. સામાન્ય રીતે આ પક્ષીઓને દોઢ વર્ષની ઉંમરે યૌવન સાંપડતું હોઈ તેઓ ત્યારે મયૂરીઓનો સંગ કરે છે. ઢેલમાતા પોતાનાં ઈંડાંને કાળજીથી રક્ષે છે, ઉછેરે છે. આચારાનુસાર પુષ્ટિ પામતાં, નયનોને આનન્દ અર્પનાર મોર જાતિનાં પક્ષીઓની છ જાતો છે: મયૂર, બર્હિન્, નીલકણ્ઠ, ભુજઙ્ગભુક્, શિખાવલ અને કેકિન્.

(૧) મયૂર : ' મયૂરો ' નીલવર્ણના, કંઈક ઉત્તુંગ શરીરવાળા, દીર્ઘ કંઠ તથા પગવાળા, મોટાં બર્હોથી વિભૂષિત થઈને અનેક રીતે કૂદતા સતત કેં કેં કર્યા કરે છે. પ્રાયઃ સાયંકાળે તેઓને વિવિધ પ્રકારનું નટન કરવાની વૃત્તિ સવિશેષ થાય છે. સ્વલ્પ આહાર લેનારા હોવા છતાં તેઓ કામપૂર્ણ હોય છે; ખરેખર શાન્ત સ્વભાવના હોવાથી તેઓ કોપહીન, મૃદુ સ્પર્શવાળા અને અત્યન્ત ભીરુ હોય છે. પર્જન્યના નાદથી તુષ્ટિ પામતા અને કંઈક સ્થૂળ શરીરવાળા આ મયૂરો તાપમાં નિદ્રાલુ બને છે અને સાન્ત્વયુક્ત વાણીવાળા હોય છે.

(૨) બર્હિન્ : ઠીક ઠીક તુંગ કાયાવાળા, વિવિધ વર્ણનાં બિન્દુઓથી સભર, તેજ તેમ જ સત્ત્વથી શોભતા તથા પુષ્કળ વિશાળ બર્હોવાળા હોવા છતાં હમેશાં ઝડપી ચાલવાળા મોર ' બર્હિન્ ' તરીકે ઓળખાય છે. તેઓ સતત આહારશીલ હોઈ કંઈક ક્રોધી હોય છે; યૌવનકાળે હૃદ્ય (= મનોહર) અને લાસ્ય (= સ્નેહાળ) બનતા તેઓ વિશેષતઃ બન્ને સંધ્યાએ ઢેલનો સંયોગ સાધે છે. ક્ષુદ્ર ચંચુપુટવાળા, ઘણા લાંબા પગવાળા અને વિશાળ પાંખોવાળા આ પ્રકારના મોર ઘણુંખરું છાયાવાસ વધારે પસંદ કરે છે અને સાયંકાળે તેમનું કુતૂહલ ખૂબ વધી જાય છે.

મેઘાડમ્બરથી તુષ્ટિ મેળવનારા અને શીતળ સ્થળમાં વસનારા બર્હીઓ સાન્ત્વયુક્ત વાણી વદનારા હોઈ સદા મનુષ્યોને વશ વર્તે છે અને તેથી તેમને પકડવા તથા કેળવવા એ અઘરું નથી. આથી તેઓ પોતાના માલિકના ક્ષેમમાં વધારો કરનારા ગણાય છે.

(૩) નીલકંઠ : 'નીલકંઠો'નું ગળું જ નહિ પણ બીજાં અવયવો પણ નીલાં હોય છે. આ પ્રકારના મોર સદા કૂદતા ફરતા હોઈ તેમનાં શરીર તેમ જ પગ સહેજ ટૂંકાં હોય છે. બાળકોની જેમ, વિશેષતઃ યુવતીઓ વડે, લાડ લડાવવા યોગ્ય હોય છે. ગાનપ્રિય નીલકંઠો મેઘકાલમાં નાના પ્રકારના નટનમાં–નૃત્યમાં–પ્રવૃત્ત બની જાય છે. અત્યન્ત કામુક હોઈ તેઓ હમેશાં ઢેલની સોબતમાં રહેનારા હોય છે. રાત્રે બહુ ઓછી ઊંઘ લેતા તેમનામાં ક્રોધ, મોહ આદિનો અભાવ હોય છે. તેઓ ખાસ કરીને નિષ્કુટ અર્થાત્ ક્રીડાવનો, ઉદ્યાનો તથા વીથીઓમાં વિહરનારા હોય છે. કંઈક વિશાળ નેત્રોવાળા અને મનોહર કલગીવાળા આ જાતના મોર તાજા અનાજના દાણાના લોલુપ હોય છે. હૃદ્ય વાણીવાળા નીલકંઠો સામાન્ય રીતે કામિનીઓના કામની વૃદ્ધિ કરનારા હોઈ ભૂખ લાગતાં ગુસ્સે થાય છે. વિવિધ રંગોના ચન્દ્રકોથી ઝળકી ઊઠતા નીલકંઠો એક પ્રકારની મનોજ્ઞ ગંધવાળા તથા જળક્રીડાવિહાર કરનારા હોય છે.

(૪) ભુજંગભુક્ : હ્રસ્વ શરીરથી શોભતા 'ભુજંગભુક્' મોરને વનવાસ અધિક પ્રિય છે. સર્પોને પકડવામાં તે સદા તત્પર રહે છે. વિશેષતઃ પ્રાતઃકાળમાં તે નિનાદ કરતા હોય છે. તેમનાં નયનો ક્રોધથી લાલ રહે છે. તે વનવૃક્ષોમાં વિચરે છે. સર્વ પક્ષીઓના હિતકર હોઈ મોટે ભાગે તે પદ્મવાળાં સરોવરોને કાંઠે વિહરતા હોય છે. સાયંકાળની વાયુલહરીઓથી હર્ષિત બનતા આ પ્રકારના મોર માંસભક્ષણશીલ, કર્કશ રુંવાટીવાળા, ક્રુદ્ધ બને ત્યારે ગમે તેવાં ક્રૂર કર્મો કરતાં પણ નહીં ખચકાનારા અને માણસની ગંધ નહીં સહનારા હોય છે; તથાપિ તેમનો આહાર ઓછો છે અને કામવાસના પણ અલ્પ હોય છે. પ્રચંડ વેગ, ગતિ તેમ જ ક્રિયાવાળા તથા કૃશ અંગો અને પગવાળા તે ક્ષુદ્ર પક્ષીઓ માટે ભયરૂપ છે. શૃંગારચેષ્ટારહિત અને સ્વલ્પ દુર્ગંધ ફેલાવનાર ભુજંગભુક્ પ્રકારના મોરની વાણી બિલકુલ સાન્ત્વયુક્ત નથી હોતી અને તેથી પોતાનું શુભ ઇચ્છનારાએ આવા મોરથી સદા દૂર રહેવું જોઈએ.

(૫) શિખાવલ : 'શિખાવલ' મયૂરો ખાસ કરીને લાલ અને લીલા રંગથી સુશોભિત, સહેજ હ્રસ્વ શરીરવાળા, વિવિધ વર્ણોના અંકનવાળા, કોમળ રુંવાટીવાળા અને બહુ લાંબી ડોકવાળા હોય છે. આ જાતના કેટલાક મયૂરો લાંબી ચાંચવાળા તથા સતત ભ્રમણશીલ હોય છે. પોતાના માલિક તરફ વાત્સલ્યભાવ રાખનારા શિખાવલોને મનુષ્યોનું રહેઠાણ હોય તેવા સ્થળમાં રહેવાનું વધારે ગમે છે. કામિની ઢેલોને નૃત્ય કરતી જોઈ તે પણ નાચવા. લાગી જાય છે. મનોજ્ઞ પાંખોવાળા આ મયૂરો બાળકોની જેમ લાલન કરવા લાયક હોઈ કોઈ તેમને પાળે તે તેમને ગમે છે, પરન્તુ સાયંકાળે સર્વ બન્ધનો છેદી સ્વૈરવિહાર કરનારા મનાય છે. માંસ, અન્ન અને ફળો તેમનો ખોરાક હોઈ આ પ્રકારના મોર સૂક્ષ્મ મેધાવાળા, સુસાધ્ય, સરળતાથી શિક્ષણ આપી શકાય તેવા અને આંખોને ગમે તેવા હોય છે.

(૬) કેકિન્ : 'કેકી'ઓ કેકારવ કર્યા કરતા હોય છે. મનુષ્યોથી નહિ ડરનારા આ પ્રકારના મોર વીથીઓમાં છૂટથી સંચરે છે અને ભિન્ન ભિન્ન ગૃહો પર વસે છે. અતિતુંગ નહિ એવા તે

વિવિધરંગી બિન્દુઓના પ્રાચુર્યવાળા હોઈ અત્યન્ત કોમળ સ્પર્શ ધરાવે છે. બે બે ઘડીને આંતરે તે પોતાના નૃત્ય આદિનું પ્રદર્શન કરે છે. દીર્ઘિકાઓ, સરોવરો અને વાપીઓને કાંઠે તથા કુંજોની છાયામાં વસનારા આ કેકીઓ ગ્રીષ્મના તડકાથી અત્યન્ત સંતપ્ત થઈ જાય છે, તેથી તેમનો સ્વર પણ રુંધાઈ જાય છે અને કામિની ઢેલના સંગની લોલુપતા તેમનામાં જાગે છે. કુંકુમ (= કેસર) જેવાં નેત્રોવાળા આ પ્રકારના મયૂરોના પગ પણ લાલ હોય છે. તે નિંદ્ય કાર્યોથી દૂર રહેનારા હોઈ મનોજ્ઞ ગુણોથી મણ્ડિત હોય છે. આ રીતે કેકીઓને અનેકવિધ હૃદ્ય ગુણોવાળા ગણવામાં આવ્યા છે.

મયૂરીઓ અર્થાત્ ઢેલો પણ મોરના અહીં ગણાવેલા ગુણધર્મોવાળી હોય છે, માત્ર તફાવત એટલો જ કે તેમને મસ્તક પર કલગી હોતી નથી અને તેઓ સતત પોતાની ડોક હલાવ્યા કરે છે. તેમની મનોહર પાંખો ઉપરાન્ત તેમની ગતિની મનોજ્ઞતા પણ તેમની શોભા વધારે છે. મેઘધનુષ્યના રંગવૈવિધ્યથી યુક્ત, કંઈક ટૂંકા દેહવાળી ઢેલો અત્યન્ત શાન્ત અને સંતોષી સ્વભાવની હોય છે.

આ મયૂરપ્રજાતિ પ્રાયઃ વન્ય પક્ષી મનાય છે. તેઓનું યૌવન પાંચ વર્ષ સુધીનું ગણાય છે. તે અવધિ વીતતાં તેમનું શરીર વાર્ધક્યથી પીડાવા લાગે છે અને તેમના આયુષ્યની નિશ્ચિત પરમ અવધિ છ વર્ષની છે. જાતિ, ક્રિયા આદિના ભેદો અનુસાર મયૂર પક્ષીઓ 'રાજસ' પક્ષીઓમાં ઉત્તમ ગણાયા છે.[૨૮]

આ આલેખન મોરની આપણા 'રાષ્ટ્રીય પક્ષી' તરીકેની સમુચિતતા દર્શાવે છે.

મૃગ-પક્ષીઓના વિવિધ પ્રકારોનું વર્ણન આપ્યા પછી ઉપસંહાર કરતાં કવિ ફરી કહે છે કે રાજાઓએ પ્રયત્નપૂર્વક આ સર્વનું સંરક્ષણ કરાવવું જોઈએ.[૨૯] તે સ્પષ્ટતા કરે છે કે પોતે આ ગ્રન્થમાં જે આલેખન આપ્યું છે તે માત્ર શુદ્ધયોનિજ પશુપક્ષીનું જ છે. જાતિઓના મિશ્રણથી ઊભી થતી સંકીર્ણ યોનિઓનો આમાં સમાવેશ કરેલો નથી.

આ ગ્રન્થના કર્તાનું નામ **હંસદેવ** આપવામાં આવ્યું છે. આ **હંસદેવ** વિષે કશી માહિતી મળતી નથી. પ્રસ્તુત હસ્તલિખિત ગ્રન્થ પ્રાચ્યવિદ્યામન્દિરને ઈ. સ. ૧૯૩૦માં તિરુપતિના વિદ્વાન્ પુરાતત્ત્વવિદ્ પંડિત **વી. વિજયરાઘવાચાર્ય** પાસેથી મળેલો. તેમના જણાવ્યા પ્રમાણે તે તેરમા શતકમાં થઈ ગયેલ કોઈ જૈન કર્તા છે.

ઑફ્રેચની મહાસૂચિ (Catalogus Catalogorum)માં આ '**મૃગપક્ષિશાસ્ત્ર**' કે તેના કર્તા **હંસદેવનો** બિલકુલ ઉલ્લેખ જોવા મળતો નથી. તે જ પ્રમાણે **વિન્ટર્નિત્ઝના**

---

૨૮ पंचवर्षावधिवयस्तेषां यौवनमीरितम् ।
षड्वर्षाणि मयूराणां परमायुर्विनिश्चितम् ॥
जातिक्रियादिभेदेन ते मता राजसोत्तमाः ।

પત્ર ૧૪૧, પંક્તિ ૯–૧૧.

૨૯ तच्च ज्ञात्वा नृपश्रेष्ठाः रक्षयेयुः प्रयत्नतः ॥

પત્ર ૧૬૨, પંક્તિ ૬.

'ભારતીય સાહિત્યના ઇતિહાસ'માં તથા **કૃષ્ણમાચારિયર**ના 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'માં પણ તે બન્નેનો કોઈ નિર્દેશ મળતો નથી. **પં. ગૌરીશંકર હીરાચન્દ ઓઝા**એ તેમનાં 'મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ'વિષયક વ્યાખ્યાનોમાં આ ગ્રન્થનો ઉલ્લેખ કર્યો છે,[૩૦] અને **વાચસ્પતિ ગૈરોલા**ના 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'માં આના આધારે '**મૃગપક્ષિશાસ્ત્ર**' તેમ જ તેના રચયિતા **હંસદેવ**નો નિર્દેશ કરેલો છે.[૩૧] આ બન્ને ઉલ્લેખોમાં આ ગ્રન્થને એક મહત્ત્વપૂર્ણ ગ્રન્થ ગણેલો છે, પરન્તુ વિશેષ વિગતો આપેલી નથી. આથી આ નિર્દેશો **હંસદેવ** વિષે કોઈ વિગત મેળવવામાં સહાયભૂત થતા નથી.

ગ્રન્થના પ્રારમ્ભમાં, કર્તા કે ગ્રન્થનું નામ દર્શાવ્યા પહેલાં, "॥ श्रीः ॥ श्रीजिनशासनम् ॥" એવું વચન મૂકેલું છે. વળી ગ્રન્થનો પ્રથમ શ્લોક 'જિનપદસ્થાયી નૃપશ્રેષ્ઠ **શૌડદેવ**'ના વિજયનું આશીર્વચન ઉચ્ચારે છે.[૩૨] તદુપરાંત ત્રીજા શ્લોકમાં તેને '**જિનપુરાધીશ**' કહ્યો છે.[૩૩] આ નિર્દેશો ઉપરથી એમ કહી શકાય એમ છે કે **હંસદેવ** જૈન ધર્મ પાળનાર હતા.

આ ગ્રન્થના બન્ને ભાગોની પુષ્પિકાઓમાં સ્પષ્ટ જણાવેલું છે કે કવિ **હંસદેવ** '**મણ્ડક**' નામના ગામના નિવાસી હતા.[૩૪] આ '**મણ્ડક**' એ કયું ગામ હશે તે નિશ્ચિતરૂપે કહી શકાતું નથી. કદાચ મધ્ય પ્રદેશમાં **ધાર**ની પાસે આવેલ પ્રાચીન નગર '**માણ્ડૂ**' હોય ? તે ગામને હાલ '**માણ્ડૂ**' અગર '**માણ્ડોગઢ**' કહે છે. મુસલમાનોની અમલદારીમાં તે માળવાની રાજધાની પણ બની ચૂકેલું. નર્મદા નદીને તીરે ૧૯૪૪ ફૂટ ઊંચી અધિત્યકા પર વસેલું આ પરિત્યક્ત નગર ઈ. સ. ૩૧૩માં વસાવેલું મનાય છે. ત્યારે તે વિશેષ સમૃદ્ધિશાળી અને ૩૭ માઈલ લાંબા પ્રાકારથી ઘેરાયેલું હતું. ચૌદમા શતકમાં રાજા **હોસંગ ઘોરી**એ આજુબાજુ ખાઈ ખોદાવી સુરક્ષિત કરેલું, પરન્તુ ઈ. સ. ૧૫૨૬માં ગુજરાતના સુલતાન **બહાદુરશાહે** જીતીને પોતાના રાજ્યમાં ભેળવી

---

૩૦ ઓઝા, ગૌ. હી. : '**મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ**', ગુજરાતી અનુવાદ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૩૩, પૃ. ૧૧૪–૧૧૫.

૩૧ ગૈરોલા, વાચસ્પતિ : **संस्कृत साहित्य का इतिहास**, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૦, પૃ. ૭૩૧.

૩૨ जीयाज्जिनपदस्थायी सर्वसामन्तसेवितः ।
शौडदेवो नृपश्रेष्ठः शौर्यार्जितमहीतलः ॥

પત્ર ૧, પંક્તિ ૯–૧૦.

૩૩ जीयाज्जिनपुराधीशः समाश्लिष्टो जयश्रिया ॥

પત્ર ૧, પં. ૧૪.

૩૪ (क) इति **मण्डकग्रामवासिना** श्रीहंसदेवेन विरचिते मृगपक्षिशास्त्रे नानाविधमृगजातिस्वरूपादिवर्णनं नाम प्रथमो भागः समाप्तः ॥

પત્ર ૯૪, પં. ૭–૧૦.

(ख) इति **मण्डकग्रामवासिना** श्रीहंसदेवेन विरचिते मृगपक्षिशास्त्रे नानाविधपक्षिजातिस्वरूपादिवर्णनं नाम द्वितीयो भागः ॥

પત્ર ૧૬૩, પં. ૫–૭.

દીધેલું અને ઈ. સ. ૧૫૭૦માં સમ્રાટ્ **અકબર**ના આધિપત્યમાં ગયેલું.[૩૫] આજે એ સ્થળ પ્રાચીન અવશેષો માટે જાણીતું છે, પરન્તુ એ અવશેષો મુખ્યત્વે મુસલમાનયુગના જ છે.

જિનપુરના રાજા **શૌડદેવ**ની પ્રેરણાથી આ ગ્રન્થ રચાયાની વાત કર્તાએ કહી છે,[૩૬] પરન્તુ આ બન્ને નામ વાસ્તવિક નહિ પણ કવિનો કલ્પનાવિહાર જ લાગે છે. '**જિનપુર**' એ નામ જ્યાં અહિંસાનો પૂર્ણ પ્રભાવ હોય એવું સ્થળ દર્શાવવા યોજાયું જણાય છે. જો મૃગ-પક્ષીઓ પ્રત્યે અહિંસા આચરાય તો જ મૃગપક્ષિશાસ્ત્રની રચનાનું મહત્ત્વ અંકાય. **શૌડદેવ** કે **શૌઢદેવ** નામનો કોઈ રાજા ઇતિહાસને પરિચિત જણાતો નથી. આ નામ લખવામાં લહિયાની જો કંઈ ભૂલ થઈ હોય અને મૂળ '**શૌરિદેવ**' એવું રૂપ હોય, તો તેને 'મથુરાનો રાજા' ગણી શકાય. ગોપાલ અને ગોવર્ધનધારી શ્રીકૃષ્ણની એ નગરી માટે '**જિનપુર**' એ શબ્દપ્રયોગ અનુચિત ન ઠરે. પરન્તુ આ તો કેવળ આપણો તર્ક છે. આ અંગે કોઈ વિશેષ પ્રમાણો ઉપલબ્ધ ન હોવાથી આ સર્વ વિષે કંઈ જ નિશ્ચિત કહી શકાય નહિ. ગ્રન્થના પ્રારમ્ભમાં આપેલું જંગલનું વર્ણન પણ સામાન્ય હોઈ કોઈ વિશિષ્ટ વનનો નિર્દેશ કરી શકતું નથી. તેથી તે પણ સ્થળનો નિર્ણય કરવામાં સહાયભૂત થઈ શકે તેમ નથી. 'કાર્યજ્ઞ' અને 'મન્ત્રવિદાંવર' એવા **તારનન્દ**નામક મન્ત્રીને પણ ઇતિહાસ ઓળખતો લાગતો નથી. એટલે ગ્રન્થમાંની આ સર્વ વિગત **હંસદેવ** કે તેના નિવાસસ્થાન વિષે કોઈ વિશેષ પ્રકાશ આપી શકતી નથી. એ જ રીતે કર્તાનો કાળ પણ તે પરથી બિલકુલ કળી શકાય એમ નથી.

તથાપિ ઉપરિનિર્દિષ્ટ વિષયનિરૂપણથી સ્પષ્ટ થાય છે કે આ ગ્રન્થ અત્યન્ત મહત્ત્વપૂર્ણ છે.

---

૩૫ 'હિન્દી વિશ્વકોશ', પુસ્તક ૧૭, પૃ. ૩૫૩ ब અને ૩૫૪ अ.

૩૬ (क) शौडदेवो नृपश्रेष्ठः शौर्यार्जितमहीतलः ॥

પત્ર ૧, પં. ૧૦.

(ख) जीयाज्जिनपुराधीशः समाश्लिष्टो जयश्रिया ॥

પત્ર ૧, પં. ૧૪.

(ग) शय्योत्थायं ततः शौढमहीपालो मुदान्वितः ।

પત્ર ૩, પં. ૩.

(घ) शौडभूमिवलशासनाज्ञया
तन्मनःकमलसूर्यपादकैः ।
वर्णनक्रमपदैर्मया क्रमात्
गुंभितं हि मृगपक्षिशास्त्रम् ॥

પત્ર ૧૬૩, પં. ૧-૪.

ગુજરાતની કેટલીક નવી શોધાયેલી મૈત્રક, અનુમૈત્રક મહાગુર્જર અને આદ્યસોલંકીકાલીન પ્રતિમાઓ

હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી

સ્વાધ્યાયમાં અમે આ અગાઉ પ્રથમ લેખક દ્વારા શોધાયેલ "ગુજરાતની કેટલીક પ્રાક્સોલંકી અને સોલંકીકાલીન રસપ્રદ પ્રતિમાઓ" વિષે વાત કરી ગયા છીએ.[1] સામ્પ્રત લેખમાં પ્રથમ લેખકે સર્વેક્ષણ દરમિયાન જોયેલી મહત્ત્વપૂર્ણ પ્રાચીન પ્રતિમાઓ વિષે ધ્યાન દોરીશું. પ્રતિમાઓ ગુજરાતના ત્રણ પ્રમુખ હિસ્સાઓ—સૌરાષ્ટ્ર (સુરાષ્ટ્ર), ઉત્તર ગુજરાત (આનર્ત), અને મધ્ય ગુજરાત (લાટપંથક)—માં જોવા મળી છે. સમ્પ્રદાયની દૃષ્ટિએ તે શૈવ, સૌર અને વૈષ્ણવ એમ ત્રણ વિભાગમાં વિભક્ત થાય છે. સમયની દૃષ્ટિએ છઠ્ઠા સૈકાથી લઈ દસમા શતકના ત્રીજા ચરણ સુધીના ગાળામાં તે સૌને ક્રમવાર ગોઠવી શકાય તેમ છે.

આમાં પ્રથમ લઈશું શૈવ સમ્પ્રદાયની પ્રતિમાઓ તેમાં બે નન્દી પ્રતિમાઓ અને બે એકમુખ-શિવલિંગ અહીં ચર્ચીશું. લકુલીશની એક ઉપાસ્ય મૂર્તિ વિષે પણ જોઈશું.

નન્દીમાં પહેલો તો છે વલભીપુરથી દક્ષિણે દશ માઈલ દૂર આવેલ સાંઢીડા ગામના સાંઢેશ્વર ગામનો નન્દી: (ચિત્ર ૧). મધ્યમ માનના આ વૃષભની પ્રતિમાનો મુખભાગ અને શીંગડાં ખંડિત થયાં છે, પણ બાકીનો હિસ્સો સાબૂત છે. વૃષભનો દેખાવ વાસ્તવદર્શી હોવા છતાં, તેના શરીરની આકૃતિનો ઉપાડ કેવળ અલ્પ રેખાઓના છન્દ–વિન્યાસથી, ટાંકણાને ઘાટ ઉઠાવવા પૂરતું અને અંગઉપાંગોનો સ્પષ્ટ કરવા પૂરતું જ વાપરીને કરેલો છે. દ્રાવિડ દેશમાં પલ્લવકાલીન કલામાં અપનાવાયેલી, 'કેવલતા' પર ભાર મૂકનારી 'ટેકનિક'ને કંઈક મળતી ટેકનિક અહીં પ્રયુક્ત થઈ છે.[2] નન્દીનાં અલ્પ આભૂષણોમાં જોઈએ તો ડોકમાં પહેરાવેલ પટ્ટો અને કોટની પાછળથી સરકતી 'ઘુર્ઘુરમાલા' (ઘુઘરમાળ) કાઢેલી છે. ઘુઘરમાળનો પટ્ટો સાદો અને લાસો કરેલો છે. તેમાં નીચેની બાજુએ એક એક ઘુઘરી અને આંતરે આંતરે ચમરી બતાવી છે.[3] પગમાં કાંબી-કડલાં

---

૧ **સ્વાધ્યાય**, પુ. ૫, અંક ૪, વિ. સં. ૨૦૨૪.

૨ આ વિષય પર દ્વિતીય લેખકનો વિસ્તૃત લેખ "The Vṛṣa Images from Tamiḷnāḍu and Kannaḍanāḍu," *Arttbus Asiae*,માં પ્રકાશિત થઈ રહ્યો છે.

૩ શામળાજીમાંથી પ્રાપ્ત પુરાણા બે નન્દીમાંથી એકમાં આને મળતી ચમરીઓવાળી, પણ રત્નપટ્ટવાળી કેવળ ચામરમાળ છે; ત્યાં ઘુઘરા પરોવલ હોય તેમ જણાતું નથી. Cf. Pandharinath Inamdar, *Some Archaeological Finds in the Idar State*, Himatnagar, 1936, Pl. XIV Fig 33. (આ નન્દી મોટે ભાગે હાલ The Prince of Wales Museumમાં છે.) હાલ વડોદરા મ્યૂઝિયમમાં સ્થિત, બીજા નન્દીની ઘુઘરમાળ કેવળ ઘુઘરાઓથી સર્જાયેલી છે. (જુઓ U. P. Shah, *Sculptures from Samalaji and Roda*, Baroda, 1960, Fig. 93, p. 114. પહેલાં નન્દીનું ચિત્ર પ્રસ્તુત પુસ્તકમાં Fig. 2 રૂપે, p. 1 પર આવેલું છે.

પહેરાવ્યાં છે. વૃષભ નિઃશંક પ્રાચીન છે. તે મૈત્રક રાજ્યના હાર્દમાં—સામ્રાજ્યની રાજધાનીના સમીપવર્તી—ગ્રામમાંથી પ્રાપ્ત થયેલ હોઈ, તેનું ઘટન મૈત્રકકાળમાં થવા વિષે કોઈ શંકા રહેતી નથીઃ પણ મૈત્રકયુગમાં કઈ સદીમાં તેને મૂકી શકાય તેનાં અંદાજ-અટકળ કરવામાં આપણને તેનાં આભૂષણનું અલ્પત્વ, આભૂષણોનો પ્રકાર અને છેલ્લે તેની ઘટનશૈલી કંઈક મદદરૂપ થાય છે. આ મુદ્દાઓને લક્ષમાં લેતાં તેને સાતમા શતકના પૂર્વાર્ધમાં ક્યારેક મૂકી શકાય.[૪]

નન્દીમૂર્તિનું બીજું દૃષ્ટાન્ત (ચિત્ર ૨) નડિયાદ તાલુકાના દેવગામના ગોપેશ્વર મહાદેવના મન્દિરનું છે. ગુજરાતમાં મળી આવેલ નન્દી પ્રતિમાઓમાં આ કદાચ સૌથી મોટી હશે.[૫] નન્દીની મુખાકૃતિ ઘણી જ ખંડિત છે. મોઢા આગળ મોદકપાત્ર ઘડવાની તેમ જ તાપસની આકૃતિ કરવાની ચેષ્ટા કરેલી છે, પણ કામ અધૂરું રહ્યું છે. ગરદનમાં દોરડું પહેરાવેલું છે અને ખૂંધ પાછળ ઘુઘરમાળ સરકાવી છે. આ સિવાય પાછલા પગમાં મોટો તોડો પહેરાવ્યો છે. એકંદરે આ નન્દી આગળના વૃષભ જેવો સૌષ્ઠવપૂર્ણ નથી, પણ પ્રાચીન તેમ જ વિશાળકાય હોઇ, અહીં તેને કંઈ નહીં તો યે દસ્તાવેજરૂપે રજૂ કરવો યોગ્ય માન્યો છે.[૬] આ વૃષભ મૂર્તિમાં તેનું સમયાંકન કરવામાં સહાયક નીવડે તેવાં તત્ત્વો બહુ જ કમ છે; અહીં પણ કેવળતાનો પ્રભાવ અંગઘટનમાં વરતાતો હોઈ, તેમ જ ઘુઘરમાળનો પ્રકાર અને તેના વળાકાઓ લક્ષમાં લેતાં, ને તેના પર થોડોક દાક્ષિણાત્ય પ્રભાવ હોઈ, તેને રાષ્ટ્રકૂટ સમયમાં, અને ઓછામાં ઓછું નવમા શતકના પૂર્વાર્ધમાં મૂકી શકાય, તેવો તર્ક હાલ કરીએ તો અવાસ્તવિક નહીં ગણાય.

અહીં રજૂ કરી રહેલ બે એકમુખલિંગોમાંનું પહેલું (ચિત્ર ૩) ઊંઝા ગામમાં જોવા મળ્યું છે. મુખલિંગમાં શિવશીર્ષને 'જટાબન્ધ' કરેલો છે; પણ તેના દર્શન-ભાગમાં 'ચન્દ્રરેણાદિ' બતાવ્યાં નથી. લલાટમાં ત્રીજા નેત્રનું ચિહ્ન છે. ગળામાં 'એકાવલિ' પહેરાવી છે. મુખ ભાગમાં નાસિકા ખંડિત થયેલી છે, અને મુખાકૃતિ રૂપસુન્દર ન હોવા છતાં સંસ્કારી અને અભિવ્યક્તિપૂર્ણ તો લાગે જ છે, લિંગના ઉપલા ભાગની શિરોવર્તનાના મોવાડમાં માનુષલિંગ સૂચિત શિશ્નરેખા કાઢેલી છે. મધ્યકાળમાં મુખલિંગ કરવાની પ્રથા લગભગ બંધ જ થયેલી. અહીં એકાવલિની શૈલી,

---

૪ વલભીપુરના સિદ્ધેશ્વર મહાદેવના મૈત્રકકાલીન ૮ ફીટ લાંબા પોઠિયાનો ડા૦ હરિપ્રસાદ શાસ્ત્રીએ ઉલ્લેખ કર્યો છે તે વાત અહીં નોંધવી જોઈએ (જુઓ **મૈત્રકકાલીન ગુજરાત**, ભાગ ૨ જો. અમદાવાદ, ૧૯૫૫, પૃ. ૬૬૧-૬૬૨). આ નન્દીની તસવીર Mary L. Buthના *Archaeology of Kathiawad* (૧૯૨૦ ?)માં જોયાનું દ્વિતીય લેખકને સ્મરણ છે.

૫ પ્રથમ લેખકે લીધેલ માપ મુજબ તેની લંબાઈ લગભગ ૧૦ ફીટ ૬ ઇંચ અને ઊંચાઈ છે ૫ ફીટ ૧૧ ઇંચ.

૬ ઉત્તર ભારતની નન્દી પ્રતિમાઓ વિષે, તેના પ્રકાર, લક્ષણો અને સમયનિર્ણાયક તત્ત્વો વિષે હજી સંશોધન થયું નથી. અહીં અમારો અંદાજ દક્ષિણનાં સમાન્તર જણાતાં દૃષ્ટાન્તો સાથે તુલના કરીને કાઢેલો છે. તેને ઉત્તર ભારતના નન્દીઓના સ્વતન્ત્ર રીતે નિપજાવેલ કાલનિર્ણય સાથે સરખાવવો-ચકાસવો જોઈએ; પણ તે તો ભવિષ્યની વાત થઈ. હાલ પૂરતું અમે આપેલ અંદાજ ચાલશે અને તેમાં આઘુંપાછું અલ્પ પ્રમાણમાં જ થશે તેવું અત્યારે તો અમને લાગે છે,

જટાબંધનો પ્રકાર, ઊર્ણચિહ્ન અને શિશ્નાકારનો આભાસ, તેમજ આંખનો ભાગ કંઈક શામળાજીની આગલા કાળની મૂર્તિઓના અક્ષિભાગને મળતો હોઈ, આ એકમુખલિંગ નિશ્ચયતયા પ્રાચીન છે અને શૈલીનું પ્રમાણ લક્ષમાં લેતાં તેને કંઈ નહીં તો યે છઠ્ઠા સૈકામાં તો સ્હેજે મૂકી શકાય. (એકાવલિ ભુમરા અને નાચના કુઠારાના ગુપ્તકાલીન–પાંચમી સદીના ઉત્તરાર્ધના–એકમુખ શિવલિંગોમાં દેખાતી એકાવલિને મળતી હોઈ, ઉપલા તર્કને સમર્થન સાંપડી રહે છે.)

એકમુખલિંગનું બીજું દૃષ્ટાંત દેવહાર પાસેના મહાદેવના મન્દિરનું છે (ચિત્ર ૪). દેવહાર ગામ પંચમહાલ જિલ્લામાં આવેલ લુણાવાડાથી અલીરાજપુર જતાં સોળેક માઈલને અન્તરે આવેલું છે. મન્દિરોનું ઝુમખું જેમાંનાં એકમાં આ મુખલિંગ સ્થાપ્યું છે, તે ગામની આગમચ રસ્તા પર આવેલું છે.

શિવના મસ્તકે ઊંચેરો ' જટામુકુટ ' અને તેના નીચેના ભાગમાં ' મણિબન્ધ ' કાઢેલાં છે. મુખાકૃતિમાં દેખાતો બર્બરતાનો આભાસ તો કંઈક અંશે તેની ઉપસેલ ભ્રમરો ફરીથી ઘડેલી હોઈ તે કારણસર, કે પછી શિવનું અહીં ' અઘોર રૂપ ' વિવક્ષિત હોવાને કારણે હોવું સંભવે છે. ગળામાં એકાવલિના મણુકા ગોળ હોવાને બદલે અશ્રવાળા કર્યા છે. જમણા કાનમાં ધતુરાનાં પુષ્પ જેવો કંઈક આભાસ આપતું કુંડળ પહેરાવ્યું છે. ભાલે ત્રીજા લોચનનું ચિહ્ન છે. આ મુખલિંગ પણ પ્રાચીન તો જરૂર છે, પણ આગળ ચર્ચ્યું તે મુખલિંગથી સદી-દોઢ સદી પછીના કાળનું હોવાની સંભાવના છે.

અને હવે લઈએ અવાખલના શિવાલયના નવા બનાવેલ મંડપમાં મુકાયેલ લકુલીશની (ચિત્ર ૫) મૂર્તિ. અવાખલ ગામ વડોદરા જિલ્લાના સિનોર તાલુકામાં આવેલું છે: લકુલીશની પદ્માસનરુથ પ્રતિમા ઊર્ધ્વમેઢ્ર અવસ્થામાં બતાવી છે; જમણા હાથે માતુલિંગ અને ડાબા કરથી 'લકુટ'-દણ્ડ-નેગ્રહ્યો છે. શિવસ્વરૂપ મનાતા આ શૈવાચાર્યે સાદાં ' ઉપવીત ' અને ' કટિબંધ ' ઉપરાંત ' નિષ્કહાર ' અને ' કેયૂર ' પણ ધારણ કર્યાં છે; ને કર્ણે ' કુંડલ ' અને માથે જટામુકુટ છે; તદતિરિક્ત શીર્ષ પાછળ દેવત્વસૂચક સાદું પણ અંડાકાર ઘાટીલું ભામંડળ કરેલું છે. અવાખલ ગામ લકુલીશની જન્મભૂમિ કારવણ–કાયાવરોહણ–જ્યાં આવ્યું છે તે પાસે જ આવેલું છે. દેહના ઘડતરમાં અને આભૂષણોના કંડારમાં અહીં પણ કેવળતાની અસર દેખાઈ આવે છે. મુખાકૃતિમાં નાસિકા અને ઓષ્ટ ખંડિત થયેલાં અને ઘસાઈ ગયેલાં છે. પ્રતિમા ટિંટોઈથી મળી આવેલ શિવ-પાર્વતી યુગ્મના શિવનું કંઈક સ્મરણ કરાવે છે.[૭] પ્રતિમાનો કાળ સાતમા શતકનો હોવાનો અંદાજ બાંધી શકાય.

હવે લઈએ સૌર પ્રતિમાઓ. તેમાં પહેલી જોઈશું વીરમગામ તાલુકાના માંડળ ગામથી પાંચેક માઈલ દૂર આવેલ પનાર ગામના કુબેરેશ્વરના પશ્ચાત્કાલીન મન્દિરમાં રહેલી આદિત્યની પ્રતિમા (ચિત્ર ૬. જુઓ આ અંકના પાછળના પૂંઠાની અંદરની બાજુ). સૂર્યમૂર્તિઓમાં હોય છે તેમ અહીં ઉપાન, ' અવ્યંગ ' અને ' કવચ ' ધારણ કરાવેલાં છે. અલંકારોમાં ' કટિસૂત્ર, ' ' વનમાલા, ' ' હાર, ' ' ઉપગ્રીવા ' અને ' કટકવલય ' ઉપસ્થિત છે. બે હાથમાં હંમેશ મુજબનાં

૭ *cf.* Shah, fig. 4 અને શાસ્ત્રી, ૫૯, ૧૨.

કમળને સ્થાને લંબગોળ રેખાકૃતિમાં મુકુલ-સમૂહ બતાવ્યો છે, જે વસ્તુ વિરલ અને નવીન ગણાય. પુરાણી વિષ્ણુ અને સૂર્ય મૂર્તિઓમાં હોય છે તે પ્રમાણે અહીં ટોપાકારનું, મોઢા આગળ રત્નભૂષિત સ્વર્ણપદક સહિતનું, 'શિરોસ્ત્રાણુ' ધારણ કર્યું છે. પ્રતિમાની ગરદન ટૂંકી છે અને નાસિકા ટોચાયેલી છે. આંખો ફરીને ઘડી નાખી હોય તેમ લાગે છે. સૂર્યના પગની આજુબાજુ બટુક સ્વરૂપે 'દણ્ડી' અને 'પીંગળ' પ્રતિહાર બતાવ્યા છે. (તેમના મસ્તકે 'શકસ્ત્રાણુ' નથી બતાવ્યાં :) અને આ પાર્શ્વદેવોની પાછળ સૂર્યની બે પત્નીઓ' –છાયા' અને 'નિષ્પ્રભા'–નાં ભાવવાહી અને લલિત ભંગિથી સોહતાં બિંબ કંડારેલાં છે. સૂર્યમૂર્તિની ઘટનશૈલી અને સૂર્યપત્નીઓની કંડારશૈલી આઠમા શતકનો મધ્યભાગ હોવાનું સૂચવી જાય છે.

સૌરમત સંબંધક બીજી પ્રતિમા છે સૂર્યપુત્ર 'રેવન્ત'ની. સૂર્યને મુકાબલે રેવન્તની પ્રતિમાઓ અલ્પ પ્રમાણમાં અને ગુજરાતમાં તો અત્યન્ત જૂજવી મળી છે. (આઠમા શતકના અન્તભાગમાં મૂકી શકાય તેવી એક ઘસાઈ ગયેલી રેવન્ત-પ્રતિમા થાનના સૂર્યમન્દિરની જગતી પરની એક દેવકુલિકામાં દ્વિતીય લેખકે સન ૧૯૫૭માં જોયેલી.) પનારગામના પ્રસ્તુત કુબેરેશ્વર મન્દિરમાં રેવન્તની પણ એક મૂર્તિ છે (ચિત્ર ૭). કરણ્ડમુકુટધારી રેવન્તને જેમ અન્યત્ર બતાવ્યા છે તેમ અહીં છત્રધારી અનુચર સાથે અશ્વ પર સવારી કરી વન વીંધીને મૃગયાએ જતા ચિતાર્યા છે. વનનો સંકેત ઘોડા પાસે કોતરેલ વરાહ અને શિકાર કરી રહેલ ભલ્લુક દ્વારા મળી રહે છે. અશ્વની ઉપર ખડ્ગ અને ધનુષધારી ગુહ્યકો યા અનુચરો કંડારેલા છે. રેવન્તના હસ્તમાં પાત્ર છે. એક અનુચર કલશમાંથી રેવન્તના પાત્રમાં જલ કે સુરા રેડી રહ્યાનું દૃશ્ય અંકિત છે.

આ રેવન્ત-ફલક અન્તર્ગત આવેલ સૌ રૂપોની શૈલી મધ્યકાળ અને પ્રાક્મધ્યકાળના સન્ક્રાન્તિ સમયની હોઈ તેને દસમા શતકના પૂર્વાર્ધમાં મૂકી શકાય. શૈલી પૂર્ણતયા મહાગુર્જર છે. તેમાં મહામારુ શૈલીનો કોઈ પ્રભાવ જણાતો ન હોઈ, તેનું ઘટન દસમા શતકના ઉત્તરાર્ધ પહેલાં થયું હોવા માટે વિશેષ આધાર મળી રહે છે. કલાની દૃષ્ટિએ જોઈએ તો અશ્વમાં દેખાતો લોકકલાનો સ્પર્શ છે અને મનુષ્યાકૃતિઓનો ઉઠાવ મધ્યમ કક્ષાનો છે.

સૂર્યનું વિશિષ્ટ પ્રતિમાવિધાન ભારતમાં ઈરાનોત્પન્ન મગ બ્રાહ્મણો લાવ્યા અને ગુપ્તોત્તર-કાળમાં તેનો પશ્ચિમ ભારતમાં બહોળો પ્રચાર થયો તે વાત સુવિદિત છે. સૂર્યની સાથે ગુહ્યરાજ રેવન્તનું મૂર્તિકલ્પન પણ ઈરાનમાંથી આવેલું છે અને તે અશ્વારૂઢ ઈરાની દેવતા મિથ્ર (વૈદિક મિત્ર) પરથી ઊતરી આવેલું છે.[૮]

અને હવે છેલ્લે જોઈએ ભગવદ્ગ્રામ મોઢેરામાં તાજેતરમાં મળી આવેલ મહાગુર્જર શૈલીનાં કેટલાક શિલ્પ ખંડો ચિત્ર ૮ (જુઓ આ અંકનું મુખપૃષ્ઠ)માં રજૂ કરેલ 'ચમરાનાયિકા' માટે

---

૮ આ હકીકત દ્વિતીય લેખકને તેમના એક જર્મન મિત્રના અદ્યાવધિ અપ્રકાશિત લેખમાંથી પ્રાપ્ત થઈ છે. તેમનો લેખ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી તે પર વિશેષ કહેવું યોગ્ય નથી. રેવન્તના પ્રતિમા-વિધાનને લગનાં શાસ્ત્રીય અને સાહિત્યિક પ્રમાણો તેમ જ ભારતમાંથી અન્યત્ર મળી આવેલ રેવન્ત પ્રતિમાઓના વિવેચન માટે જુઓ B. N. Sharma, "Revanta in Literature and Art," *Purāṇa*, Vol. XIII, No. 2, July, 1971.



ચિત્ર ૧

નન્દી, સાંઢેશ્વર મહાદેવ, સાંઢીડા

(આશરે સાતમી સદી)

ચિત્ર ૨

નન્દી, ગોપેશ્વર મહાદેવ, દેવગામ

(આશરે નવમો શતક)

ચિત્ર ૩

એકમુખલિંગ, ઊંઝા

(આશરે છઠ્ઠી શતાબ્દીનો પૂર્વાર્ધ)

ચિત્ર ૪

એકમુખલિંગ, મહાદેવ મન્દિર, દેવહાર પાસે

(આશરે સાતમી શતાબ્દી)

ચિત્ર ૫

લકુલીશ, લકુલીશ મન્દિર, અવાખલ

(આશરે સાતમી સદીનો અન્ત ભાગ)

ચિત્ર ૭

રેવન્ત, કુબેરેશ્વર મહાદેવ મન્દિર, પનાર ગામ

(આશરે દશમી શતાબ્દીનો પૂર્વાર્ધ)

ભાગે તો મન્દિરની જંઘાને શોભાવતી હશે તેમ તેની ભગ્ન રથિકાના માનપ્રકાર દ્વારા અટકળ કરી શકાય. સુલલિત ત્રિભંગમાં સ્થિત આ અપ્સરાના અલંકારો ન ઓછા ન વધારે, એમ પ્રમાણ-સરના હોવા ઉપરાંત ભારેખમ નથી કર્યા. એથી દેહયષ્ટિનું લાવણ્ય અને સુડોળત્વ નિર્બાધ છતાં થઈ શકયાં છે. 'ધોતી' પરની સાદી પણ ઘાટીલી પટ્ટી જેવી 'કટિમેખલા,' જંઘા પર રમતું 'ઉરુદામ', ગળામાં 'મૌક્તિમાલા' અને એકાવલિ, ને ભુજાઓ પર મણિજડિત 'કેયૂર,' ને એ સૌ શણગારના શિરમોડ સમો, કમળના બીજકોશને વિંટાતી કેશફણાથી સર્જાતો અતિવ સુન્દર 'ધમ્મિલ મુકુટ' અપ્સરાના સારાયે દેહસંસ્થાનને માધુરીમંડિત બનાવી દે છે. નાયિકાનો દેહભંગ, આભૂષણના પ્રકાર અને પહેરવાની રીત, ધમ્મિલ મુકુટ, અને છેલ્લે પ્રફુલ્લ મુખાકૃતિ સ્પષ્ટતયા દસમા શતકના, એના મધ્યભાગનાં લક્ષણો બતાવી રહે છે.

ચિત્ર ૯(જુઓ આ અંકના પાછળના પૂંઠાની બહારની બાજુ)માં બે અલગ અલગ શિલ્પ પ્રદર્શિત થયાં છે. ડાબી બાજુએ વિષ્ણુ-પરિકરનો ટુકડો આવેલો છે. વિષ્ણુના તો કેવળ પગ જ શેષ રહ્યા છે; પણ તેના પરિકરનાં રૂપોમાં ચક્રપુરુષ અને તેની પાછળ પાતળા પણ લંબ શરીરવાળા અને અલ્પ અંલકારધારી 'પ્રતિહાર'ની ભાવપૂર્ણ પ્રતિમા જોઈ શકાય છે. ચિત્રની જમણી બાજુએ, ગૂઢમંડપની દ્વારશાખાનો નીચલો ભાગ હોય તેવો એક ખંડ રજૂ થયો છે. તેમાં નીચે રથિકામાં ચતુર્ભુજ 'વિદ્યાધર' કે 'કુમાર'નું સુરેખ રૂપ કંડાર્યું છે, જ્યારે ઉપલા ભાગમાં ભામંડળવાળા ચામરધારી પ્રતિહારની ત્રિભંગ ડોલનમાં સ્થિર સૌન્દર્યપૂર્ણ પ્રતિમા કંડારી છે. તેની આંખો કદાચ ફરીને ટાંચી હોય તેવી શંકા ઊઠે છે, પણ બાકીનું કામ મૂળ જેવું હશે તેવું જ રહ્યું છે. પ્રતિહારનો 'કટિબંધ' અને 'જાનુવસ્ત્ર' સાદાં છે, પણ તેની કલાત્મકતાની સમગ્ર અભિવ્યક્તિમાં પૂરાં પ્રભાવક બની રહે છે. ગળામાં પહેરેલા દઢ 'ગંઠા'ની, તે મણિ-મુક્તા મંડિત ન હોવા છતાં તેની એકલાની જ હાજરી પ્રતિહારને અલંકારવામાં બસ થઈ પડી છે. જમણા હાથના બાવડા પરનું દમામદાર, ભર્યું ભર્યું 'બાહુબલ' પણ ગંઠાની શોભાને સહિયારો આપે છે. પ્રતિહારના શિર પરનો મુકુટ વિશેષ ઝીણવટભર્યો અભ્યાસ માગી લે છે. મથરાવટીનો 'મણિબંધ' ઉતારી લઈએ તો બાકી જે રહે તે શંકુઘાટની ટોપીને દંડી અને પીંગળને ઘણી વાર પહેરાવવામાં આવે છે તે 'શકસ્ત્રાણ' હોય તેમ લાગે છે, અને જો તેમ જ હોય તો આ શિલ્પખંડ મોઢેરામં દસમા શતકમાં બંધાયેલા કોઈ સૂર્યમન્દિરની સાથે સંકળાયેલો હોવાનો તર્ક કરી શકાય.

ચિત્ર ૮-૯ના શિલ્પખંડોની સાધારણશૈલી એક જ જણાય છે, અને તે સૌ એક કાળનાં, એક રીતિની અભિવ્યંજનાના ફલસ્વરૂપ હોય તેમ માનવામાં હરકત જેવું નથી. મોઢેરાના ઈ.સ. ૧૦૨૭માં બંધાયેલા મૂલપ્રાસાદના મંડોવરની અને તેથી સ્હેજ પુરાણા કુંડની પ્રતિમાઓની શૈલી કરતાં આ શિલ્પોની શૈલી વેગળી અને વિશેષ પ્રાચીન છે. આ શિલ્પો મહાગુર્જર શૈલીનાં તો છે જ પણ તે પ્રસ્તુત શૈલીની ગુજરાતને આવરતી આનર્ત શાખાનાં હોવાને બદલે એક બાજુથી માલવા-ઉપરમાલ અને બીજી બાજુથી ચન્દ્રાવતી-અર્બુદમણ્ડલની કલાનો પ્રભાવ બતાવે છે.

આ દસમા શતકના મધ્યભાગનાં શિલ્પો મોઢેરામાંથી મળી આવતાં, તેમ જ તેમની શૈલીનું વિખ્યાત સૂર્યમન્દિરની શૈલીથી નોખાપણું અને સાથે જ વિશેષ પ્રાચીનપણું સિદ્ધ થઈ જતાં, તદ્

વિખ્યાત સૂર્યમન્દિરને દસમા શતકનું ગણવા માટે હવે બિલકુલ અવકાશ ન રહેતાં, પ્રસ્તુત મન્દિર ઈ. સ. ૧૦૨૭નું જ હોવાના મતને વિશેષ સમર્થન સાંપડી રહે છે.[૯]

ગુજરાતના અનુલક્ષમાં અહીં રજૂ કરેલ પ્રતિમાઓમાં નન્દી પ્રતિમાઓ તેમના પ્રાચીન-પણાથી, એકમુખલિંગો તેના પુરાણાપણા ઉપરાંત દુર્લભતાને કારણે, લકુલીશની આટલી જૂની ઉપાસ્ય મૂર્તિઓ બહુ જ ઓછી મળી છે તે કારણસર, સૂર્યની મૂર્તિ આઠમા શતકની સૂર્યપ્રતિમાની સમૃદ્ધિમાં વધારે કરે છે તે બદલ, રેવન્તની પ્રતિમા તેની વિરલતા સબબ, અને મોઢેરાના શિલ્પખંડો તેમની કલાત્મકતા અતિરિક્ત ત્યાંના સુપ્રસિદ્ધ સૂર્યમન્દિરનો કાળ તે પછીનો હોવાનું અસંદિગ્ધ રીતે સાબિત કરી દેતા હોઈ, તે સૌ ગુજરાતમાં પાંગરેલ પ્રતિમાવિધાનના તેમ જ ગુજરાતની શિલ્પ-કલાના ઐતિહાસિક અને રસલક્ષી અધ્યયનમાં ઉપયુક્ત થઈ પડે તેમ છે.

---

૯ મોઢેરાના નિર્માણકાળની વિસ્તૃત ચર્ચા માટે જુઓ દ્વિતીય લેખકના બે લેખો : **પથિક**, ગ્રન્થ ૯, અંક ૧૦, ઑગષ્ટ ૧૯૭૦ અને ગ્રન્થ ૯, અંક ૧૧, સપ્ટેમ્બર ૧૯૭૦.

'નવસાહસાંકચરિત'—એક દૃષ્ટિ

જગદીશ સી. જોશી

ઇતિહાસ એ સંસ્કૃત–સાહિત્યની એક નબળી કડી છે, અને તેમાંયે સંસ્કૃત સાહિત્યમાં જેમને ઐતિહાસિક કાવ્યો કહેવામાં આવે છે તે ઘણાં જ થોડાં જણાય છે; જોકે સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યનો પ્રકાર ખૂબ ખેડાયો છે, પરંતુ ઐતિહાસિક મહાકાવ્યોનું ૧૦મી સદીની આસપાસ સર્જન થયું છે એમ સંસ્કૃત સાહિત્યના ઇતિહાસનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે. અલબત્ત ૧૦મી સદી અગાઉ ઐતિહાસિક મહાકાવ્યોની જેમ બાણના 'હર્ષચરિત' જેવાં પુસ્તકોમાં જે તે સમયના રાજાઓની પ્રશસ્તિ તથા તેમનાં પરાક્રમો વગેરેનું વર્ણન જોવા મળે છે.

આ જ રીતે પ્રસ્તુત ઐતિહાસિક મહાકાવ્ય 'નવસાહસાંકચરિત'માં પણ આપણને કવિશ્રી પદ્મગુપ્ત કિંવા પરિમલે કરેલ તેમના આશ્રયદાતા સિન્ધુરાજનું ભવ્ય વર્ણન જોવા મળે છે. જેમ અન્ય ઐતિહાસિક મહાકાવ્યોમાં જે તે રાજાઓનો ઇતિહાસ મળે છે, તેમ આ કાવ્યમાં ઐતિહાસિક તત્ત્વ કરતાં કાવ્યતત્ત્વ ઉપર વધુ ઝોક આપવામાં આવ્યો છે. તેમાં ધારા નગરીના પરમારવંશનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત કાવ્યના ૧૫૩૫ શ્લોકો ૧૮ સર્ગોમાં વહેંચાયેલા છે અને તેનો નાયક નવસાહસાંક અથવા સિન્ધુરાજ છે. કાવ્યના આરંભમાં કાવ્ય રચવાનું પ્રયોજન અને અન્ય વિગતો આપવામાં આવી છે. કાવ્યની શરૂઆત કવિ ચંદ્રને નમસ્કાર કરીને કરે છે :

अव्यात् स वो यस्य निसर्गवक्रः
स्पृशत्यधिज्यस्मरचापलीलाम् ।
जटाविनद्धोरगराजरत्न-
मरीचिलीढोभयकोटिरिन्दुः ॥ १–१

અર્થાત્ : ભગવાન્ શિવના મસ્તક ઉપર રહેલ તે સ્વભાવથી વક્ર ચંદ્રમા તમારું રક્ષણ કરો કે જેના બન્ને છેડા (શિવમસ્તક પર રહેલ) સર્પરાજનાં મણિકિરણોને સ્પર્શ કરે છે અને જે કામદેવના પણછ ચડાવેલ ધનુષ્ય સમાન છે. (૧).

આમ કવિ ચંદ્ર, શિવ અને ગંગા વ.ને નમી બીજા શ્લોકમાં પણ ચંદ્રનો ઉલ્લેખ કરી ત્રીજા શ્લોકમાં ગણપતિનું સ્મરણ કરે છે :

कुम्भस्थली रक्षतु वो विकीर्ण-
सिन्दूररेणुद्विरदाननस्य ।
प्रशान्तये विघ्नतमश्छटानां
निष्ठ्यूतबालातपपल्लवेव ॥ १–३

મંગલાચરણના ઉપરોક્ત શ્લોકોના અભ્યાસથી સમગ્ર કાવ્ય જાણે કે આપણી સમક્ષ વંચાતું હોય અને કવિ જાણે કે આ શ્લોકો દ્વારા આપણને શ્રોતાઓને આશીર્વાદ આપી રહ્યા હોય એમ પ્રતીતિ થાય છે. એટલે આમ કાવ્યારંભ ખૂબ નાટચાત્મક છે અને પછીના શ્લોકોમાં કવિ પૂર્વેના ભર્તૃમેણ્ઠાદિ કવિઓને અંજલિ આપે છે :

तत्त्वस्पृशस्ते कवयः पुराणाः
श्रीभर्तृमेण्ठप्रमुखा जयन्ति ।
निस्त्रिंशधारासदृशेन येषां
वैदर्भमार्गेण गिरः प्रवृत्ताः ॥ १–५

અર્થાત્ઃ તત્ત્વને જાણનારા પુરાણ કવિઓ શ્રી ભર્તૃમેણ્ઠાદિ વિજય પામે છે કે જેમની કવિતા અસિધારાની જેમ વૈદર્ભીમાર્ગે ચાલતી રહી છે. (૫).

આમ પદ્મગુપ્ત કિંવા પરિમલ પ્રાચીન કવિઓની સ્તુતિ કરતાં ભર્તૃમેણ્ઠ વગેરે કવિઓનો ઉલ્લેખ કરે છે અને પછી જણાવે છે કે "સરસ્વતીરૂપી કલ્પલતાના બીજ રૂપ તે વાક્પતિરાજદેવને હું નમું છું કે જેની કૃપાથી હું પણ કવિઓથી પ્રશંસિત અને સર્વશ્રેષ્ઠ માર્ગ ઉપર ચાલી રહ્યો છું." ૧-૯.

કવિ આમ વાક્પતિરાજ ઉર્ફે મુંજની પ્રેરણાથી આ કાવ્ય રચવા હવે તત્પર થયા છે અને તે માટે તે કહે છે કે :

दिवं यियासुर्मम वाचि मुद्राम् अदत्त यो वाक्पतिराजदेवः ।
तस्यानुजन्मा कविबान्धवस्य भिनत्ति तां सम्प्रति सिन्धुराजः ॥ १–८

અર્થાત્ઃ વાક્પતિરાજદેવના (મુંજના) મૃત્યુ પછી મારી વાણી જે મૌન બની ગઈ હતી તે વાણીને આજે તે કવિબાન્ધવના નાનાભાઈ સિંધુરાજ કાવ્યનિર્માણ માટે પ્રેરણા આપી રહ્યા છે. (૮).

જેમ કવિકુલગુરુ કાલિદાસ રઘુવંશના પ્રારંભે નમ્રતા પ્રગટ કરે છે તેમ આપણા આ પદ્મગુપ્ત ઉર્ફે પરિમલ કવિ પણ પોતાની નમ્રતા પ્રગટ કરતાં કહે છે કે :

नैते कवीन्द्राः कति काव्यबन्धे तदेष राज्ञा किमहं नियुक्तः ।
किं वालुकापर्वतके धरेयम् आरोप्यते सत्सु कुलाचलेषु ॥ १–९

અર્થાત્ઃ શું કાવ્યરચવામાં આ કેટલાક કવિઓ નથી કે તે આ સિંધુરાજે આ કાવ્ય રચવા માટે મને આદેશ આપ્યો છે ? કુલપર્વતો હોવા છતાં આ પૃથ્વીને શું રેતીના પર્વતનો આધાર અપાય છે ? (૯).

આટલી ચર્ચા કરી કવિ પદ્મગુપ્ત ૧૪મા શ્લોકમાં રસની વાત કરે છે અને તેને વંદન કરતાં કહે છે : "તે સાહિત્યરસને નમું છું કે જેનો એક કણ પણ અન્તઃકરણને સ્પર્શીને સહૃદય વાચકોના મુખને આનંદપ્રદાન કરે છે અને દુષ્ટોના મુખને દુઃખી બનાવે છે." આમ આ શ્લોક રચી કાવ્યમાં રસનું શું સ્થાન હોવું જોઈએ તે અને તેનો સારોનરસો પ્રભાવ લોકો ઉપર કેવો પડે છે તે સૂચવે છે.

કવિ પદ્મગુપ્તના આશ્રયદાતા આ સિન્ધુરાજ તે જ નવસાહસાંક છે. કવિ ૧૬મા શ્લોકમાં પ્રતિજ્ઞા કરે છે કે: "હવે હું અવન્તિનાથરૂપી પારિજાતથી ઉત્પન્ન, ચંદ્ર સમાન ઉજ્જવળ યશરૂપી પુષ્પોની માળા બનાવી બધાની સમક્ષ જ દિગ્વધૂઓના કર્ણાભરણ બનાવવા ઇચ્છું છું." ટૂંકમાં તે પ્રસ્તુત કાવ્ય દ્વારા કવિ સિન્ધુરાજની કીર્તિ ફેલાવવા ઇચ્છે છે.

પ્રથમ સર્ગમાં પ્રારંભના શ્લોકોમાં આ પ્રકારની ચર્ચા કરી કાવ્યના વસ્તુ તરફ કવિ વળે છે:

अस्ति क्षितावुज्जयिनीति नाम्ना पुरी विहायस्यमरावतीव ।
बबन्ध यस्यां पदमिन्द्रकल्पः श्रीविक्रमादित्य इति क्षितीशः ॥ १-१७

આવી સુંદર ઉજ્જયિની નગરીમાં રાજા સિન્ધુરાજ રાજ્ય ચલાવતા હતા અને એમનું જ બીજું નામ નવસાહસાંક ઉર્ફે કુમાર નારાયણ પણ હતું. આ માટે નીચેના બે શ્લોકો અત્રે પર્યાપ્ત થશે:

राजास्ति तस्यां स कुलाचलेन्द्रनिकुञ्जविश्रान्तयशस्तरङ्गः ।
भास्वान् ग्रहाणामिव भूपतीनाम् अवाप्तसंख्यो धुरि सिन्धुराजः ॥ १-५८

તથા

निर्व्यूढनानाद्भुतसाहसं च रणे वृतं च स्वयमेव लक्ष्म्या ।
नाम्ना यमेके नवसाहसाङ्कं कुमारनारायणमाहुरन्ये ॥ १-५९

જે નગરીમાં નવસાહસાંક સિન્ધુરાજ રાજ્ય કરે છે તે નગરી ખરેખર દેવોને પણ ઈર્ષ્યા પમાડનારી છે. તેની સમૃદ્ધિનું વર્ણન કવિ મન મૂકીને મુક્ત કલમે કરે છે. કવિ વર્ણવે છે કે આ નગરી સમૃદ્ધ અને સુખી હતી, પ્રાસાદો અને મકાનો સફેદ હતા. ઉજ્જયિનીની રક્ષા માટે મોટા મોટા કોટકાંગરા વગેરેની રચના કરવામાં આવી હતી. વિલાસી સ્ત્રીપુરુષો નિર્ભયે વિલાસકેલિ કરતાં હતાં આવી વિલાસી સ્ત્રીઓ ખૂબ સ્વરૂપવાન હતી. વરાંગનાઓ સ્વરૂપવતી હોઈ તેમનું રૂપ હાવભાવને પ્રકટ કરતું અને હાવભાવ સાક્ષાત્ કામદેવનાં અસ્ત્ર હતાં. મકાનો ઉપર વાયુની પ્રચંડ ગતિથી ગેરુ રંગની ધજાઓ ફરફરતી હતી. ઘેરેઘેર સર્વ નરનારીઓની મણિમેખલાનો મધુર ધ્વનિ સંભળાતો. વળી જ્યારે ભગવાન રોહિણીપતિ ભવનોની બારીઓ આગળ નગરવધૂઓના મુખ-ચંદ્રની કાન્તિ દ્વારા વિહરતો ત્યારે કૃષ્ણપક્ષમાં પણ તે ક્ષીણ થતો નહિ. એટલે કે મુખચંદ્રની કાંતિ મેળવી સોળે કળાથી પૂર્ણ થતો હતો. સવારમાં પ્રત્યેક ઘરના આંગણામાં રાત્રિમાં સ્ત્રીઓએ પહેરેલી મોતીઓની માળાઓમાંથી સંભોગ સમયે તૂટેલ મોતીઓ ઝાડુથી વાળવામાં આવતા હતા. અહીંની દીર્ઘ નેત્રોવાળી નારીઓના કુચાગ્ર ભાગ ઉપર કસ્તૂરીની પત્રરચના કરવામાં આવતી હતી. અહીં પ્રતિક્ષણે રતિક્રીડાના મહોત્સવમાં અસ્તવ્યસ્ત વસ્ત્રવાળી સ્ત્રીઓને કૃષ્ણાગુરુધૂપના ધૂમ્રના રૂપમાં બારીક વસ્ત્ર અર્પણ કરાતું હતું. કોકિલાઓ પણ આમ્રકુંજમાં કલકૂજનને બહાને કામદેવની બાણવિદ્યાનો સતત અભ્યાસ કરતી હતી. અહીંની સ્ત્રીઓ બનાવટી ક્રોધ કરી પ્રિયતમની તરફ પીઠ કરીને ઊભી રહેતાં તેમનાં પ્રસન્ન મુખનું પ્રતિબિમ્બ જ્યારે ઘરની રત્નજડિત દીવાલોમાં પડતું ત્યારે યુવકજનો તે બનાવટી ક્રોધને શીઘ્ર ઓળખી કાઢતા. અહીંની નારીઓ સંભોગક્રીડા પછી

થાકીને પરસેવાથી રેબઝેબ થઈ કલાગુરુથી વિભૂષિત પોતાના કપોલ-પ્રદેશોને જ્યારે ઘરની વાવડીઓમાં જઈને ધોતી ત્યારે તે વાવડીઓનું પાણી પણ ગંદું બનાવી દેતી. અહીં મહાકાલેશ્વર છે અને પાસે જ શિપ્રા નદી છે તેમ જ શિવ તળાવ છે કે જેનું જળ પહેલાં કોઈ વાર બ્રહ્માના કમંડળના અતિપવિત્ર જળકણો દ્વારા ભરી દીધેલું હતું. શિપ્રા નદીના કિનારા પરનાં ઉદ્યાનોની તે નિકુંજો કે જેમાં રતિક્રીડાના પ્રસંગે કામી સ્ત્રીપુરુષોની મણિમેખલાઓ તૂટીને અત્રતત્ર પડી રહેતી અને શુક-સ્ત્રીઓના રતિ-સીત્કારના જેવું અનુકરણ કરાતું, (તે) જાણે કે સવાર પ્રેમીયુગલોના મિલન-સ્થાનનો પરિચય આપી રહ્યું છે, અહીંની નગરનારીઓ અંધારી રાત્રિઓમાં મણિથી રચાયેલાં ગવાક્ષોનાં કિરણોથી ગલીઓનો અંધકાર દૂર થતાં જ્યારે સંકેતસ્થાનો ઉપર જતી ત્યારે ગભરાટનાં માર્યાં તેમનાં સ્તનો કંપાયમાન બનતાં.

આટલું વર્ણન કરી કવિ કહે છે કે સિન્ધુરાજ આ નગરીનો રાજા હતો કે જેની કીર્તિ-નદીની લહેરો કુલપર્વતોની નિકુંજો સુધી પહોંચતી હતી અને જેમ ગ્રહમણ્ડલમાં સૂર્ય તેમ રાજ-મંડલમાં તેની ગણના થતી હતી. આગળ વધતાં કથાનકમાં સિન્ધુરાજનું પ્રતાપી વર્ણન કરી પદ્મગુપ્ત કહે છે :

> साम्राज्यभारोद्वहनप्रगल्भो यशोभटाख्यः सचिवोऽस्ति यस्य ।
> स्वसूक्तिचर्यास्वपरेण नाम्ना रमाङ्गदं यं कवयो वदन्ति ॥ १–८९

આવા પ્રતાપી સિન્ધુરાજના પ્રધાનનું નામ યશોભટ હતું અને લોકો તેને રમાંગદ પણ કહેતા. આ યશોભટ સમસ્ત સામ્રાજ્યના ભારને વહન કરવામાં કુશળ હતા. પ્રતાપી સિન્ધુરાજની કુલની રાજધાની ધારા નગરી હતી અને તે માટે કવિ કહે છે :

> विजित्य लङ्कामपि वर्तते या यस्याश्चनायात्यलकापि साम्यम् ।
> जेतुः पुरी साप्यपरास्ति यस्य धारेति नाम्ना कुलराजधानी ॥ १–९०

આમ આ ધારાનગરી રાજા સિંધુરાજનવસાહસાંકની બીજી કુલ ક્રમાગત રાજધાની હતી કે જે પોતાના ગૌરવથી લંકા જેવી નગરીને પણ જીતનારી હતી અને અલકાપુરી પણ તેની સરખામણી કરી શકતી ન હતી.

સમગ્ર મહાકાવ્યનું કથાનક જોતાં આપણને તે ઐતિહાસિક જણાય છે. નાયક સિન્ધુરાજ કેવી રીતે શશિપ્રભા નામની નાયિકા સાથે લગ્ન કરે છે તેની કથાથી આખું મહાકાવ્ય ગૂંથવામાં આવ્યું છે. જોકે કથા કવિની મૌલિક છે છતાં તેમણે તેમાં કાલિદાસ, બાણ વગેરે કવિઓનું અનુકરણ કર્યું છે. આ અનુકરણ પરત્વે તે કાલિદાસની વધુ નજીક છે; કારણ કે સમગ્ર મહાકાવ્યને તપાસતાં જણાય છે કે કવિ કલ્પનાઓ, વિચારો, રસ, વર્ણનો, શૈલી વગેરેમાં ભારોભાર અનુકરણ કાલિદાસનું કરે છે એટલું જ નહિ, પણ તેમની કૃતિઓનો અને ઉપમાઓનો પણ તે ઉલ્લેખ કરે છે.

નાયક સિન્ધુરાજ પોતાના સચિવ રમાંગદ સાથે જંગલમાં મૃગયાએ જાય છે. વિંધ્યા-ચલના જંગલમાં સિન્ધુરાજ મૃગને જુએ છે. તે મૃગના ગળે સોનાનો હાર હતો. રાજા તેની પાછળ પડે છે અને આખરે પોતાના નામથી અંકિત બાણ મારે છે. હવે રાજા નર્મદાકિનારે આગળ વધે

છે. ત્યાં રાજા મોતીઓનો હાર લઈને આવતા એક રાજહંસને જુએ છે. રાજા આ હાર લેવા તેની પાછળ પડે છે અને આખરે એક સરોવર પાસે હંસ તે હારને છોડીને પાણીમાં કૂદી પડે છે. રાજા હાર લઈ લે છે અને તેના ઉપર લખેલ નાગરાજ કન્યા "શશિપ્રભા"નું નામ વાંચે છે. રાજા તેનાં પ્રત્યે આકૃષ્ટ થાય છે. બીજી બાજુ શશિપ્રભાના ઘાયલ મૃગ સાથે રાજાનું બાણ પણ શશિપ્રભા પાસે જાય છે. તેના ઉપર "સિંધુરાજ નવસાહસાંક" નામ વાંચી શશિપ્રભા રાજા પ્રત્યે આકર્ષાય છે. એવામાં શશિપ્રભાની દાસી પાટલા રાજાને મળે છે. પાટલા રાજાને કહે છે કે તે શશિપ્રભાના હારને શોધે છે. હવે રાજા પેલો હંસનો હાર શશિપ્રભા માટે પાટલા દ્વારા મોકલાવે છે અને સાથે પાટલાના આગ્રહથી રાજા પોતાનું બાણ લેવા પાટલા સાથે શશિપ્રભા પાસે જાય છે. બન્ને નાયક-નાયિકાનું આમ મિલન થતાં પ્રણય પાંગરે છે. પરંતુ રાજા હવે આકાશવાણી સાંભળે છેઃ "હે રાજા! તું શશિપ્રભાને મેળવી શકીશ નહિ. હે શશિપ્રભા! તું તારા પિતા પાસે ચાલી જા." આમ આકાશવાણી સાંભળી શશિપ્રભા અદશ્ય થાય છે અને રાજા તેના પ્રધાન સાથે નર્મદાકિનારે નર્મદાને મળે છે. નર્મદા તેને પાતાળમાં નાગોની નગરી ભોગવતીમાં મોકલે છે. અહીં નર્મદાનો મેળાપ થાય છે. રાજાને નર્મદા કહે છે કે શશિપ્રભાના પિતાની એવી પ્રતિજ્ઞા છે કે વજ્રાંકુશ રાક્ષસની લીલાગૃહની વાવડીમાં રહેલા સુવર્ણકમળને જે લાવીને મારી પુત્રીના કાનનું આભૂષણ બનાવશે તેને મારી પુત્રી પરણાવીશ. હવે રાજા નર્મદાની સલાહ લઈ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા રત્નપુરી નગરીમાં જાય છે. માર્ગમાં તેને વંકુમુનિનો મેળાપ થાય છે. તેમના આશીર્વાદ લઈ રાજા રત્નપુરી જઈ રમાંગદ, રત્નચૂડ અને નાગો તેમ જ વિદ્યાધરસેનાની મદદથી વજ્રાંકુશ રાક્ષસને હરાવી સુવર્ણકમળ મેળવે છે. શશિપ્રભાના પિતાની પ્રતિજ્ઞા પૂરી થતાં અંતમાં નાયક-નાયિકાનાં ધામધૂમથી લગ્ન થાય છે. લગ્નવિધિ પતાવી રાજા શશિપ્રભા સાથે પોતાની રાજધાની ધારાનગરીમાં પ્રવેશે છે.

આટલી દીર્ઘ કથામાં કવિએ કાદંબરી અને હર્ષચરિતની જેમ અનેક પ્રધાન ગૌણ પાત્રોને કાવ્યમાં સ્થાન આપ્યું છે. કવિની પાત્રસૃષ્ટિમાં નાયક સિંધુરાજ, નાયિકા શશિપ્રભા, નાયકનો મિત્ર રમાંગદ, પાટલા, અનંગવતી, નર્મદા, રેવા, વજ્રાંકુશ, વંકુમુનિ, મહાદાનવ, શંખચૂડ, રત્નચૂડ, એક વાનર, પોપટ, શિખણ્ડકેતુ, શશિખણ્ડ, માલતી, માલ્યવતી તથા નાગરાજ વગેરે છે. આમાં એક-બે પાત્રો સિવાય બધાં જ પાત્રો કાલ્પનિક છે.

કાવ્યનાયક સિંધુરાજ વીર, સાહસી, પરાક્રમી અને ઋજુ હૃદયવાળો છે. અલંકારશાસ્ત્ર મુજબ તે ધીરોદાત્ત અને ધીરલલિત છે. સમગ્ર મહાકાવ્યમાં કવિએ તેનું એક વીર રાજા તરીકે, એક પ્રેમી તરીકે અને એક કુશળ લડવૈયા તરીકે આલેખન કર્યું છે. આ સાથે તેની તથા તેના વંશની ઉત્પત્તિ પણ દૈવી વર્ણવી છે. કવિ જણાવે છે કે જે દિવ્ય વંશમાં તે જન્મ્યો તે વંશમાં એક માણસ વશિષ્ઠની યજ્ઞમાં આપેલી આહુતિ દ્વારા જન્મ્યો અને તે માણસે વશિષ્ઠની ગાય વિશ્વામિત્ર પાસેથી પાછી મેળવી. હવે મુનિ વશિષ્ઠે તેનું "પરમાર" એમ નામ આપ્યું. આ પરમારવંશમાં ઉપેન્દ્ર નામે રાજા થયો અને તેના પછી ઘણા રાજાઓ પછી વાક્પતિરાજ જન્મ્યા. વાક્પતિરાજનો પુત્ર વૈરિસિંહ અને તેનો પુત્ર શ્રી સીયક થયો. પછી સિંધુરાજ અને તેમના મોટાભાઈ વાક્પતિરાજ બીજા એમ બન્ને જન્મ્યા. આ વાક્પતિરાજ ખૂબ વિદ્વાન હતા. તેથી કવિ કહે છે કે જ્યારે વિક્રમાદિત્ય અને સાતવાહન સમાપ્ત થયા ત્યારે દેવી શ્રી સરસ્વતીએ વાક્પતિરાજનો આશ્રય લીધો. કવિ કહે છે કે વાક્પતિરાજ પછી સિંધુરાજ થયા અને તે ખરેખર—

सदा समकरस्यास्य लक्ष्मीकुलगृहस्य च ।
सिन्धुराज इति व्यक्तं नाम दुग्धोदधेरिव ॥ ११–१०१

આવા સિન્ધુરાજ કેવા છે? તો તે માટે કવિ કહે છે:

प्रशास्ति परितो विश्वमुज्जयिन्यां पुरि स्थितः ।
अयं ययाति-मान्धातृ-दुष्यन्त-भरतोपमः ॥ ११–९९

આ પ્રતાપી રાજા યયાતિ, માન્ધાતૃ, દુષ્યન્ત અને ભરતની જેમ ઉજ્જયિનીમાં રાજ્ય કરે છે. આ રાજા ખૂબ સાહસિક પ્રતાપથી યુદ્ધ કરે છે અને તેનો આખરે વધ કરે છે ત્યારે કવિ વીરરસમાં લખે છે:

क्रोधादथार्धशशलाञ्छनसोदरेण बाणेन वासवरिपोर्नवसाहसाङ्कः ।
चिच्छेद राम इव विश्रवसः सुतस्य पीनांसलोलमणिकुण्डलमुत्तमाङ्गम् ॥ १७–६९

અર્થાત્: જેમ રામે રાવણના પુષ્ટ અને મણિકુંડળવાળા મસ્તકને કાપી નાખ્યું તેમ ક્રોધમાં સિંધુરાજે અર્ધચન્દ્રાકાર બાણથી તે રાક્ષસ વજ્રાંકુશનું મોટી ગરદનવાળું અને મણિકુંડળોવાળું મસ્તક કાપી નાખ્યું. (૬૯).

આવો રાજા જ્યારે ૧૮મા સર્ગમાં વિજયપતાકા સાથે ભોગવતી નગરીમાં સુવર્ણકમળ લઈ પ્રવેશ્યો, ત્યારે નાગરાજ શંખપાલે તથા નગરના લોકોએ તેનું ભારે સ્વાગત કર્યું. નાગરાજની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તેણે માલ્યવતીના વચન મુજબ શશિપ્રભાના કાનને સુવર્ણકમળથી વિભૂષિત કર્યો:

उक्ते तथेत्यकृत काञ्चनपुष्करं तत्
यावत् स कर्णशिखरे फणिराजपुत्र्याः ।
तावद् विहाय मृगरूपमुदारमूर्ति-
रग्रे बभूव पुरुषोऽस्य सहेमवेत्रः ॥ १८–४१

નાગરાજ શંખપાલે શશિપ્રભાનો લગ્નવિધિ ખૂબ ધામધૂમ અને ભારે આદરસત્કારથી કર્યો. પછી ભારે ધામધૂમ સાથે રાજાને પોતાની પુત્રી શશિપ્રભા સાથે ઉજ્જયિની વિદાય કર્યો.

આમ આ બધું નિરૂપણ જોતાં લાગે છે કે અહીં કવિએ ભારોભાર શૃઙ્ગાર અને વીરરસનું નિરૂપણ કર્યું છે. આ નિરૂપણમાં ક્યાંયે નીરસતા લાગતી નથી. એક પછી એક નાનામોટા બનાવો આવે જાય છે અને વાચકના માનસપટલ પર સચોટ છાપ પાડી જાય છે.

આ મહાકાવ્યનું બીજું અગત્યનું પાત્ર શશિપ્રભા છે. આ કાવ્યની તે નાયિકા છે. તેનું રૂપ જગપ્રસિદ્ધ છે, પણ તેના પિતાનો મોટો દુશ્મન વજ્રાંકુશ રાક્ષસ છે.

અહીં નાયક નાયિકાને પ્રથમશ્રવણે પ્રેમ એ મુજબ પ્રણય થાય છે. અને બન્નેનું મિલન કવિ છેક સાતમા સર્ગમાં કરાવે છે. આ માટે મહત્ત્વનો ભાગ શશિપ્રભાની સખીઓ પાટલા અને અનંગવતી ભજવે છે. રમાંગદ ૭મા સર્ગમાં શશિપ્રભા વિષે રાજાને કહે છે:

अवैमि शैवेयममोघमायुधं मनोभुवः पन्नगराजकन्यका ।
उदंशुलेखेन मुखेन कुर्वती जगद् विलीनेन्दु विलोकनस्पृहम् ॥ ७-४

અર્થાત્ઃ એવું પ્રતીત થાય છે કે કામદેવનું અસ્ત્ર બનેલ નાગરાજકન્યા આ શશિપ્રભા છે કે જેના મુખચંદ્રમાંથી સૌંદર્યનાં કિરણો સતત નીકળ્યા કરે છે અને તે પ્રાણિમાત્રનેચંદ્ર તરફ ઉદાસીન બનાવે છે. આમ રમાંગદ શશિપ્રભાને જુદા જુદા શબ્દોથી વર્ણવે છે. તે મુજબ શશિપ્રભા કામદેવનું અમોઘ આયુધ, સુધા, મોહક હાવભાવની જનની, રત્નદીપિકા, વિશ્વના નેત્રરૂપી ચકોરોને તૃપ્ત કરનારી ચાંદની અને કામદેવની અગ્રપતાકા છે. આટલું જ નહિ પણ કાલિદાસ જેમ વિક્રમોર્વશીયમ્ નાટકમાં ઉર્વશી વિષે કહે છે તેમ પદ્મગુપ્ત રમાંગદ દ્વારા શશિપ્રભા વિષે વર્ણવે છે કે :

इयत्तया मुक्तमवैमि नैपुणं प्रजापतेरद्भुतशिल्पकर्मणि ।
नृपोपमानामुपमानतां गतं विनिर्मितं येन हि रत्नमीदृशम् ॥ ७-७

અર્થાત્ઃ આ બધાં ઉપમાનોની પણ ઉપમાન છે. આવા આ લોકોત્તર રત્નને વિધાતાએ રચ્યું છે. એથી જણાય છે કે તે હવે નિર્માણ કરવાની ક્રિયાની સીમામાંથી મુક્ત થયા છે. (૭-૭)

આવી શશિપ્રભા માટે કવિ વર્ણવે છે કે :

अरालकेशीयमनेन भाति ते शरेण कार्तस्वरपुङ्खशोभिना ।
निसर्गगौरेण नरेन्द्ररश्मिना सकज्जला दीपशिखेव शर्वरी ॥ ७-९

આ શ્લોકમાં કવિ કાલિદાસના રઘુવંશનું અનુકરણ કરતા સ્પષ્ટ જણાય છે.

સાતમા સર્ગમાં શશિપ્રભાનું મિલન રાજા સાથે થાય છે ત્યારે રાજા શશિપ્રભાના રૂપથી અંજાઈ તેણીને કહે છે :

अनेन ते सुन्दरि दर्शनेन वा कृतोपचारोऽस्मि कियत् कदर्थ्यसे ।
न वीक्षते वल्गु न मञ्जु भाषते गता क्वचिल्लोचनवर्त्म मालती ॥ ७-४७

તથા

कुतूहलाध्यासितमध्यलोकया
त्वया मुहूर्तं फणिलोककौमुदि ।
अवैमि पातालमवाप्तसन्धिना
विलङ्घ्यते सन्तमसेन सम्प्रति ॥ ७-४९

આ મિલનપ્રસંગે માલ્યવતી શશિપ્રભાને ખૂબ ધીરજ અને હિંમત આપે છે. શશિપ્રભા મદનશરવિદ્ધ છે એટલે તેણે રાજાનું ચિત્ર દોર્યું છે અને તેના રૂપનું પાન કરે છે. રાજા હવે ચિત્ર વિષે શશિપ્રભાને પૂછે છે. આખરે બન્ને નાયક-નાયિકા પોતાનો અરસપરસનો પ્રણય સ્પષ્ટ કરે છે અને તે સમયે આકાશમાં મેઘાડમ્બર છાયો છે અને વાતાવરણ બિહામણું બને છે. આ સમયે શશિપ્રભાની ઇચ્છા રાજાના બન્ને હાથમાં છુપાઈ જવાની છે. ત્યારે કવિ વર્ણવે છે :

अथ समुदितत्रासा मेघस्वनान्ननु भूपतेर्
भुजपरिघयोरन्तर्बाला प्रवेष्टुमियेष सा ।
किमसि चकिता मा त्वं भैषीरितो भव लज्जया ।
कृतमिति च तामूचे देवः स साहसलाञ्छनः ॥ ७–४२

ઉપર્યુક્ત શ્લોકમાં શશિપ્રભાની ઇચ્છા જાણી રાજા કહે છે, "હે શશિપ્રભા! તું કેમ ગભરાય છે? બી નહિ. અહીં આવ અને તારી લજ્જાનો ત્યાગ કર."

આઠમા સર્ગમાં બન્ને એકબીજાને સતૃષ્ણ નિહાળે છે. પરંતુ અહીં નાયિકા આકાશવાણી મુજબ અદૃશ્ય થાય છે. રાજા તેની શોધ કરે છે અને આમ કવિ કાલિદાસના વિક્રમોવર્શીયમ્ નાટકના નાયક પુરૂરવા રાજાની જેમ પોતાની પ્રિયા માટે વિલાપ કરે છે. નર્મદા પાસેથી તે શશિપ્રભાના લગ્નની, તેના પિતાની પ્રતિજ્ઞાની હકીકતો જાણે છે અને પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તે પાતાળમાં જાય છે. માર્ગમાં ૧૬મા સર્ગમાં પાટલા અને રાજાનું મિલન થાય છે. આ પ્રસંગે શશિપ્રભાનો પત્ર પાટલા રાજાને આપે છે. પત્રમાં શશિપ્રભા પોતાની અસહ્ય કામપીડા જણાવી કહે છે :

तावदागच्छ वेगेन गृहीत्वा हेमपङ्कजम् ।
अनङ्गविधुता यावदियं श्वसिति नः सखी ॥ १६–४६

આખરે રાજા વજ્રાંકુશને મારી શશિપ્રભાના પિતાની પ્રતિજ્ઞા પૂરી કરે છે અને આમ ૧૮મા સર્ગમાં બન્નેનું લગ્ન કવિ કરાવે છે. કવિ આ પ્રસંગે જાણે કે કાલિદાસના રઘુવંશના ઈન્દુમતી-સ્વયંવરનું અનુકરણ કરતાં હોય તેમ શશિપ્રભાનું વર્ણન કરે છે.

ज्योत्स्नासिताम्बररूचिस्नपिताननेन्दु-
र्मात्राऽचिरोद्गतयवाङ्कुरकर्णपूरम् ।
मुक्त्वोज्ज्वलं ललितकौतुककङ्कणं च
वेषं विवाहसमयोचितमुद्वहन्ती ॥ १८–३४

આ પ્રસંગે કવિ શશિપ્રભા વિષે ઘણાં બધાં વિશેષણો વાપરે છે. તે કહે છે કે શિરીષપુષ્પની જેમ કોમળ દેહવાળી આ સુંદરી જાણે કે કામદેવના ધનુષ્યની દોરી છે. તેણે વિવાહના સમયને યોગ્ય વસ્ત્રાલંકાર સજ્યા છે અને તેથી તે ખૂબ સુંદર લાગે છે. આ સમયે શશિપ્રભા એવી જણાય છે કે જાણે કે સુસજ્જિત પ્રસાધનવાળું કામદેવનું વિલાસવેશ્મ, નયનોના હાવભાવથી ભરેલ તથા આનંદ આપનારી શૃઙ્ગાર રૂપી ક્ષીરસાગરની આધિષ્ઠાત્રી દેવતા જાણે કે સૌંદર્યવાળાં અંગોને ધારણ કરીને આવી હોય એમ લાગે છે. જેમ કે :

आत्तप्रसाधनमनङ्गविलासवेश्म लीलानिधानमवधिर्नयनोत्सवस्य ।
लावण्यसंवलितमङ्गकमुद्वहन्ती श्रृङ्गारदुग्धजलधेरधिदेवतेव ॥ १८–३६

સમગ્ર મહાકાવ્યને વિકસાવનારાં ગૌણ પાત્રો રમાંગદ, પાટલા, રત્નચૂડ અને નર્મદા છે. આપણને પ્રથમ સર્ગમાં જ ગૌણ પાત્ર રમાંગદ વિષે માહિતી મળે છે. રમાંગદનું કવિએ એક કુશળ સચિવ તરીકેનું ચિત્ર દોર્યું છે. તે રાજા સાથે મૃગયા રમવા જંગલમાં અને વજ્રાંકુશના વધ માટે

યુદ્ધમાં પણ જાય છે, રાજા જ્યારે કામાવસ્થામાં હોય છે ત્યારે તેના માટે પ્રિયાની વાર્તા, તેનું ચિત્ર વગેરેની ચર્ચા કરે છે. આમ રમાંગદ કિંવા યશોભટ એક વ્યવહારુ અને વીર પાત્ર છે. તે સિન્ધુ-રાજનો સંદેશો લઈ વજ્રાંકુશના દરબારમાં જાય છે અને રાક્ષસ વજ્રાંકુશને સંદેશો સંભળાવે છે કે:

अनेनेच्छसि चेत् कर्तुं सख्यं साहसलक्ष्मणा ।
तत् कार्तस्वरराजीवमानीय स्वयमर्प्यताम् ॥ १६–८९
लुम्पन्ति त्वन्मुखच्छायां यावन्नास्य चमूरजः ।
कुरुष्व तावदातिथ्यं हेमाब्जेन महीभुजे ॥ १६–९०

પરંતુ આ શાણી સલાહ વજ્રાંકુશ રાક્ષસે માની નહિ અને રમાંગદ સાથે તેના દરબારમાં જ તેણે ઉગ્ર ચર્ચા કરી. આ સમયે વીરરસની ઉક્તિઓમાં રમાંગદે તેને જણાવ્યું કે:

अथवा सुभटैः सार्धमुत्तिष्ठ पुरतो भव ।
समं विद्याधरानीकैरयमायाति भूपतिः ॥ १६–११७

અર્થાત્: અથવા (હે વજ્રાંકુશ !) તમારા યોદ્ધાઓ સાથે ઊભા થાવ અને યુદ્ધ માટે તૈયાર થાવ. આ સિન્ધુરાજ વિદ્યાધરોની સેનાની સાથે યુદ્ધ કરવા માટે આવી રહ્યા છે. તેમ જ

किमन्यत् सममेतेन शिरस्तामरसेन ते ।
हेमकोकनदं देवः स्वयमेव ग्रहीष्यति ॥ १६–११८

આ બધી વજ્રાંકુશ સાથેની ચર્ચામાં તેની વ્યવહારુ રાજનીતિ આપણને જણાય છે.

રમાંગદ જેવાં બીજાં ગૌણ છતાં મહત્ત્વનાં પાત્રો છે પાટલા, અનંગવતી, નર્મદ, વંકુમુનિ વગેરે. પાટલા અને અનંગવતીને શશિપ્રભા પ્રત્યે ખૂબ સ્નેહ છે અને શશિપ્રભાની કામાવસ્થા જાણીને તે રાજા સાથેના મિલન પ્રસંગો યોજી આપે છે. આ સખીઓ આટલું જ કરતી નથી પણ શશિપ્રભાનો પ્રેમપત્ર રાજા પાસે પહોંચાડે છે અને ૧૮મા અંકમાં તો આ બધી સખીઓ શશિપ્રભા સાથે રાજાને ત્યાં ધારાનગરીમાં જાય છે અને પછી ધારાનગરીથી પાછા આવતાં શશિપ્રભાને સલાહ આપે છે કે:

मा भूः कदापि विमुखी रमणे यदस्य
छन्दानुवृत्तिरतिसंवननं मदस्य ।
उक्त्वेति तामहिसुतामगमन् गृहाणि
गन्धर्वकिन्नरमहोरगसिद्धकन्याः ॥ १८–६७ ·

આ સિવાય નર્મદા રાજાને શશિપ્રભાની અને તેના પિતા શંખપાલની પ્રતિજ્ઞાની માહિતી આપનારું પાત્ર છે. વંકુમુનિ અને રત્નચૂડ પણ રાજાને મુશ્કેલીમાં મદદ કરનારાં ગૌણ પાત્રો છે. આ પાત્રોને કવિએ યોગ્ય સાહિત્યિક ન્યાય આપ્યો છે.

પ્રસ્તુત મહાકાવ્યમાં અલંકારશાસ્ત્ર મુજબ જોતાં શૃઙ્ગાર અને વીર રસને યોગ્ય ન્યાય અપાયો છે. આ રસો કાવ્યમાં અંગ અને અંગી તરીકે નિરૂપાયા છે. શૃઙ્ગારમાં પણ વિપ્રલંભ

અને સંભોગશૃઙ્ગારમાંથી વિપ્રલંભશૃઙ્ગાર અસંખ્ય સ્થળે વર્ણવાયો છે. ૧૭મા સર્ગમાં બીભત્સ રસ યુદ્ધના બ્યાનમાં સ્થાન પામ્યો છે. છતાં વીરરસની અસરથી તે થોડો દબાય છે. આ સિવાય અદ્ભુત રસ ૧૩મા સર્ગમાં રાજા અને વાનરની અરસપરસની ભેટ આપતી વખતે અને આ સર્ગમાં જ શિખણ્ડકેતુના પુત્ર શશિખણ્ડની વાતચીતમાં, ઉપરાંત આઠમા સર્ગમાં શશિપ્રભાના અદશ્ય થવામાં અને ૧૮મા સર્ગમાં શશિપ્રભાના લગ્ન પ્રસંગે નિરૂપાયો છે. અદ્ભુત રસ અને વીર રસના જેવો ગૌણ શાંત રસ આ કાવ્યમાં પણ સ્થાન પામ્યો છે. શાંત રસનું નિરૂપણ નદી, સાગર, વન, પર્વત તેમ જ જળાશયોનાં અન્ય વર્ણનોમાં કવિએ કર્યું છે; જોકે આ રસ ગૌણ સ્થાને છે. ભયાનક રસનું આલેખન ૭મા સર્ગના અંતમાં મેઘગર્જનના સમયે કવિએ આલેખ્યું છે, જ્યારે રૌદ્રરસ ૧૬મા સર્ગમાં રમાંગદ અને વજ્રાંકુશની વાતચીતમાં સ્થાન પામ્યો છે. કાવ્યમાં એકાદ સામાન્ય પ્રસંગ સિવાય ક્યાંયે કરુણ રસનું નિરૂપણ નથી.

પ્રસ્તુત મહાકાવ્યમાં પાત્રો, પ્રસંગો અને સ્થળને અનુરૂપ વર્ણનો કવિએ કર્યાં છે. આમાં પાત્રોનાં વર્ણનો તાદશ કર્યાં છે. આ વર્ણનોમાં કેટલીક વાર શ્લોકોની પરંપરા ચાલે છે. આ વર્ણનો જોતાં જણાય છે કે કવિને સ્થળ-કાળની પૂરી કાળજી છે. તેમ છતાં ગંગા, સાગર, વન, નદી વ. વર્ણનોમાં અતિદીર્ઘસૂત્રતા દશ્યમાન થાય છે તેથી વાચકોમા આવા સમયે નીરસતા પ્રવેશશે એમ દહેશત રહે છે. ઉદા. ત. ૧૩મા સર્ગમાંનું શશિખણ્ડ નામના પાત્ર દ્વારા કરાતું સમુદ્રનું વર્ણન કવિએ બે-ચાર સુંદર શ્લોકોમાં સમુદ્રનું વર્ણન કર્યું હોત તો તે પર્યાપ્ત હતું. પરંતુ એના બદલે આશરે ૧૧ જેટલા શ્લોકો લખી નિરર્થક રચના કરી છે. જોકે વર્ણન સુંદર છે. એ માટે બે મત નથી. પરંતુ જ્યારે વાર્તાનું વસ્તુ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે આ વર્ણન રસભંગ કરવાની ક્રિયામાં જવાબદાર બને છે. આવું જ ૧૪મા સર્ગમાં છે. આ સર્ગમાં જ્યારે રાજાનો રથ સેના સાથે આકાશમાં આગળ વધી રહ્યો છે, ત્યારે લેખકે પ્રેક્ષક સ્ત્રીના વર્ણનથી લગભગ આખા સર્ગનો ૭૫ ટકા જેટલો ભાગ રોકી લીધો છે, અને હજી પણ જાણે કે આટલા વર્ણનથી કવિ સંતોષ ન પામ્યા હોય તેમ, પાછું આ જ સર્ગમાં ગંગાનું વર્ણન આઠેક શ્લોકોમાં લખી સમસ્ત સર્ગ વસ્તુવેગના વિકાસ વગર પૂર્ણ કરી નાંખ્યો છે. આવી જ મોટી ભૂલ ૧૫મા સર્ગમાં કવિએ કરી છે. આખા સર્ગમાં જળક્રીડાનું વર્ણન કરી કવિએ કથાવસ્તુના વેગને સ્થગિત કર્યો છે.

આવાં વર્ણનોનો અભ્યાસ કરી અમને થાય છે કે આ મહાકાવ્યના વૈરી હોય તો આ દીર્ઘ દીર્ઘ સંખ્યાનાં વર્ણનો છે કે જેમાં ક્યાં ય કથાવેગનું નામનિશાન નથી, અને જાણે કે કવિ કથાવેગની ઉપેક્ષા કરી ઠંડા કોઠે વર્ણનો કર્યે જ જાય છે. આવું જ પુનરાવર્તન કવિએ કાવ્યના પ્રથમ સર્ગમાં કેવળ ઉજ્જયિનીનું અને સિન્ધુરાજનું વર્ણન કર્યું છે. કવિએ આખા સર્ગમાં વર્ણન કરવાને બહાને શ્લોકોની ઝડીઓ વરસાવી છે. આવી રીતે ૬ઠ્ઠો, ૧૧મો અને ૧૬મો સર્ગ જોતાં અનેક પ્રસંગો અને વર્ણનોનું બ્યાન આલેખી કવિએ સો ઉપર શ્લોકોની રચના કરી છે. અલબત્ત આટલા બધા પ્રસંગોનું નિરૂપણ લેખક તે તે પછીના સર્ગોમાં કરી શકે તેમ છે. છતાં ય કવિએ જાણે મન્દ ગતિ કરી રહેલા કથાવસ્તુ ઉપર શ્લોકોની ભારે સંખ્યારૂપી મોટો હિમાલય પર્વત મૂકી દીધો છે. આટલા ક્રૂર તે વળી કવિથી થવાતું હશે!

આમ આખું યે મહાકાવ્ય વર્ણન-પ્રધાન છે અને વર્ણનોની પરંપરામાં કથાનો વેગ અને રસનું તત્ત્વ ભૂલી જઈ પદ્મગુપ્ત આ કાવ્યના કેટલાક સર્ગોમાં કેવળ વર્ણનો રચી સર્ગોને સમાપ્ત કરે છે. ખરી રીતે તો વર્ણનોની પરંપરાની જટિલ જંગલની ઝાડીમાં સરિતા શી વાર્તાનો વેગ અને તેનો રસ ક્યાં યે અટવાઈ જાય છે અને શ્રોતાઓ રસહીન બની ગૂંચવાઈ જાય છે.

આ કાવ્યમાં ખાસ ધ્યાન ખેંચે એવાં તત્ત્વો તો કાવ્યના ચમત્કારો છે. હરણમાંથી મનુષ્યમાં રૂપાંતર, શાપ, આકાશવાણી, પોપટની વાતચીત અને વાનરમાંથી રૂપાંતર વગેરે ખૂબ ચમત્કારિક હોઈ તેથી મુખ્ય કથાનકમાં ઘણા બધા ફેરફાર થઈ જાય છે, અને ક્ષણવાર માટે તો વાચક પણ જાણે પરીઓના દેશનો અનુભવ લઈ ચમત્કૃત થઈ જાય છે. આ બધા ચમત્કારો આકસ્મિક બને છે, પણ તેની પાછળ વિચારીએ તો કવિએ બાણ, સુબન્ધુ તેમ જ કાલિદાસને નજર સમક્ષ રાખ્યા છે.

આ મહાકાવ્યની શૈલી વૈદર્ભી છે. કાવ્યમાં અત્રતત્ર પ્રસાદ ગુણ મળે છે. છતાં અમુક સ્થળે પાંચાલી અને ગૌડી રીતિ દૃશ્યમાન થાય છે. ૧૬મા સર્ગમાં વૈદર્ભી શૈલીમાં શશિપ્રભાના પ્રેમપત્રનું બયાન કેટલું સરળ છે તેનો આપણને નીચેના શ્લોકો પરથી ખ્યાલ આવશે :

न विनोदयितुं शक्यमेषा केनापि वस्तुना ।
विनेश तव कर्पूरशीतया सङ्गमाशया ॥ १६–२५
शिरीषादपि मृद्वङ्गी क्वेयमायतलोचना ।
एष क्व च कुकूलाग्निकर्कशो मदनज्वरः ॥ १६–२८

ઓજસ્, પ્રસાદ, માધુર્ય અને સૌકુમાર્ય ગુણોનું કાવ્યમાં આલેખન થયું છે. ઓજસ અને સૌકુમાર્ય ગુણોનું એક ઉદાહરણ નીચે મુજબ છે :

रभसादपास्य मणिकङ्कणावलीः कनकारविन्दकटकेषु तेऽसिना ।
न किमर्पितानि नृप लाटयोषितां स्फटिकाक्षसूत्रवलयानि पाणिषु ॥ १०–१७

અર્થાત્ : હે રાજા ! તારી તલવારે મણિકંકણોને ઝટકાથી દૂર કરીને અને પીળાં કમળો સમાન સુંદર વલયોની જગ્યાએ શું લાટ દેશની સ્ત્રીઓના હાથોમાં સ્ફટિકયુક્ત રુદ્રાક્ષની માળાઓ પહેરાવી નથી ?—ઓજસ અને સૌકુમાર્ય ગુણોથી શોભતો કેટલો સુંદર આ શ્લોક છે !

૭મા સર્ગના અંતમાં માધુર્ય ગુણનો શ્લોક નાયક-નાયિકાના મિલન વખતે કવિએ યોજ્યો છે :

अत्रान्तरे झटिति चित्तमिवाच्छमम्भः
क्षोभं जगाम सरितस्तुहिनांशुसूतेः ।
वाति स्म च प्रशभभग्नतमाल–ताल-
हिन्ताल-साल-सरलः सरसा समीरः ॥ ७–८०

અર્થાત્ : આમ નવસાહસાંક રાજાનું નિર્મળ ચિત્ત અકસ્માત્ જ જેમ ચંદ્રને જોઈ નદીનું જળ ક્ષુબ્ધ બની ઉછાળા મારે છે તેમ ક્ષુબ્ધ થઈ ગયું અને અચાનક જ તમાલ, તાલ, હિન્તાલ, સાલ, સરલ વૃક્ષોને ઉખાડી નાખનાર વાયુ વાવા લાગ્યો.

આ કાવ્યમાં કવિએ શબ્દાલંકારો અને અર્થાલંકારો યોજ્યા છે. મહાકાવ્યના ૧૭મા અને ૧૮મા સર્ગમાં શબ્દાલંકારો સારા એવા દૃશ્યમાન થાય છે. અહીં વૃત્ત્યાનુપ્રાસનું એક સુંદર ઉદાહરણ પર્યાપ્ત થશે. જેમ કે :

नास्त्रं न भस्म न जटा न कपालदाम नेन्दुर्न सिद्धतटिनी न फणीन्द्रहारः ।
नोक्षा विषं न दयिताऽपि न यत्र रूपमव्यक्तमीश किल तद्दधते नमस्ते ॥ १८–२३

આ ઉપરાંત સ્ફુટાનુપ્રાસ વ. શબ્દાલંકારો પણ કવિએ કાવ્યમાં યોજ્યા છે.

અર્થાલંકારો પણ આ મહાકાવ્યમાં પ્રશસ્ય છે. ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, સ્વભાવોક્તિ, અર્થાન્તરન્યાસ, દીપક, દૃષ્ટાંત, વ્યાજસ્તુતિ, સમ, અનુમાન, સસંદેહ, નિદર્શના, માલારૂપક, શ્લેષ, વિભાવના, અતિશયોક્તિ, ભ્રાંતિમાન્, એકાવલિ, વિષમ, પર્યાય, પર્યાયોક્તિ જેવા અલંકારો સારી રીતે આલેખાયા છે. ઉપરાંત ઉપમા-રૂપકનો અતિશયોક્તિ અને રૂપકનો, રૂપક અને ઉત્પ્રેક્ષાનો, વિરોધ અને અર્થાન્તરન્યાસનો, વ.નાં સંકરો યોજ્યા છે.

સમગ્ર મહાકાવ્યનો અભ્યાસ કરતાં પ્રતીત થાય છે કે અહીં ઉપમા કરતાં ઉત્પ્રેક્ષા તરફનો કવિનો પ્રેમ વિશેષ છે, અને કાવ્યમાં ઉપમા કરતાં કવિની ઉત્પ્રેક્ષા ખરેખર સુંદર રીતે ખીલી છે. સુંદર ઉપમાનાં ઉદાહરણો જોતાં :

प्रसादहृद्यालङ्कारैस्तेन मूर्तिरभूष्यत ।
अत्युज्जवलैः कवीन्द्रेण कालिदासेन वागिव ॥ २–९३

અર્થાત્ : જેવી રીતે કવિ કાલિદાસે પોતાના કાવ્યને અતિ પ્રસાદ ગુણથી યુક્ત અલંકારોથી સજાવ્યું હતું. તેવી રીતે રાજાએ આનંદ આપનાર મનોહર અલંકારોથી પોતાના શરીરને શણગાર્યું.

रूपमास्वादयामास तस्यालेख्यगतस्य सा ।
भ्रमरीवाऽरविन्दस्य सुधासहचरं मधु ॥ ६–३४

અર્થાત્ : તે ચિત્રમાં ચીતરેલ રાજાના રૂપનો તે નાયિકા શશિપ્રભાએ એવી રીતે આસ્વાદ કર્યો કે જેમ ભમરી કમળના અમૃત સમાન મધુરસનો આસ્વાદ કરે.

રૂપક અલંકારનો શ્લોક નીચે મુજબ છે.

कच्चिदस्य प्रमोदाय कुमुदस्येव चक्षुषः ।
अयं मध्यमलोकेन्दुः पातालेन्दुकले तव ॥ ८–५३

અર્થાત્ : હે પાતાળ લોકની ચંદ્રકલા ! આ ધરતીના ચંદ્રમા (રાજા નવસાહસાંક) શું કમળનાં જેવાં તારાં નેત્રોને આનંદ આપી શક્યા ?

રૂપક અને ઉત્પ્રેક્ષાના સંકરનું સુંદર ઉદાહરણ ત્રીજા સર્ગમાંથી જોતાં :

हरहसितसितं दिवापि कान्ति-
स्तबकमिवापतितं सुधाकरस्य ।
अपि पतितमिवान्तरिक्षपीलोर्
मघवदिभस्य विलासकर्णशङ्खम् ॥ ३–१७

એક સુંદર ઉદાહરણ નિદર્શનાનું જોઈએ :

> यूयं क्व मानुषाः पृथ्वीसङ्कटस्वाम्यदुःस्थिताः ।
> सा च त्रिजगतां भर्तुरुचिता क्व शशिप्रभा ? ॥ १६–९४

આ ઉપરાંત દીપક અલંકારનું ઉદાહરણ પ્રથમ સર્ગમાંથી લેતાં :

> चित्तं प्रासादश्च मनस्विता च भुजं प्रतापश्च वसुन्धरा च ।
> अध्यासते यस्य मुखारविन्दं द्वे एव सत्यं च सरस्वती च ॥ १–६४

રાજા બારમા સર્ગમાં સ્વપ્નમાં શશિપ્રભાને પોતાના અંકમાં બેસાડે છે તેનું વર્ણન કવિએ શૃઙ્ગારિક રીતે નીચે મુજબ સ્વભાવોક્તિ અલંકારમાં આલેખ્યું છેઃ

> अथ स त्रपया धृतांशुकाम् जघनस्रस्तविसूत्रमेखलाम् ।
> अव तं सितलोचनोत्पलां निजमङ्कं ललनां निनाय च ॥ १२–७७

અર્થાત્ : પછીથી શશિપ્રભાએ લજ્જાથી જેમ તેમ વસ્ત્રો પહેર્યાં. કમરની મેખલાની ગાંઠ તૂટી જવાથી તે જઘનસ્થળ સુધી લટકતી હતી. આવી અરવિંદલોચના શશિપ્રભાને રાજાએ પોતાના ખોળામાં બેસાડી. સ્વભાવોક્તિ અલંકારનો આ કેવો સુંદર શ્લોક છે !?

આ ઉપરાંત બાકીના દૃષ્ટાંત, વ્યાજસ્તુતિ, પ્રતીપ, સમ, વિષમ, ભ્રાંતિમાન્ એકાવલિ વગેરે અલંકારો નોંધપાત્ર છે. આ અલંકારો સાથે કેટલીકવાર તેમના પ્રાસાનુપ્રાસ અને શબ્દાક્ષરોની રચના પણ પ્રશસ્ય છે. આ બધા અલંકારો એટલા સુંદર છે કે મમ્મટ અને અન્ય અલંકારિકોએ જે તે અલંકારોનાં ઉદાહરણો આ કાવ્યમાંથી પસંદ કર્યા છે. કવિ કાવ્યમાં કેટલાય અલંકારો રચવામાં કાલિદાસનું અનુકરણ કરે છે. તોપણ મહાકાવ્યમાં તેમણે મૌલિક વિચારથી રચેલા અલંકારો પ્રતીત થયા વગર રહેતા નથી.

કવિએ ઉપજાતિ, વસંતતિલકા, અનુષ્ટુભ, સ્રગ્ધરા, શાર્દૂલવિક્રીડિત, રથોદ્ધતા, ઉદ્ગતા, પુષ્પિતાગ્રા, શિખરિણી, મંદાક્રાન્તા, વંશસ્થ, પ્રહર્ષિણી અને માલિની જેવા છંદો યોજ્યા છે. મહાગુપ્તે શૃઙ્ગારરસના નિરૂપણમાં ખાસ કરીને વસંતતિલકા છંદ યોજ્યો છે. આ છંદ મોટા ભાગના સર્ગના અંતે નજરે પડે છે. આ છંદ પ્રત્યે કવિને ખૂબ પ્રેમ છે. જોકે વસંતતિલકા કરતાં કવિએ ઉપજાતિનો પ્રયોગ કાવ્યમાં અતિશય કર્યો છે. પ્રકૃતિના સૂર્યના લશ્કરની કૂચના, ઉજ્જયિનીના વર્ણનમાં, ચમત્કારિક તત્ત્વોના નિરૂપણમાં અને શૃઙ્ગારરસનાં વર્ણનોમાં મુખ્યત્વે ઉપજાતિ દૃશ્યમાન થાય છે. પ્રારંભમાં કાવ્યમાં મંગલાચરણના શ્લોકોમાં પણ આ જ છંદ વપરાયો છે. કાવ્યમાં આ ઉપરાંત અનુષ્ટુભ છંદ પણ સારું સ્થાન પામ્યો છે. ચારેક સર્ગોમાં આ છંદ સળંગ વપરાયો છે. કવિ રાજાઓની વંશાવળીના પ્રસંગે અને રાજાઓની ઉત્પત્તિ તથા પરાક્રમો વર્ણવવામાં આ છંદ યોજે છે. ૧૭મા સર્ગમાં શશિપ્રભા પ્રેમપત્રમાં આ જ છંદનો પ્રયોગ કરે છે અને નાયક પણ તે પ્રેમપત્રનો જવાબ આ જ છંદમાં આપે છે. બાકીના કેટલાક છંદો એક અગર બે શ્લોકોની સંખ્યામાં વપરાયા છે. આ બધા છંદો માપબદ્ધ છે અને ક્યાંયે છંદના નિયમોનો ભંગ દૃશ્યમાન થતો નથી.

આ છંદોમાંથી પદ્મગુપ્તનો વસંતતિલકા છંદ ક્ષેમેન્દ્રને ખૂબ ગમ્યો છે તેથી આ છંદનું ઉદાહરણ તેણે આ કાવ્યમાંથી પોતાના ગ્રંથમાં ઉદ્ધૃત કર્યું છે.

સમસ્ત મહાકાવ્યની ભાષા જોતાં આપણને લાગે છે કે કવિએ વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસની જેમ સરળ પ્રાસાદિક અને સાદી ભાષા વાપરી છે. અને તે બતાવે છે કે હકીકતમાં તો ૧૦મી સદી અગાઉ શિશુપાલવધ જેવાં મહાકાવ્યો ભલે પંડિત-ભોગ્ય બન્યાં, છતાં પણ નવસાહસાંકચરિત જેવાં સરળ સાદાં કાવ્યો સમાજની સામાન્ય વ્યક્તિઓ અને સહૃદયો માટે પણ હતાં.

કવિ ક્યાંયે શબ્દોની રચનામાં કે અર્થ મેળવવા માટે વધુ ભાર કોઈ પણ શબ્દ કે અર્થ ઉપર આપતા નથી, જ્યારે માઘ કે ભારવિ અથવા શ્રીહર્ષમાં આ દોષ અનેક સ્થળે આપણી નજરે પડશે. આમ કાવ્યની ભાષાનો અભ્યાસ કરતાં જણાય છે કે કવિ પદ્મગુપ્ત ખરેખર પૂર્વસૂરિઓ જેવા કે વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, ભર્તૃમેણ્ઠ વ.ના વૈદર્ભ માર્ગનું અનુસરણ કરે છે.

ધ્વનિ એ કાવ્યનો આત્મા છે અને તે કાવ્યની શ્રેષ્ઠતા માપવાનું સાધન છે. આપણા કવિએ ધ્વનિનો ઉપયોગ કાવ્યમાં અમુક યોગ્ય સ્થળે જેવાં કે નાયક—નાયિકાઓનાં મિલન વખતે, સખીઓ અને નાયિકાની તેમ જ નાયક અને રમાંગદની વાતચીત વખતે, તથા રમાંગદ અને અસુરરાજ વજ્રાંકુશ વચ્ચેની ચર્ચામાં કરેલ છે. આ કારણથી આપણને સમસ્ત કાવ્યમાંથી ઉત્તમ કાવ્યનાં ઉદાહરણો પણ મળી રહે છે.

અંતમાં સમસ્ત મહાકાવ્યને જોતાં જણાય છે કે આ કાવ્યમાં કવિનો હેતુ પરમાર વંશના ઇતિહાસનું આલેખન નહિ પણ સિંધુરાજની કીર્તિને દિગન્તવ્યાપિની બતાવવાનો છે, અને તેમનું આ ધ્યેય તો આપણને કવિ પ્રથમ સર્ગમાં જ પ્રારંભમાં જણાવે છે :

एतान्यवन्तीश्वरपारिजातजातानि तारापतिपाण्डुराणि ।
सम्प्रत्यहं पश्यत दिग्वधूनां यशःप्रसूनान्यवतंसयामि ॥ १–१६

આ ઉપરથી કવિનો ઇરાદો સ્પષ્ટ થાય છે. છતાંય આ કાવ્યને વિદ્વાનો ઐતિહાસિક મહાકાવ્ય કહે છે તે ઉચિત નથી. હકીકતમાં તો આ કાવ્ય કાલિદાસના રઘુવંશ કે કુમારસંભવ જેવું ગેય અને સાહિત્યિક કોટિનું છે, ઐતિહાસિક કહી શકાય તેવું નથી.

પ્રાણનાથકૃત બારમાસી

નરેશ પંડ્યા

રાસ, ફાગુ અને ષડ્ઋતુની જેમ બારમાસી કાવ્યસ્વરૂપ પણ મધ્યકાલીન ગુજરાતી કવિઓને વિશેષ પ્રિય પદ્યસ્વરૂપ રહ્યું છે. જૈન અને જૈનેતર કવિઓએ લખેલાં ઘણાં બારમાસી કાવ્યોનો ઉલ્લેખ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જોવા મળે છે. તેમ છતાં, પ્રાણનાથકૃત 'બારમાસી'નો ઉલ્લેખ ભાગ્યે જ જોવા મળે છે. અલબત્ત, શ્રી કે. કા. શાસ્ત્રીએ 'ઇંદ્રાવતી'ની રચનાઓમાં 'બારમાસી'નો ઉલ્લેખ કર્યો છે[1] અને શ્રી રમણિક શ્રીપતરાય દેસાઈએ પણ 'દ્વાદશમાસ' શીર્ષકથી એનો ઉલ્લેખ કર્યો છે.[2] તેથી ઊલટું, શ્રી અમૃત પંડ્યાએ 'પ્રાણનાથ' નામનો સર્વ પ્રથમ ઉલ્લેખ ગુજરાતી સાહિત્યમાં કરી, એમની રાસ, પ્રકાશ, ષડ્ઋતુ વગેરે રચનાઓનાં નામ આપી કહ્યું છે કે, ગુજરાતમાં ઠેકઠેકાણે પ્રણામી મંદિરો અને ત્યાં આ પુસ્તકો હોવા છતાં ગુજરાતી ભાષામાં પ્રણામી સંપ્રદાયના સાહિત્યની નોંધ હજી સુધી કેમ લેવાઈ નથી તે એક આશ્ચર્યજનક બીના છે.[3] પ્રો. મંજુલાલ ર. મજમુદાર પણ પ્રાણનાથની 'ષડ્ઋતુવર્ણન' રચનાનો તો ઉલ્લેખ કરે છે, પરંતુ એની સાથે જ જોડાયેલી 'બારમાસી'નો ઉલ્લેખ નથી કરતા. વળી, તેમણે પ્રાણનાથની રચનાઓમાં મળતી 'ઇંદ્રાવતી' છાપના આધારે 'ઇંદ્રાવતી નામે સ્ત્રી કવિ' એવો ઉલ્લેખ કર્યો છે.[4] એવી જ રીતે, સ્વ. ઇચ્છારામ સૂ. દેસાઈ, 'પ્રાચીનકાવ્યસુધા'-કાર અને શ્રી જેઠાલાલ ત્રિવેદી પણ 'સ્ત્રી કવિ તરીકે ઇંદ્રાવતી'ની ગણના કરે છે.[5] શ્રી રમણિક શ્રીપતરાય દેસાઈએ તો ઇંદ્રાવતી, મહેરાજ અને મહામતિબાઈના ઉલ્લેખ ત્રણ ભિન્ન ભિન્ન કવિ, તરીકે કર્યા છે.[6] એટલે આ અંગે થોડી સ્પષ્ટતા પણ આવશ્યક છે.

---

૧ શ્રી કે. કા. શાસ્ત્રી : ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી, પૃ. ૧૧.

૨ શ્રી રમણિક શ્રીપતરાય દેસાઈ : પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ, પૃ. ૨૨.

૩ શ્રી અમૃત પંડ્યા : (અ) શ્રી પ્રાણનાથ સંદેશ, રાસગ્રંથ-વિશેષાંક; વ. ૧૪, અંક ૪-૫-૬ (ભૂમિકા-પૃ. ૧૬); (બ) ગુજરાતી સાહિત્ય પરિષદ—૨૦મું સંમેલન-હેવાલ, પૃ. ૨૨૩.

૪ પ્રો. મંજુલાલ ર. મજમુદાર : ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (પદ્યવિભાગ), પૃ. ૨૫૫, ૨૫૮-૨૬૦

૫ (અ) સં. ઇચ્છારામ સૂ. દેસાઈ : બૃહદ કાવ્યદોહન, ભા. ૮, પૃ. ૭૫૫.
(આ) સં. છગનલાલ રાવલ : પ્રાચીન કાવ્યસુધા, ભા. ૩, પૃ. ૨૪૧, ભા. ૪, પૃ. ૨૫૭, ૨૮૩.
(ઇ) સં. જેઠાલાલ ત્રિવેદી : પ્રાચીન કાવ્યમંજરી (પ્રવેશક), પૃ. ૨૯, ૩૩.

૬ શ્રી રમણિક શ્રીપતરાય દેસાઈ : પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ, પૃ. ૨૨, ૨૬૫ અને પૃ. ૧૫૧.

પ્રણામી સંપ્રદાયના અધ્યયનથી એ સ્પષ્ટ થાય છે કે, પ્રાણનાથ કાયસ્થ દેવચંદ ગુરુના શિષ્ય હતા. 'પ્રાણનાથ' એ ગુરુએ આપેલું નામ છે અને કૌટુંબિક નામ મહેરાજ (મિહિર-રાજ).[1] 'પ્રકાશ'માં તેમણે કહ્યું છે :

[2]હવે સૈએરને હૂં પ્રગટ કરૂં, આપણો વાસા શ્રીધામમાં રહૂં,
અખ્યરાતીત આપણાં ઘર, મૂળ વૈકુંઠ માંહે અખ્યર.
એ વાણી ચિત ધરીને સાથ દયા કરી, કહે પ્રાણનાથ,
એ કિવ કરી રાખે જાણો મન, શ્રીધણી લાવ્યા ધામથી વચન.

'ઇંદ્રાવતી' અને 'મહામતિ' એ સંપ્રદાયની સાધનાવસ્થાનાં નામ છે. એટલે, કૃષ્ણ એ શ્રીરાજજી, ગુરુ દેવચંદ એ શ્યામાજી સુંદરબાઈ, પ્રાણનાથ એ ઇંદ્રાવતી. પ્રાણનાથના હૃદયમાં બુદ્ધિ, આવેશ, તારતમ્ય, આજ્ઞા અને દયા એ પાંચ તત્ત્વો પ્રવેશતાં 'મહામતિ' અવસ્થા પ્રાપ્ત થઈ. પ્રાણનાથે 'પ્રકાશ'માં જ કહ્યું છે :

[3]સાથ વચન સાંભળિયા એહ, વાસ્નાએ કીધાં મૂળ સનેહ,
તે માંહે એક ઇંદ્રાવતી, કહેવાણી સહૂમાં મહામતી.
તારતમ અંગ થયો વિસ્તાર, ઉદર આવ્યા બુધ અવતાર,
ઇચ્છા, દયા ને આવેસ, એણે અંગ કીધો પ્રવેસ.

એટલે જ સખીસંપ્રદાયની જેમ પ્રણામીના પદ્યસાહિત્યના અંતમાં સ્ત્રીલિંગ શબ્દ કવિની છાપ તરીકે મળે છે. પ્રાણનાથે તો કહ્યું છે કે અખંડ લીલારાસ કરતાં શ્રીકૃષ્ણ એકલા જ પુરુષ છે, બીજો કોઈ પુરુષ આ સૃષ્ટિ પર નથી અને એમની પ્રાપ્તિ પુરુષદૃષ્ટિથી નહીં પણ સ્ત્રીભાવથી જ થાય.[4] એ રીતે, પ્રાણનાથ, ઇંદ્રાવતી, મહામતિ ને મહેરાજ નામ અભિન્ન છે—એક જ વ્યક્તિનાં છે. મહેરાજ, પ્રાણનાથ અને ઇંદ્રાવતી એ ત્રણેનો સમાવેશ કરતી પંક્તિઓ આ પ્રમાણે છે :

[5]એટલું તમે જાણો નિરધાર, આ વચન મેહેરાજે પ્રગટ ન થાએ,
આપણ ઘરની નહીં એ વાત, જે કિવ કરી માંડિએ વિખ્યાત.

---

૧ ડૉ. નરેશ પંડ્યા : પ્રાણનાથ : સમ્પ્રદાય એવમ્ સાહિત્ય, પૃ. ૨૮-૩૧.

૨ પ્રાણનાથ, પ્રકાશ, પ્રકરણ ૩૭, ચોપાઈ ૧, ૨.

૩ એજન; પ્રકરણ ૩૭, ચોપાઈ ૨૧, ૨૨

૪ પ્રાણનાથ : કિરંતન, પ્રકરણ ૬૪, ચોપાઈ ૭, ૯.
વૈસ્નવો મોહ થકી નિધ ન્યારી દીધી, આપણને અવિનાસ,
નામ તત્વ કહ્યું શ્રીક્રસ્નજી, જે રમે અખંડ લીલારાસ.

* * *

પુરૂષપણે દષ્ટે ન આવે એ અબળાપણે લીજે અંગ,
પુરૂષ નથી એ વિના કાંઈ બીજો, જે રમે નેહેચળ લીલારંગ.

૫ પ્રાણનાથ, પ્રકાશ, પ્રકરણ ૪; ચોપાઈ ૧૪, ૧૫, ૧૭, ૩૫.

હું મનમાંહે જાણું ઘણું, જે કવિ નહીં એ કામ આપણું,
આ તો નથી કાંઈ કવિની વાત, રુદે બેસી કેહેરાવ્યું પ્રાણનાથ.

* * *

કવિ પણ થૈ આ વચન વિચાર, રમી ઇંદ્રાવતી અનેક પ્રકાર.

* * *

ત્યારે શ્રીમુખ વચન કહ્યા પ્રાણનાથ, જે ખોળી કાઢ્યો છે આપણો સાથ.

પ્રણામી સંપ્રદાયમાં મૂર્તિની નહીં, પણ પ્રાણનાથની રચનાઓના સંકલન 'શ્રીમુખ-વાણી'ની પૂજા થાય છે, એટલે પ્રતિલિપિકારોએ પૂરી ચોકસાઈ રાખી છે. એ ગ્રંથની પ્રતિલિપિ જામનગર, પોરબંદર અને ઓડમાં જોવા મળી છે. સામાન્ય રીતે બધી પ્રતિલિપિઓનું કદ ૧૫" × ૧૨" જણાય છે. પોરબંદરમાં પ્રાપ્ત થયેલી પ્રત ૧૧ × ૭ ના કદની છે. જામનગરની પ્રત દરસનદાસના હાથની છે, જેનો 'પુષ્પિકા'માં ઉલ્લેખ મળે છે: "કુલજમા। પ્રકર્ન ॥ ૫૨૭ ॥ ચૌ. ૧૮૭૫૭ ॥ ××× મિ : ॥ વેસાષ વદ ॥ ૩ ॥ સંવત ॥ ૧૯૫૮ સાલમે પોહોર દિન ચડતે પૂરી ભઈ વારસની। શ્રી શ્રી બાવાજી પ્રેમદાસજી કે ચરંનરજસેવક દરસંનદાસને અપને પઢને વાચને વાસ્તે લિખવાએ અર્વનિનાંમજી બાબાજી પરસનદાસ મજકૂર કે જો કોઈ દાવા કરે સો શ્રી સતગુર સોઈ ઔર શ્રી સુંદરદાસકા ગુન્હેગાર ઔર જૂઠા હૈ ॥"

ઓડના મંદિરમાં દયાલદાસ અને અંજીરદાસની પ્રતિલિપિઓ છે. એની પુષ્પિકા આ પ્રમાણે છે: ॥ ××× કાર્તિક વદિ વાર સુકરવાર ઓગનીસ સાલ પાંચ ॥ શ્રી શ્રી રાજ શ્રી શ્રી ઠકુરાંનીજી ॥ સંવત ઓગનીસ સાલ પાંચમેકો તમામ ॥ ૧૯૦૫ ॥ શ્રી બાવાજી ભીખારીદાસજીકે સેવક દયાલદાસ લિખતંગ ॥ દોહા ॥ કોટ કોટ પ્રનામ ॥ ડંડવત કરમરજોર ॥ ભૂલે હરફ સુધારી ઔડે ઔગુન હૈ ॥" તથા અંજીરદાસની લખેલી પ્રતનો પ્રારંભ આ પ્રમાણે છે: ॥ શ્રી નિજનામ શ્રીકૃષ્ણજી। અનાદ અક્ષરાતીત ॥ સો તો અવની હેરતી હૈ। સબ વીધી વતન સહીત ॥ ૧ ॥ શ્રી કિતાબ અંજીરદાસ લિખી હૈ।" પરંતુ અંજીરદાસની પ્રત ૫૦-૬૦ વર્ષ પૂર્વે લખાયેલી હોય તેમ લાગે છે.

પરંતુ મને પ્રાપ્ત થયેલી પ્રતિઓમાંથી જેઠા તુલસીદાસના હાથની પ્રત વધુ જૂની છે. પુરાતત્ત્વ મંડળ, પોરબંદરના શ્રી કૃષ્ણલાલ મહેતાએ આપેલી આ પ્રતમાં 'પુષ્પિકા' મળે છે: ॥ લખતં ચરણરજ જેઠા તુલસીદાશનો ડંડવ્રત પ્રણુંમ। શાથ શમસ્ત જે કોઈ વાંચો શાંભલો લખો તેને પ્રણુંામ છે। ૧૮૧૦ના વરસે ભાદરવા વદ ૧૪ લખી।" આ પ્રતનું કદ ૧૧ × ૭નું છે અને રતનદાસજી મહારાજની પ્રત ઉપરથી બનાવી હોય તેમ લાગે છે. લિપિ દેવનાગરી છે અને કાગળ જૂના થઈ ગયા હોઇ, મેલા જણાય છે. વળી જેઠા તુલશીદાસ ગૃહસ્થ હોવાનો સંભવ છે અને માત્ર પોતાના ઉપયોગ માટે જ પ્રતિલિપિ બનાવી હશે, કેમ કે આખા ચોપડામાં બીજા કવિઓની પણ રચના છે. સામાન્ય રીતે આ બધી પ્રતિલિપિ પન્ના-બુંદેલખંડમાં લખેલી કેશોદાસની પ્રતિલિપિ[1] પરથી તૈયાર થયેલી છે, જે સં. ૧૭૫૧માં સંકલિત થયેલી. સંભવ છે કે, આ

---

૧ કેશોદાસની પ્રતિલિપિને જ મૂળ પ્રત માનવામાં આવે છે. પ્રાણનાથની હસ્તલિખિત પ્રત જોવા નથી મળતી. જાણવા મળે છે કે, પ્રાણનાથ પોતાના શિષ્યો પાસે જ લખાવતા. એ મૂળપ્રતની પુનઃ બાંધણી સં. ૧૭૫૮માં થયેલી. એવી જ રીતે, રતનદાસ મહારાજની પ્રતિલિપિ પણ વધુ આદરપાત્ર ગણાય છે.

પરંપરાને લીધે પણ ઓઅણુનાથની વાણીમાં પ્રક્ષેપ કે પાઠભેદની જટિલ સમસ્યા ઊભી નથી થતી. અલબત્ત, સમગ્ર વાણીનાં સંકલનોમાંથી કેટલીક પ્રતિલિપિ ૫૨૪ પ્રકરણોની છે અને કેટલીકમાં ૫૨૭ પ્રકરણો છે કે રચનાઓના સંકલનમાં ક્રમ બદલાયેલો જોવા મળે છે. તેમ છતાં, જ્યાં સુધી ‘બારમાસી’ને લાગેવળગે છે, એમાં કોઈ પ્રક્ષેપ તો નથી જ. જે કંઈક પણ પાઠાંતર જોવા મળે છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પ્રાણુનાથકૃત ‘બારમાસી’નો મૂળપાઠ આ પ્રમાણે છે:

અથ બારહમાસી

રાગ મલાર

પીઉજી તમે સરદની રુતે રે સિધાવ્યા,
હાં રે મારા અંગડામાં વ્રહવન વાવ્યા.
એ વન ખ્યણુ ખ્યણુ કૂપળિયો મૂકે,
હાં રે મારૂં તેમ તેમ તનડૂં સૂકે.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

વાલા હૂં તો પીઉ પીઉ કરી પુકારૂં,
પીઉજી વિના દોહેલા ઘણાં રે ગુજારૂં.
હૂં તો દુખડા માંહેના માંહે જ મારૂં,
હૂં તો નિસ્વાંસા અંગમાં ઉતારૂં.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

વાલા મારા ભાદરવે નદીનાલા ભરયા,
પીઉજી નિરમલ જલ રે ઉછલયા.
વાલા મારા ગિર ડુંગર ખળખળયા,
પીઉજી તમે એણે સમે હજિએ ન મલયા.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા તમે ચાલતાં તે ચાર દિનડા કહ્યાં,
હાં રે અમે એણી રે આસાએ જોઈને રહ્યા.
વાલા અમે વચન તમારા ગ્રહ્યા,
હવે તો અવધ ઊપર દિનડા ગયા.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

વાલા મારા દિનડા આસોના આવ્યા,
વન વેલડિએ રંગ સુહાવ્યા.
હાં રે ઘેર મેઘલિયો બારે રે સિધાવ્યા,
પીઉજી તમે એણે સમે વ્રજડી કાં ન આવ્યા.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

વાલા મારા એક વાર જુઓ વનડૂ આવી,
હાં રે ચાંદલિએં જોત ચઢાવી.
વેલડિએં વનસપતી રે સોહાવી,
એણે સમે વ્રહણિયોં કાં વિલખાવી.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણ ૧ ॥ ચોપાઈ ૬ ॥

હેમરુત—રાગ મલાર

વાલા મારા હેમાળેથી હેમરુત હાલી,
એ તો વેરણ આવી રે વ્રહણિયોં ઉપર ચાલી.
વ્રજડી વીટી રે લીધી વચેં ઘાલી,
પીઉજી તમે હજીએ કાં બેઠા આપ જાલી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

રે વ્રેહી તમે વ્રહણિયોંને કાં ન સંભારો,
નંદકુંઅર નેહડો છે જો તમારો.
વાલા મારા દોષ ઘણોં રે અમારો,
પીઉજી તમે એણી વિધેં અમને કાં મારો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

વાલા મારા કારતકિયો અંગડાં કાંપે,
નાહોલિયા તારો નેહડો બાળે મુને તાપે,
વાલા મુને ગુણ અંગ ઇંદ્રિયોં રે સંતાપે,
પીઉજી વિના દુખડા તે સહૂ મુને આપે,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા મારા ટાઢલી તે સહૂને વા વાએ,
હાં રે અમ વ્રહણિયોંને અગિન ન માએ,
ઉપર ટાઢો વાવલિયો ધમણ ધમાએ,
એ રુત મુને સૂતડા સૂલ જગાએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

વાલા મહીનો માઘસરિયો મદમાતો,
તે તો અમને મારસે રે જોની જાતો,
તારા વ્રેહેણી રેહેસે રે વેરાટમાં વાતો,
અમ ઊપર એમ કાં નાખી નિઘાતો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

રે વાલા મારા સિયાળો સુખણિયોં માંગે,
પીઉજીનાં સુખડામાં સારી રાત જાગે,
વાલાજીને વિલસે રે બડ ભાગે,
અમને તો મંદરિયો મસાણુ થૈ લાગે,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણુ ॥ ૨ ॥ ચોપાઈ ૧૨ ॥

સીત રુત—રાગ મલાર

વાલા રુતડી આવી રે સીતલડી લૂખી,
વેલડિયોં વન જાએ રે સર્વે સૂકી,
વસેકે વળી બાલે રે ઉતરિયોં ફૂંકી,
પીઉજી તમે હજિએ કાં બેઠા અમને મૂકી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

[1]નાહોલિયા નિસ્વાંસા ધમણુ ધમાએ,
હાં રે મારા અંગડામાં અગિન ન માએ,
વાલા તારી જાલડિયોં કેમે ન જંપાએ,
પીઉજી તારો એવડો સ્યો કોપ કેહેવાએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

વાલા મારા પોસ મહીનો રે આવ્યો,
હાં રે અમ દુખણિયોંને દુખ પૂરા લાવ્યો,
વેરીડો અમ ઉપર આવીને જંપાવ્યો,
હાં રે મારૂં ચીરી અંગ મીઠડે ભરાવ્યો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા ટાઢી અગિનનોં વાવલિયો વાએ,
નીલાટલી સૂકીને ભાખરિયો થાએ,
પાન ફૂલ ફલ સર્વે જરી જાએ,
વાલા અમે એ રુત કેમે ન ખમાએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

વાલા મારા આવ્યો રે મહીનોં માહ,
જંગલિયોં બાળે રે વનસપતી દાહ,
દાહના દાધાં રુખડિયો કેવા ચરમાએ,
સ્યામ વિના સુંદરિયો એમ સોહાએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

---

૧ પાઠાંતર—નાહોલિયા તારા નિસાસા ધમણ ધમાય.

રે વાલા મારે મંદરિએં આવીને આરોગ,
હાં રે અમ વ્રહણિયોંના ટાળો રે વિજોગ.
હાં રે સુંદર સેજડીનોં આવી લેઓ ભોગ,
એ તો સકળ તમારો સંજોગ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણ ૩ ॥ ચોપાઈ ૧૮ ॥

વસંત રુત—રાગ મલાર

વાલા મારા આવી રે રુતડી વસંત,
ચંદ્ર મુખ અંમૃત રસ રે ઝરંત,
વાલા વનડૂં મોરયૂં રે કૂપલિયો કરંત,
એણે સમે ન આવો તો આવે મારો અંત,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

એણે સમે અબીર ગુલાલ ઉછાળિયાં,
ચોખા ચંદન કેસર કચોળે ભરિયાં,
નાહો નારી રમે રે ફાગણિએં મલિયા,
એણે સમે અમેં તો ઘણૂં કલકલિયા,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

વાલા વન ફાગણિયોં રે ઉછાળે,
પંખીડા કરે રે કલોલ બેઠા માળે.
હાં રે અમે વ્રહણિયોંના ચિતડા ચાળે,
આંગણુડે ઊભિયોં પંથડો નિહાળે,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા વનડૂ કોલ્યું કામની પામી કરાર,
પ્રસૂ પંખી હરખ્યા પાડે રે પુકાર.
વાલા વ્રહ ભાજો રે વ્રહણિયોંના આ વાર,
[1]એણે સમે ન આવો કેમ પ્રાણના આધાર,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

વાલા મારા ચૈતરિએં એણે માસ,
પીઉજી સોં કરતાં વિનોદ ઘણોં હાસ,
વન માંહેં વિવિધ પેરે રે વિલાસ,
તે અમેં અહેનિસ નાખૂં છું નિસ્વાંસ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

૧ પાઠાંતર—એણે સમે આવો રે પ્રાણના આધાર.

વાલા મુને એ દિન કેમ કરી જાએ,
પીઉજી વિના પ્યણુ વરસાં સે થાએ,
વાલા મુને વિલખતાં રૈણી વિહાએ,
પીઉજી વિના એ દુખ કેને ન કેહેવાએ,
હે સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણ ॥ ૪ ॥ ચોપાઈ ॥ ૨૪ ॥

ગ્રીષમ રુત—રાગ મલાર

વાલા મારા આવી રે રુતડી ગ્રીષમ,
અંમ્રતરસ લ્યાવી રે ફળ ઉતંમ,
વનફળ પાકીને થયા રે નરમ,
વાલા તમે એણે સમે ન આવો કેમ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

વાલા મારા ત્રટ જમુના વ્રંદાવન,
હાં રે ટાઢી છાંહેડી તળે રે કદંમ,
પીઉજી ઈહાં દેતાં રે પાંવળિએં પદમ,
તે અમેં વિલખૂં છૂં વાલાને વદંન,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

વૈસાખ ફૂલ્યો રે વેલડિએં વેહેકાર,
ભમરા મધ્યા કરે રે ગુંજાર,
પંખીડા અનેક કલા રે અપાર,
વાલા વન વિલસ્યા તણી આ વાર,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા રવિ તપે અંબરિયો નિરમલ,
પીઉજી કારણુ વાસ્યાં જળ રે સીતળ,
વદન દેખાડો રે વાલૈયા સકોમળ,
[1]પીઉજી અમેં પંથડૂ નિહાળૂં પળ પળ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

વાલા વનમાં મેવો રે મહીનોં જેઠ સાર,
એણે સમે આવો રે નંદના કુમાર,
પીઉજી તમે સદા રે સુખના દાતાર,
વ્રજવધૂ વિલખતી પાડી રે પુકાર,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

૧ પાઠાંતર—વાલા હું તો પંથડો નિહાળૂં પળ પળ.

સખિયો તારા સુખડા સંભારીને રુએ;
હવે અમ વિજોગણિયોંને કોણ જુએ,
પીઉજી વિના આંસૂડા તે કોંણ આવી લુએ;
વાલા પછે આવસો સૂં અમ મુએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણ ॥ ૫ ॥ ચોપાઈ ॥ ૩૦ ॥

વર્ષા રુત—રાગ મલાર

પાવસિયો આવ્યો રે વર્ષા રુત માંહેં,
ભોમલડી ઢાંકી રે વાદળિએં છાંહેં,
અંબારિયો ગાજે રે વીજલડી વા વાએ,
પીઉજી વિના મારે અમને ઘાએ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

એણે સમે ભેળા સહૂ ઘરબારી,
અધખ્યણ અળગાં ન થાએ નરનારી,
પ્રદેસ હોએ તોપણ આવે રે સંભારી,
પીઉજી એવી કેહી અપ્રાપ્તિ અમારી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

મેઘલિયોં આવીને અષાઢે ધડૂકે,
સેરડિયો સામ સામી રે ઢળૂકે,
મોરલિયા કોઈલડી રે ટહૂંકે,
એણે સમે કંથ કામનિયોંને કેમ મૂકે,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

વાલા મારા ભોમલડી રે નીલાણી,
મેઘલિયોં વળી વળી સીંચે પાંણી.
વીજલડી ચમકે આભણ માંણી,
પીઉજી તમે એણે સમે વેદના ન જાંણી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

[1]રે વાલાજી શ્રાવણિયોં સળસળિયો,
આંભલિયો આવીને ભોંમેં લડસડિયો,
ચહોં દિસ ચમકે ગરજે ગલિયોં,
[2]પીઉડા તૂં હજિએ કાં અમને ન મલિઓ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

---

૧ પાઠાંતર—વાલા મારા શ્રાવણિયો સરવડિયો.
૨ પાઠાંતર—પિયુજી તું તો હજુએ કાં અમને ન મળિયો.

પીઉ તમે પેહેલી કાં પ્રીતડી દેખાડી,
માહેંલા મંદરિયોં કાં દીધાં રે ઉઘાડી,
પીઉજી તમે અનેક રંગે રમાડી,
હવે તો લેઈ આસમાને ભોમ પછાડી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

॥ પ્રકરણ ॥ ૬ ॥ ચોપાઈ ॥ ૩૬ ॥

બારમાસીનો કલસ—રાગ મલાર

વાલા મારા ષટરુતના બારે માસ,
હાં રે તેના અહોનિસ ત્રણસે ને સાઠ,
વાલા તારી રોઈ રોઈ જોઈ મેં વાટ,
અમ ઊપર એવડો કોપ કીધાં સ્યા માટ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧

વાલા મારા હુતી રે મોટી તારી આસ,
જાંણૂં અમને મૂકસે નહીં રે નિરાસ,
તે તો તમે મોકલ્યો તમારો ખવાસ,
તેણે આવી વિછોડયો સાંણસિએં માંસ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૨

રે વાલા ભલૂં થયું રે ભ્રાંતડી ભાગી,
હાં રે તારે સંદેસડે અમે જાગી,
હાં રે એણે વચને રુદે આગ લાગી,
હવે અમેં જાણ્યૂં ચોકસ અમને ત્યાગી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૩

રે ઊધવ તૂં ભલી રે વધામણી લાવ્યો,
અમારે કાજેં સૂળી ને સાંણસિયોં લેઈ આવ્યો.
ઊધવ તેં તો અકૂડ પર ઈંડૂ રે ચઢાવ્યો,
ઊધવ તે દુખડા ઘણૂં જ દેખાડયો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૪

રે ઊધવડા તૂં એટલૂં જાણ નિરધાર,
ઊધવ તૂંને નથી બીહીક કરતાર,
એણી મતે પામીસ નહીં તૂં પાર,
તૂં પણ તારા ધણીં સોં વિછડીસ આ વાર,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૫

રે ઊધવ રાખ તૂં કને તારૂં ડાપણુ,
પીઉજી નહીં મુકૂં અમે એવી પાપણુ,
તાતાને મ દિએ વળી વળી તાપણુ,
સખીયો હવે સમઝયા સંદેશડે આપણુ,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૬

ઊધવ તારે ડાપણીએં ઘણૂં રે સંતાપી,
રે મૂરખ તૂંને એ મત કોંણે આપી,
અમેં તૂંને જાણ્યો નહીં એવો પાપી,
તેં તો નાખ્યા અમારા અંગડા કાપી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૭

સખિયો હવે દુખડા કે ઊપર કીજે,
આપણોં નંદકુંઅર હોએ તો રીઝે,
[1]આપણી વાતેં જદૂનોં રાએ ન ભીજે,
સખિયો ઊધવને સંદેસા સ્યા દીજે,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૮

[2]સખિયો હવે આપોપૂં સહૂ કોઈ ઝાલો,
કાન્હજી હોએ તો દોડી જઈએ ચાલો,
એ જદૂરાએ નહીં રે ગોપિયોનોં વાલો,
સખિયો હવે ઊધવને ગુઝડી કાં આલો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૯

રે ઊધવડા અમારા ધણી અમ પાસે,
તારી મત લેઈ જારે તૂં સાથે,
અધખ્યણુ અળગો ન થાએ અમથી નાથ,
વ્રહમાંહેં વિળસૂં વાલૈયા સંઘાત,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૦

રે ઊધવડા વ્રહમાં નંદનો કુંઅર,
એણી અમ કને ખરી રે ખબર,
[3]વ્રહમાં જોયૂં લાધે તતપર,
તે ઊધવ અમેં ભૂલૂં કેમ અવસર,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૧

---

૧ પાઠાંતર—આપણી વાતો જદુના રાયને નહિ ભીજે.
૨ પાઠાંતર—સખિયો હવે આપોપું આપ સંભાળો.
૩ પાઠાંતર—વિરહમાંહે જુઓ તો લાધે તત્પર.

રે ઊધવડા અમારો ધણી અમમાં ગળિયો,
તમ આવતાં તે સાંસો તે સરવે ટળિયો,
ઊધવ તારી વાતેંચિત અમારો ન ચળિયો,
વ્રહ વધારી ઊધવ પાછો વળિયો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૨

સખિયો હવે ઘરડાં સહુએ સંભારો,
રખે કોઈ વાલાજીને દોસ દેવરાવો,
[1]એ વ્રહ માંહે જ મારો સખિયો,
એ તો નહીં ઘરબાર ઉઘાડો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૩

સખિયો તમે મૂકો રે બીજી સહૂ વાત,
આપણ ઊપર નિસંક પડી રે નિઘાત,
દુખેં કેમ મૂકિએ ગોપીનોં નાથ,
હવે આપોપૂં નાખો જેમ રહે અખ્યાત,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૪

સખિયો હવે વિના ઘાએ નાખો આપ મારી,
વાલાજીના વ્રહની વાત સંભારી,
વસે કેં વળી રાખો ઘર લોકાચારી,
હવે એવી કઠણ કસોટી ખમો નારી,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૫

સખિયો હવે વ્રહની ભારી રે ઉપાડો,
એ અંગ માયાના માયામાંહેં પછાડો,
એ વ્રહ બીજા કેહેને મા દેખાડો,
સખિયો વિના રખે કોણે બાર ઉઘાડો,
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૬

સખિયો મારો જીવ જીવનમાંહેં ભળિયો,
અમેં માયા ગ્રહી તોહે તે પલ ન ટળિયો,
એ વાલો અમ વિના કોણે ન કળિયો,
ઈંદ્રાવતી કહે અમારો અમને મળિયો.
હો સ્યામ પીઉ પીઉ કરી રે પુકારૂં. ૧૭

॥ પ્રકરણ ॥ ૭ ॥ ચોપાઈ ॥ ૫૩ ॥

॥ બારહમાસીકો કલશ સંપૂર્ણ ॥

॥ ઇતિ શ્રી બારહમાસી સમાપ્ત ॥

---

૧ પાઠાંતર—એ વિરહ માંહેના માંહે જ મારો.

નિબંધ વિશે બે મુદ્દા

પ્રવીણ દરજી

નિબંધ બધી જ ભાષામાં ખેડાયો છે ઘણો અને ઉપેક્ષાપાત્ર પણ એટલો જ ઠર્યો છે. સર્જનાત્મક સાહિત્યનાં દ્વાર નિબંધ માટે વિવેચકોએ હજુ અધખુલ્લાં રાખ્યાં છે. એટલે એને લલિતેતર પ્રકારમાં મૂકવો કે લલિતમાં તે વિશે એકવાક્યતા સધાઈ નથી. અનેક ચર્ચાઓ પછી પણ એ સ્વરૂપ સ્પષ્ટરેખ થયું લાગતું નથી. અહીં અને પશ્ચિમમાં પણ આ સ્વરૂપની જે વ્યાખ્યાઓ ઉપલબ્ધ થાય છે, એ કોઈ તત્ત્વવિશેષને, અંશવિશેષને નજરમાં રાખી, કરવામાં આવી હોય એવું લાગે છે. ખુદ નિબંધને ખેડનાર મહારથીઓ પણ ઘણીક વખત એવું કહેતા સાંભળવા મળે છે કે નિબંધ તો અર્ધદગ્ધ માણસોને, બુદ્ધિહીન માણસોને અનુરૂપ એવો સાહિત્ય-પ્રકાર છે. બીજે છેડે એવું પણ કહેવાયું છે કે નિબંધ એ ગંભીર, દુરારાધ્ય અને આનંદપર્યવસાયી પ્રકાર છે. નિબંધમાં વિષય–Subject મહત્ત્વનો કે એની અભિવ્યક્તિ–Expression એ વિશે પણ મતભેદો પ્રવર્તે છે. વિવેચકો કે તદ્વિદોનાં આ વાગ્યુદ્ધો વચ્ચે નિબંધને ઓળખવાની કે એના સ્વરૂપને પામવાની ચાવી કયાંથી મેળવવી એ એના રસજ્ઞો માટે સમસ્યા બની રહે છે. આજના કદાચ સૌથી વધુ વ્યાપક અને ગતિશીલ એવા આ પ્રકાર માટે આવી અતંત્રતા નિર્વાહ્ય ન ગણાય.

સાહિત્યકાર ગમે તે પ્રકાર ખેડે, એનો વિષય ગમે તે હોય, એની અભિવ્યક્તિની લઢણ ગમે તે પ્રકારની હોય, જ્યારે જ્યારે એ કંઈક કલ્પનાસૃષ્ટ, થોડુંક અસામાન્ય, અ-લૌકિક એવું ઘરેલુ ભાષા કરતાં ભિન્ન, લૌકિક ભાષાને અતિક્રમતી શૈલીમાં લખે છે, ત્યારે ત્યારે તેટલા પૂરતું તો એ ખંડક કે એ કૃતિ સર્જનાત્મક બનતી જ હોય છે. નિબંધમાં જો આ પ્રકારની સર્જનાત્મક છટા પ્રવેશતી હોય તો તે પણ લલિત પ્રકારમાં પોતાનું સ્થાન લેવાને અધિકારી બને છે. સાહિત્યના અન્ય પ્રકારોમાં બન્યું છે તેમ નિબંધની પણ પૂર્ણ વ્યાખ્યા આપી શકાય તેમ નથી. ગતિશીલ પ્રકારોનાં લક્ષણો પણ પાંચીકે પાંચીકે દાયકે દાયકે બદલાવાનાં જ. નિબંધ એટલે નિબંધ જો એટલાથી સંતોષ માનીએ તો ખોટું નહિ.

અહીં નિબંધની સર્વાંગીણ ચર્ચા કરવાનો કોઈ ઉપક્રમ નથી. માત્ર જેના કારણે અનેક ગૂંચવાડાઓ ઊભા થયા છે તેવા પ્રચલિત મુદ્દાઓને જ સ્પર્શ કરવાનું વિચાર્યું છે.

૧ પહેલો મુદ્દો ડૉ. જ્હોનસને નિબંધ અંગે આપેલી વ્યાખ્યાનો છે. અત્યાર સુધી નિબંધની જે કેટલીક વ્યાખ્યાઓ બાંધવાના પ્રયત્નો થયા છે તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જ્હોનસનની વિચારણાએ ઠીક ઠીક અસર કરી જણાય છે એ વ્યાખ્યાને જરા વિગતે જોઈએ :

An essay is a loose sally of the mind, an irregular, undigested piece, not a regular and orderly composition.

આ વ્યાખ્યામાંથી ત્રણ મુદ્દાઓ ફલિત થતા જણાય છે.

(અ) નિબંધ એ ચિત્તની શિથિલ અવસ્થાનું પ્રસ્રવણ છે. (બ) તે અપરિપક્વ, અવ્યવસ્થિત રચના છે. (ક) આખી રચના તંત્રહીન-ગતિહીન હોય છે.

નિબંધની ઉપર્યુક્ત વ્યાખ્યા ડૉ. જ્હોન્સનના સમકાલીન નિબંધકારોની રચનાઓ ઉપરથી તારવવામાં આવી છે. ત્યાર પછીનાં વર્ષોમાં નિબંધ વિકસે છે, સશક્ત અને આત્મનિર્ભર બને છે. તથાપિ ડૉ. જ્હોન્સનના કથનને રાજાજ્ઞા માનીને કેટલાક તજજ્ઞોએ તે પછી એને વળગી રહેવાનો મરણિયો પ્રયાસ કર્યો જણાય છે. પરિણામે જ્હોસન્નના આ માપિયાએ કેટલીક સુદૃઢ, સ્વસ્થ અભિવ્યક્તિવાળી, તર્કસંગત રચનાઓને અ-નિબંધ કહેવા માટે ઘણાંને પ્રેર્યા છે. જો એ જ વ્યાખ્યાને મૂલાધાર માનીને ચાલીએ તો બેકન, હેઝ્‌લિટ, સ્પેન્સર, જ્હોન રસ્કિન, મણિલાલ દ્વિવેદી, કે રામચંદ્ર શુક્લ જેવા લેખકોને નિબંધના ક્ષેત્રમાંથી વિદાય આપવી પડે.

ડૉ. જ્હોન્સનની વ્યાખ્યાને વીગતે જોઈએ તે પહેલાં તેની અસર તળે નિબંધ વિશે ગેરસમજ ઊભી કરે તેવી વ્યાખ્યાઓ બાંધવાના જે પ્રયાસો થયા છે, તે ઉપરટપકે જોઈ લઈએ, જેથી નિબંધનું સ્વરૂપ સ્પષ્ટરેખ કરવું સહેલું બને.

(A) A composition of moderate length on any particular subject or branch of a subject.........originally implying *want of finish*, but now said of a composition more or less elaborate in style though limited in range.

—Murray's Dictionary.

(B) The essay is the most popular mode of writing.....it suits the writer who has *neither talent nor inclinalion* to pursue his inquiries further, and.....the generality of readers who are amused with variety and *superficiality*.

—Crabbe.

(C) An essay is a composition comparatively short, and second, that it is something *incomplete and unsystematic*.

—The English Essay and Essayists.
—Hugh Walker.

(D) At the same time, its outlines are so uncertain, and it varies so much in matter, purpose and style, that *systematic treatment of it is impossible*.

—An Introduction to the Study of Literature.
—W. H. Hudson.

ઉપર્યુક્ત નિબંધવ્યાખ્યાઓના વિવિધ લેખકો ઉપર ડૉ. જ્હોન્સનના મંતવ્યની કેટલી બધી અસર વરતાય છે! મરેના 'પૂર્ણતાના અભાવવાળી રચના' એ શબ્દો, ક્રેબના 'બુદ્ધિ કે તાર્કિકતા રહિત' અથવા તો ભાવક માટે વાપરેલો 'છીછરાઈ'—એ શબ્દો હ્યુવૉકરના 'અપૂર્ણ અને પદ્ધતિરહિત' શબ્દો કે હડસનના "તેની પદ્ધતિસરની માવજત અસંભવિત છે." આદિ શબ્દો જે તે લેખકના ચિત્ત ઉપર જ્હોન્સનની વ્યાખ્યાએ પ્રચ્છન્ન રીતે જે અમીટ છાપ પાડી છે

તેના સૂચક છે. કયારેક એક જ અભિપ્રાયને સ્વીકારી લેતાં એ સ્વરૂપ વિશે વર્ષો સુધી કેવી સંદિગ્ધતા પ્રવર્તતી રહે છે તેનું આ એક દૃષ્ટાંત છે.

ડૉ. જહૉન્સનની વ્યાખ્યામાંથી સ્ફુટ થતા ત્રણે મુદ્દાઓને ક્રમશઃ તપાસીએ. ડૉ. જહૉનસન માને છે કે નિબંધ એ ચિત્તની શિથિલ અવસ્થાનું પ્રસ્રવણ છે. આ ભ્રામક ખ્યાલ આજ સુધી ચાલતો આવ્યો છે. સર્જનની પળો 'શિથિલ અવસ્થા'ની પળો હરગિજ નથી, હોઈ શકે નહિ. સર્જન પ્રક્રિયામાં વ્યાપૃત ચિત્ત કોઈ અનુભૂતિવિશેષમાં, સંવેદનવિશેષમાં ગરકાવ હોય, મત્ત હોય ત્યારે તત્કાલ પૂરતા જાગતિક ચેતનાના ટકા ઘટી જાય, પણ તેવી 'નિરંકુશ' ક્ષણોમાં કે અવસ્થામાં ય સર્જનસૃષ્ટિનાં નિયમનો અને નિયંત્રણો તો હોય છે જ. એટલે જે કંઈ શબ્દરૂપે આકાર લઈ ભાવકની સામે આવે છે, તે તે બધું કોઈ આકારમાં સંમાર્જિત થઈને જ આવે છે. શબ્દરૂપે અવતરે છે ત્યારે કશું શિથિલ રહેતું નથી. ચિત્તની ગડમથલ તો કેવળ સર્જક જ જાણતો હોય છે. એ ગડમથલ જાણેઅજાણે સર્જકચિત્તના અંતઃપુરમાંથી સહેજ પણ બહાર ડોકાય તો તે મર્યાદાનું ઉલ્લંઘન થયું ગણાય અને તેટલે અંશે એનું સર્જન પાંગળું પણ બને. 'ચિત્તની શિથિલ અવસ્થા'માં આમ સર્જનવ્યાપાર શક્ય જ નથી. કોઈ પણ એક સાચી સર્જન કૃતિ પછી તે કાવ્ય હોય, નિબંધ હોય, વાર્તા હોય, કે નવલકથા હોય, પણ તે તેના સર્જકના શાંત અને અને પરિપકવ ચિત્તની નીપજ હોય છે.

જહૉન્સનના Loose sally of the mind શબ્દો ઉપરથી બીજો પણ એક તર્ક કરી શકાય. નવલકથા, નાટક, કાવ્ય આદિ નિબંધેતર સાહિત્યસ્વરૂપોમાં ચિત્તની એકાગ્રતા, સ્વસ્થતા અશૈથિલ્ય અવશ્ય અનિવાર્ય છે, જ્યારે નિબંધમાં એની જરૂર નથી. એમાં અનવસ્થા પણ ચાલી શકે. આ તર્ક પણ દૂરાકૃષ્ટ છે. નિબંધકાર ટોળટપ્પા કરે છે, આડાઅવળો ફંટાય છે, કદીક સલુકાઈથી વાત કરે છે અને છેક આપ્તજન બની જઈ એનું ધાર્યું કામ કરાવી જાય છે. ચિત્તનું આ પ્રસ્રવણ 'શિથિલ અવસ્થા'નું નથી, પણ એ તો મર્મજ્ઞની રીતભાત છે. એ સૌથી વધુ સ્વસ્થ છે, તાર્કિક છે, છતાં વિષયમાં એ પોતે તિરોધિત થઈ જતો હોવાથી એની સ્વસ્થતા, તાર્કિકતા વાચક કળી શકતો નથી. નિબંધકારની સામે ભિન્ન ભિન્ન રુચિવાળા વાચકો છે. એ બધાંની બૌદ્ધિક કક્ષા પણ જુદી જુદી છે, એટલે સૌને ગળે પોતાની વાત ઉતારવા, સૌની સાથે વિશ્રંભનો સેતુ રચવા સૌના મનને તાગવા–નાણવા એની અભિવ્યક્તિમાં એ સૌને રુચે એ રીતે સ્વૈરવિહારી, લાપરવાહી બની જતો હોય એવું લાગે છે. અંદરથી તો એ એવો તોલી-મોલીને ઘા કરતો હોય છે કે આપણને એની ઇન્દ્રજાળમાં ન લપેટાવું હોય તોપણ લપેટી જ લે છે! અભિ-વ્યક્તિમાં દેખાતી આ સ્વૈરવિહારિતા ઉપરથી નિબંધના પ્રભવસ્થાન તરીકે 'ચિત્તની શિથિલ અવસ્થા'ને નહિ ગણાવી શકીએ.

જહૉન્સનની વ્યાખ્યામાંથી બીજો મુદ્દો જે ઊભો થાય છે તે આ છે: an irregular, undigested piece. જહૉન્સન નિબંધ જેવા એક નિજી છટાવાળા સુગ્રથિત પ્રકારને 'ખંડક' તરીકે ઓળખાવે છે! એટલું જ નહિ, આગળ ઉપર તે આખી રચનાને–not a regular and orderly composition—અગતિવાળી, અતંત્ર કહે છે!

નિબંધની એક સ્વાયત્ત રૂપસૃષ્ટિ છે. એમાં ઉપર ઉપરથી જોનારને અગતિ, અતંત્રતા, અતાર્કિકતા, અપરિપક્વતા, અનાકારતા લાગે, પણ આ બધાંની પાછળ એને એનું એક ચોક્કસ કાઠું છે. નિબંધને પોતાનો આદિ, મધ્ય અને અંત પણ છે. એના પથરાટમાં, એની રસળતી કે પછી સઘન અભિવ્યક્તિમાં કોઈક એક નિયત લક્ષ્યને આકાર આપવાનો એના લેખકનો ઉદ્દેશ હોય છે, અને તે પ્રમાણે જ એ ગતિ કરતો હોય છે. નિબંધ એટલે નિર્બંધતા નહિ, વધારેમાં વધારે આકારબદ્ધતા. નિબંધ એટલે અપૂર્ણ કે અપરિપક્વ ખંડક નહિ, પણ વિષયનું સંતોષકારક નિરૂપણ કરતી પૂર્ણ, પરિપક્વ અને વાચક માટે તો વિશ્વસનીય વિચારવિશ્વ ઊભું કરતી કૃતિ. લૅમ્બ, કાકાસાહેબ કે હજારીપ્રસાદ દ્વિવેદી જેવા નિબંધકારોની રસળતી રચનાઓમાં આભાસી અગતિ કે અનાકારતા–અતંત્રતા લાગે, પણ તે આભાસી જ હોય છે. એ પ્રકારની રચનાઓમાં તેના અંત ઉપર કે ક્યારેક મધ્ય ઉપર એકાદ કેન્દ્રરૂપ–clue–એવી ઉક્તિ આવે છે–જે નિબંધકારના લક્ષ્યને સાકારતી હોય–કે ત્યાં થોભતાંવેંત એ સમગ્ર રચનાનો આકાર, એની વ્યવસ્થિતતા સ્વયમેવ સ્પષ્ટ થઈ જાય. ત્યાં ભાવક પણ સહસા પોકારી ઊઠવાનો કે નિબંધકારનો આ સ્વૈરવિહાર નિષ્પ્રયોજન નહોતો.

નાટ્યકાર કે વાર્તાકાર બહુધા પોતાના લક્ષ્યને સ્પષ્ટ કરતો કરતો, ઝાઝી લપછપ વિના આગળ ગતિ કરતો રહેતો હોય છે. એને તો ભાવકને પોતે કહે છે તે વાતમાં આનંદ પડે છે કે નહિ, તેની સાથે જ નિસ્બત હોય છે. નિબંધકાર જુદા મિજાજનો છે. ભાવકને માત્ર પોતાની વાતથી આનંદ પડે ભાવક વાહ વાહ પોકારે એટલાથી તેને સંતોષ થતો નથી. ભાવક છેલ્લા શબ્દ સુધી એનો સાથી બની રહે તેવી એની અપેક્ષા હોય છે. વાચક પળ-વિપળ રસમસ્તીમાં ડૂબી પાછો હતો તેવો ને તેવો કોરો કટ થઈ જાય એવું તે લગીરે ઇચ્છતો નથી. પોતાની વાત સાંભળતાં સાંભળતાં ભાવક આનંદે, ક્યારેક ગંભીર બની વિચારતો થઈ જાય, એવું તે ઇચ્છે છે. આવું કરવા નિબંધકારને આપ્તજન બનવું પડે છે. એક આપ્તજન બીજા આપ્તજનને પોતાની વાતમાં રસભાગી કરવા માટે, પોતાની વાત અન્યના ગળે ઉતારવા માટે, આડોઅવળો જાય, પોતાની વાતનું પિષ્ટપેષણ પણ કરે, એ સ્વાભાવિક છે. એકંદરે એમ કહી શકાય કે, નવલકથાકાર, નાટ્યકાર કે વાર્તાકારનો ભાવક સાથેનો નાતો મળ્યા ભાઈની પ્રીત જેવો છે. નિબંધકારને તો ભાવકના હૃદયમાં ચિર નિવાસ કરવાની તમન્ના હોય છે.

નિબંધની ગતિ, તંત્ર-વ્યવસ્થિતતા સમજવા એક રૂપક લઈએ. નિબંધકારના રેસનો ઘોડો નફીકરો, દિલદાર પણ ચપળ હોય છે. સીધા ટાર્જેટ તરફ ગતિ કરીને વિજય મેળવવાની એની ઇચ્છા નથી. એ તો માર્ગમાં એકાદ વનરાજિવેષ્ટિત ગામ આવે તો એની સુષમા નિહાળવા થંભી જાય છે, પંખીકૂજિત કાસારની પાળ ઉપરથી કાન સરવા કરી, થોડું સંગીત પણ માણી લે છે, અને પછી આગળ વધે છે. જો એ ધોમધખતાં બપોરમાં નિકળ્યો હોય તો શીતલ છાંયવાળા કલ્પદ્રુમ શા તરુ નીચે વિશ્રામ પણ કરી લે છે અને છતાં એ ટાર્જેટ પર લઈ જાય છે, સૌથી પહેલાં. ત્યારે જ આપણને તે પેલા ગામની સુષમા નિહાળવા તે કેમ થોભ્યો હતો, પેલા પંખીઓના સંગીતને માણવા કેમ રોકાયો હતો, એ સમજાય છે. ટાર્જેટને સર કરવાની એ એની અશક્તિ નહોતી, ઊલટાનો અતિ શક્તિનો આત્મવિશ્વાસ હતો. એટલે પથમાં વચ્ચે વચ્ચે વ્યતીત કરેલી પળો

નિરર્થક કે અહેતુક નહોતી, અંતિમ વિજય અપાવવા માટે વિજયની સાથે અવિનાભાવી સંબંધે જોડાયેલી કીંમતી ક્ષણો હતી.

નિબંધની દેખીતી અગતિ અતંત્રતા કે અનવસ્થા પાછળ આવી કોઈ ચોક્કસ ગતિ છે, નિયત તંત્ર ને વ્યવસ્થા છે. આથી જ ડૉ. જ્હોન્સનની વ્યાખ્યાને વળગી રહેવાય તેમ નથી. જેપ્સન નિબંધ વિશે આથી યોગ્ય જ લખે છે :

Essay must have structure, unity and coherence. It must have form; it must, like every other work of art, have a pattern ......"

૨ નિબંધના અનુસંધાનમાં બીજો મહત્ત્વનો મુદ્દો છે તેમાં પ્રકટતા સર્જકના વ્યક્તિત્વનો. નિબંધમાં સર્જકના વ્યક્તિત્વની ઉષ્મા અનુભવાવી જોઈએ. લલિત નિબંધ તે જ ગણાય જે એના સર્જકના વ્યક્તિત્વને બિંબિત કરે એવું મોટા ભાગના તદ્વિદો સ્વીકારે છે :

(A) The true essay is essentially personal.

—W. H. Hudson

(B) The essayist in the more esoteric meaning of the word, is intimate, personal, confidential. —Hugh Walker.

(C) ......He has some personal experience to communicate.

—R. W. Jepson

(D) ......Dealing with almost any subject but in a personal, informal and unpretentious way–

—Houston Peterson.

(E) The more personality we get the better......

—Sir John Squire.

(F) The true essay whose every phrase is salted with personality.

—J. B. Priestly.

પશ્ચિમમાં અને આપણે ત્યાં પણ Personal elementવાળી રચનાઓને નિબંધ કહેવાનું વલણ જોર પકડતું જાય છે. સર્જકના વ્યક્તિત્વની ઉષ્મા નિબંધને લલિત કૃતિ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. નિબંધના જનક ગણાયેલ ફ્રેંચ લેખક મૉન્ટેઈનના–

"I desire to be seen in my simple, natural and everyday dress, without artifice or constraint, for it is myself I portray."

આ શબ્દો લલિત નિબંધના સ્વરૂપ ઉપર ઠીક ઠીક પ્રકાશ નાખે છે. સર્જકના વ્યક્તિત્વની મુદ્રા તો નિબંધેતર એવા, નાટક, કાવ્ય, આત્મકથા જેવા પ્રકારોમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંકિત થયેલી જોવા મળે છે. અહીં પ્રશ્ન એ વિચારવાનો રહે છે કે નિબંધમાં અને અન્ય સાહિત્ય-પ્રકારોમાં પ્રકટતા વ્યક્તિત્વમાં ફેર ખરો ? નિબંધમાં પ્રકટતું વ્યક્તિત્વ કેવા પ્રકારનું હોય છે ? આત્મકથામાં જે પ્રકારે તેના કર્તાનું વ્યક્તિત્વ પ્રકટે છે તે પ્રકારના વ્યક્તિત્વની અપેક્ષા નિબંધમાં નથી રખાતી. આત્મકથામાં સર્જકનું જાગતિક, લૌકિક વ્યક્તિત્વ એના તત્સમ રૂપે વ્યક્ત થતું હોય

છે. નિબંધમાં પ્રકટતું વ્યક્તિત્વ તત્સમરૂપનું નહિ, તદ્‌ભવિત થયેલું હોય છે. નિબંધકાર કોઈ વસ્તુવિશેષ કે ભાવવિશેષને નિરૂપવા બેસે છે, ત્યારે તે તે વસ્તુ કે ભાવ સાથે સંબંધિત એવું તેનું વ્યક્તિત્વ તેમાં અંકાતું જાય છે. એનું વ્યક્તિત્વ સમગ્રરૂપે નહિ, ખંડરૂપે તેમાં ઊતરે છે. પરિસ્થિતિગત, વિષયના ભાવ-પ્રતિભાવમાંથી જાગતું વ્યક્તિત્વ નિબંધમાં આસ્વાદનો વિષય બને છે. આત્મકથા કે અન્ય સ્વરૂપોમાં આવતું વ્યક્તિત્વ પ્રમાણમાં સ્થૂળ કે ધીંગું હોય છે, તેને મુકાબલે નિબંધમાં આવિર્ભૂત થતું વ્યક્તિત્વ સૂક્ષ્મ કોટિનું હોય છે. નિબંધમાં રસનું કારણ સર્જકનું વૈવિધ્યભર્યું વ્યક્તિત્વ બને છે. દરેક વખતે તે જુદા જુદા રૂપે, જુદા જુદા પરિવેશમાં આપણી સમક્ષ હાજર થતો હોય છે. નિબંધને ચેતનવંતો કરે છે આવું ભાતીગળ પ્રકારનું વ્યક્તિત્વ જ. આવા વ્યક્તિત્વનો નિબંધકારે સભાનપણે નિક્ષેપ કરવાનો હોતો નથી. વિષય સાથે એકરાગ થયેલું હૃદય તો નિબંધના શબ્દે શબ્દે ધબકતું હોય છે. આવી રચનામાં અસંપ્રજ્ઞાતપણે જ પહેલા શબ્દથી સર્જકના વ્યક્તિત્વનો જાદુઈ સ્પર્શ અનુભવાતો હોય છે. એમાં કશું બહારથી નિક્ષેપ (impose) કરવાનું હોતું નથી. નિબંધમાં તો વ્યક્તિત્વ અંદરથી જ ધીમે ધીમે ખીલતું જાય, મ્હોરતું જાય અને આખી રચના સ્વયમેવ આકારાઈ પૂર્ણ ઘાટ પામે. સાહજિક રીતે ખીલેલું વ્યકિતત્વ જ મનહર બની શકે. નિરૂપક અને નિરૂપ્ય વિષયની અર્ધનારીનટેશ્વર શી સંપૃક્તિ નિબંધનું પ્રાણતત્ત્વ છે. આમ નિબંધમાંનું વ્યકિતત્વ ટેલિવિઝનમાં દેખાતા મનુષ્ય જેવું છે. એ ગંભીરપણે બોલતો હોય કે હળવી રીતે, અશ્રુભીની આંખે વાત કરતો હોય કે આનંદથી ટોળટપ્પા કરતો હોય, એ આખો ને આખો તત્કાળ પૂરતો એની અંગભંગિઓ સાથે પ્રગટ થઈને નજર સામે આવતો હોય છે. આમ નિબંધમાં વ્યકિતત્વ ઉપર જે ભાર મુકાય છે તે યોગ્ય છે, પણ તે વ્યકિતત્વ જડ નહિ, ભાવકને ક્ષણે ક્ષણે જીવાડે, જીવંત રાખે તેવું બહુરંગી ને સૂક્ષ્મ હોવું ઘટે.

ઉપર્યુક્ત બે મુદ્દાઓ લલિત પ્રકારનું પોતાનું અલગ સ્વરૂપ પ્રકટાવી રહેલા સાંપ્રતકાળના ગુજરાતી નિબંધને સમજવામાં સહાયરૂપ થશે.

'અર્વાચીનોમાં આદ્ય'—નર્મદ અને ભારતેન્દુ

કે. એમ. શાહ

ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ નર્મદને ગુજરાતી સાહિત્યના 'અર્વાચીનોમાં આદ્ય' કહીને બિરદાવ્યો તેવી જ રીતે હિન્દી સાહિત્યના ઇતિહાસકારોએ હિન્દીના આધુનિક યુગના ઉદયકાળને એકસ્વરે 'ભારતેન્દુ-યુગ' ગણાવી ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું યોગ્ય મૂલ્ય આંક્યું છે. ગુજરાતી અને હિન્દી ભાષાઓના આ યુગપ્રવર્તકોના જીવનકાળ વ્યક્તિત્વ અને કૃતિત્વમાં રહેલું અદ્ભુત સામ્ય બન્ને ભાષા-સાહિત્યના અધ્યેતાઓનું ધ્યાન ખેંચે એ સ્વાભાવિક છે.

ઈ. સ. ૧૮૫૦ની આસપાસ લગભગ સમગ્ર ભારતમાં તેનાં જીવન, સભ્યતા, કેળવણી, ભાષા અને સાહિત્ય—લગભગ બધાં જ ક્ષેત્રોમાં સમવર્તી પરિવર્તનો દૃષ્ટિગોચર થાય છે. આવા સાંસ્કૃતિક સંક્રમણના સમયે દૂર દૂરના બે પ્રદેશોમાં નર્મદ અને ભારતેન્દુની સમાન પ્રતિભાઓનો ઉદય થાય છે. નર્મદનો જન્મ ઈ.સ. ૧૮૩૩માં થયો જ્યારે ભારતેન્દુનો ઈ. સ. ૧૮૫૦માં.

નર્મદના પિતા લાલશંકર મુંબઈમાં લહિયાનું કામ કરતા હતા જ્યારે ભારતેન્દુના પિતા ગોપાલચન્દ્ર શેઠ અમીચંદના ઇતિહાસ-પ્રસિદ્ધ વંશજ અને કાશીનગરીના ધનાઢ્ય તેમ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. આમ આર્થિક દૃષ્ટિએ બન્ને પરિવારોમાં વૈષમ્ય હતું, છતાં બન્ને કવિહૃદય હતા. તેઓને સાહિત્ય પ્રત્યે સમાન અભિરુચિ હતી; એટલું જ નહીં તેઓ બન્ને એમ ઇચ્છતા હતા કે તેઓના પુત્રો સારા કવિ બને! જ્યારે નર્મદે કવિતા કરવા માંડી ત્યારે તે વાંચીને પિતા લાલશંકરે કહ્યું:

"ભાઈ, તારી કવિતા વાંચવાથી રોવું આવે છે પણ પછી બહુ સુખ થાય છે." પિતાને થતું કે પુત્ર આ ક્ષેત્રમાં જરૂર આગળ વધશે. એમનો ઉત્સાહ પણ અજબ હતો! પુત્રને કવિ થવા અભ્યાસ માટે જરૂરી પિંગળોની અને એણે રચેલી કવિતાઓની તેઓ સુંદર હસ્તાક્ષરોમાં નકલો કરી આપતા. નર્મદ પણ, પિતાને જાણે ગુરુ માનતો હોય તેમ, જે કાંઈ લખતો તે પ્રથમ તેમની પાસે બેસી વાંચી સંભળાવતો. નર્મદે 'મારી હકીકત'માં લખ્યું છે કે "...ને હદથી જ્યાદે ફાટચો હોઉં ત્યાં ફેરફાર કરવાની સલાહ આપતા—ને તેમ હું કરતો."

નર્મદના પિતાએ નર્મદની જુવાનમંડળીમાં સામેલ થઈ સ્વલિખિત નિબંધપાઠ કર્યાનો દાખલો પણ મળે છે.

જ્યારે પેલી બાજુ બાળકવિ ભારતેન્દુએ કવિપિતા ગોપાલચન્દ્ર પાસે સ્વરચિત એક દોહો કહ્યો:

"લૈ બ્યોંડા ઠાઢે ભયે શ્રી અનિરુદ્ધ સુજાન,
બાણાસુર કી સેન કો હનન લગે ભગવાન."

પિતાએ પારખ્યું કે પુત્રની પાંચ જ વર્ષની વયે તો જન્મજાત કવિએ દર્શન દીધાં ! આશીર્વાદ આપ્યા : "હરિશ્ચન્દ્રે પણ કવિ જ થવું જોઈએ."

આમ આ બન્ને કવિઓના જીવનઘડતરમાં તેમના પિતાશ્રીએ ઘણો જ મહત્ત્વનો ફાળો આપ્યો.

પિતાનાં પ્રોત્સાહન, સલાહ અને સહકારના આધારે નર્મદે મધ્યકાલીન સાહિત્યશાસ્ત્રનું અધ્યયન આરંભી દીધું. નર્મદે 'પિંગળપ્રવેશ', 'અલંકારપ્રવેશ', 'રસપ્રવેશ' અને 'નાયિકા-પ્રવેશ'નો અધિકાર મેળવી મધ્યકાલીન કાવ્યપ્રવૃત્તિઓમાં રાચતા દલપતરામની બરોબરી કરી લીધી. પિતાનો ટાણો કે ".. હું તો તારી હોંશિયારી ક્યારે જાણું કે પિંગળ બનાવે ત્યારે." તે પણ હવે નરમ પડયો હતો ! નર્મદે પ્રસિદ્ધિનો સ્વાદ પણ ચાખવા માંડયો હતો.

આ બાજુ બાળક ભારતેન્દુની સ્થિતિ કાંઈ જુદી જ હતી. પિતા ગોપાલચન્દ્ર એના કિશોરવયે પહોંચતાં જ ગુજરી ગયા. કંઈક વિક્ષિપ્તતાને ટાળવા અને કંઈક જિજ્ઞાસાને સંતોષવા, ઈ. સ. ૧૮૬૬માં માત્ર સોળ વર્ષની વયે ભારતેન્દુ બાબુ જગન્નાથજીની યાત્રાએ નીકળી પડયા. અલ્પવયમાં જ એમણે વિવિધ ભાષાઓનું જ્ઞાન મેળવ્યું હતું. એમની અનુસંધાનકારિણી બુદ્ધિ તીવ્ર અને સૂક્ષ્મ હતી. કિશોરવયમાં પણ સારા પરિપકવ અને ગંભીર અધ્યેતાની અદાથી ભારતેન્દુજીએ બંગલા ભાષા અને સાહિત્યની ગતિવિધિઓનું અધ્યયન કર્યું. મનમાં એક ખટકો અનુભવ્યો : પોતાની ભાષામાં એવું સાહિત્ય નથી, સાહિત્યનાં વિવિધ સ્વરૂપો નથી, ભાષાની એવી ગતિશીલતા નથી, ગદ્યનું વ્યવહારુ સ્વરૂપ નથી. દઢ મનોબળવાળા એ કિશોરે વ્યવસ્થિત રીતે કાર્ય આરંભ્યું, વિચાર્યું "હિન્દી ભાષાનું પોતાનું સ્વરૂપ હોવું જોઈએ. ન તો ઉર્દૂનો બોજો એ ઉઠાવે કે ન સંસ્કૃતનો, પરંતુ હિન્દી પોતાની જ સ્વાભાવિક ગતિએ આગળ વધે."

આગળ જતાં ભારતેન્દુજીએ વિવિધ હેતુલક્ષી પત્ર-પત્રિકાઓનું સંપાદન-કાર્ય પ્રારંભ્યું, જેનાં નામ છે, 'કવિવચન સુધા', 'હરિશ્ચન્દ્ર ચંદ્રિકા', 'બાલાબોધની'. ભારતેન્દુજીએ સ્વયં કવિ અને ગદ્યલેખક તરીકે હિન્દીનાં બન્ને પ્રસિદ્ધ ભાષાસ્વરૂપો અપનાવ્યાં. કવિતા માટે વ્રજભાષા એમને અત્યંત પ્રિય હતી અને નિબંધો, નાટકો, લેખો વગેરે માટે તેઓએ ખડીબોલી હિન્દીનું ખેડાણ કર્યું. તેમાં તેમણે ગદ્યની તથ્યનિરૂપક શૈલી તેમ જ ભાવાવેશ જાગૃત કરે તેવી જોશીલી નાટ્યશૈલી અપનાવી.

ભારતેન્દુનો પ્રભાવ પડવા લાગ્યો. એમની આજુબાજુ કવિલેખકો અને નાટ્યરસિકોનું એક મંડળ ભેગું થયું. પં. પ્રતાપનારાયણ મિશ્ર, પં. અંબિકાદત્ત વ્યાસ, પં. બદ્રીનારાયણ ચૌધરી 'પ્રેમધન', લાલા શ્રીનિવાસદાસ તથા પં. રાધાચરણ ગોસ્વામી ભારતેન્દુ-મંડળનાં ઉજ્જવળ નક્ષત્રો છે.

આ સમયે નર્મદાશંકરના જીવન-જોસ્સાનો મધ્યાહ્ન તપતો હતો. સૂરત અને મુંબઈના કવિ-વિદ્વાનોમાં એણે સારી એવી પ્રસિદ્ધિ મેળવી હતી. 'નર્મકવિતા', 'નર્મગદ્ય', 'કવિચરિત્ર', 'દયારામકૃત કાવ્યસંગ્રહ', 'નર્મવ્યાકરણ', 'સુરતની મુખ્તેસર હકીકત' અને 'મારી હકીકત'નાં પ્રકાશનો દ્વારા નર્મદની વિવિધક્ષેત્રીય પ્રતિભા ઝળકી રહી હતી. એની પ્રસિદ્ધિની ઝંખના લગભગ

પાર પડી ગઈ હતી. પણ હજુ ય એનો 'જોસ્સો' મધ્યાહ્નના તાપમાં ઊકળી રહ્યો હતો ! એનું અદમ્ય વ્યક્તિત્વ બહાર પડવા થનગની રહ્યું હતું. એક બાજુ નર્મદ ગુજરાતની પ્રજાને પોતાની 'નર્મકવિતા'નું 'રસપાન' કરાવી રહ્યો હતો તો બીજી બાજુ 'ડાંડિયો' બનીને ડાંડી પીટતો પીટતો નીડરપણે સશક્ત વાણી દ્વારા લોકોની તંદ્રાને ઢંઢોળી રહ્યો હતો : "ડમ ડમ ડંમ, ડમ ડમ ડંમ, ડમ ડમ, ડંમ ડમ ડમ ડમ...જાગજો રૈયત, બાર વાગા બાર ! કાલે રોનવાળાઓએ મને કેહેલું છે કે, આજ કાલ ખાતર ધાડ ઘણાં પડે છે—ચોર જુગારી છિનાળવા રાંડબાજ ઠગ ધુતારા ખુની વગેરે હરામનું તકાવનારાઓની ટોળીઓ ઠામ ઠામ જોવામાં આવે છે—રે તેમાં મોટ મોટાઓ છે—બડે બડે વેપારીયો છે—સરકારી ઓહ્દ્દેદારો છે—પઢેલા લોકો છે—તેઓએ પોતપોતાનો આબરુદાર ધંધો કરવો છોડી દીધો છે—...એવા લોકોની ટોળી વિખરવી મુશ્કેલ છે—("આભ ફાટે તાંહાં ઠીગડું કેમ દેવાય ?")...રોનવાળાઓએ કેહેલું છે કે, ઉપરીઓ પણ વહી ગયા છે. આજ કાલ દાહાડો તે રાત જ છે—કેમ કે વ્યસની ને વેહેમી આંધળા હોય છે...આંધળાઓને દાહાડો શેનો હોય ? સદૈવ રાત જ હોય છે...ઓ લોકો, આ હું ડાંડી પીટું છ : ઓ ગરીબ લોકો, સાવધ થાજો...ડમ ડમ ડમ, ડમ ડમ ડમ, ઓ આંધળાઓ! લુચ્ચાઓ અને ખોટાઓ, પાછા દેખતા, પ્રામાણિક અને ખરા ઉદ્યોગ કરવે ખરા થાજો. ઓ લોકો, એમ ન જાણશો કે હું ડાંડીયો ડમ ડમ ડમ ડાંડી પીટી જ જાણું છું—દેશનું ભલું થાય તેમ કરવાને, હું થોડો ઘણો લાયક છઉં : મેં તરેહ તરેહવાર આદમીઓ જોયા છે—પંડિત સાથે, મૂરખ સાથે, નીતિમાન સાથે, અનીતિમાન સાથે, ભલા અને ડાંડ-ડાંડગા-ડાંડીયા લોકો સાથે મારે ઝાઝો પ્રસંગ પડેલો છે—પૈસાદાર અને ગરીબના ઘરોમાં ફરી વળ્યો છઉં, ગાડીઘોડે બેઠો છઉં ને જંગલોમાં ચાલ્યો છઉં—સાહેબી ને વેઠ કરી છે...હું ડાંડિયાના ભેદ પ્રપંચો જાણું છઉં—(ડાંડીયાપણું કરયું નથી) માટે ડાંડીયાઓની વાત હું બહાર કહાડીશ—ખબરદાર. જાગતા થાઓ, જાગતા રોહો લોકો ડમ ડમ ડંમ ડમ ડમ ડમ, ડમ ડમ ડમ ડંમ—વાહાણું વાશે !"

જ્યારે રાષ્ટ્રીય જાગૃતિ સળવળી રહી હતી, જ્યારે લોકો પોતાના સ્વત્વ અને અધિકારો વિષે વિચારતા થઈ રહ્યા હતા, મધ્યકાલીન અને આધુનિક સમાજ, સભ્યતા અને સંસ્કૃતિમાં અભૂતપૂર્વ સંઘર્ષ જામ્યો હતો ત્યારે અભિવ્યક્તિ નવું અને સશક્ત માધ્યમ માગી રહી હતી. ગુજરાતીમાં એવું માધ્યમ નર્મદે પૂરું પાડયું અને હિન્દીમાં ભારતેન્દુએ ભાષાનું ગદ્યસ્વરૂપ વાતચીત, વાણિયાવેપારીના ચોપડાઓ, ધાર્મિક ગ્રંથોની ટીકાટિપ્પણોની સાંકડી ગલી છોડી વ્યાપક જીવનના વિસ્તૃત રાજમાર્ગે પા પા પગલી માંડી રહ્યું હતું. સાહિત્યના ક્ષેત્રે વિવિધ વિષયો અને ભાષાનું ગદ્યમાધ્યમ—આ બન્ને ભાષાઓમાં લગભગ એકસાથે અવતરી રહ્યાં હતાં. નર્મદ અને ભારતેન્દુમાં આ નવીન વિષયો અને શૈલીના આલેખનની શક્તિમત્તા દેખાઈ આવે છે. નર્મદનું ખરેખરું, તડફડ કહી નાખનારું, લોકોને ઊંઘમાંથી જગાડે તેવું ગુજરાતી ગદ્ય આપણે જોયું. હવે ભારતેન્દુજીની વિશિષ્ટ ગદ્યશૈલીનો આ નમૂનો જોઈએ :

"લોગો ! મેરા કહા માનો ખુદા મુઝ સે ડરતા હૈ, ક્યોં કિ મૈં પ્રચ્છન્ન નાસ્તિક હૂં પર પૈગમ્બરિન કે ડર સે આસ્તિક હો ગયા હૂં...જબ ખુદા મુઝ સે ડરતા હૈ તબ ઉસકે બન્દો તુમ મુઝ સે બહુત હી ડરો...જહાં પર ખુદાને હલાલ કિયા હૈ શરાબ, બીફ, મટન, બગ્ગી, દંગલ, ફસલ, નૈશાનાલિટી, લાલટૈન, કોટ, બૂટ, છડી, જેબીઘડી, રેલ, ધૂંઆકશ, વિધવા, કુમારી,

પરફીયા, ચાબુક, ચુરુટ, સડી મછલી, સડી પનીર, સડે અચાર, મુંહ કી બૂ, અધોભાગ કે કેશ, બિના પાની કે મલ ધોના, રુમાલ, મૌસી, મામી, બૂઆ, ચાચી, મૈં, અપની બેટી, પોતિયોં કે કઝિન, ફ્રેંડ, લેપાલટ કી બહૂ, ખાનસામા, ખાનસામિન, હુક્કા, થુકકા, લુકકા, બુકકા ઔર આઝાદી કો ઔર હરામ કિયા બુતપરસ્તી, બેઈમાની, સચ બોલના, ઈનસાફ કરના, ધોતી પહરના, તિલક લગાના, કંઠી પહરના, નહાના, દતુઅન કરના, સ્વચ્છન્દ હોના, ઉદાર હોના, નિર્ભય હોના, કથા, પુરાન, જાતિભેદ, બાલ્યવિવાહ, ભાઈ વા માં વા પિતા કે સાથ રહના, મૂર્તિપૂજા, તથા આર્થોડાક્સ કી સુહબત, સચ્ચી પ્રીત, પરસ્પર ઉપકાર, આપસ કા મેલ, બુરી બાતૈં, ઘાતૈં, ફાતૈં, છાતૈં ઔર, પ્રેજુડિસ કો. લોગો ! દૌડો દૌડો ઈમાન લાઓ મુઝ પર, દેખો પીછે પછતાઓગે, ઔર હાથ મલતે રહ જાઓગે. ”

આ કાંઈ વિવિધ પ્રકારની અને વિરોધી સંજ્ઞાઓ કે ક્રિયાપદોનો ઢગલો નથી પરંતુ એમાં ભારતેન્દુજીનો મિજાજ તેમ જ તત્કાલીન જીવનમાં ઉપસી રહેલો ધાર્મિક, નૈતિક, સામાજિક અને સભ્યતાગત ગુંચવાડો–અથડામણો પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ વ્યક્ત થયો છે. વિષય, શૈલી, પ્રયોજન તેમ જ ગદ્યકારના વ્યક્તિત્વનું સામ્ય નર્મદ તેમ જ ભારતેન્દુનાં ઉપર્યુક્ત ઉદાહરણોમાં વિચારણીય છે.

ભારતેન્દુ હિન્દી નાટ્યસાહિત્યના પ્રણેતા ગણાય છે, એટલું જ નહીં તેઓ એક સફળ અભિનેતા પણ હતા. એમની નાટ્યસર્જનની પ્રવૃત્તિ શાસ્ત્રીય હતી. સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં ગણાવેલાં રૂપકોમાં પ્રત્યેકનું એક એક ઉદાહરણ એમને પ્રયોજનપૂર્વક સર્જ્યું હતું. નાટિકા, પ્રહસન, વ્યાયોગ, ભાણ, રાસક, પ્રકરણ વગેરે તેમાં મુખ્ય ગણી શકાય. ‘ વિદ્યાસુંદર ’, ‘ રત્નાવલિ ’, ‘પાખંડ-વિડંબન’, ‘વૈદિકી હિંસા હિંસા ન ભવતિ’, ‘ધનંજય-વિજય’, ‘ મુદ્રારાક્ષસ ’, ‘ સત્ય હરિશ્ચન્દ્ર ’, ‘ પ્રેમજોગિની ’, ‘ ચંદ્રાવલિ ’, ‘ ભારત-દુર્દશા ’ વગેરે.

નર્મદાશંકરે પણ નાટકો રચ્યાં. વધુ યથાર્થ તો એ છે કે એમને નાટકો રચવાં પડચાં ! જે દારુણ આર્થિક પરિસ્થિતિ એના ટેકીલા અને જીદ્દી સ્વભાવે ઉપસ્થિત કરી હતી, એને પહોંચી વળવાના આ વિવશ અને નિષ્ફળ પ્રયત્નો હતા. ‘ કલમને ખોળે ’ માથું નમાવી શારદા માને ‘ હવે તો તારે ખોળે છઉં ’ કહેનાર વીર નર્મદને નાટકો દ્વારા ભૌતિક જીવનનો જંગ ખેલવો પડ્યો હતો. ‘ કૃષ્ણાકુમારી નાટક ’, ‘ રામજાનકી દર્શન ’, ‘ સીતાહરણ ’, ‘ શ્રીસાર શાકુંતલ ’, ‘ શ્રીબાળકૃષ્ણ વિજય નાટકો ’ સુખાંત છે કે દુઃખાંત એ જુદી ચર્ચાનો વિષય છે પણ એટલું તો જરૂર છે કે આ નાટકો વીર નર્મદની જીવનરંગશાળામાં ખેલાયેલી સંઘર્ષમય કરુણિકાઓ હતી ! કદાચ એ જ એનું સાચું મૂલ્યાંકન હશે ! આ મુદ્દા સાથે બીજી પણ એક વાત સ્પષ્ટ કરવા જેવી છે તે એ કે ભારતેન્દુએ જ્યારે પોતાના પૂર્વજોને જે ધન ખાઈ ગયું તે ધનને ખાઈ જવાની પ્રતિજ્ઞા કરી, ધન લૂંટાવવા માંડયું હતું ત્યારે ‘ કલમને ખોળે ’ માથું મૂકી જીવવાની પ્રતિજ્ઞા લેનાર નર્મદને ચાર આનાના દૂધ-પૌંઆ પર દિવસો કાઢવા પડેલા અને કચ્છી દાનવીર શેઠ ગોપાળદાસ તેજપાળની સખાવતનો આશરો લેવો પડેલો ! !

આમ આ બન્ને સાહિત્યકારો પ્રવૃત્તિએ એક હતા પરંતુ જીવનની બાહ્ય વિષમતાઓ— સવિશેષ આર્થિક વિષમતા ધરાવતા હતા. તેઓનાં જીવનવિકાસના પ્રમુખ સોપાનો અને ગદ્ય

તેમ જ નાટ્યલેખન પ્રવૃત્તિઓની આછી ઝલક જોયા પછી તેમની કાવ્ય-પ્રવૃત્તિનો પણ પરિચય અનિવાર્ય થઈ પડે છે.

ગદ્ય અને નાટ્ય-સર્જનની આટલી પ્રચુરતા છતાં આ બન્ને સાહિત્યકારોનું વ્યક્તિત્વ તો કવિનું જ બનેલું હતું. તેઓ પ્રામાણિક કવિહૃદય ધરાવતા હતા. ભારતેન્દુજીને કવિતા માટે મીઠી-મધુરી, કોમલકાંત વ્રજભાષા જ ભાવતી હતી. ભક્તિ અને શૃંગાર એમના પ્રિય મનોભાવો હતા. આમ ભારતેન્દુજીમાં વ્રજ અને ખડીબોલીનો સુભગ સંગમ હતો. તેનું મૂળ મધ્યકાલીન અને આધુનિક સાહિત્યપ્રવૃત્તિઓના એ સંધિકાળે રાચતા તેમના વ્યક્તિત્વમાં હતું.

નર્મદ સામે ભાષાનાં બે સ્વરૂપોનો પ્રશ્ન જ ન હતો. ઉપરાંત એ એના યુગમાં નવીન જ હતો. મધ્યકાલીન પ્રવૃત્તિઓમાં રાચતા દલપતરામ પ્રત્યેનો એનો સ્પર્ધાભાવ તેના મૂળમાં હતો. અહીં આ બન્ને કવિઓની કેટલીક સમાન ભૂમિકાઓ જોઈશું.

ત્યારે અંગ્રેજોનું રાજ્ય હતું. ભારતનું ધન બ્રિટિશ શાસકોની વેપારી મનોવૃત્તિથી પરદેશ ખેંચાઈ જતું હતું. આ બન્ને કવિઓને એ પસંદ ન હતું. આ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં તેઓ લખે છે :

ભારતેન્દુ : "અંગરેજ રાજ સુખ સાજ સજે સબ ભારી ।
પૈ ધન બિદેસ ચલિ જાત ઈહૈ અતિ ખ્વારી ॥"

(કાવ્ય : 'ભારત દુર્દશા')

નર્મદ : "રહે નહિ અહીં રાજ, તેથી ધન અહીંનું જાયે;
રાજ હોય તહાં રંગ, કારખાનાં સોહાયે.
વધે દેશોત્કર્ષ, રહે લક્ષ્મી ડરી આંહીં,
ચળકે તનમનધંન, કોઈને દુઃખ નહિ કોઈ."

('હિન્દુઓની પડતી')

'ભારત દુર્દશા' અને 'હિન્દુઓની પડતી' કાવ્ય-શીર્ષકોનું સામ્ય કેટલું સૂચક છે !

બન્ને કવિઓના વિચારોમાં અદ્‌ભુત સામ્ય છે. માતૃભાષા અથવા નિજ ભાષા અંગે તેઓ લખે છે :

ભારતેન્દુ : "નિજ ભાષા ઉન્નતિ અહૈ સબ ઉન્નતિ કો મૂલ ।
બિન નિજ ભાષા જ્ઞાન કે મિટત ન હિય કો સૂલ ॥"

નર્મદે આ જ વિચારોને ગદ્યમાં રજૂ કર્યા છે, જાણે કે ભારતેન્દુની કાવ્યપંક્તિઓની ગુજરાતી ટિપ્પણી ન હોય ! તેઓ લખે છે : "હિન્દુસ્થાનના ઉત્કર્ષને અર્થે પ્રથમ તેના અંગ-પ્રદેશોનો પૃથક પૃથક ઉત્કર્ષ સત્વરે થાઓ, અને એ ઉત્કર્ષની સામગ્રીમાં પ્રથમ ગુજરાતી ભાષાના જયશ્રી રંગ બિરાજો !"

બન્ને કવિઓની દર્દીલી કલમે લખાયેલી વિરહિણીના વિયોગદર્દ વિષેની પંક્તિઓ પણ આસ્વાદ્ય છે :

ભારતેન્દુ : "ઘિર ઘિર આયે બાદર છાયે રિમઝિમ જલ બરસૈ ।
ચમચમ ચપલા ચમકે ઘન ઝમકે
ઝુકિ ઝુકિ બિરછન પરસૈ ।
સૂની સેજ પરી મૈં વ્યાકુલ
પિય કી સૂરત નહિં દરસૈ ।
બિનુ 'હરિચંદ' પિયરવા સાવન મેં
હાય મોરા જિયરા તરસૈ ।"

નર્મદની વિરહિણી પણ મેઘઘેરી અંધારી રજનીમાં તડપે છે :

"અંધારી આ રજની સજની, મેઘબિહામણી રે,
વારે વારે, દરશન દઈ, ચોંકાવે દામણી રે;
ઘોઘોઘોઘો, ઉદક પડતું, પહાણ ઉપરે ભારી,
દેખી સંધું કચમ ન ટટળું નાથ સારું હું નારી ?"

આમ હિન્દી કવિ ભારતેન્દુ અને ગુજરાતી કવિ નર્મદના જીવન અને કવનનું તુલાનાત્મક અધ્યયન રસપ્રદ થઈ પડે તેમ છે.[૧] આ બન્ને ભાષાઓનાં કવિ-લેખકો, સાહિત્યસ્વરૂપો, સાહિત્ય-પ્રવાહો, ભાષાકીય વિશેષતાઓનું આ પ્રકારનું અધ્યયન ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની મૂલભૂત એકતાનું સારું ઉદાહરણ થઈ પડે તેમ છે. તેને માત્ર સંશોધન અને ડિગ્રીપ્રાપ્તિનો વિષય ન બનાવી મૂકવો જોઈએ, એવો લેખકનો નમ્ર મત છે.

હિન્દીભાષી હોવા છતાં કવિ ભારતેન્દુએ રચેલી એક ગુજરાતી ગરબી ઉપર્યુક્ત ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની એકતાનું સારું પ્રમાણ બની શકે તેમ છે : આ ગરબીનો વિષય તત્કાલીન સમયને અનુરૂપ એવો સાતમા એડવર્ડના સ્વાગતનો છે :[૨]

"આવો આવો ભારત રાજ જોવાને !
દઈ દર્શન એનું દુઃખ જન્મજન્મનું ખોવાને !
જેમ ચંદ્રોદય જોઈ ચકોર જીવ રાચે રે !
જેમ નવઘન આવતાં લાખો મોર વન નાચે રે !
તેમ ભારતવાસી જનો તવાગમ ચાહે જી !
લહી મુખશશિ રાજકુમાર મુદિત મનમાંહે રે !
આવો પ્યારા રાજકુમાર ! નહીં દઉં જાવાને !
વા'લા ભારતમાં સુખે વસો સ્નેહ વાધવાને !
મ્હારા ભારતવાસી અનાથ બને નાથે જી !
તેથી કુંવર વિરાજો અહીં જ અમારી સાથે જી !"

---

૧ આ વિષેના વિસ્તૃત અધ્યયન માટે જુઓ, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સૂરતના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ દેસાઈ-લિખિત હિન્દી-શોધપ્રબંધ "નર્મદ ઔર ભારતેન્દુ"

૨ 'બુદ્ધિપ્રકાશ' જાન્યુઆરી, ૧૯૦૮, પૃ. ૧૫૦ પરથી સાભાર.

પિતામહ સિદ્ધાન્તનો પ્રશ્ન

છોટુભાઈ સુથાર

આર્યભટ અને વરાહમિહિર પ્રાચીન ભારતના ખગોળશાસ્ત્રીઓ છે. આર્યભટે આર્યભટીય ગ્રન્થ રચ્યો છે જ્યારે વરાહમિહિરે પંચસિદ્ધાન્તિકાની રચના કરી છે, પણ આ બંને ગ્રંથોના પ્રણયનમાં ફરક છે. આર્યભટીય સ્વતંત્ર ખગોળગ્રન્થ છે જ્યારે પંચસિદ્ધાન્તિકા સંપાદિત ગ્રન્થ છે. એમાં પાંચ સિદ્ધાન્તોની વિગતો આપવામાં આવી છે. એ પાંચ સિદ્ધાન્તો આર્યભટ તેમ જ વરાહમિહિરની પહેલાં થઈ ગયેલા પાંચ ખગોળશાસ્ત્રીઓની કૃતિઓ છે. એ સિદ્ધાન્તોનાં નામ છે પિતામહ, વસિષ્ઠ, પૌલિશ, રોમક અને સૂર્ય. પંચસિદ્ધાન્તિકામાં આ સિદ્ધાન્તોને એમના મૂળ સ્વરૂપમાં આપવામાં આવ્યા નથી. વળી તે સંપૂર્ણપણે પણ આપવામાં આવ્યા નથી. ઉદાહરણ તરીકે વરાહમિહિરે પિતામહ સિદ્ધાન્તની વિગતો માત્ર પાંચ આર્યાઓમાં પતાવી દીધી છે. વસિષ્ઠ સિદ્ધાન્તની બાબતો ૧૩ શ્લોકોમાં સમાવાઈ છે જ્યારે બીજા સિદ્ધાન્તોની વિગતો લંબાણપૂર્વક આપી છે આનું એક કારણ આ બંને સિદ્ધાન્તોની, બીજા સિદ્ધાન્તોના મુકાબલે અતિપ્રાચીનતા ગણાય. પંચસિદ્ધાન્તિકામાં અપાયેલા પાંચ સિદ્ધાન્તો પૈકી પિતામહ સિદ્ધાન્ત સૌથી પુરાણો છે. તેની ગણતરીઓ સ્થૂળ પ્રકારની છે. એટલું જ નહીં પણ તે તેના એક પુરોગામી ગ્રન્થ વેદાંગ જ્યોતિષની લગભગ નકલ જેવો છે. વરાહમિહિરે એને તથા વસિષ્ઠ સિદ્ધાન્તને ભ્રષ્ટ સિદ્ધાન્તો (દકપ્રતીતિ કરાવવામાં અસમર્થ સિદ્ધાન્તો) કહ્યા છે.

पौलशकृतः विस्फुटोऽसौ तस्यासन्नस्तु रोमकः प्रोक्तः ।
स्पष्टतरः सावित्रः परिशेषो दूरविभ्रष्टौ ॥

[પૌલિશ સિદ્ધાન્ત ખૂબ સ્પષ્ટ છે. રોમક એની નજદીકનો છે. સૂર્ય સિદ્ધાન્ત એ બંને કરતાં અધિક સ્પષ્ટ છે જ્યારે બાકીના ભ્રષ્ટ (નકામા) છે.]

અને કદાચ એ કારણે જ, વરાહમિહિરે, પાંચ સિદ્ધાન્તોનું સંપાદન કરતી વેળા આ ભ્રષ્ટ સિદ્ધાંતોની માત્ર ઉત્તમ બાબતોનો જ ગ્રંથમાં સમાવેશ કર્યો લાગે છે. ઉપર્યુક્ત બંને સિદ્ધાંતોને દૂરવિભ્રષ્ટ કહેવા છતાંય એમાંની કેટલીક વિગતો આપી છે તેમ કરવાનાં અનેક કારણો હોઈ શકે છે. એ પૈકી નીચેનાં મુખ્ય ગણાય :

(૧) જૂની કૃતિઓ કઈ હતી તેમ જ તેમાં ખરેખર સત્ત્વશાળી શું હતું તે દર્શાવવાનો ઈરાદો.

(૨) ગ્રંથો નષ્ટપ્રાય બની જતાં તેમની ઉપલબ્ધિ મુશ્કેલીભરી બની હોય તેને કંઈક અંશે નિવારવાની ઇચ્છા.

(૩) ખગોળ ગણિતનો વિકાસક્રમ દાખવતો ગ્રન્થ અને વિગતોનો અનુબંધ સાચવવાની યોજના.

અહીં એક વાત જણાવી લઈએ. પંચસિદ્ધાન્તિકામાં આપેલા સિદ્ધાન્તોની (તેમાં ચર્ચેલા વિષયોની) ભાષા જે તે મૂળ સિદ્ધાન્તકારની નથી પણ સંકલનકાર વરાહમિહિરની છે. એટલું જ નહીં પણ અપાયેલી ગણિતપદ્ધતિ પણ વરાહમિહિરના જમાનાની પ્રચલિત પદ્ધતિ અનુસારની છે.

પંચસિદ્ધાન્તિકા અંગે ડૉ. દિનકર શુકલ નીચે પ્રમાણે લખે છે.

સામાન્ય રીતે એમ મનાય છે કે પંચસિદ્ધાન્તિકામાં વરાહમિહિરે જૂના સિદ્ધાન્તોનો સંગ્રહ અને સંપાદન કર્યાં છે પરંતુ પંચસિદ્ધાન્તિકાના અધ્યાયો અને તેમાં આવેલા વિષયોનું સંકલન જોતાં અમને લાગે કે જૂના સિદ્ધાન્તોના સંગ્રહ અને સંપાદનનો હેતુ ગૌણરૂપે છે. જ્યારે વિષયવાર ગણિત આપવાની દૃષ્ટિ મુખ્ય હોય એમ લાગે છે. વિષય પરત્વે બીજા સિદ્ધાન્તોનું ગણિત પણ આપ્યું છે જેથી શ્રેષ્ઠ ગ્રન્થોનો સંગ્રહ અને સંપાદનનો હેતુ જળવાય છે. વરાહમિહિરને એમ લાગ્યું હશે કે આર્યભટ જેવા પ્રખર જ્યોતિષીના તેજમાં જૂના ગ્રન્થો તેઓના સ્થૂળ ગણિતના કારણે નષ્ટ થશે તેની સાથે પરંપરાગત જ્ઞાનનો લોપ થશે. તેથી તે જ્ઞાન સાચવવા માટે એક કરણ-ગ્રન્થ રચવો જોઈએ. આવા હેતુસર જુદા જુદા સિદ્ધાન્તોના મત પ્રમાણે વિષયવાર ગણિત આપ્યું હશે! નહીં તો પૃથક પૃથક ગ્રંથોક્ત ગણિત આપ્યું હોત. પરંતુ તેમણે પૃથક પૃથક સિદ્ધાંતો લીધા નથી. કોઈ પણ કરણગ્રન્થની માફક અહર્ગણ પરથી સૂર્યચંદ્રનું ગણિત, પંચગ્રહ ગણિત અને ગ્રહણ વગેરેના ક્રમમાં ગણિત અપાયું છે. જે ગણિત ચાલતું હોય છે તે ગણિત સિદ્ધાન્તમાં સૌથી સૂક્ષ્મ હોય તેને આપવા ઉપરાંત ઓછું સૂક્ષ્મ એવું બીજા સિદ્ધાન્તોનું ગણિત પણ આપ્યું છે; અને આમ કરવામાં તેમણે અધ્યાયોનો અનુક્રમ ગણિતની સૂક્ષ્મતાને અનુસરીને નહીં પણ કાલક્રમને અનુસરીને રાખ્યો છે.

'બીજું' ઐતિહાસિક દૃષ્ટિ સાચવવામાં આવી હોય એમ લાગે છે. પિતામહ સિદ્ધાન્ત પ્રાચીન વેદાંગ પદ્ધતિનો પ્રતીક છે. જો તે આપવામાં આવ્યો હોત તો પ્રાચીન ગણિતપદ્ધતિનો લોપ થઈ ગયો હોત. પરંતુ પિતામહ સિદ્ધાન્ત આપવાથી વેદાંગકાલના સમય દરમિયાનની ગણિત-પદ્ધતિની જાણ થાય છે. જોકે વેદાંગ જ્યોતિષ ઉપલબ્ધ છે, નહીં તો પિતામહ સિદ્ધાન્ત તેનું સ્થાન લઈ શકત. આ એક ઐતિહાસિક દૃષ્ટિ જાળવ્યાનો એક પુરાવો હોય એમ લાગે છે. આ ઉપરાંત જૂના સિદ્ધાન્તોના આધારે એક કરણગ્રન્થ લખવો જોઈએ એમ પણ વિચારાયું હોય! અને એ યોજનામાં પરંપરાગત ગણિત સ્થિર રાખવાની યોજના પણ હોય. આ એક કરણગ્રન્થ છે. છતાં, કરણગ્રન્થમાં ન હોય અને સિદ્ધાન્તગ્રન્થમાં હોય એવા વિષયો આપવામાં આવ્યા છે.

વરાહમિહિરે પંચસિદ્ધાન્તિકામાં આપેલો પિતામહ સિદ્ધાન્ત નીચે અનુસાર છે.

એક પાઠ

रविशशिनोः पंचयुगं
वर्षाणि पितामहोपदिष्टानि
अधिमासास्त्रिंशद्भि-
र्मासैरवमस्त्रिषष्ट्याप्तुं ॥ १ ॥

અન્ય પાઠ

रविशशिनोः पञ्चयुगं
वर्षाणि पितामहोपदिष्टानि ।
अधिमासास्त्रिंशद्भि-
र्मासैरवमो द्विषष्ट्या तु ॥ १ ॥

એક પાઠ	અન્યપાઠ
द्युनंशकेंद्रकालं	द्व्यूनं शकेन्द्रकालं
पंचबिगुधृत्यशेषवर्षाणां	पञ्चभिरुद्धृत्य शेषवर्षाणाम् ।
द्युगणंमाद्यसिताद्यं	द्युगणं माघसिताद्यं
कुर्याद्युगणंतद्ह्न्युदयात् ॥ २ ॥	कुर्याद् द्युगणं तद्ह्न्युदयात् ॥ २ ॥
त्र्यंशत्वंचेद्युगणे	सैकषष्ट्यंशे गणे
तिथिर्भमार्कनचाह्स्नेष्टर्कैः	तिथिर्भमार्कं नवाहतेऽक्ष्यर्कैः ।
दिग्ग्रह्भागैःसप्तभि-	दिग्रसभागैः सप्तभि-
नूनं शशिभंधनिष्टाद्यं ॥ ३ ॥	रूनं शशिभं धनिष्ठाद्यम् ॥ ३ ॥
प्रागर्धंपर्वयदा	प्रागर्द्धे पर्व यदा
तदोतरात्तोन्यथातिथिः पूर्वा-	तदोत्तराऽतोऽन्यथा तिथि पूर्वा ।
अर्कघ्नेव्यापिपाता	अर्कघ्ने व्यतिपाता
द्यगणे पंचावरहुताशैः ॥ ४ ॥	द्युगणे पञ्चाम्बरहुताशैः ॥ ४ ॥
धृतिरनया द्युत्तरयो	द्व्यग्निनगेषूत्तरतः
स्वमृणंतद्यभपिचयाम्यास्य	स्वमितमेष्यदिनमपि याम्यानस्य ।
द्विघ्नं शशिरसभक्तं	द्विघ्नं शशिरसभक्तं
द्वादशहीनं दिबसमानं ॥ ५ ॥	द्वादशहीनं दिवसमानम् ॥ ५ ॥
पैतामहसिद्धांते द्वादशोध्यायः	इति पैतामहसिद्धान्तो नाम द्वादशोऽध्यायः

પિતામહ સિદ્ધાન્તના બે પાઠ ઉપર આપ્યા છે તે બંને ડૉકટર બુલ્હરને કાશ્મીરમાંથી મળેલી પંચસિદ્ધાન્તિકાની બે પ્રતોના છે. અલબત્ત મળેલી મૂળ પ્રતો અત્યંત અશુદ્ધ તેમ જ અપૂર્ણ છે. એમનું સંપાદન કરી ડૉ. થીબો અને પંડિત સુધાકરે જે વાચના તૈયાર કરીને પંચસિદ્ધાન્તિકા નામે છપાવી છે તેમાંથી ઉપરના પાઠ લીધા છે. પંચસિદ્ધાન્તિકાની મૂળ પ્રતો પૂનાની ડેક્કન કૉલેજમાં છે.

ઉપર આપેલી પિતામહ સિદ્ધાન્તની પાંચ આર્યાઓનું ભાષાંતર નીચે અનુસાર છે :

પિતામહે ઉપદેશ્યા પ્રમાણે સૂર્ય અને ચંદ્રનો યુગ પાંચ વર્ષનો છે. ત્રીસ માસના આંતરે અધિમાસ અને બાસઠ દિવસના આંતરે અવમ (ક્ષય તિથિ) આવે છે. [૧]

શકરાજાના કાળમાંથી બે બાદ કરો અને પછી પાંચ વડે ભાગો. શેષ વર્ષના માઘ શુકલ પ્રતિપદાથી અહર્ગણ બનાવો. અહર્ગણ સૂર્યોદયથી શરૂ થાય છે. [૨.]

અહર્ગણમાં તેનો ૬૧મો ભાગ ઉમેરતાં જે પરિણમે તે તિથિઓ છે. અહર્ગણને ૯ વડે ગુણી ૧૨૨ વડે ભાગતાં સૂર્યનું નક્ષત્ર મળે છે. અહર્ગણને ૭ વડે ગુણી ૬૧૦ વડે ભાગતાં જે જવાબ આવે તેને અહર્ગણમાંથી બાદ કરતાં ધનિષ્ઠારંભથી તેટલામું ચંદ્રનું નક્ષત્ર આવે છે. [૩]

માસના પૂર્વાર્ધે પર્વ હોય તો પૂર્વોક્ત તિથિ શુકલપક્ષની જાણવી : અન્યથા તેને કૃષ્ણપક્ષની સમજવી. અહર્ગણને ૧૩ વડે ગુણી ૩૦૫ વડે ભાગતાં જે પરિણામ આવે તે યુગારંભ પછીના વ્યતિપાતો છે. [૪]

૭૩૨માં સૂર્યના ઉત્તરાયણના વ્યતીત દિવસોને યા દક્ષિણાયનના બાકી રહેલા દિવસોને ઉમેરો. સરવાળાને ૨ વડે ગુણી ૬૧ વડે ભાગો જે ઉત્તર આવે તેમાંથી ૧૨ બાદ કરતાં દિવસનું માન આવશે. [૫]

આપણે જોઈ શકીએ છીએ કે પિતામહ સિદ્ધાન્તમાં ૫ વર્ષનો એક યુગ, એક યુગમાં ૬૦ સૌર માસ, ૬૨ ચાંદ્ર માસ, ૬૭ નાક્ષત્ર માસ, ૧૮૬૦ તિથિઓ, ૩૦ ક્ષયતિથિ અને ૧૮૩૦ દિવસ છે.

પિતામહ સિદ્ધાન્તની ઉપર્યુક્ત વિગતો વેદાંગ જ્યોતિષ પ્રમાણેની છે, અને એ કારણે વિદ્વાનો માને છે કે પિતામહ સિદ્ધાન્ત વેદાંગ જ્યોતિષની જ આવૃત્તિ છે. વેદાંગ જ્યોતિષનો ગ્રન્થ આજે ઉપલબ્ધ છે. એમાં અપાયેલા સૂર્યચંદ્રનું ગણિત અને પિતામહ સિદ્ધાન્તના ગણિતમાં ફરક નથી. જે ફરક દર્શાવવામાં આવે છે તે વ્યતિપાત યોગ અંગેનો છે. વ્યતિપાત મહાપાતના ગણિતનો નિર્દેશ કરે છે. વેદાંગ જ્યોતિષમાં વ્યતિપાત ન હોવાની વાત સુપ્રસિદ્ધ સંશોધક ડૉ. રામશાસ્ત્રીએ નકારી છે. વેદાંગ જ્યોતિષના ૧૯મા શ્લોકમાં युक्तसंभवे પદ* છે તેમાં મહાપાતનો ઉલ્લેખ છે એમ કહી એમણે ૨૬મા શ્લોકથી એનું ગણિત કરી બતાવ્યું છે.[1] આમ આ વાતને આપણે સ્વીકારીએ તો વેદાંગ જ્યોતિષના હિસાબે પિતામહ સિદ્ધાન્ત જરા પણ જુદો પડતો નથી એમ કહેવું પડે.

પણ ત્યારે પ્રશ્ન થાય છે કે પિતામહ સિદ્ધાન્તની રચના કરવામાં કોઈ કારણ હશે ખરું ? એકની એક જ વાત જુદા શબ્દોમાં લખવાની વાતનું કોઈ મહત્ત્વ હશે ખરું ?

આપણે જોયું કે વરાહમિહિરે પિતામહ સિદ્ધાન્તની વાત એ સિદ્ધાન્તના નામે પણ પોતાના શબ્દોમાં લખી છે. પણ એમ કરતી વેળા એ સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ કે પિતામહ સિદ્ધાન્ત અમાપ્ય બની ગયો છે અને એથી એમાં જે મુખ્ય બાબત છે તેનો લોપ ન થાય એ દૃષ્ટિએ એનો સંગ્રહ થવો ઇષ્ટ છે. આ દૃષ્ટિએ વિચારતાં વેદાંગ જ્યોતિષ ઉપલબ્ધ હોય ત્યારે (યા તો પણ) પિતામહ સિદ્ધાન્તને એની નકલ રૂપમાં રચવામાં આવે એ વાત વજુદવાળી લાગતી નથી. સામાન્ય રીતે ગ્રન્થકારો આવી રીતનું નકલ રૂપાંતર કરવાનું ઇચ્છતા હોતા નથી. હા, કેટલીક મૂળભૂત બાબતો બન્ને ગ્રન્થોમાં એકસરખી જરૂર હોઈ શકે છે પણ એ બાબતોના સંદર્ભમાં પાછળના ગ્રન્થકારને કંઈક વિશેષ કહેવાનું હોય તો જ તે ગ્રન્થરચના કરે એ સમજાય તેવી બાબત છે. આપણી સમક્ષ મૂળ પિતામહ સિદ્ધાન્ત નથી. એટલે એમાં સમાવિષ્ટ થયેલા વિશિષ્ટ વિષયો અંગે કશું કહી શકાય તેમ નથી. ઉદાહરણ તરીકે ભૌમાદિ ગ્રહોના ગણિતની વાત લઈએ. વેદાંગ જ્યોતિષમાં એ ગણિત નથી પણ પિતામહ સિદ્ધાન્તમાં એ હોવાની શકયતા નકારાય તેમ નથી. હા, એ તદ્દન સ્થૂળ રૂપનું હોવાનો પૂરેપૂરો સંભવ છે. અને એની એ સ્થૂળતાને કારણે વરાહમિહિરને

* ૧૯મો શ્લોક

कार्याभांशाष्टकस्थाने कला एकोनविंशतिः ।
ऊनस्थाने द्विसप्ततीरुद्धरेयुक्तसंभवे ॥

૧ ૨૬મો શ્લોક

सूर्यर्क्षभागान्नवभिर्विभज्य शेषं द्विरभ्यस्यदिनोपभुक्तिः ।
तिथिर्यथा भुक्तिदिनेषु कालोयोगो दिनैकादशकेन तद् भम् ॥

એનું મહત્ત્વ ન લાગતાં એણે એના પંચસિદ્ધાન્તિકાના પિતામહ સિદ્ધાન્તમાં ઉલ્લેખ ટાળ્યો હોય. ડૉ. દિનકર શુક્લના મતે વરાહમિહિરે જૂના સિદ્ધાન્તના ઉત્તમ અંશોને આપવાનું વાજબી માન્યું હોય તો તેનું પરિણામ ઉપર કહ્યા પ્રમાણેનું જ આવે.

નવો સિદ્ધાન્ત રચવાનું એક કારણ જૂના સિદ્ધાન્તોની ક્ષતિઓને નિવારવાનું સમજાયું છે. વેદાંગ જ્યોતિષનું વર્ષમાન ૩૬૬ દિવસનું છે જ્યારે પિતામહનું ૩૬૫ દિ. ૨૧ ઘડી ૨૫ પળ છે. પ્રસિદ્ધ ખગોળજ્ઞ શંકર બા. દીક્ષિતે **भारतीय ज्योतिशास्त्राचा अितिहास**માં દર્શાવ્યું છે કે ઉપર્યુક્ત વર્ષમાનની લંબાઈ ૩૨ માસમાં એક અધિક માસ લેવાથી આવે છે,* અને તે માટે એમણે લખ્યું છે કે પિતામહ સિદ્ધાન્તની પહેલી આર્યામાં **अधिमासास्त्रिंशद्‌भिर्मासैः** છે તેને બદલે **अधिमासोद्वयन्निसमैर्मासैः** પાઠ હોવો જોઈએ. આપણે આ પાઠની ચર્ચામાં નહીં પડીએ, આપણે માત્ર એટલું સ્વીકારીને ચાલીશું કે પરવર્તી લેખક એના પુરોગામી લેખક કરતાં વધુ સ્પષ્ટ થવાનો હંમેશા પ્રયત્ન કરતો રહે છે. ખગોળ વિજ્ઞાનમાં તો આ બાબત ખાસ ગણાશે કારણ કે એમાં દૃઢ પ્રતીતિનો પ્રશ્ન રહેલો છે.

હવે એક જુદા દૃષ્ટિબિંદુથી પિતામહ સિદ્ધાન્તની રચનાનો વિચાર કરીએ. પિતામહ સિદ્ધાન્તનો રચનાકાળ ડૉ. દિનકર શુક્લ ઈ. સ. પૂ. ૩૦૦ની આસપાસનો માને છે. અને એની પહેલાં સમયના ઊલટા અનુક્રમે મહાભારત, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, મનુસ્મૃતિ, ગર્ગસંહિતા, સૂર્ય-પ્રજ્ઞપ્તિ અને વેદાંગ જ્યોતિષ રચાયાનું ગણાવે છે. આ વાત સ્વીકારી ચાલીએ તો નીચેના પ્રશ્ન ઊભા થાય છે.

પિતામહ સિદ્ધાન્ત ગર્ગસંહિતા અને સૂર્યપ્રજ્ઞપ્તિની બાદની રચના હોય તો એ ગ્રન્થોની કોઈ ને કોઈ પ્રકારની છાયા એની પર પડવી જોઈએ ગર્ગસંહિતા તેમાં અપાયેલા અસમાન નક્ષત્ર વિભાગો માટે જાણીતી છે. સૂર્યપ્રજ્ઞપ્તિએ પણ એ વિભાગો સ્વીકાર્યા છે. પિતામહ સિદ્ધાન્તમાં એ વાત કેમ નહીં ડોકાઈ હોય? વળી એ સિવાયની વેદાંગ જ્યોતિષથી માંડી પિતામહ સિદ્ધાન્તની રચના સુધીના સમયકાળની (ઈ.સ. પૂ. ૧૪૦૦ થી ઈ.સ. પૂ. ૩૦૦ સુધીમાં) ખગોળીય ઉત્તમ વાતો તેમ જ વેધ આધારે પ્રાપ્ત કરાયેલી શુદ્ધિઓનો પણ પિતામહ સિદ્ધાન્તમાં સમાવેશ થયેલી હોવાની કલ્પના કરી શકાય. કૃતાદિ યુગને તે પૈકીની એક બાબત લેખી શકાય, પણ આમ લેખવું એક બાબત છે અને એનું પ્રમાણ મેળવવું અન્ય બાબત છે. પંચસિદ્ધાન્તિકાવાળા પિતામહ સિદ્ધાન્તથી આવું કશું જાણવા મળતું નથી એટલે સંદેહ રહે છે કે પિતામહ સિદ્ધાન્ત કે જે વેદાંગ જ્યોતિષની લગભગ નકલ જેવો છે તેનો રચનાકાળ ઈ.સ. પૂ. ૩૦૦થી પણ વધુ પ્રાચીન હોવો જોઈએ. આવા ગ્રન્થોની પ્રાચીનતા દર્શાવતી એક બાબત એની ભાષા અને શૈલી છે પણ હકીકતમાં એ સાધન અહીં અનુપલબ્ધ છે કારણ કે પિતામહ સિદ્ધાન્તની ભાષા એના મૂળ ગ્રન્થકારની નહીં પણ વરાહમિહિરની છે.

પિતામહ સિદ્ધાન્તમાં અપાયેલી હોવાની એક બાબત ભૌમાદિ ગ્રહગણિતની છે. ખગોળજ્ઞ બ્રહ્મગુપ્તે પોતાના સિદ્ધાન્તમાં લખ્યું છે:—

ब्रह्मोक्तं ग्रहगणितं महता कालेन यत् खिलीभूतम् ।
अभिधीयते स्फुटं तत् जिष्णुसुत ब्रह्मगुप्तेन ॥

* પૃ. ૨૧૪ હિન્દી આવૃત્તિ

(ઘણો સમય વીતી જવાને કારણે બ્રહ્મોક્ત ગ્રહગણિત શિથિલ થઈ ગયું છે. એને જિષ્ણુપુત્ર બ્રહ્મગુપ્ત સ્પષ્ટ કરી કહે છે.)

બ્રહ્મગુપ્તે જે બ્રહ્મગણિતની વાત લખી છે તે તેના સમય પહેલાનું હોવું જોઈએ. આર્યભટ અને બ્રહ્મગુપ્ત વચ્ચે લગભગ દોઢસો વર્ષનો ગાળો વીતી ગયો છે. એ સમય દરમિયાન વરાહમિહિર, શ્રીષેણ અને વિષ્ણુચન્દ્ર નામના જ્યોતિષીઓ થઈ ગયા. એ પૈકી વરાહમિહિરે ખગોળનો કોઈ સ્વતંત્ર ગ્રન્થ રચ્યો નથી અને બાકીના બે જણે કરેલી રચના વિષે હાલ કશું જાણવા મળ્યું નથી. આર્યભટના ગ્રન્થની રચના બાદ આ વિદ્વાનોએ વેધકાર્ય કર્યાં હોય યા જૂના ગ્રન્થો સંપાદિત કર્યા હોય એમ બને; પણ એ અંગેની કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

ઉપર્યુક્ત વાત પરથી એમ તારવી શકાય કે બ્રહ્મગુપ્ત જે ગ્રહગણિતનો ઉલ્લેખ કરે છે તે આર્યભટના પહેલાંનું હોવું જોઈએ. આર્યભટ પછી વીતેલા સમયમાં ખગોળજ્ઞાનની જે પ્રગતિ થઈ હતી તેનું તથા આર્યભટ અને તેની પહેલાંના ખગોળશાસ્ત્રીઓના સમગ્ર જ્ઞાનનું અવલોકન અને નિદિધ્યાસન કરી મેધાવી બ્રહ્મગુપ્તે બ્રાહ્મસ્ફૂટ સિદ્ધાન્ત રચ્યો હોવો જોઈએ. આ દૃષ્ટિએ જોતાં, સૂર્યસિદ્ધાન્ત જેવા ગ્રન્થને છોડી વિદ્વાન બ્રહ્મગુપ્તે જે 'બ્રહ્મોક્ત ગ્રહગણિત'ને પાયામાં રાખ્યું હશે તેનું સન્દર્ભમૂલ્ય ઓછું ન આંકી શકાય; પણ તકલીફની વાત એ છે કે આ બ્રહ્મોક્ત ગ્રહગણિત કયું છે તેની ખબર હજી પડી શકી નથી. કેટલાક વિદ્વાનો એમ માને છે કે બ્રહ્મોક્ત ગ્રહગણિત એ બીજું કોઈ નહીં પણ પિતામહ સિદ્ધાન્ત જ છે. તેમનું કહેવું છે કે બ્રહ્મગુપ્તને પોતાનો સિદ્ધાન્ત રચવા માટેની પ્રેરણા પિતામહ સિદ્ધાન્તદ્વારા મળી હશે અને તેણે એ સિદ્ધાન્તની ક્ષતિઓનો અભ્યાસ કરી તે ક્ષતિઓ જેમાં ન આવે તેવો પોતાનો એક સિદ્ધાન્ત રચ્યો હોય.

પિતામહ સિદ્ધાન્તને વેદાંગ જ્યોતિષ પછીનો લગભગ તેની નકલ જેવો ગ્રન્થ લેખીએ તો બ્રહ્મગુપ્તે તેનો ઉપયોગ કરી પ્રેરણા મેળવી હોય એમ બનવું સંભવિત નથી. એથી ઊલટું બ્રહ્મગુપ્તે તેનો ઉપયોગ કર્યો હોય તો તે ગ્રન્થ આર્યભટીય પહેલાંનો પણ અનેક વિગતસભર હોવો જોઈએ—પછી ભલે એ વિગતો અપૂર્ણ યા દોષયુક્ત હોય. આ ગ્રન્થ ઈ.સ. પૂ. ૩૦૦માં રચાયેલા પિતામહ સિદ્ધાન્ત હોય એમ માનવું મુશ્કેલ છે, કારણ કે એવો ગ્રન્થ વરાહમિહિરના સમયમાં જ લુપ્તપ્રાય થઈ ગયો હશે. આ દૃષ્ટિએ વિચારતાં કેવળ એક સંભવિતતા બાકી રહે છે અને તે બ્રહ્મગુપ્તને હાથ ચડેલો કોઈ અન્ય સિદ્ધાન્ત કે જે આર્યભટીય પહેલાં રચાયો હોય અને વિશેષ પ્રસિદ્ધિ ન પામવાને કારણે અજાણ્યો રહ્યો હોય. કદાચ એમ પણ બન્યું હોય કે એની જાણ બહુ મોડેથી થઈ હોય અને ત્યારે બ્રહ્મગુપ્તના હાથમાં તે આવતાં, તેણે, આર્યભટ કરતાં વધુ શુદ્ધ ગ્રન્થ રચવા માટે એનો ઉપયોગ કર્યો હોય. ભારતીય ખગોળનો આર્યભટ પહેલાંનો ઇતિહાસ અંધકાર યુગનો મનાય છે પણ આર્યભટ અને બ્રહ્મગુપ્ત વચ્ચેના સમયનો ઇતિહાસ પણ એટલો જ અસ્પષ્ટ છે. એટલે એ દરમિયાન યા તેની પહેલાંના કોઈ ખગોળ ગ્રન્થ (આર્યભટીય બાદ કરતાં) વિષે—ખાસ કરીને બ્રહ્મ ગ્રહગણિત વિષે કશું કહેવું મુશ્કેલ આ કારણે બની ગયું છે.

આશા રાખીએ કે આ 'બ્રહ્મોક્ત ગ્રહગણિત' અંગે વિદ્વાનોનાં સંશોધન ફળદાયી નીવડે.

ગ્રન્થાવલોકન

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રન્થ ૧—ઇતિહાસની પૂર્વભૂમિકા : સંપાદકો : રસિકલાલ છો. પરીખ તથા હરિપ્રસાદ ગં. શાસ્ત્રી. પ્રકાશક : શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ઈ. સ. ૧૯૭૩. પૃષ્ઠ ૨૪ + ૬૧૦ + નકશા તથા આલેખ મળી ૯ + ચિત્રપટ્ટ ૩૧. કિંમત રૂ. ૯-૭૫.

અર્વાચીન ઢબે અદ્યતન સંશોધનોના આધારે લખાયેલો ગુજરાતનો રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસ વૈજ્ઞાનિક ઢબે લખાઈ પહેલી જ વાર ગુજરાત તેમ જ હિંદને મળે છે. જુદા જુદા રૂપે આવા ઇતિહાસની પ્રવૃત્તિ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થઈ ગણાય. આ પહેલાં મિરાતે અહમદી (ઈ. સ. ૧૮મી સદી) જેવા ગ્રન્થમાં ગુજરાતનો લગભગ એક હજાર વર્ષનો ઇતિહાસ લખવાનો પ્રયત્ન તો થયો હતો. આવા કાર્યની એક શુભ શરૂઆત આપણા યુગમાં રાસમાળા (ઈ. સ. ૧૮૫૬)ના લેખક ફાર્બસે કરી ગણાય. આ પછી ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ બૉમ્બે ગેઝેટિયર ગ્રન્થ ૧લામાં (ઈ.સ. ૧૮૫૬), એક પ્રમાણભૂત ઇતિહાસ, અભિલેખો, મુદ્રાઓ આદિનાં અર્વાચીન સંશોધનોની સહાયથી આપ્યો જે આજે પ્રમાણભૂત આધારગ્રન્થ તરીકે ઉપયોગી રહેલ છે. અર્વાચીન ઢબે ગુજરાતના સળંગ ઇતિહાસના જુદા જુદા વિભાગો અને પાસાંઓમાં પાયાના સંશોધનાત્મક લેખો, ગ્રન્થો આદિથી અમૂલ્ય સેવા આપનાર ઇતિહાસકારોમાં શ્રી એચ. એચ. ધ્રુવ, શ્રી રામલાલ ચુનીલાલ મોદી, શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી, શ્રી જિનવિજયજી, શ્રી રસિકલાલ પરીખ, શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી જેવા અનેક વિદ્વાનોનો ફાળો છે. બે દાયકા પહેલાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઉપક્રમે ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં શ્રી મંજુલાલ મજમુંદારના સંપાદકપણા નીચે "ક્રોનોલૉજી ઑફ ગુજરાત"ની પ્રવૃત્તિ જો કે ઘણી ધીમી ગતિએ ચાલી, તો પણ એના પરિણામ રૂપે બહાર પડેલ પહેલો ગ્રન્થ આ દિશામાં એક મહત્ત્વનું પગલું હતું. શ્રી શેઠ ભો. જે. વિદ્યાભવનની પ્રસ્તુત યોજનાને મંજૂરી તેમ જ આર્થિક સહાય ગુજરાત સરકારે આપીને પ્રસ્તુત ઇતિહાસની ગ્રન્થમાળાને મૂર્ત રૂપ આપ્યું તે આનંદ અને ગૌરવ લેવા જેવો પ્રસંગ છે. આ માળાના મુખ્ય સંપાદકો તરીકે શ્રી રસિકલાલ છો. પરીખ અને શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ થોડા સમયમાં ઉચ્ચ કોટિનું સંપાદન કરી આ માળાના પહેલા બે ગ્રન્થો પ્રસિદ્ધ કર્યા છે. ત્રીજો ગ્રન્થ છપાઈ તૈયાર થઈ બંધાય છે, ચોથા ગ્રન્થનાં પ્રકરણો લખાઈ તૈયાર થઈ જવા આવ્યાં છે.

આ ગ્રન્થમાળાની સલાહકાર સમિતિમાં રહી મુનિશ્રી જિનવિજયજી, સદ્‌ગત શ્રી ડોલરરાય માંકડ, ડૉ. હસમુખ સાંકળિયા, ડૉ. ભોગીલાલ સાંડેસરા, શ્રી અનંતરાય રાવળ, આચાર્ય યશવંત શુકલ, ડૉ. છોટુભાઈ નાયક જેવા વિદ્વાનોએ સહકાર આપી આ કાર્યને સુયોગ્ય રીતે વેગ આપ્યો છે.

ગુજરાતનો સળંગ ઇતિહાસ નીચે મુજબના નવ ગ્રન્થોમાં, નીચે મુજબના વિભાગોમાં ફાળવવામાં આવ્યો છે—(૧) ઇતિહાસની પૂર્વભૂમિકા (પ્રાગ્ ઇતિહાસ અને આદ્ય ઇતિહાસ સહિત), (૨) મૌર્યકાલથી ગુપ્તકાલ (આશરે ઈ. સ. પૂર્વે ૩૨૨થી લગભગ ઈ. સ. ૪૭૦), (૩) મૈત્રક અને અનુ-મૈત્રક કાલ (લગભગ ઈ. સ. ૪૭૦થી ૯૪૨), (૪) સોલંકી કાલ (ઈ. સ. ૯૪૨થી ૧૩૦૪), (૫) સલ્તનત કાલ (ઈ. સ. ૧૩૦૪થી ૧૫૭૩), (૬) મુઘલ કાલ (ઈ. સ. ૧૫૭૩થી ૧૭૫૮), (૭) મરાઠા કાલ (ઈ. સ. ૧૭૫૮થી ૧૮૧૮), (૮) બ્રિટિશ કાલ (ઇ. સ. ૧૯૧૪ સુધીનો), (૯) આઝાદી પહેલાં અને પછી (ઇ. સ. ૧૯૧૫થી ૧૯૬૦).

ગ્રન્થ ૧ એ પછીના ગ્રન્થોમાં આવતા ઇતિહાસની પૂર્વભૂમિકારૂપે હોઈ, તેમાં પહેલા ખંડમાં, ગુજરાતનાં ભૌગોલિક લક્ષણો, ભૂસ્તર-રચના અને ગુજરાતના વર્તમાન તથા ઐતિહાસિક વિસ્તાર તથા તેનાં પ્રાચીન તેમ જ અર્વાચીન નામો આદિની ચર્ચા તેમ જ માહિતી વૈજ્ઞાનિક ઢબે સંશોધનાત્મક રીતે આપવામાં આવી છે. ત્રણ પ્રકરણોમાં વહેંચાએલી આ માહિતીમાં હરિપ્રસાદ શાસ્ત્રીએ ભૌગોલિક લક્ષણો પહેલા પ્રકરણમાં આપ્યાં છે. ડૉ. હસમુખ સાંકળિયાએ બીજા પ્રકરણમાં ભૂસ્તર-રચના સમજાવી તેમાં આદ્ય કે અજીવમય સ્તરથી માંડીને અનુ-તૃતીય (કે ચતુર્થ) માનવજીવનમય સ્તર સુધીની ચર્ચા કરી છે. જ્યારે ગુજરાતની સીમાઓ નામક ત્રીજા પ્રકરણમાં શ્રી કેશવરામ શાસ્ત્રીએ ગુજરાત અને તેના જુદા જુદા વિભાગોનાં પ્રાચીન તેમ જ અર્વાચીન નામો અને વર્તમાન ગુજરાત રાજ્ય તેમ જ તે પહેલાંના ઐતિહાસિક જુદા જુદા સમયના વિસ્તારની હકીકત આપી છે.

પૃ. ૧ ઉપર લખવામાં આવ્યું છે કે "ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્ર કુદરતી ભૌગોલિક એકમો તરીકે અલગ તરી આવે છે."

આ સમયમાં આ વિધાનની અસ્પષ્ટતાનો કોઈ ખોટો ઉપયોગ ન કરે એટલા માટે તથા ગુજરાતના ઇતિહાસના વિદ્યાર્થીઓ આ વિધાનની મર્યાદાઓ સમજે તે માટે આ ગ્રન્થમાંના જ પૃ. ૪૮ તથા ૪૮-અ પરનાં વિધાનો સમજવા જેવાં છે, જેમ કે, "આમ હાલમાં ગુજરાતનો જે વિસ્તાર છે તે છેક ચૌલુક્ય (સોલંકી) કાળથી માંડીને મુઘલ કાળ સુધી આ પ્રદેશની અંતર્ગત ગણાતો અને એમાં એ ઉપરાંત આસપાસના કેટલાક પ્રદેશોનો પણ સમાવેશ થતો." અને, "પુરાણોમાં આપેલ વૃત્તાંત પ્રમાણે આદ્ય-ઐતિહાસિક કાલમાં આનુશ્રુતિક વૃત્તાંત પ્રમાણે શાર્યાતોનો રાજ્ય-પ્રદેશ "આનર્ત" નામે ઓળખાતો ને એમની રાજધાની કુશસ્થલી હતી, જે યાદવોના સમયમાં "દ્વારવતી" તરીકે સંસ્કરણ પામી. આ ઉલ્લેખ અનુસાર ત્યારે આનર્તમાં સૌરાષ્ટ્રનો (કે ઓછામાં ઓછું એના દ્વારવતી પ્રદેશનો) સમાવેશ થતો. આરંભિક ઐતિહાસિક કાલમાં આ નામ તળ-ગુજરાતના, ખાસ કરીને ઉત્તર ગુજરાતના, અલગ પ્રદેશ માટે પ્રયોજાતું. આ બંને પ્રકારના પ્રયોગ એ અગાઉ કદી એક સમયે લાગુ પડ્યા હોય, તો ક્યારેક સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિતનો આ સમસ્ત પ્રદેશ "આનર્ત" તરીકે ઓળખાયો હોવો સંભવે. × × × × × ક્ષત્રપોના સમયમાં કચ્છ, સુરાષ્ટ્ર અને આનર્ત ઉપરાંત શ્વભ્ર (સાબરકાંઠા)નો પ્રદેશ પણ અલગ ગણાતો. પુરાણોમાં આંતરનર્મદ, ભારુકચ્છ, માહેય (મહીકાંઠો), સારસ્વત (સરસ્વતીકાંઠો), કચ્છ, સુરાષ્ટ્ર અને

આનર્ત " અપરાંત " (પશ્ચિમ સીમા)ના પ્રદેશ ગણાયા. આ પરથી તળ-ગુજરાતમાં આનર્ત ઉપરાંત બીજા અનેક અલગ પ્રદેશ ગણાતા હોવાનું માલમ પડે છે. ××××××"

આ ગ્રન્થના ખંડ ૨માં પ્રાગ્-ઐતિહાસિક અને આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓનો ઇતિહાસ, સમજૂતી વગેરે આપવામાં આવ્યાં છે. ડૉ. સાંકળિયા અને લોથલના સિંધુ-સંસ્કૃતિના અવશેષોના ઉત્ખનનકાર શ્રી એસ. રંગનાથરાવે આ પ્રકરણો લખ્યાં છે. ખંડ ૩માં આનુશ્રુતિક વૃત્તાન્તો = આદ્ય-ઐતિહાસિક કાલ પરત્વેનાં પ્રકરણો ડૉ. સુમનાબેન શશિકાંત શાહે લખ્યાં છે. શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ પ્રાચીન ભૌગોલિક ઉલ્લેખોનું પ્રકરણ લખ્યું છે જ્યારે શ્રી ઉષાબહેન શશિકાંત કાન્હેરેએ પ્રાચીન જાતિઓ—તેમની ઉત્પત્તિ અને આગમનની ચર્ચા આપી છે. છેલ્લા પ્રકરણમાં ડૉ. ભારતીબહેન કાંતિલાલ ઠાકરે પ્રાચીન કાલગણનામાં વપરાતા જુદા જુદા સંવતોની હકીકત આપી છે. આ ઉપરાંત ગ્રન્થને અંતે વંશાવળીઓ, સંદર્ભસૂચિ, પરિભાષા અને શબ્દસૂચિ આપી તેમ જ જુદા જુદા નકશાઓ, ચિત્રો આપી આ ગ્રન્થને બને તેટલો વધુ ઉપયોગી અને આધારભૂત બનાવવાના શકય તેટલા પ્રયાસો કરવા માટે ગ્રન્થના સંપાદકોને ધન્યવાદ ઘટે છે.

પ્રાગ્-ઐતિહાસિક તેમ જ આદ્ય-ઐતિહાસિક ક્ષેત્રે છેલ્લા બેત્રણ દાયકામાં ગુજરાતમાં ઘણું સંશોધન થયું છે અને ઝડપથી નવાં નવાં અવશેષો તથા ક્ષેત્રો શોધાતાં જાય છે. એટલે આ ગ્રન્થમાળા પૂરી છપાઈ રહે ત્યાર સુધીમાં અથવા ત્યાર પછી થોડાંક જ વર્ષમાં આ ક્ષેત્રે તેમ જ ઐતિહાસિક ક્ષેત્રે એક પૂર્તિરૂપ ગ્રન્થ જેટલી સામગ્રી વધી જાય તો નવાઈ નથી, અને આ ગ્રન્થમાળાની બીજી આવૃત્તિ થતાં સમય લાગે તો આવો પૂર્તિરૂપ એક ગ્રન્થ ઉમેરી શકાય.

આ ગ્રન્થમાળા ગુજરાતની હાઈસ્કૂલ, કૉલેજો, વિદ્યાપીઠો તેમ જ જુદાં જુદાં પુસ્તકાલયો અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓવાળી સંસ્થાઓમાં અવશ્ય વસાવવા યોગ્ય છે.

આ ગ્રન્થોની ઉપયોગિતા કે તેમનું મહત્ત્વ ફક્ત ગુજરાત પૂરતું મર્યાદિત નથી. ગુજરાતનો રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસ એ સમગ્ર ભારતના રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસનું એક મહત્ત્વનું અંગ હોઈ સમગ્ર ભારતના રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસના વિદ્વાનોને પણ ખૂબ ઉપયોગી નીવડશે એમાં શંકા રાખવા જેવું નથી.

ગ્રન્થનાં જુદાં જુદાં પ્રકરણોની જુદી જુદી સામગ્રી વિષે ઝીણવટથી વિગતો આપવી કે ચર્ચા કરવી એ આ ટૂંકી સમાલોચનામાં શકય નથી. અહીં એટલું કહેવું બસ થશે કે ગુજરાતના પ્રત્યેક શિક્ષિત ભાઈ-બહેને વાંચવા અને અભ્યાસ કરવા લાયક આ સુંદર ગ્રન્થમાળા પહેલી જ વખત ગુજરાતને મળે છે. આને ઉત્તેજન આપવા માટે ગુજરાત રાજ્ય સરકારને પણ અભિનંદન ઘટે છે.

પુસ્તકની સામગ્રી, પૃષ્ઠસંખ્યા, સુઘડ છાપકામ, ચિત્રો અને નકશાઓ જોતાં કિંમત પણ વધારે નથી.

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

* * *

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રન્થ ૨: મૌર્યકાલથી ગુપ્તકાલ : સંપાદકો—રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી; સંશોધન ગ્રન્થમાળા—ગ્રન્થાંક ૬૭: ગુજરાત સરકારની આર્થિક સહાયથી પ્રકાશિત. પ્રકાશક: શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯; ઈ. સ. ૧૯૭૨. પૃષ્ઠ ૩૬ + ૬૪૬ + નકશા ૫ + પટ્ટ ૩૫, કિંમત રૂ. ૯–૭૫.

પ્રમાણિત સાધનોને આધારે તૈયાર કરાયેલ ગુજરાતનો સળંગ અને સર્વાંગી ઇતિહાસ એ એક લાંબા સમયનું મોટું ઈપ્સિત હતું. અર્વાચીન સમયમાં તે દિશામાં પ્રથમ પ્રયત્ન કર્યો મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાના નામાભિધાન સાથે જોડાઈ અમરત્વ પ્રાપ્ત કરનાર ડૉ. ઍલેક-ઝાંડર ફૅાબ્સે. તે મહાનુભાવે બહુ શ્રમપૂર્વક તૈયાર કરેલ 'રાસમાળા' ઈ. સ. ૧૮૫૬માં પ્રકાશિત થઈ. તે પછી ઈ. સ. ૧૮૮૭માં પ્રકટ થયો નર્મદનો 'ગુજરાત સર્વસંગ્રહ'. પરંતુ સીમાચિહ્ન બની રહેનાર તો ગણાય ગુજરાતના આદ્ય અને મહાન્ પુરાતત્ત્વવિદ્ ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીની નોંધને આધારે જેકસને તૈયાર કરેલ મુંબઈ ઇલાકાના ગેઝેટિયરનો પ્રથમ ભાગ, જે ઈ.સ. ૧૮૯૬માં પ્રસિદ્ધ થયો. આ પછીના પ્રવર્તમાન સદીમાં થયેલા ચાર મોટા પ્રયત્નો નોંધવા યોગ્ય છે. એક શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ' જેના બે ભાગ અનુક્રમે ઈ. સ. ૧૯૩૭ અને ૧૯૩૯માં પ્રસિદ્ધ થયા તથા દ્વિતીય સંસ્કરણ ૧૯૫૩માં પ્રકટ થયું. બીજો તદ્દન સમકાલીન અતિપ્રશસ્ય પ્રયત્ન આ ગ્રન્થમાળાના પ્રથમ સંપાદક શ્રી રસિકલાલ છો. પરીખની હેમચન્દ્રાચાર્યના 'કાવ્યાનુશાસન'ની તેમની આવૃત્તિના બીજા ભાગમાં લાંબી અંગ્રેજી પ્રસ્તાવના રૂપે ઈ.સ. ૧૯૩૮માં થયો. ત્રીજો પ્રો. કૉમિસેરિયેતનો અંગ્રેજીમાં લખેલો 'ગુજરાતનો ઇતિહાસ', જેના બે ભાગ અનુક્રમે ઈ. સ. ૧૯૩૮ તથા ૧૯૫૭માં પ્રકટ થયા. અને ચોથો છે શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટેનો 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ : ઇસ્લામયુગ', જે ઈ. સ. ૧૯૫૯માં પ્રકાશિત થયો. આમાંના બે—પ્રથમ અને ચતુર્થ—તો ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવને જ પ્રકાશિત કરેલા અને દ્વિતીય તો તે સંસ્થાના અધ્યક્ષશ્રીનો જ ગ્રન્થ છે. વળી આ ગુજરાતના સળંગ સર્વાંગી ઇતિહાસની નવી યોજના પણ ગુજરાતની એ લબ્ધપ્રતિષ્ઠ સંસ્થાએ જ હાથ ધરી છે તે એક ધ્યાનમાં રાખવા જેવી હકીકત છે. અને આ અતિ આવશ્યક મહાકાર્ય માટે ગુજરાત સરકારનું પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે તે પણ આનન્દની વાત છે. બૉમ્બે ગેઝેટિયર વૉ. ૧, ભા. ૧ને ચીલે આગળ વધવાનો આ ઉપક્રમમાં પ્રયત્ન છે એવી સ્પષ્ટતા પ્રથમ સમ્પાદકે કરેલી છે (પૃ. ૧૦).

આ યોજના અનુસાર ઈ. સ. ૧૯૬૦ પર્યન્તના રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસના આલેખન માટે નવ ગ્રન્થોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંનો પ્રસ્તુત દ્વિતીય ગ્રન્થ પ્રથમ કરતાં કંઈક વહેલો પ્રકટ થયો છે. આ ગ્રન્થની પૃષ્ઠસંખ્યાની મર્યાદાને અનુલક્ષીને વધારે લંબાણ ન કરતાં માત્ર મહત્ત્વની માહિતી સંક્ષેપમાં આપવામાં આવી છે તે પણ ઉચિત જ છે. વિશેષ વિગતો જોવા ઇચ્છનાર માટે અન્તે વિસ્તૃત અને પદ્ધતિસર તૈયાર કરેલ સંદર્ભસૂચિ આપેલી છે જ.

ગુજરાતનો પ્રમાણિત રાજકીય ઇતિહાસ મૌર્યકાલથી જ એટલે કે લગભગ ઈ. સ. પૂ. ચોથી શતાબ્દીથી શરૂ થાય છે. આથી પ્રસ્તુત ગ્રન્થથી જ રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસનિરૂપણ પ્રારંભાય છે. આમાં મૌર્યકાલ, ક્ષત્રપકાલ, અને ગુપ્તકાલને આવરી લેતો આશરે ઈ. સ. ૪૭૦ સુધીનો એટલે લગભગ આઠસો વર્ષનો ઇતિહાસ નિરૂપાયો છે. મૌર્યકાલ અને ક્ષત્રપકાલ વચ્ચેના સમયનો ઇતિહાસ હજી પૂરતા પ્રમાણમાં પ્રકાશમાં આવ્યો નથી. ઈ.સ.નાં પ્રથમ ચાર શતકોને આવરી લેતો ક્ષત્રપકાલ ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો લાંબો મહત્ત્વનો કાલ છે. એને લગતી માહિતી આ ગ્રન્થમાં નિરૂપાઈ છે એ ખાસ નોંધપાત્ર છે. સાંસ્કૃતિક ઇતિહાસ તેમ જ પુરાવસ્તુ વિદ્યાના વિભાગોમાં આપેલી માહિતી પણ આ ગ્રન્થમાં જ સંકલિત થઈ છે. લિપિનું નિરૂપણ પણ અહીં પ્રથમ વાર જ કરાયું છે. પાછળ આપેલી વંશાવળીઓ પણ—અને તેમાં યે ક્ષત્રપોની વંશાવળી—નોંધવા લાયક ગણાય. અન્ય વિગતોનો વિચાર ન કરીએ તો પણ આટલાં વિશિષ્ટ લક્ષણો જ આ ગ્રન્થના મહત્ત્વનો ખ્યાલ આપવા માટે પૂરતાં છે.

વસ્તુનિરૂપણ કેવું પદ્ધતિસરનું છે તેનો ખ્યાલ અનુક્રમણિકા ઉપર નજર ફેરવતાં જ આવ્યા વિના રહેતો નથી. ગ્રન્થના ચાર ખંડ પાડ્યા છે. પ્રથમ ખંડ પ્રાસ્તાવિક હોઈ તેનાં બે પ્રકરણોમાં ઇતિહાસ-વિજ્ઞાન તેમ જ ગુજરાતના પ્રાચીન ઇતિહાસનાં સાધનોની અતિવિશદ રજૂઆત કરાઈ છે. દ્વિતીય ખંડ રાજકીય ઇતિહાસનો હોઈ તેનાં આઠ પ્રકરણોમાં ગુજરાતનું ઇતિહાસ-પ્રમાણિત પહેલું પાટનગર ગિરિનગર, મૌર્યકાલ, અનુમૌર્યકાલ, પશ્ચિમી ક્ષત્રપો, શર્વ-ભટ્ટારક, ગુપ્તકાલ તથા આ સળંગ સમય દરમિયાનનું રાજ્યતંત્ર—આ વિષયોની ચર્ચા તે તે વિષયના તજ્જ્ઞોએ કરી છે. તૃતીય ખંડ સાંસ્કૃતિક ઇતિહાસનો છે. તેનાં ચાર પ્રકરણોમાં સામાજિક અને આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ તથા ધર્મસંપ્રદાયો વિષેની પ્રમાણભૂત માહિતી પૂરી પાડેલી છે. અન્તિમ ચતુર્થ ખંડ પુરાવસ્તુવિષયક હોઈ તેનાં ત્રણ પ્રકરણોમાં મૌર્યકાલથી ગુપ્તકાલ પર્યન્તના લાંબા યુગને લગતી સ્થળતપાસ તથા ઉત્ખનન દ્વારા મળતી માહિતી, સૌરાષ્ટ્ર-કચ્છ તથા તળ-ગુજરાતમાંથી મળેલાં સ્થાપત્યકીય સ્મારકો અને શિલ્પકૃતિઓ અંગેની વિગતો આપેલી છે. ત્યારબાદ સિંહપુરના સિંહલવંશ, ગ્રીકો અને રોમનોએ નિરૂપિત પશ્ચિમ ભારત, જાવા અને કંબોડિયા તથા આનુશ્રુતિક વૃત્તાન્તો વિષેનાં ચાર પરિશિષ્ટોમાં પણ શક્ય લંબાણથી સર્વ વિગતો એકત્ર કરેલી છે.

દરેક પ્રકરણને અન્તે પાદટીપો આપેલી છે જેમાં આધારગ્રન્થો ઉપરાન્ત કેટલીક આવશ્યક ચર્ચાઓ પણ સંક્ષિપ્ત સ્વરૂપે મૂકેલી છે. ગ્રન્થના અન્તે સર્વ વંશોની વંશાવળીઓ, પદ્ધતિસરના વિભાગોમાં સમગ્ર ગ્રન્થના આધારરૂપ સંદર્ભસૂચિ (પૃ. ૫૨૪-૫૮૬), પરિભાષા તથા વિશેષ-નામોની શબ્દસૂચિ (પૃ. ૫૮૯-૬૪૬) આપેલી છે તે ગ્રન્થની ઉપયોગિતા તથા આધારભૂતતાની સાક્ષી પૂરે છે. છેવટે અશોક મૌર્યનાં ચૌદ શૈલશાસનો, ક્ષહરાત ક્ષત્રપોના સમયનું ગુજરાત, કાર્દમક ક્ષત્રપોના સમયનું ગુજરાત, સ્થાપત્યકીય સ્મારકોનાં સ્થળો તથા સ્થળતપાસ અને ઉત્ખનનનાં સ્થળો દર્શાવતા પાંચ નકશા ઉપરાન્ત કુલ ૧૦૩ આકૃતિઓવાળા ૩૫ પટ્ટો પણ આપેલા છે જે નિર્વિવાદતયા ગ્રન્થના મહત્ત્વ તથા ઉપયોગિતામાં ઉમેરો કરે તેમ છે.

આવાં મહાકાર્યો કોઈ એકાદ વ્યક્તિથી થઈ શકતાં નથી. તેથી તે તે વિષયના જ્ઞાતાઓ પાસે આ પ્રકરણો લખાવ્યાં છે તે સમુચિત છે. આ ગ્રન્થના લેખકો છે શ્રી રસિકલાલ છો. પરીખ,

શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, શ્રી રસેશ ચતુરભાઈ જમીનદાર, શ્રી ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, શ્રી પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, શ્રી જીવનલાલ પ્રભુદાસ અમીન, શ્રી રમણલાલ નાગરજી મહેતા, શ્રી છોટાલાલ મ. અત્રિ, શ્રી કાંતિલાલ ફૂલચંદ સોમપુરા, શ્રી ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ, શ્રી યશવંત પ્રા. શુકલ અને શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહ. આટલા બધા લેખકોનાં લખાણો એકત્ર છપાતાં, શૈલીનું વૈવિધ્ય ગ્રન્થનો દુર્ગુણ બની જવાનો ભય રહેલો છે. પરન્તુ સર્વ પ્રકરણો તથા પરિશિષ્ટોનું સંપાદન એટલું સારું થયું છે કે એવું વૈવિધ્ય જણાતું જ નથી. તેમાં યે આટલા ટૂંકા સમયના ગાળામાં આ બધું લખાઈ જાય અને આવા સારા સંપાદન સાથે પ્રકાશિત થાય એ ખૂબ જ આવકારપાત્ર ગણાય. આ રીતે જોતાં આ યોજના ઠીક ઠીક ઓછા સમયમાં પાર પડશે એવી આશા બંધાય છે, અને આ બધો યશ નિષ્ણાત સંપાદકોની ધગશને ફાળે જાય છે.

શ્રી ર. છો. પરીખ અંગ્રેજી શબ્દ 'હિસ્ટોરિયન"ને માટે ગુજરાતીમાં મહર્ષિ પતંજલિએ ઇતિહાસના જ્ઞાતા માટે વાપરેલ શબ્દ "ઐતિહાસિક"ને પ્રચારમાં મૂકવા યોગ્ય સમજે છે (પૃ. ૧૧, પાદટીપ ૩) તે યોગ્ય જ છે. જે "ઐતિહાસિક" હોય તે જ "હિસ્ટોરિયન" થઈ શકે છે, અને "ઇતિહાસકાર" એટલે ઇતિહાસ કરનાર કે રચનાર એ અર્થ ઇતિહાસમાંનાં પાત્રો સુધી પહોંચી જાય તેમ છે. તેથી "ઇતિહાસકાર"ને બદલે "ઐતિહાસિક" શબ્દને પ્રચારમાં મૂકવો એ સર્વથા ઉચિત છે.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસનાં સાધનોના નિરૂપણમાં સાહિત્યિક સાધનોની જે વિગત પૃ. ૨૩-૨૪ ઉપર આપેલી છે તેમાં એક અત્યન્ત મહત્ત્વપૂર્ણ પ્રબન્ધગ્રન્થનું નામ ઉમેરવું જોઈએ. તે છે અજ્ઞાતકર્તૃક 'लघुप्रबन्धसङ्ग्रह'. તે ગ્રન્થનું સંપાદન આ અવલોકનકારે કરેલું છે અને તે મ. સ. વિશ્વવિદ્યાલય સંશોધન ગ્રન્થમાળામાં ઈ. સ. ૧૯૭૦માં પ્રકાશિત થયો છે. આ ગ્રન્થના આધાર રૂપ મુખ્ય હસ્તલિખિત પ્રતનો લેખનસમય વિ. સં. ૧૪૬૫ અર્થાત્ ઈ. સ. ૧૪૦૯ છે. તથા તે ગ્રન્થનો રચનાકાળ ઈ. સ. ૧૨૪૩-૧૩૦૫ની વચ્ચેનો અનુમાનેલો છે. ગ્રન્થનું સમીક્ષા-પૂર્વકનું અધ્યનન તેની અંગ્રેજી પ્રસ્તાવનામાં રજૂ કરેલું છે જેમાં તેના ઐતિહાસિક તેમ જ સાંસ્કૃતિક મહત્ત્વ વિષે પણ છણાવટ કરેલી છે.

એ જ રીતે પૃ. ૨૬ ઉપર તાપી-માહાત્મ્ય અને સાભ્રમતી-માહાત્મ્યની સાથે 'विश्वामित्री-माहात्म्य'નો પણ ઉલ્લેખ કરવાની જરૂર છે. તેની બે હસ્તપ્રતો વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાં છે, જેમાંની એકનો લેખનકાળ વિ. સં. ૧૮૪૪ અર્થાત્ ઈ. સ. ૧૭૮૮ છે.

શૈલલેખમાંના "राष्ट्रिय" શબ્દનો અર્થ 'રાજાનો સાળો' એવો કેવી રીતે થવા લાગ્યો હશે તે અંગેનું અનુમાન સરસ સયુક્તિક અને ગળે ઊતરી જાય એવું છે (પૃ. ૮૩, પાદટીપ ૧૨ તથા પૃ. ૨૧૦-૧૧, પાદટીપ ૬). અશોકના ચૌદ ધર્મલેખોનો સુસ્પષ્ટ સાર લગભગ ત્રણ પૃષ્ઠને આવરી લે એ રીતે આપ્યો છે (પૃ. ૭૭-૮૦) તે સાંસ્કૃતિક ઇતિહાસમાં જરૂરી છે જ.

કેટલાયે સૂક્ષ્મ મુદ્દાઓની છણાવટ પ્રાપ્ય અનેક પ્રકારનાં પ્રમાણોને લક્ષમાં રાખીને કરેલી સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે, છતાં ખોટું લંબાણ ક્યાંય થયું નથી. આવા પ્રકારના કાર્યમાં આ લક્ષણ ખૂબ આવકારપાત્ર છે. સામાજિક અને આર્થિક સ્થિતિના પ્રકરણમાં પણ ઘણી ઝીણી

છતાં સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વિગતો આપી છે. પૃ. ૨૨૩ ઉપર તે સમયના મોટા બંદર ભરૂચથી થતી આયાત તથા નિકાસની વસ્તુઓની યાદી આપી છે, જે તે કાળના વૈભવનો સારો ખ્યાલ આપી શકે એમ છે.

આ ગ્રન્થનું પોતાનું આગવું જ મહત્ત્વ છે. તેમાં ખૂબ રસપ્રદ થઈ પડે એવાં ઘણાં વિધાનો આવે છે—જેમાંનું કોઈ અપ્રમાણિત નથી—તેમાંથી બહુ થોડાં અહીં જોઈએ :

(૧) "છોટાઉદેપુર પાસે આવેલ કલછલા ગામમાંથી મળેલ તામ્રપત્ર (૪થી સદી) એ ગુજરાતનું સૌથી પ્રાચીન જ્ઞાત તામ્રપત્ર છે. એના પરના અભિલેખમાંથી એ પ્રદેશના તત્કાલીન રાજા તથા એની રાજધાની વિશે અપૂર્વ માહિતી મળી છે." (પૃ. ૧૮)

(૨) "પ્રાચીન કાળથી માનવકુલો અને એમની સંસ્કૃતિઓની સૌરાષ્ટ્ર સંગ્રહભૂમિ બની છે." (પૃ. ૪૩)

(૩) "તગલક મોહમ્મદ જૂનાએ (અર્થાત્ મહમૂદ તગલકે) ગિરનારનો કિલ્લો જીતી પોતાના નામ ઉપરથી એ કિલ્લાનું નામ 'જૂનાગઢ' રાખ્યું હતું, પણ એ પ્રચારમાં રહ્યું એનું કારણ એ કે લોકો એને પુરાણા દુર્ગ તરીકે ઓળખતા હતા." (પૃ. ૫૪)

(૪) "જૂનાગઢ શબ્દનો પ્રથમ ઉપયોગ 'તબકાતે અકબરી'માં થયો." (પૃ. ૫૪)

(૫) "ભારતમાં જૂનામાં જૂના સિક્કા આહત (punch-marked) સિક્કા છે." (પૃ. ૨૨૫)

(૬) "સિક્કા ઉપર રાજાની મુખાકૃતિ છાપવાનો આરંભ ભારતમાં સૌ પ્રથમ ગ્રીકોએ કર્યો." (પૃ. ૨૨૬)

(૭) બોધિવંશ અને ત્રૈકૂટક વંશનું અસ્તિત્વ માત્ર સિક્કાઓથી જ પુરવાર થયું છે (પૃ. ૨૨૭, ૨૨૯). બોધિવંશના સિક્કા સીસાના હતા (પૃ. ૨૨૭)

(૮) "પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ સિક્કા પડાવનાર ગુપ્ત રાજા ચન્દ્રગુપ્ત બીજો છે અને એનો પહેલો સિક્કો ગુપ્ત સં. ૯૦ (ઈ. સ. ૪૦૯)નો મળ્યો છે." (પૃ. ૨૨૮)

(૯) પરમભાગવત કુમારગુપ્તના ઉત્તર પ્રદેશમાંના ચાંદીના સિક્કાઓમાં ગરુડને બદલે મયૂરની આકૃતિ અંકિત કરાતી. (પૃ. ૨૨૮)

આમ સર્વથા આ ગ્રન્થ મહત્ત્વપૂર્ણ છે અને લાંબા કાળના મોટા ઈપ્સિતને મૂર્ત કરનારી આ ગ્રન્થમાળાના નવે ગ્રન્થો, પ્રસ્તુત ગ્રન્થની ઉત્તમ કક્ષાને રક્ષીને, શીઘ્રાતિશીઘ્ર પ્રકાશિત થઈ ગુજરાતની અર્વાચીન તેમ જ પ્રાચીન અસ્મિતાને ઓપ આપશે એવી આશા ઊભી કરે છે. આ માટે લેખકો, સંપાદકો, પ્રકાશકો તેમ જ પ્રોત્સાહન આપનાર સરકાર અભિનન્દનને પાત્ર છે.

જયન્ત ઠાકર

* * *

ઉપનિષદનું અમૃત : લેખક : શ્રી યોગેશ્વર, પ્રકાશક : વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, પ્રા. લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨. પૃ. ૬૨૩, કિંમત બાર રૂપિયા.

પોતાને સ્વીકૃત આકાર-અભિવ્યક્તિનાં ધોરણોની ન્યૂનતા લાગવાથી કે કૃતિમાં યત્કિંચિત્ બોધ કે ધર્મનીતિના વિચારોનું પ્રાધાન્ય હોવાના કારણે જ કેટલાક વિદ્વાનો, કૃતિના અન્ય આસ્વાદ્ય અંશોની કે કૃતિમાં છવાયેલી લેખકની મૌલિક ચિંતનપ્રતિભાની ઉપેક્ષા કરતા હોય છે. કેવળ ગુણદર્શન હિતાવહ નથી જ, પરંતુ નિતાંત દોષદર્શન તો સમાલોચકના રોગિષ્ટ માનસનું દ્યોતક બને છે. બહુજનસમાજની સાર્વત્રિક ઉન્નતિ સાધવાના હેતુથી જ વૈખરી અને લેખિનીનો સમ્યક્ અને સમતોલ રીતે વિનિયોગ કરનાર વીતરાગી શ્રી યોગેશ્વરનાં સંખ્યાબંધ પુસ્તકોમાં, તટસ્થ દૃષ્ટિએ જોનારને, સમર્થ સાહિત્યકારની પ્રતિભાની ઝાંખી થયા વિના રહેશે નહિ.

ગીતાની (ગાય)માતા ગણાતાં ઉપનિષદોનું મૂલ્ય અને મહત્ત્વ હજારો વર્ષો પછી પણ આજે ઓસર્યું નથી, બલ્કે તેના સંદેશની સનાતનતા અને સર્વોપયોગિતાને લીધે તે અનેકગણું વધી રહ્યું છે. વૈજ્ઞાનિક સિદ્ધિઓ તરફ રૉકેટ-ફાળ ભરી રહેલા માનવીના મનની શાશ્વત શાંતિ માટેની ખોજ સારુ તેમાં પ્રેરણા-પ્રાપ્તિ માટેનો પારાવાર પડેલો છે એટલું જ નહીં, પણ તેમાં ભગીરથ સંશોધન-પુરુષાર્થને અંતે ઋષિવરોએ સર કરેલાં સાધનાની સ્વાનુભૂતિનાં શિખરો પર્યંત પહોંચવાની કેડીઓનાં સ્પષ્ટ સુલભ દર્શન થાય છે. માનવમૂલ્યોના હ્રાસ તરફ ધસડી જનારા અર્વાચીન યુગના માનવ માટે ઉપનિષદોનું વાઙ્મય વરદાન રૂપ છે. ઉપનિષદોની વાણી આચારસ્થ બનતાં યોગની યમુના, જ્ઞાનની ગંગા અને સ્વાનુભૂતિની સરસ્વતીનો ત્રિવેણીસંગમ થતાં જીવન સ્વયં એક તીર્થમાં વિકાસ સાધે છે.

ઉપનિષદ ૧૦૮ અથવા તેથી પણ અધિક હોવાનું મનાય છે; પરંતુ તેમાંનાં મુખ્ય દશ ઉપનિષદો વિષે અત્યાર સુધી પંડિતોએ ચર્ચા-વિચારણા કરેલી છે. શ્રી યોગેશ્વરે પણ ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય શ્વેતાશ્વતર, કૈવલ્ય અને છાંદોગ્ય—એ દશ ઉપનિષદો વિષે જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઐતરેય અને બૃહદારણ્યકને સ્થાને લેખકે કૈવલ્ય અને શ્વેતાશ્વતરની કરેલી પસંદગી ઉચિત લાગે છે. આ દળદાર ગ્રન્થમાં તેમની આખી ય વિવેચનપદ્ધતિ જુદા જ પ્રકારની છે. અત્યાર સુધી ઉપલબ્ધ થતા ઉપનિષદ-ગ્રન્થોમાં શાસ્ત્રીય સ્વાધ્યાયની દૃષ્ટિએ થતું પાંડિત્ય-પ્રદર્શન મોખરે રહ્યું છે. મૂળ શ્લોકો આપી તેના શબ્દોના વાચ્યાર્થ તથા ગૂઢાર્થ વિષે જુદી જુદી અર્થચ્છાયાઓ આપવાનું કાર્ય આચાર્યો, વાર્તિકકારો અને વિદ્વાનોએ કર્યું છે અને એ પ્રશસ્ય છે. શ્લોકાન્વય અને એના અર્થોની પરંપરાગત પદ્ધતિએ અભ્યાસ કરવાની આવશ્યકતા આવકાર્ય છે. પરંતુ આ ગ્રન્થ દ્વારા એવા કેવળ વિદ્વદ્‌ભોગ્ય ગ્રન્થોની માળામાં એક મણકો ઉમેરવાનું લેખકે પસંદ કર્યું નથી. તેમાં વિદ્વત્તા તો અનુસ્યૂત રહેલી છે જ, પણ ગૌણ ભાવે.

શ્રી યોગેશ્વરનું ધ્યેય ભારતીય સંસ્કૃતિનું ગૌરવ ગાવા પૂરતું જ માર્યાદિત નથી. ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા અને સર્વોત્તમતા વિષે તથા ભારતના ભૂતકાલની ભવ્યતા વિષે તેમણે—કેટલાક ધર્મધ્વજીઓની જેમ—ભાવાવેશમાં આવીને બણગાં ફૂંક્યાં નથી, પરંતુ જ્યાં જ્યા જરૂર જણાઈ ત્યાં ત્યાં તેમણે—કેવળ સંરક્ષણાત્મક અભિગમથી જ—પાશ્ચાત્ય અને કેટલાક પૌરસ્ત્ય વિદ્વાનોના

અભિગ્રહિત અભિપ્રાયોની ઝાટકણી કાઢતાં તર્કપુરસ્સર સમજાવ્યું છે કે હજારો વર્ષ પહેલાંનો ભારતીય સમાજ ‘બર્બર’ અવસ્થામાં ન હતો પરંતુ સતત પ્રગતિશીલ જ્ઞાન અને સાધનામાં સંશોધનશીલ વૃત્તિ ધરાવતો હતો.

માનવમનનું માંગલ્ય સધાવનારી સામગ્રી પીરસીને મનુષ્યના અંતરાત્માને અનુપ્રાણિત કરવાના ઉન્નત અભિલાષ સેવનાર શ્રી યોગેશ્વરે, ભાવ અને ભાષાની દૃષ્ટિએ કઠિન ‘બ્રહ્મસૂત્ર’ અને સરળ ‘ગીતા ’ની વચ્ચેનું સ્થાન ધરાવનાર ઉપનિષદના વિશુદ્ધ વિશાળ સાહિત્યને ચિર કાળ સુધી કરોડો હૈયાંને પ્રકાશ-પ્રેરણા આપનાર દીવાદાંડી સાથે યોગ્ય રીતે સરખાવ્યું છે. લેખકે ત્રણ–ચાર સ્થળે સાહિત્ય અને સાહિત્યકારના ઉદ્દેશ વિષેની પોતાની વિભાવના સ્પષ્ટ કરી છે. સાહિત્યકારને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ—ની ત્રિમૂર્તિનું માન આપી તેમણે જણાવ્યું છે કે :

“જીવનના મહિમા ને વિકાસની જરૂરી સમજ પૂરી પાડીને જીવનને મધુમય, પ્રેમમય ને પવિત્ર કરવાની પ્રેરણા જે પૂરી પાડે, તેમાં નીતિનાં મૂળ તત્ત્વોની પ્રતિષ્ઠા કરી તેને વધારે ને વધારે પ્રભુપરાયણ બનાવે, તે જ સાહિત્યને સર્વોત્તમ ને સુંદર સાહિત્ય કહી શકાય.” (પૃ. ૪૪૫)

આ પ્રકારના ઊંચા સાહિત્યનો પ્રકાશ જનતાના સર્વસાધારણ સ્તર સુધી પહોંચાડવો હોય તો ગહન વિચારોને પણ સરળ અને સચોટ ભાષામાં વ્યક્ત કરવાનું કલાકૌશલ લેખકને હસ્તગત હોવું જોઈએ. આ ગ્રન્થમાં શ્રી યોગેશ્વરની અભિવ્યક્તિ સરળ સચોટ છતાં ગૌરવાન્વિત અને સહજ હોવાની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

‘ઉપનિષદનું અમૃત ’ની નોંધપાત્ર વાસ્તવિકતા એ છે કે એના નામાનુસાર એમાં ઉપનિષદના સુવિશાળ ક્ષીરસાગરનું મંથન કરીને આજના યુગને અનુરૂપ અમૃત કાઢવામાં આવ્યું છે. પુરાતન શાસ્ત્રોને જીવંત રાખવાં હોય અને આજના વૈજ્ઞાનિક યુગમાં પણ લોકપ્રિય અને લોકોપયોગી કરવાં હોય તો એમનું એવું અનુભૂતિપૂર્ણ અમૃતમંથન થવું અત્યંત આવશ્યક છે. આપણા પ્રાચીન શાસ્ત્રગ્રન્થો પંડિતો કે આચાર્યોના જ ઈજારો બની જવાને બદલે તથા પ્રાચ્ય વિદ્યામન્દિરો કે ગ્રન્થભંડારોમાં જ જળવાઈ રહેવાને બદલે, એ ગંગાના પુનિત પ્રવાહને પાર્થિવ ભૂમિકા પર લઈ આવી સર્વસુગમ અને આચારસુલભ બનાવવાની આજના યુગની અગ્ર માગ છે. પ્રાચીન ગ્રન્થોને પરિસ્થિતિ-પરિબળોના સંદર્ભમાં વિચારવાની અને રજૂ કરવાની આજે ખાસ આવશ્યકતા ઊભી થઈ છે. શ્રી યોગેશ્વરે આ દિશામાં, આવા ગ્રન્થો દ્વારા, ભગીરથ સેવાકાર્ય કર્યું છે.

શ્રી યોગેશ્વરે ઉપનિષદોના મૂળ શ્લોક અને અનુવાદ આપવાને બદલે આરંભમાં ઉપનિષદના વાચ્યાર્થ અને તત્ત્વસારને સ્ફુટ કરીને તેમાંથી આધુનિક જીવનના આદર્શઘડતર માટે નિષ્પન્ન થતું પ્રેરક પાથેય રોચક ઉદાહરણો સહિત તારવી આપ્યું છે. પ્રત્યેક ઉપનિષદમાં આવતાં શાંતિપાઠ, તત્ત્વવિચાર અને આખ્યાયિકાઓને રસપૂર્વક રજૂ કરીને લેખક લગભગ દરેક મુદ્દા વિષે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં પોતાનું આગવું ચિંતન રજૂ કરતા હોય છે. પારિભાષિક શબ્દોનો ઝાઝો ઉપયોગ કર્યા સિવાય થતા તેમના ચિંતનનિરૂપણમાં આધુનિક સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના પરિષ્કારોનો સુયોગ્ય રીતે ઉપયોગ થયેલો જોવા મળે છે. અલબત્ત એમના આ પ્રકારના વિચારવિસ્તારના વર્તુળમાં કેન્દ્રસ્થાને તો ઉપનિષદનું હાર્દ જ હોય છે.

શ્રી યોગેશ્વરની ચિંતનધારા તત્ત્વવિચારની સ્થગિતતા, ધર્મક્ષેત્રની રૂઢિચુસ્તતા અને સાંપ્રદાયિકતાની કટ્ટર વિરોધી છે. તેઓ પ્રગતિશીલ વિચારક છે. આ ગ્રન્થમાં તેઓ સ્થળે સ્થળે મિથ્યા ત્યાગવાદ (psudo-philanthrophy), સમજણ વિનાના ક્રિયાચાર અને નિષ્ક્રિય પોપટિયા જ્ઞાનપ્રચારથી ભારત અને તેની સંસ્કૃતિને થયેલા તથા થઈ રહેલા ભયંકર નુકસાન તરફ લાલબત્તી ધરે છે. બીજા પાશ્ચાત્ય દેશોએ સાધેલી ભૌતિક પ્રગતિની પરાકાષ્ઠાની તેઓ ભારત માટે તીવ્ર અભીપ્સા સેવે છે. અધ્યાત્મને નામે આપણા દેશમાં ઇહ સંસારનાં વિવિધ ક્ષેત્રો અને સ્તરોના અભ્યુદય પ્રતિ થયેલી ઉપેક્ષાને તેઓ કડક શબ્દોમાં વખોડે છે. એમનાં દર્શન-ચિંતનનો સમવાયી સૂર કેવળ પ્રેય કે કેવળ શ્રેયની પ્રાપ્તિ નથી પરંતુ ઉભયનો સમુચિત સમન્વય છે. ત્યાગ-સંન્યાસ જેવા ઐકાન્તિક અને આત્યંતિક સિદ્ધાંતોનું મૂલ્ય અને મહત્ત્વ તેઓ અત્યલ્પસંખ્ય વિરલ અધિકારી જનો માટે જ સ્વીકારે છે. બહુજનસમાજને તો તેઓ, ક્રમશઃ વૈયક્તિક અને સામાજિક-રાષ્ટ્રીય ઉત્થાન માટેના પ્રાપ્ત કર્તવ્યધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરતાં આત્મોન્નતિ અને પરમાત્મ-પ્રાપ્તિની દિશામાં આગેકૂચ કરવાનો અનુરોધ કરે છે. આ મૂલગત વિચારોને વાચકના હૃદયમાં ભારપૂર્વકઠસાવવા માટે તેઓ કેટલેય સ્થળે, માન્ય કે રૂઢ થયેલા ગૃહીત વિચારોથી જુદાં અને કદી કદી તો વિપરીત અને વિચિત્ર-અઘાતજનક-લાગે એવા અર્થવળાંકો પણ રજૂ કરે છે. સ્વભાવતઃ સૌમ્ય મધુભાષી હોવા છતાં જનહિતૈષી હૃદયમાંથી વહેતી અહેતુકઅનુકંપા જ તેમને ઘણે સ્થળે તટસ્થ કઠોરતા ધારણ કરવા પ્રેરે છે...અને આ સંદર્ભમાં જ તેઓ વિચારશીલ નેતાઓ અને સાહિત્યકારોને પોતાના કર્તવ્યથી ચ્યુત થવા માટે ચીમકી પણ આપે છે.

શ્રેય–પ્રેય, સંભૂતિ-અસંભૂતિ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, કર્મ અને સંન્યાસ, યજ્ઞ, ગુરુપરંપરા, ગુરુ-શિષ્યના સંબંધ અને ઉભયની યોગ્યતા, માનવીનું મન તથા તેનાં સ્વરૂપ-શક્તિ-મર્યાદા, ત્યાગ અને તપ, ધ્યાન અને યોગની પ્રક્રિયાનાં કેટલાંક ક્રમ-સોપાનો, શક્તિપાત, ચમત્કારદર્શન, સાધના અને સિદ્ધિ, તર્કપ્રતિષ્ઠા, સાચી શ્રદ્ધા અને અંધશ્રદ્ધા...વગેરે ભારતીય ધર્મ અને સંસ્કૃતિના અંગભૂત ગણાતા વિવિધ વિષયો વિષે પ્રચલિત કે પરંપરિત ભ્રામક વિચારોનું લેખક વિવેક અને નિર્ભયતાપૂર્વક નિરસન કરે છે અને સાંપ્રત પરિબળોના અનુલક્ષમાં પોતે કરેલા ચિંતનને તટસ્થતાપૂર્વક પુરસ્કૃત કરે છે. પોતાના નૂતન અભિગમના સમર્થનમાં લેખકે અધ્યાત્મ-સાધનાના સ્વાનુભવો અને યાત્રામાં કરેલા સત્સંગદર્શન વગેરેને એવાં યુક્તિકૌશલપૂર્વક ગૂંથી લીધાં છે કે વાચકને તે પ્રતીતિજનક લાગ્યા વિના રહેતાં નથી. કેટલેક સ્થળે કલ્પના અને અનુમાનનો આશરો લે છે ત્યાં પણ તેઓ તેમના કથયિતવ્યને તર્કબદ્ધ અને સર્વદેશીય રીતે રજૂ કરતા હોય છે.

દરેક ઉપનિષદમાં છંદ અને ભાષાના સૌંદર્યની દૃષ્ટિએ ઉત્તમ લાગતા શ્લોક-મંત્રોની સંક્ષિપ્ત પણ સાહિત્યિક સમીક્ષા કરી છે તો જ્યાં જ્યાં તેમને ક્ષેપક જેવું લાગ્યું છે ત્યાં તેમણે તે રીતનો નિર્દેશ કરીને ચર્ચા કરી છે.

સવા છસો પૃષ્ઠોના વિશાળ પટ પર પથરાયેલી આવી સત્ત્વશીલ ચિંતનસામગ્રી ખરેખર વાચનક્ષમ અને અત્યંત ઉપયોગી છે, પરંતુ લેખકનું નિઃસ્વાર્થ પ્રયોજન ગ્રન્થના પિંડને સુશ્લિષ્ટ આકારમાં બરાબર બંધાવા દેતું નથી. પોતાની સમક્ષ શ્રોતાસમૂહ બેઠો હોય એ રીતે લેખક

પ્રવચનશૈલીમાં બોલતા હોય એમ લખે જાય છે. તેમાં બોધકનો જીવ પણ જાણે હાથ મિલાવતો હોય છે ! ઉપયોગી વિચારોને પ્રજાહૃદયમાં સુદૃઢ કરવા માટે નીતિધર્મોપદેશક યોગીપુરુષ પુનરુક્તિનો આશ્રય લે એ સહજ છે, છતાં કેવળ સાહિત્યિક દૃષ્ટિએ એ નિર્વાહ્ય ગણી શકાય નહીં. શ્રી યોગેશ્વર જેવા 'ગાંધીગૌરવ'ના પ્રતિભાસંપન્ન કવિ અને સાહિત્યકાર તેમને સ્વભાવસહજ સંયમ અને જાગૃતિનો વિનિયોગ લેખનકાર્યમાં કરે તો સંક્ષિપ્ત સુશ્લિષ્ટ સંકલનાયુક્ત વધુ રસાવહ અને આસ્વાદ્ય કોટિની કલાકૃતિના સર્જનનો લાભ આપી શકે તેમ છે.

કૃતિમાં તેમણે એક પણ અપવાદ સિવાય સર્વત્ર ઉભયાન્વયી અવ્યય 'અને'ના કરેલા ત્યાગ પાછળનો તેમનો હેતુ સ્પષ્ટ થતો નથી.

કેવળ કલ્પના કે શાબ્દિક અભ્યાસના આધારે જ નહીં પરંતુ લેખકના પોતાના જીવનની સાધના અને ઉત્તમ અનુભવપૂર્ણ પ્રેરક વિચારોનો બુલંદ પડઘો પાડતા 'ઉપનિષદનું અમૃત'ની વીર્યશીલ વાણી, રાષ્ટ્રીય ઉત્થાનની સાથે સાથે આત્મસાક્ષાત્કારના પરમ ધ્યેયની પ્રાપ્તિની દિશામાં વેગીલો પુરુષાર્થ કરવા, આજના યુવકજગતને જાણે આહ્વાન કરે છે કે :

उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान्निबोधत ॥

સમગ્ર ધર્મ-સંસ્કૃતિનો સાર લેખકના શબ્દોમાં ટૂંકાણમાં કહેવો હોય તો :

"આત્મોન્નતિ ને સાંસારિક સુખાકારી બંનેનો સમન્વય જ વ્યક્તિ તથા સમષ્ટિના જીવન-વિકાસનો મૂળ મંત્ર હોવો જોઈએ. આત્મિક ને સાંસારિક બન્ને જાતના વિકાસ પંખીની બે પાંખ ને માનવની બે આંખ જેવા છે. તે બન્નેની સિદ્ધિ માટેનાં સાધન સૌએ શોધવાં જોઈએ."

(શ્વે. ઉપ. પૃ. ૪૧૮)

'ઉપનિષદનું અમૃત'નું પાન કરીને વિદ્વાન-અવિદ્વાન સૌ કોઈ પુષ્ટિ-તુષ્ટિ મેળવે એમ આપણે ઇચ્છીએ.

મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)

* * *

પ્રતિધ્વનિ : લેખક : ડૉ. દિલાવરસિંહ જાડેજા, પ્રકાશક : એસ. સી. શાહ, અભિનવ પ્રકાશન, અમદાવાદ-૧, પૃ. ૨૪૦, મૂલ્ય રૂપિયા ૬–૭૫ પૈ.

'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન', ઈ.સ. ૧૯૬૮નું ગ્રન્થસ્થ વાઙ્મય (લલિતેતર વિભાગ) ને ત્રણેક કાવ્યસંગ્રહોના સંપાદનથી ડૉ. દિલાવરસિંહ જાડેજા ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને ઠીક ઠીક પરિચિત છે. 'ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતા' એ એમનો મહાનિબંધ ટૂંક સમયમાં પ્રગટ થનાર છે. 'પ્રતિધ્વનિ' તેમનો વિવેચનસંગ્રહ છે.

નવલકથા સંબંધે ૧૮, નવલિકા સંબંધે ૧૨ અને લલિતેતર સાહિત્ય અંગે ૫—એમ કુલ્લે નાનામોટા ૩૫ લેખોનો આ વિવેચનસંગ્રહમાં સમાવેશ થાય છે.

સંગ્રહના પ્રથમ નિબંધમાં ગોવર્ધનરામની ‘ સરસ્વતીચંદ્ર ’, મુનશીની ‘ગુજરાતનો નાથ ’, પન્નાલાલ પટેલની ‘ માનવીની ભવાઈ’ તથા ચંદ્રકાન્ત બક્ષીની ‘આકાર ’—આ રચનાઓના સંદર્ભમાં નવલકથાની વસ્તુગૂંથણીની સંક્ષેપમાં પણ વિશદ ચર્ચા કરે છે. વસ્તુનિરૂપણમાં ગોવર્ધનરામ દશ્યાત્મક કરતાં વર્ણનાત્મક પદ્ધતિનો વિશેષ આશ્રય લે છે એમ કહી, પ્રસંગ આવ્યે નાટ્યોચિત દશ્યાત્મક આલેખનો પણ તેઓ સુકરતાથી કરી શકે છે એમ સ્વીકારે છે. વસ્તુગ્રથનમાં સંશ્લિષ્ટતા દાખલ કરનાર પહેલા ગુજરાતી લેખક મુનશી છે એ હકીકત નિર્દેશી તરત જ ડૉ. જાડેજા કહે છે: “ ‘ ગુજરાતનો નાથ ’ પછીની નવલકથાઓમાં મુનશીની શૈલીલઢણીનું પુનરાવર્તન ને અનુકરણ થતું હોય એમ દેખાય છે (પૃ. ૧૪). ” ‘ માનવીની ભવાઈ’માં દશ્યાત્મક આલેખનની પ્રધાનતા છે પણ દશ્યાત્મક ને વર્ણનાત્મક નિરૂપણની સમતુલા પન્નાલાલ જાળવી શકે છે એવો અભિપ્રાય દર્શાવે છે. “ આકાર ’ના વસ્તુગ્રથનની વિશેષતા “ ‘ એન્ટી-હીરો ’નું સર્જન કરવામાં પાત્રની આંતરિક સૃષ્ટિના પટને ભૂતકાળની નવલકથાને મુકાબલે અધિક વિસ્તારવામાં, ‘ નવી નવલકથા ’ હોવા છતાં પ્રસંગ અને પ્રસંગ વચ્ચેના Causal sequence (કારણ-કાર્ય–ક્રમ)ને આવશ્યક ગણવામાં તથા પ્લૉટરચનામાં સંકીર્ણતા માટેની સંકીર્ણતા અનાવશ્યક લેખવામાં જોઈ શકાય. (પૃ. ૨૦)”. ‘ નવલકથાનું ઉત્થાન ’—નામના બીજા લેખમાં નવી શૈલીની કેટલીક નવલકથાઓનો ઝોક, ઘટનાતત્ત્વનું વિલીનકરણ કરવા તરફ છે તે પરત્વે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવે છે. “ નવલકથામાં જો સૂક્ષ્મ કે પ્રગટ ઘટના ન હોય, ‘ વાર્તા ’ ન હોય તો એ બીજું ગમે તે બનતી હોય, પણ નવલકથા નથી બનતી, એવું હું માનું છું. ઘટના પરત્વેની સૂક્ષ્મતા મનેય ઇષ્ટ છે, એવું અહીં સ્પષ્ટ કરવાની ભાગ્યે જરૂર હોય (પૃ. ૨૬). ” ‘ મુનશીની નવલકથાઓમાં ઇતિહાસતત્ત્વ ’ નામના લેખમાં તેઓ કહે છે કે નવલકથાલેખનમાં મુનશી માટે ઇતિહાસ એ નિમિત્ત હતો, સાધન હતો. ભૂતકાલીન ભાવ (સત્ત્વ, Spirit)નું નિરૂપણ થયેલું હોવા છતાં, મુનશીની નવલકથાઓનું હાર્દ ઇતિહાસ નથી, પણ સર્જક કલ્પના છે. “ મુનશીની આ નવલકથાઓ ‘ ઐતિહાસિક નવલકથાઓ ’ નથી પરંતુ **ઇતિહાસરંગી નવલકથાઓ** છે. ” ઈ.સ. ૧૯૬૩માં પ્રગટ થયેલ મુનશીની નવલકથા ‘ કૃષ્ણાવતાર ’ માટે તેઓ લખે છે : “ આ અર્ધી સદી દરમિયાન મુનશી સર્જક તરીકે બહુ બદલાયા નથી (પૃ. ૩૯). ” “ ‘ કૃષ્ણાવતાર ’ કૃષ્ણ વિશેની જીવનકથા નથી ને નવલકથા એ બની શકી નથી (પૃ. ૪૦).” “ ‘ ગુજરાતનો નાથ ’નું રાજકરણ ”માં, રાજ્યનીતિની ત્રણ વિચારધારાઓની ચર્ચા કરી, કલાકાર તરીકે મુનશીએ દાખવેલા તાટસ્થ્યને બિરદાવે છે.

‘ પ્રતિધ્વનિ ’માં ઈશ્વર પેટલીકર સંબંધે બે લેખો છે. વાચકોમાં ‘ અભિજ્ઞાનનો આનંદ’ પ્રેરતી પેટલીકરની નવલકથાઓને તેઓ, રમણલાલ દેસાઈની નવલકથાઓની જેમ, ગુજરાતી કથા-સાહિત્યનું એક નોંધપાત્ર પ્રકરણ ગણાવે છે. ‘ આંધી આષાઢની ’, ‘ મીણ માટીનાં માનવી ’ અને ‘ પન્નાલાલનું પ્રણયનિરૂપણ ’–આ ત્રણ લેખો પન્નાલાલવિષયક છે. ‘ આંધી આષાઢની ’ સંબંધે તેઓ લખે છે; “ કોઈ નવલકથાકાર પરિસ્થિતિઓના મજાના નિર્માણમાં, કોઈ કાર્યગતિની દ્રુત પરંપરાવાળી નવલકથામાં તો કોઈ વળી સુરેખ પાત્રચિત્રણવાળી નવલકથામાં પોતાનો શક્તિવિશેષ દાખવે છે. ‘ આંધી આષાઢની ’ નવલકથામાં આ ત્રણેય શક્તિઓ સમન્વિત રૂપમાં પ્રગટેલી દેખાય છે (પૃ. ૬૯). ” ‘ મીણ માટીનાં માનવી ’ સંબંધે: “ ઇધર ઉધર પીંછીના નોખા લસરકાઓવાળી,

થોડાં ઉમેરણો સાથે રજૂ થયેલા 'મળેલા જીવ'ની એક જુદી આવૃત્તિ જેવી આ નવલકથા છે" (પૃ. ૭૭), પન્નાલાલ-વિષયક ત્રીજા લેખમાં ડૉ. જાડેજા પન્નાલાલને પ્રણય ને યુવાનીના સફળ વાર્તાકાર તરીકે વિગતે નિરૂપે છે. મડિયાની 'લીલુડી ધરતી'ના કેટલાક મુદ્દાઓ વિગતે ચર્ચી તેઓ લખે છે: "કેટલીક વાર મડિયાની પ્રતિભા, મેઘાણીની જેમ જેટલી મૌલિક નહિ તેટલી ઇતરરીત્થ જણાય છે; મડિયાના સર્જનમાં વિશુદ્ધ સ્વરૂપની સિસૃક્ષા હંમેશ કામ કરતી નથી એવું લાગ્યા લાગ્યા કરે છે. 'લીલુડી ધરતી'ના કેટલાક પ્રસંગો વાંચતાં એના બીજરૂપે 'માનવીની ભવાઈ'ના કેટલાક પ્રસંગો રહેલા જણાય છે" (પૃ, ૮૬). 'યશોધરનો કલમ-સંયમ' એ લેખમાં શ્રી યશોધર મહેતાની ઐતિહાસિક ભૂમિકાવાળી છઠ્ઠી નવલકથા 'સંધ્યારાગ'ની સમતોલ સમીક્ષા છે. 'અંતમાં ભારેલો ઉદ્‌ગમ' અને 'નાજુક હૃદયભાવોનું માર્મિક પૃથક્કરણ' એ અનુક્રમે ભગવતીકુમાર શર્મા અને શ્રી જયંત ગાડીતની 'ન કિનારો, ન મઝધાર' તથા 'આવૃત' નવલકથાઓનું રોચક વિવેચન છે. 'અજાણ્યાં બે જણ' અને 'ધુમ્મસ' એ બે લેખોમાં, શ્રી મોહમ્મદ માંકડની નવલકથાકાર તરીકેની શક્તિમર્યાદાઓનું અચ્છું સરવૈયું છે. 'નારદની કૃષ્ણખોજ'માં શ્રી હરીન્દ્ર દવેકૃત 'માધવ ક્યાંય નથી' એ 'સુખપાઠ્ય નવલકથા'ની અને 'રાગ ને ત્યાગની વચ્ચે'માં શ્રી પિનાકિન દવેકૃત 'અનુબંધ' નવલકથાની 'આકર્ષક સૃષ્ટિ'ની યથાર્થ આલોચના છે.

નવલિકા-વિષયક કેટલાક લેખોમાં, 'આજની નવલિકા' એ પ્રથમ લેખમાં ઈ.સ. ૧૯૬૫થી ઈ.સ. ૧૯૭૦ સુધીમાં લખાયેલી કેટલીક નવલિકાઓનું પ્રવાહદર્શન છે. સંક્ષેપમાં આજની નવલિકાની વિશિષ્ટતાઓને તેઓ આ રીતે દર્શાવે છેઃ "થોડીક રહસ્યગર્ભ ક્ષણોને ચમત્કારપ્રદ રીતે આલેખવી, કોઈ એક વિશેષ 'મૂડ'નું સર્જન કરી જવું, પાત્રચિત્તના અગોચર પ્રદેશમાં ડોકિયું કરાવવું, ક્ષણજીવી લાગે તેવી સંવેદનાઓને આકારબદ્ધ કરવી, ગદ્યને સાર્થ ઉચિત રીતે પ્રયોજી ગદ્યના નવતર વળાંકો—ચાસો પાડી આપવા, એમાં આજના નવલિકાકારને વિશેષ રસ છે" (પૃ. ૧૩૨). એ પછી શ્રીમતી સરોજ પાઠકકૃત 'વિરાટ ટપકું' ('માણસનાં મન'), શ્રી વિભૂતિ શાહકૃત 'ટેકરીઓ પર વસંત બેઠી છે', શ્રી સુરેશ જોષીકૃત 'અપિ ચ' (અને વળી), શ્રી મોહનલાલ પટેલકૃત 'પ્રત્યાલંબન' ('સંતર્પકતાની અધૂરપ'), અને શ્રી જયંત વસાકૃત 'રૂપે રંગે રૂડી' ('ઘરેડિયા પ્રતિભાવો')—એ નવલિકા-સંગ્રહોનું ગુણદોષદર્શી વિવેચન છે. શ્રી ગુલાબદાસ બ્રોકર-સંપાદિત 'આપણી શ્રેષ્ઠ નવલિકાઓ'ની સમીક્ષા કરી અંતમાં ડૉ. જાડેજા કહે છે: "રસદૃષ્ટિ અને વિકાસની દૃષ્ટિનો સમન્વય કરીને થયેલું આ સંપાદન ગુજરાતી ટૂંકી વાર્તાનું આજ સુધી થયેલાં સંપાદનોમાં આપણી નજરે સહેલાઈથી પહેલું ચડે એવું થયું છે, એમ અતિશયોક્તિના ભય વગર કહી શકાય" (પૃ. ૧૬૨). 'ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ' સંબંધે તે લખે છે: "આ સંગ્રહમાં મુકાયેલી બધી કૃતિઓની આગળ સાચવીને વાપરવા જેવું 'શ્રેષ્ઠ' વિશેષણ મૂકવાનું હું ભાગ્યે જ જોખમ ખેડું." એ પછી તે 'ધૂમકેતુની વાર્તાકલા'ની વિગતે ચર્ચા કરે છે. 'ધૂમકેતુનાં વાર્તારત્નો' અને 'છેલ્લો ઝબકારો'માં તેમણે ધૂમકેતુની 'નિર્મળ ને રજોટાયેલી' રત્નપ્રભાનું દર્શન થાય છે. 'ધૂમકેતુ' અને 'તણખા' એ નામકરણ વિશે ચર્ચા કરતો માહિતી-પ્રધાન લેખ છે. 'ધૂમકેતુ'-વિષયક લેખોમાં પુનરાવર્તનનો દોષ એ ઊડીને આંખે વળગે તેવો મોટો દોષ છે.

'પ્રતિધ્વનિ'નો શિરમોર સમો લેખ તો, 'બળવંતરાય ઠાકોરનું ગદ્ય' એ શીર્ષકવાળો છે. ગુણદોષદર્શી સમતોલ ને સ્વસ્થ વિવેચનનો એ અચ્છો નમૂનો છે. પ્રો. ઠાકોરના લલિતેતર સાહિત્યને ધ્યાનમાં રાખી એમના ગદ્યને તપાસવાનો ઉપક્રમ આ લેખમાં છે, છતાં યે ઠાકોરના ગદ્યને અનુલક્ષતાં કેટલાંક વિધાનો એમના પદ્યને પણ લાગુ પડે તેવાં છે. પ્રો. ઠાકોરે ગુજરાતીમાં પ્રયોજેલાં પારિભાષિક શબ્દો અંગે કહેવું જોઈએ કે તે યથાર્થ હોવા છતાં જોઈએ તેટલા ચલણી બની શકયા નથી. 'પરમસખા મૃત્યુ' (મૃત્યુનું સૌમ્ય સ્વરૂપ) એ કાકાસાહેબ કાલેલકરના પુસ્તકની સમીક્ષા કરતાં, ગુજરાતી ભાષામાં મૃત્યુ-વિષયક જે ચિંતન થયું છે તેમાં શ્રી મશરૂવાળાનું નામ ગણાવ્યું હોત તો ઉચિત થાત. બર્ટ્રાન્ડ રસેલના 'Power'નો 'સત્તા' નામે અનુવાદ કરનાર શ્રી યશવંત શુકલને તેઓ 'ગુજરાતી ભાષાસાહિત્યના એક પ્રથમ પંક્તિના અનુવાદક તરીકે' ગણાવે છે તે સર્વથા યોગ્ય છે. 'પ્રતિધ્વનિ'નો છેલ્લો લેખ શ્રી ચંદ્રવદન મહેતાકૃત 'રૂપગઠરિયાં'ની યથોચિત સમીક્ષાનો છે.

ડૉ. જાડેજા વિવેચકનો ધર્મ બરાબર સમજે છે. નવલકથા અને નવલિકાના સિદ્ધાંતોની ચર્ચા કરતા સ્વતંત્ર લેખો ભલે આ સંગ્રહમાં બહુ ન હોય પણ એ બન્ને સાહિત્યસ્વરૂપોની સાચી સમજનો વિનિયોગ થયેલો આ સંગ્રહના અનેક લેખોમાં જોવા મળે છે. યોગ્ય વિચારોને યોગ્ય વાણીમાં સચોટ રીતે વ્યક્ત કરવાની તેમની રોચક વિશિષ્ટ શૈલી છે.

આ ગ્રન્થમાં આધારરૂપે અનેક ગ્રન્થો અને અનેક કર્તાઓના અછડતા ઉલ્લેખો આવે છે. એ સર્વેનો પાદનોંધમાં રેફરન્સ આપ્યો હોત તો વધુ ઉપયોગી થાત. એ જ રીતે લેખનસાલની જેમ લેખ કયાં પ્રગટ થયો તેનો ઉલ્લેખ કરવો પણ ઇષ્ટ હતો. મુદ્રાદોષો નહિવત્ છે. 'પ્રતિધ્વનિ'ના પ્રકાશન દ્વારા રણકતો પ્રતિધ્વનિ પાડવા બદલ ડૉ. જાડેજાને અભિનંદન.

રણજિત પટેલ (અનામી)

* * *

સાભાર સ્વીકાર

૧ **માનવી આંખ પ્રસારે છે:** લે.: ડૉ. છોટુભાઈ સુથાર, પ્ર. કૃ. શ. સામંત, સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ. ૧૭૨, નાયગાંવ ક્રોસ લેન, મુંબઈ-૧૪, પૃ. ૧૦૮, કિંમત રૂા. ૧૦-૦૦ પૈ.

૨ **અગનપિપાસા :** લે.: કુન્દનિકા કાપડીઆ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૨૬૬, કિંમત રૂા. ૧૨-૦૦ પૈ.

૩ **પુત્ર માનવીનો :** લે. : મૃણાલિની દેસાઈ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૫૨, કિંમત રૂા. ૧૮-૦૦ પૈ.

૪ **સરસ્વતીને તીરે તીરે :** લે. : નરોત્તમ પલાણ, પ્ર. પુરાતત્ત્વ સંશોધન મંડળ, પોરબંદર, પૃ. ૨૪, કિંમત રૂા. ૧-૦૦ પૈ.

૫ **ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ, ભાગ-૧ :** લે. : ડૉ. છોટુભાઈ રણછોડ નાયક, પ્ર. ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯, પૃ. ૪+૩૬૦, કિંમત રૂા. ૧૦-૦૦ પૈ.

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગરનાં પ્રકાશનો

આપણો સાહિત્યવારસો :

૬ **માનવીની ભવાઈ :** લે. : પન્નાલાલ પટેલ, પૃ. ૮+૨૩૬

૭ **જીવનનું પરોઢ :** લે. : પ્રભુદાસ ગાંધી, પૃ. ૮+૧૭૨.

૮ **ધૂમકેતુની વાર્તાઓ :** લે. : અનંતરાય રાવળ, પૃ. ૮+૧૪૮

૯ **ગિજુભાઈના લેખો :** લે. : મૂળશંકર મો. ભટ્ટ, પૃ. ૮+૯૨.

૧૦ **ન્હાનાલાલનાં કાવ્યો :** લે. : નગીનદાસ પારેખ, પૃ. ૭+૮૦. ઉપરની પાંચ ચોપડીઓના સેટની કિંમત રૂા. ૧૦-૦૦ પૈ.

૧૧ **સંતજીવનની સુવાસ :** લે. : શંકર ભાસ્કર દાંડેકર, **પ્રકાશક :** એસ. બી. દાંડેકર, દાંડેકરવાડા, દાંડિયા બજાર, વડોદરા-૧, પ્રાપ્તિસ્થાન બુટાલા ઍન્ડ કું., મહાત્મા ગાંધીરોડ, વડોદરા-૧. પૃ. ૧૫+૪૫૬, કિંમત રૂા. ૧૨-૫૦ પૈ.

બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧ના પ્રકાશનો :

૧૨ **ગુજરાતી અધ્યાપનના સાંપ્રત-પ્રવાહો :** લે. : કનૈયાલાલ જોશી, પૃ. ૩૮૪, કિંમત રૂા. ૧૨-૫૦ પૈ.

૧૩ **હેતની હેલી :** લે. : વિમલા ઠકાર, અનુ. કિશનસિંહ ચાવડા, પૃ. ૧૩૪, કિંમત રૂા. ૩-૫૦ પૈ.

૧૪ **અંબુભાઈ પુરાણી :** લે. : ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૭૨, કિંમત રૂા. ૧-૫૦ પૈ.

૧૫ **મનની ક્ષિતિજ :** લે. : વિમલા ઠકાર, અનુ. કિશનસિંહ ચાવડા, પૃ. ૬૪, કિંમત રૂા. ૧-૭૫ પૈ.

૧૬ **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :** લે. : ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૩૮, કિંમત રૂા. ૦૦-૫૦ પૈ.

૧૭ **માનવભક્ષી માનવોના પ્રદેશમાં :** લે. : ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૬૪, કિંમત રૂા. ૧-૫૦ પૈ.

૧૮ **માદામ કયુરી :** લે. : વીણા શાહ, પૃ. ૩૨, કિંમત રૂા. ૦૦-૫૦ પૈ.

૧૯ **ધ્યાન :** લે. : વિમલા ઠકાર, અનુ. કિશનસિંહ ચાવડા, પૃ. ૪૪, કિંમત રૂા. ૧-૨૫ પૈ.

૨૦ **સાહેબ, મને સાંભળો તો ખરા ! :** લે : મોહનભાઈ પંચાલ, પૃ. ૧૮૦, કિંમત રૂા. ૪-૫૦ પૈ.

૨૧ **કાવ્યાનંદ—ભાગ ૧, ૨, ૩ :** સંપાદક : મનુભાઈ પંચોળી, પૃ. ભા. ૧–૭૦, ભા. ૨–૭૨, ભા. ૩–૧૦૮; કિંમત : ભા. ૧–રૂા. ૧-૨૫; ભા. ૨–રૂા. ૧-૫૦, ભા. ૩–રૂા. ૨-૫૦ પૈ.

૨૨ **મધુપ્રમેહમાં ફળાહાર :** લે. : ડૉ. સી. જે. મોદી, પૃ. ૨૦, કિંમત રૂા. ૧–૦૦ પૈ.

૨૩ **સમાજવિદ્યાનું શિક્ષણ :** લે. : ડૉ. દોલતભાઈ દેસાઈ, પૃ. ૧૯૨, કિંમત રૂા. ૭–૫૦.

૨૪ **ચિત્રસભર રામાયણ :** લે. : ચંદ્ર ત્રિવેદી, નીલાંગ ત્રિવેદી, બાર પુસ્તિકાઓનો સેટ; કિંમત રૂા. ૧૫–૦૦ પૈ.

૨૫ **ચિત્રસભર મહાભારત :** લે. : ચંદ્ર ત્રિવેદી, નીલાંગ ત્રિવેદી; બાર પુસ્તિકાઓનો સેટ; કિંમત રૂા. ૧૫–૦૦ પૈ.

૨૬ **ગુજરાત સાહિત્ય સભા : અમદાવાદ, કાર્યવહી, સને ૧૯૬૪ :** સમીક્ષક ડૉ. ચિમનલાલ ત્રિવેદી, પ્રકાશક : માનદ મંત્રી, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ; પૃ. ૩૦૨, કિંમત રૂા. ૮–૦૦ પૈ.

૨૭ **દેશ દેશની વીરકથાઓ—ભાગ ૧-૭ :** લેખક—રમણલાલ ના. શાહ; પ્રકાશક ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ–૧; પૃષ્ઠ–દરેક ભાગનાં ૪૮; કિંમત દરેક ભાગનો રૂા. ૧–૦૦ પૈ.

૨૮ **લોકસાહિત્ય : ધરતીનું ધાવણ, ખંડ-૨ :** (બીજી સંવર્ધિત આવૃત્તિ), લેખક : ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક : ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ-૧, પૃ. ૪૨૪; કિંમત રૂા. ૯–૨૫ પૈ.

૨૯ **કારાણી કુંજ :** સંપાદક—જોરાવરસિંહ જાદવ; **પ્રકાશક :** કવિશ્રી દુલેરાય કારાણી સન્માનસમિતિ, ભુજ (કચ્છ), પૃ. ૨૯૬.

૩૦ **શ્રી દુલેરાય કારાણી અમૃતમહોત્સવ અભિનન્દન ગ્રન્થ :** સંપાદક—પ્રકાશક: અ. અંક ૨૯ પ્રમાણે; પૃ. ૧૯૪.

સ્વાધ્યાય

પુસ્તક ૧૦ : અંક ૨ ફેબ્રુઆરી ૧૯૭૩

વસંતપંચમી વિ. સં. ૨૦૨૯

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. ચિત્તજ્ઞ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ૧૩૭–૧૮૩

૨. 'મૃગપક્ષિશાસ્ત્ર' : મહત્ત્વનિરૂપણ—જયન્ત ઠાકર ... ૧૮૪–૨૦૦

૩. ગુજરાતની કેટલીક નવી શોધાયેલી મૈત્રક મહાગુર્જર અને આદ્ય સોલંકીકાલીન પ્રતિમાઓ—હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી ... ૨૦૧–૨૦૬

૪. 'નવસાહસાંક ચરિત'–એક દૃષ્ટિ—જગદીશ સી. જોષી ... ૨૦૭–૨૨૦

૫. પ્રાણનાથકૃત બારમાસી—નરેશ પંડ્યા ... ૨૨૧–૨૩૨

૬. નિબંધ વિશે બે મુદ્દા—પ્રવીણ દરજી ... ૨૩૩–૨૩૮

૭. 'અર્વાચીનમાં આદ્ય'—નર્મદ અને ભરતેન્દુ—કે. એમ. શાહ ... ૨૩૯–૨૪૪

૮. પિતામહ સિદ્ધાન્તનો પ્રશ્ન—છોટુભાઈ સુથાર ... ૨૪૫–૨૫૦

૯. ગ્રન્થાવલોકન :

   ૧. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રન્થ ૧ ઇતિહાસની પૂર્વભૂમિકા : ૨૫૧–૨૫૩

   ૨. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રન્થ ૨ મૌર્યકાલથી ગુપ્તકાલ : ૨૫૪–૨૫૭

   ૩. ઉપનિષદનું અમૃત : ૨૫૮–૨૬૧

   ૪. પ્રતિધ્વનિ : ૨૬૧–૨૬૪

   ૫. સાભાર સ્વીકાર ૨૬૪–૨૬૬

સા પુ તા રા

ગુજરાતનું નૂતન ગિરિનગર–સહ્યાદ્રિની ગિરિમાળા ઉપર

ડાંગ જિલ્લામાં હરિયાળી વનરાજિ અને આહ્‌લાદક શિખરોની મધ્યમાં આવેલું ગિરિનગર

જાહેર જનતા માટે વિહારધામો, ડોરમેટરીઓ અને અન્ય આવાસોમાં રહેવાની સગવડ મળે છે.

↓

દરિયાની સપાટીથી ઊંચાઈ	...	૩,૨૦૦ ફૂટ
ઊંચામાં ઊંચું શિખર	...	૩,૭૦૦ ફૂટ
ગ્રીષ્મ ઋતુમાં વધુમાં વધુ ઉષ્ણતામાન	...	૮૦ ફેરનહીટ
વર્ષનો સરેરાશ વરસાદ	...	૧૦૦ ઇંચ

અંતર :	પશ્ચિમ રેલવેના બિલીમોરા સ્ટેશનથી	૭૦ માઈલ
	ડાંગ જિલ્લાના મથક આહવાથી	૨૭ માઈલ
	નાસિકથી	૫૧ માઈલ

ગિરિનગર આવતા પ્રવાસીઓ માટે માહિતી કેન્દ્ર ઉપરાંત વાચનાલય, રમત-ગમતોનાં સાધનો વગેરેની પણ સગવડ છે.

↓

વધુ માહિતી માટે સંપર્ક સાધો :

માહિતી નિયામક,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૮, સચિવાલય,
ગાંધીનગર
અમદાવાદ પાસે :
ફોન નં. : **૨૪૩૭–૨૪૩૯**

ટુરીસ્ટ ઑફિસર,
એરલાઈન્સ બિલ્ડીંગ,
રૂપાલી સિનેમા સામે,
લાલ દરવાજા,
અમદાવાદ
ફોન નં. : **૨૪૭૨૬**

સહાયક માહિતી નિયામક,
ગિરિનગર સાપુતારા,
જિલ્લો ડાંગ–આહવા.

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed



everest/716a/JY gj

કણ-
કણથી
કોઠાર ભરે છે
સમજુ શાણી
કીડી!

આપ પણ આગળથી યોજના કરીને
આપનું ભવિષ્ય ચિંતારહિત કરી શકો છો.

આપ આપને અનુકૂળ પદ્ધતિએ બચત કરી શકો તે માટે
આપની સમક્ષ **દેના બેંક ૬** બચત યોજનાઓ રજૂ કરે છે.

બચતખાતું— વ્યાજ ૪%.
સગીર બચતયોજના— વ્યાજ ૪%.
ફિક્સ્ડ ડિપોઝિટ્સ— વ્યાજ ૪ ૩/૪% થી ૭ ૧/૪%.
રિકરિંગ ડિપોઝિટ યોજના—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૬% થી ૭ ૧/૪%
માસિક સેવિંગ્સ-કમ-એન્યુઇટી યોજના—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૬% થી ૭%.
વિવિધલક્ષી ડિપોઝિટ યોજના—
આપને માસિક વ્યાજ મળે છે.

આપની બચત આપને સલામતી બક્ષે છે.
આપની બચત રાષ્ટ્રીય પ્રગતિને પક્ષે છે.

વીગતો માટે આપની નજીકની **દેના બેંક**ની
શાખાની મુલાકાત લો અથવા પત્રવહેવાર કરો.

દેના બેંક
(ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ, મુંબઇ-૧.



Ratan Batra/DB/G/213-R

તમે માનશો કે ગઈ કાલે જ તેમને ત્રાસદાયક ખાંસી હતી? પછી તેમણે **ગ્લાયકોડીન** લીધું.
ગ્લાયકોડીનથી તેમની ખાંસી ઝડપથી અને સંપૂર્ણપણે દૂર થઈ ગઈ.

ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો
અસરકારક બીજો કોઈ પણ ઈલાજ નથી

આધુનિક તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત **ગ્લાયકોડીન**ની ફોર્મ્યુલા ખાંસીને તેના તમામ પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢીને તમને કેવી રીતે રાહત આપે છે તે અહીં દર્શાવ્યું છે:



- **મગજમાં**–ખાંસીના હુમલાનું નિયંત્રણ કરે છે.
- **ગળામાં**–ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે.
- **છાતીમાં**–જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**–ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે



ગ્લાયકોડીન
ટર્પ વસાકા

સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો વિશ્વસનીય ઘરગથ્થુ ઇલાજ

everest/923b/ACW Guj

ગાફેલ ના રહેશો !
આવતી કાલની અણધારી
જરૂરિયાતો માટે આજથી જ

બેંક ઑફ બરોડામાં

બચત કરવા માંડો

આપની સમૃદ્ધિનું પ્રતીક —

બેંક ઑફ બરોડા

ભારતમાં તથા પરદેશો – બ્રિટન, પૂર્વઆફ્રિકા,
મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં —
મળીને ૬૨૫ ઉપરાંત શાખાઓનું જૂથ.



Shilpi-BOB. 2/72 GJ

ચિત્ર ૬

આદિત્ય, કુબેરેશ્વર મહાદેવ, પનાર

(આશરે આઠમી સદી)

(સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકાનો લેખ)



ચિત્ર ૯

વિષ્ણુ પરિકરનો ખંડ અને દ્વારશાખાનો (?)

ટુકડો, મોઢેરા, મહાગુર્જર શૈલી

(આશરે દશમા શતકનો મધ્યભાગ)

(સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ)